વેપા[illegible]ીનું કુટુંબ.

[illegible]રથી [illegible] નૉવેલ.

[illegible]

બનામે ખુદા.

ગુલી ગરીબ

યાને

"ઘેલા ઘાંચીનું કુટુંબ."

એક પારસી સંસારી સીરીઓ-કોમીક નોવેલ.

રચનાર—"મશરેક."

તે

મી૦ સોહરાબ શહેરિયાર ઈરાની

તે "પરસ્તાને ચકરમ," "એચેન દુન્યા" "શયલા કુંવારી" અને
અક્કલમંદ બેવકુફ" નામની નોવેલના તથા "ઝાલીમ ખબીસ,"
"અથડા અથડી," ઉર્દુ ઉપરથી "દેખાવલી દાકણ," "નીતીમાન
નરગેઝ" અને "જીગરમાં દીગર" નામના નાટકોના લખનાર.

કીંમત રૂપીઓ સવા.

આ "ઘેલા ઘાંચીનું કુટુંબ" નામની નોવેલ મી૦ સોહરાબજી શહેરિયારજી ઇરાનીએ કાશીનાથ હાઉસ, ધોબીતળાવ, મુંબઇમાં પોતાને માટે લખી છે અને ઉપલેજ ઠેકાણેથી પ્રગટ કીધી છે, અને મી૦ દીનશાહજી એદલજી કરકરીઆએ મુંબઇ ગ્રાંટરોડ, ત્રામ તરમીનસ આગલ, ત્રીભોવનદાસ બીલડીંગમાં આવેલાં પોતાનાં માણેક પ્રીન્ટીંગ પ્રેસમાં એઓને માટે છાપી છે.

બે પારસી બાનુઓની વાતચીત!

પીલાં—ડીયર આલુ, રોજના બજારના કંટાલાથી ને માણસોની બજારના પૈસામાંથી ચાંસ મારવાની આદતથી હું તો બા હવે જાણે કંટલઈ કંટલઈ ગઇછ! મુઉં રોજ ઉઠીને એ પંચાતી કરવાની! ખોદાયજીએબી પેટ નહીં મુકયું હોતે તો કેવું સારૂં થતે?

આલુ—ડીયર, તુ તો ભોલી છે. માણસો પાસે મંગાવવાની કડાકુટના દાહાડા હવે ગયા. અમે તો હાલમાં કાપડયાની કંપની મારફતે આખી બજાર મંગાવીએછ ને સહુવારના પહોરમાં એવી મજેની બજાર એ કંપનીવાલા મોકલી આપેછ કે જાણે બે ઘડી જોયાજ કરીએ, ને વલી કીફાયત ભાવે મોકલેછ તે ખાતી વખતે ઘણા પૈસા બગબાદ થયાનો ધસ્કોબી પડતો નથી, એટલે જાણે પેટ ભરીને ચમનથી ખાણાંને ઈનસાફ અપાએછ. એ બીચારા જુજ કમીશને મુંબઈમાં જે હમા ચીજની બજાર મોકલી આપેછ, તેમ બહારગામ બી મચ્છી, તરકારી, ફ્રુટ વીગેરે પારસલો પોતાની જાતી દેખરેખ હેઠલ મોકલેછ. તુંબી એજ જરથોસ્તી કંપની સાથે કામ પાર ને બજાર મંગાવ.

ઝાડપાન.

તમામ જાતના ફ્રુટ અને ફુલના ઝાડોની કલમો અમારે ત્યાં મલી શકશે, તથા શોભાના ઝાડો અને માટી, ખાતર, ખાલી કુંડાં, બગીચામાં લગાડવાની શીપ-કોડી વીગેરે પણ મલશે. ટેબલપર મુકવાના ઘરની અંદર શેડમાં રહે તેવા જેપાનીઝ નાના પામ તો અમારી એક સ્પેશીઆ-લીટી છે. પાણીની બાટલીઓમાં મુકવાની લીલી ટીપકાવાલી અને સાદી બહુજ કીફાયતે મલી શકશે.

લગનસરા, મેલાવડા, ખાનીપીનીની સભા, કોનસર્ટ વીગેરેમાં શોભા માટે ઝાડ ભાડેથીબી મલશે.

સ્કેટીંગરીંક, સરકસ અને ઇંગ્રેજી નાટક કંપનીઓ અમારે ત્યાંથી ઝાડપાન ભાડેથી લઇ જાય છે.

રાજા માહારાજા અને સાહુકારોને મોટા બગીચાઓ બનાવવા હશે તો જથાબંધ ઝાડપાન કીફાયતે આપીશું.

બહારગામમાં ઝાડ સારી પેકીંગથી રવાના કરીશું.

"ઇરાનીઝ ગારડન,"

ક્રાફર્ડ મારકેટની અંદર,

ફુવારાની સાંમે, મુંબઇ.

કરોડપતીની સુંદરીની માંગણી !

પણ એ માંગણી શું હતી ?

તે તદન સીધી સાદી અને અકકલપસંદ માંગણી હતી.—આ સુધારાનો અને આગલ વધવાનોજ જમાનો છે અને દરેક ધંધા વેપાર વગેરેમાં બધુ અપ–ટુ–ડેટજ જોઇએ—તેથી તે સુધરેલી સુંદરીએ માંગણી કરી કે:——

વોહરા કમરૂદીન ઈબરાહીમજી,

જેઓનો ક્રાફર્ડ મારકીટ સામે બારીઆ મેનશનમાં અતીષ્ય સ્વચ્છ અને મનહરણ રૅાયલ ફ્રૅનસી સ્વીટમીટસ સેલુન છે ત્યાંથીજ દાંતમાં સ્વાદ રહી જાય એવી સરસમાં સરસ મીઠાઈ લાવી આપવી.

હવે બોલો, કોણ કેહેશે કે આ માંગણી અક્કલપસંદ નથી? ના કેહેનારો અક્કલનો દુશમનજ હોવો જોઇએ, કારણ કે અમારો સેલુન સુઘડાઇ અને સફાઇની બાબદમાં સર્વોતમ, તેમજ અમારી મીઠાઇઓ સ્વાદ અને બનાવટની બાબદમાં આજે સઉથી ઉત્તમ છે.

ટુંક વખતમાંજ

પારસીઓ હીંદુઓ, યુરોપ્યનો, મોહમેદનો વીગેરે કદરદાન પેત્રનોનો દરોરો પડે છે, એજ અમારી ફતેહની અચુક ગવાહી છે.

ટેલીફોન નાં૦ ૨૮૭૬.

દીબાચો. (આગલો.)

સાહીત્યના બગીચામાં આ "વેલા ઘાંચીનું કુટુંબ" મહારૂં ત્રીજું ઝાડ છે. હું આજ લગભગ ચઉદ વરસ થયા સાહીત્યની સેવા બજાવતો રહયો છું, અને આજની મહારી અઠાવીસ વરસની ઉમર થતામાં મેં સંખ્યાબંધ ટુંકી વાર્તાઓ, સ્કેચીઝ અને ટુચકાઓ બહારના ચોપાન્યાઓમાં યા ન્યુસપેપરોમાં લખ્યા છે, મગર મહારે પોતાને માટે જ્યારે હમણાં એકજ વરસ થયુ મેં નોવેલ લખીને છપાવા માંડી ત્યારથી ઉપરાસાપરી ત્રણ નોવેલ મેં છાપી છે. આમ ઉપરાસાપરી નોવેલ બહાર પાડવા છતાં મહારાં મેહેરબાન ઘરાકો મહને પોતાનો ચાલુ ટેકો આપતાં રહે છે એ માટે હું એ મહારાં દીલસોઝ મુરબ્બીઓનો ઘણો આભારી થયો છું હું જોઇ ચુકયો છું કે જો લોકને સારી ચીજ આપવામાં આવે તો તેનો, દામ ખરચીને શોખીનો ખુશીથી, સ્વીકાર કરે છે, અને તેથીજ હું મહારી અદના કોશીશ એ મહારાં મેહેરબાનોને ખુશી રાખવા કાજે ખરા દીલથી કરૂં છું. મહારી કોઇબી નોવેલમાં હું જગેજગ બોધના બે બોલ લખવાની, અને મહારા જુદી જુદી કોમના મહેરબાન બાનુઓ અને ગ્રહસ્થોને પસંદ પડે તેવીજ રીતના પ્લોટ મુકવાની કાલજી લઉં છું. આજની આ મહારી નોવેલ એક પારસી સંસારી વાર્તાની હોવા છતાંબી એમાં બીજી કોમના લોકનેબી ઉપોગી થઇ પડે તેવી તેવી બોધ અને મોજની ચીજો આમેજ કરવાની મેં મહારી નાચીઝ મુહેનત કીધેલી જોઇ શકાશે. મહારી મેહનતને મહારા મુરબ્બીઓ ખરા દીલથી જશ આપે છે એજ મહને બસ છે, બાકી મહને કોઇ દીગર આરઝુ

બી નથી. મહને કોઇના બહારના સારા કે ભુંડં અભીપ્રાયની કાંઇ પરવાહબી નથી, આજ કાલ તો દુન્યા એવી ખુશામદી અને મતલબી થઇ ગઇ છે કે અપક્ષપાત અભીપ્રાયની તો તહમે કદીબી આશાજ ન રાખી શકો. આજે તો એક "ક"નો બીજો "ખ" દોસ્ત હશે તો એઉ એકમેકને સાતમે આસમાને ચઢાવશે, પણ જો "ક"ને "ખ" સાથે બનતું નહીં હશે અને તે સમજશે કે "ખ" મહારા કરતા સાહીત્યમાં વધ્યો જશે તો 'ક" ચટ કરતી કે પેટની પખાલનો બલાપો જલાપો ઓકી નાંખીને કાંઇ એવી ગીબત ચલાવશે કે ખુદા ખબર કરે! જરા ઓછું પડયું તો અંતકરણ વેચીનેબી ખરાને ખોટું બતાવીને એવાં છાલ છોડાં કાઢવા કે બસ બોલો ના, અને જરા દોસ્તી હોય તો એવા મસકા ચોપડવા કે ભઇ વાહ!—અએ, મતલબી દુન્યા! શું તુને ખબર નથી કે પીતલપર ઢોલ ચઢાવ્યાથી કાંઇ પીતલ સોનું થતું નથી, અને સુરજ તરફ ધુલ ઉરાડવાથી સુરજની રૌશની ઘંકાતી નથી!

મેં ઉપર કહયું તેમ મહને ચઉદ વરસનો સાહીત્યનો અનુભવ છે, અને એ શોખ મહારા એક બચપણના લખાણને ટેકો આપીનેજ મહારામાં તે પ્યારા મરહુમ મીત્રે ઉભો કીધો હતો. મહારા ચઉદમાં વરસની ઉમરે જયારે હું ઇંગલીશ પાંચમાં ધોરણના કલાસમાં હતો ત્યારે પેહલવેહલી મેં અત્રેના રમુજી પખવાડીક "ગપ-સપ" માટે એક ટુંકી વાર્તા લખી હતી. તે વખતે "ગપ-સપ"ની લગામ મરહુમ ભાઇ રૂસ્તમ જેહાંગીર મરઝબાનના હાથમાં હતી. પાક ખુદા એ મહારા મરહુમ નેક મીત્રને ઉત્તમમાં ઉત્તમ બેહેસ્તનું સુખ બક્ષે, તે એ ભાઇએ મહારી લખાણ શકતી માટે મહારી વખાણ કીધી, મહારા તે વખતના "Persian Rose" નાં તખલ્લુસ તલેની તે પેહલ-વેહલી ટૂંકી વાર્તા છાપી, અને મહને સાહીત્યમાં આગલ ને આગલ

વધવા કોશીશ કરવાની ભલામણ કીધી. મરહુમ ભાઇ રૂસ્તમને હાથની બહોશી મહને ફલી છે અને આજે હું સાહીત્યમાં જે થયો છું તે તેવણના ઉત્તેજનથી છું. મરહુમે જો મહારી વાર્તા નહીં લીધી હતે, મહારી સાહીત્ય લાઇનને વધારવા મહને ઉત્તેજન નહીં આપ્યું હતે તો કદાચ હું લખવાનું મુકી બી દેતે.

મહારી આજની આખી વાર્તામાં મેં સમજાવ્યું છે અને સમજાવવાની કોશીશ કીધી છે તે એજ છે કે જેમ કાનની શોભા કાનમાં હીરાની ઇઅરીંગ પહેરવાથી નથી પણ સારા શાસ્ત્રનુ સ્મરણ કરવાથી છે, જેમ હાથની શોભા શોભાયમાન વીટીઓ અને બ્રેસલેટ પેહેરવાથી નથી પણ દાન આપવાથી છે, તેમજ દેહની શોભા અત્તર અને સેન્ટ છાંટવાથી નથી પણ પરમારથ કરવાથી છે. પરોપકાર કરવાથી, દાન દેવાથી અને જ્ઞાનને ગુણી રસ્તે ચાલવાથીજ ઝીંદગી સફલ સમજવી, નહીં તો ખાલી પોતાનું પેટજ પાલીને દુન્યામાં ફરનારાઓ તો ઘણાંબી છે જેઓ કોઇ બીજાનો ખ્યાલ કરતાજ નથી—બસ પોતાના પાપી પેટનો વીચાર રાખે છે, અને તે પેટને માટે લુટબી કરે છે ને મારફાડબી ચલાવે છે. મહારી વાર્તાના પાત્ર રૂસીનો દાખલો લો, એ સ્વાર્થી છે અને તેવા ખુદગર્ઝીનો ફેજ શો આવે છે તે જુઓ,—અને તેનીજ માજણી બહેન ગુલરૂખનો દાખલો લો. ગુલરૂખ પરમાર્થી છે, તે બીજાને સુખી ને ખુશી કરે છે તો સેવટે તેનેબી પાક ખુદા સુખજ બક્ષે છે.

કાશીનાથ હાઉસ, ધોબીતળાવ, | લી૦ દુવાગીર
મુંબઇ, તા. ૧૬—૨—૧૬. | "મશરેક."

(અર્પણ.)

ત્રણ વર્ષ પસાર થયા આજે
ઓ વ્હાલી સુના !

પણ એ ત્રણના કદાચ ત્રીશબી થશે તોબી ત્હારી આંખની
કીકી કરતાં તેં અઝીઝ ગણેલો ત્હારો
પ્યારો સોહરાબ શું કદીબી ત્હારી તે
લાગણીભર યાદને ભુલી જશે ?
કદી નહીં.

ઓ બહેસ્તનશીન વફાદાર મ્હેરદાર !
પાક ખુદા
તુને સર્વોતમ બહેસ્તનું ઉમદા સુખ બખશે,
અને ત્હારી પવિત્ર યાદ જે મેં આજે કીધેલી છે
તે દુઃખી યાદ
મ્હારા આંસુઓના સુકાયલા દરીયાવ વચેથીબી
તું કબુલે.

સોહરાબ.

રોજ અસપનદારમદ, } ૧૨૮૫ ય. ઝ.
માહ મેહેર કદીમ. }

બનામે ખુદા.

મી૦ "મશરેક" કૃત

ગુલી ગરીબ.

યાને

"ઘેલા ઘાંચીનું કુટુંબ."

પ્રકરણ ૧ લું.

બુઢ્ઢા ઉકરનું હાર્ટ!

હું ઉદવાદામાં જન્મી હતી, મ્હારા માબાપ ઘણા ગરીબ હાલતના છે અને મ્હારા એક બીજા ભાઇ સીવાય મ્હારા માબાપને બીજું ફરઝંદ નથી એબી હું સારૂં જ સમજું છું—અરેરે, અમારા મુફલીસ માદર–પીદરને અમો બેઉ જણાંબી કેવાં તેઓની ગરીબાઇમાં બોજા સમાન થઇને ઉધર્યા હોઇશું! મ્હારા ભાઇનું નામ રૂસતમ

અને મ્હારૂં નામ ગુલરૂખ છે. બેશક, જો કે અમો મુફલીસ માબાપના ફરજંદો છઇએ તોબી અમારાં નામ તો અમારી લાયકાતને પેશ પડતા મલ્યાં છે, મ્હારો ભાઇ જો કે છેક મરહુમ રૂસ્તમ પેહેલવાન જેવો તો નથી તોબી આજકાલના પાપડભાજું મકોરી પહેલવાન કરતાં તો મહારા ભાઇમાં ઠીક કુવ્વત અને ઝોર છે એમ હું કહી શકું અને હવે હું મહારે માટે શરમાઇ શરમાઇને તહમને કહીશ કે મેં અસેમસે અમારાં પાડોશીઓને કહેતાં સાંભલ્યા છે કે "હીરાજી લખપતી પોતે તો હાણુ હુકાલ્યો છે, પણ એને ઘેર પોરી તો ખરેજ તીના નામ જેવી ગુલરૂખજ છે."

નામ મોટાં ને દરશણ ખોટાં, તેમજ મહારા બાવાના ઘરમાં "વાંસ ફરે તો હાલ્લું નહીં જરે" તેવો બધો રાહઘાત, ને ખાવાનું નામ જોવ તો હીરાજી, અને ઓખર જોવ તો લખપતી! હીરા તો મહારા બાવાએ બીચારાએ પોતાના બાપજનમમાં જોયાબી નહીંજ હશે અને તે છતાંબી નામ સાથે હીરા લટકેલા, અને લાખ તો શું પણ પચીદ પચાસ હઝાર રૂપીઆનો ઢગલો કે તેની નોટ કદી બાવાએ જોઇ નહીં હશે તો વલી નામ લખપતી!

મેં કહયું તેમ મહારૂં નામ ગુલરૂખ છે અને તે મહારી ખુબસુરતી પ્રમાણે કદાચ ફુલના રૂખ જેવું ગુલાબ મીસાલનું ખરેખર ખરૂંજ હોય તોબી મહને કહેવા દો કે અમારી મુફલીસી અને તંગદસ્તી પ્રમાણે હું મહને પોતાને "ગુલી ગરીબ" સીવાય કેમ બીજા નામથી બોલાવી શકું? મહને ગુલરૂખ ના કહો, પણ ગુલી ગરીબ કહો, કારણ કે હું એમ મોટા નામથી ફુલઇ જવા જેવી

લાયકાત ધશાઉં એવું મહને લાગતુંજ નથી—આહા! જો આવીજ મોહક સુંદરતા સાથે હું એક મુફલીસના ઝુપડાં કરતાં કોઇ તવંગરના વાડી બંગલામાં જનમ પામી હતે તો આજે મહારા ચેહેરાપર અને નામપર સોના રૂપાના ફુલ ઓવારી નાંખવામાં આવતે, સેંકડો માલેતુજાર કુટુંબના મોભાદાર અને જુવાન છોકરાઓ મહારા પગની ખાક ચુમવાને તૈયાર થઇ ગયા હતે, મહારા તવંગર માદર પીદર તથા ભાઇનો પ્યાર ગોયા મહારા સરપર ઉભાઇ જતે અને મહને એક ચલકાત ભરેલી જેહાંનમાં રોઓ-દોબ સાથે અમન-ચમન કરવાની દર દાહાડે ટક મલતે અને મહારીપર બધાં ઓઢઇ પંઠરાઇ જતે!—મગર, હું મુફલીસને ઘરે જનમી હતી, અને તેથી ઉપલી સઘલી ચમક ચલકાતથી બેનસીબ હતી! અફસોસ, મુફલીસી! મુફલીસી! તહારા પંજામાં સપડાયલા એક ગુલાબને કોણ "ગુલાબ"થી ઓલખશે? આ ખુશામતખોરોની દુન્યા! ને એવી તો અંધી બનતી જાય છે કે ગરીબના બગીચાની કલમપર અગર ગુલાબનું ફુલ ઉગ્યું હશે તો તેને કહેશે કે થુવરનું ફુલ છે અને તવંગરોની વાડીમાં ઉગેલા થુવરના ફુલને એક આવાઝે તેઓ ગુલાબ તરીકે ઓલખશેબી અને ગોયા તેને પુંજશેબી! અએ મતલબ પરસ્ત લોકો!

મહારા જનમ પછી દસમે વરસે મહારા માબાપ આવીને અંદેરી તરફ એક નહાનું ખેતર લઇને તેમાં ઝુંપડી બાંધી રહયાં હતાં અને આજે તે વાતને બીજા દસ વરસ વહી ગયા છે. મને હાલમાં વીસમું વરસ ચાલે છે, મહારા ભાઇને તેવીસ છે. રૂસતમ જો કે ઝોર અને કુવવતમાં ઠીક ઉધર્યો છે, પણ ઘણી દીલગીરીની વાત છે કે અમો

ગરીબના નસીબ ગરીબજ રહયા છે, કેમજે દીવસે દીવસ એ પોતાના બાઝુ બળથી ખેતીમાં મેહેનત કરીને અમારી ગરીબાઇમાં મદદ લાગવાને બદલે તેણે પોતાની વલાણ ખેતીના કામ તરફ રાખી નથી અને તેનું મન દુન્યાની ચમક ધમકપર લલચાયું છે.

મે મહીનાની તે સ્હાંઝ હતી, આખા દીવસની સખત ગરમી પછી સુરજ પશ્ચીમમાં આવ્યો હતો અને હવે ઠંડી ઠંડી હવા સાથે ગરમી વગરનું શાંત તડકું ઝાડોના પાંદડાંપર પડીને ખુશનુમાં દેખાવ કરતું હતું. પક્ષીઓ હવે પોતાના માલા તરફ ઉડતા હતા, અને ગરમીના તપોતા પછી શાંત તે સ્હાંઝની થંડી હવામાં કોઇ પોતાના ગાણાથી અને કોઈ ચીંચીંના કલાબકોર સાથે તો કોઇ વલી થોડેથોડે વખતે એક આવાઝ કહાડીને ઘર તરફ ગેલ કરતા હતા અને ખુદ કુદરત જાણે આખા દીવસની સખત ગરમી પછી થંડી આ સ્હાંઝની લહેકીમાં અંગોલ કરીને એક શાંતી ભરેલી રાતને વધાવવા માટે પોતાની થાક ઉતારવાની કોશીશ કરતી હતી.—આખરે આફતાબ આખો દીવસ સુધી દુન્યાને જોઇતી પુરતી ગરમી આપી રહયા પછી તેબી જાણે થાક ઉતારવા મગરેબમાં શાંત થઇને છેક દુર દરીયાવની તલેતીએ ગુરૂબ થતો હતો, મગર કોણ જાણે તે બીજી દુન્યામાં રોશન થવા માટે આ દુન્યામાં જરા આસાએશ લેતો, નીચે જતો હતો કે કેમ?

એવી તે ખુશનુમાં સુંદર સ્હાંઝ હતી, જ્યારે હું જીવને બહેલાંવવા બહાર નીકલેલી હવે હલવે હલવે મહારા ગરીબ ઝુંપડાં તરફ પગલાં ભરતી હતી, હું અમારી ગરીબાઇનોજ ખ્યાલ કરતી

અફસોસનો દમ ભરતી ચાલતી હતી, તેટલાં, મહારી આગલથી એક મોટો કુતરો દોડતો કે પસાર થઇ ગયો, હું મહારા ખ્યાલમાં હતી અને એકદમ તે કુતરો મારી પાસેથી દોડયો તેથી સહેજ ચોંકી, પણ તે પ્રાણી તરફ જોવા પછી હું તેને પીછાણી શકી કે તે કોણનો કુતરો હતો અને શા માટે તે મહારી આગલથી ગેલથી દોડી ગયો હતો— તે મને પીછાણતો હતો, અને મેં પાછલ ફરીને જોયું તો તેનો માલેક મહારીજ તરફ ચાલી આવતો હતો.

તે ઉકરજી હીરામાણેક હતો. એ ઉકરજી હતો ધનવાન, તેની ઓખર પ્રમાણે હીરામાણેક તેની પાસે ખરેખર ઘણા હતા એમ લોક કહેતા અને તે ઘણો તવંગર હતો તે ખરૂં હતું, કેમજે અંદેરીમાં વેસાવા તરફ વાડી બંગલા હોવા ઉપરાંત મુંબઇમાંબી ઘણી મીલકત હતી એમ મહારા બાવાએ મને કહયું હતું. એ ઉકરજી મહારા બાવાજીનો બચપણનો ગામડયો દોસ્ત હતો, તે બાદ ઝીંદગીમાં પડવા પછી બેઉ જણાઓએ એકબીજાને જોયા નહીં હતા, પણ અંદેરીમાં મહારા બાવા પોતાની પાછલી ઝીંદગીમાં આવીને રહયા ત્યારે તેમને પાછી પીછાણ થઇ હતી, આગલી ઝીંદગી યાદ આવી હતી અને તેઓએ એક બીજાની હાલત જુદીજ દીઠી હતી. મહારા બાવા મુફલીસીમાં એક ઝમીનના ટુકડા સાથે ખેતી લઇને ખેડુત થયા હતા, જ્યારે ઉકરજી હીરામાણેક મુંબઇના જાહોજલાલીવાલા એક મોટા શેઠયા અને ઘરબારના મીલકતદાર થયા હતા. એ ઉકરજી પાસેથી મહારા બાવાએ રૂપીઆ ઉછીના લીધા હતા, અને તે અમારે ઘરેબારે આવતો જતો રહેતો હતો. મહારા બાવા, માય, ભાઈ અને હું એ ઉકરજીને ધીક્કારતાં

હતા, તેણે મ્હારા બાપને ધીરેલા પૈસાપર ખુબ વ્યાજ ખાધું હતું અને હવે વારંવાર પૈસાની માંગણી કરીને અમને બહુજ પજવતો હતો. એ એટલો બધો તવંગર છતે વ્યાજ ખાતો હતો! જો કે તે પોતે તો બુઢ્ઢો થયો હતો અને તેના બે ચાર છોકરાં હતાં તેઓ ઘેલા ગાંડાં જેવાં હતાં—તેના પછી તેનું ધન ખાનાર પીનાર તે લાડ-ઘેલાં ચકડોલોજ હતાં અને એવા ચકડોલોને જાણે થોડું થવાનું હતું તેમ વળી બુઢ્ઢો ઉકરજી વ્યાજ ખાઇને મરી જતો હતો!

એ ઉકરજીનાં છોકરાં જે હતાં તે બધાં ચકરમ—ચકડોલો હતાં, અને બાવા કહેતા કે એના આખા કુટુંબને શું મુંબઇ કે શું અંદેરીમાં બધાં લોકો "ઘેલા ઘાંચીના કુટુંબ"ના તરીકે ઓળખતાં હતાં. અંદેરીમાં મેં પોતેબી કેટલીક વખતે કાનોકાન સાંભળ્યું હતું કે ઉકરજી હીરામાણેકને બદલે લોક તે સામેથી આવે તો "ઘેલો ઘાંચી આયો" કરીને કહેતા, અને તેમ બોલીને આપસમાં રમુજ કરતા હતા. એની ઉમર મ્હારા બાવાની ઉમર સમાનની હતી, પણ મ્હારા બાવા કરતાં એ જુવાન એટલા વાસ્તે લાગતો હતો કે એના પૈસા પ્રમાણે એને ચાલતી જુવાનીમાં ખાધ ખોરાકી સારી ખાધી હતી અને તેથીજ તે મ્હારા બાપ પાસે ઉભો રહે તો વધારે જુવાન અને મજબુતમાં ખપે. તે માથાપરના સફેદ થઈ ગયલા બાલપર કલપ ચોપડીને દેખાતો તે કરતાં વધારે જુવાન દેખાવાની કોશીશ કરતો હતો. ગમે તે ઢોંગ કરે, પણ આખરે તે બાતીનમાં તો ખરેખરો એક ડોસોજ હતો, તે રંડાયલો હતો, અને બીજી બૈરીની શોધમાં રહીને તેણે મારીપર નઝર રાખી હતી અને મ્હારા બાપ જેવો થવા

છતાંબી તે બેશરમ બુઢ્ઢો પોતાના પૈસાને ઝોરે મહને કોઇ દાહાડોબી પોતાની કરવાને વાસ્તેની શેખી મારતો હતો અને મહને જોય ત્યાંથી તે મહારી તરફ પ્યારની નઝરે જોવાના વલખાં મારતો હતો. આવો તે બુઢ્ઢો હતો, તે ઘેલાં ઘાંચીના કુટુંબનો મુરબ્બી ઉકરજી હીરામાણેક, અને તે પોતાની છોકરી સમાનની ઉમરની મહારા જેવી છોકરીનો ધણી થવા માંગતો હતો, અને આજે એકાંએક તે મહને એકલો અહીં મલી ગયો!

"તહમે તોમીથી બીધા નહીં કે બાનુ ગુલરૂખ?" તેણે નવા મુકાવેલા દાંત વચેથી હસ્તાં હસ્તાં મહને સવાલ કીધો.

"નહીં, એ એકદમ ધસીને દોડી ગીયો તેથી હું જરા ચોંકી" મેં જવાબ દીધો, અને તે કુતરો જે હવે મહારી પાસે આવીને ઉભો રહીને પોતાના હાથ મહારા દીલપર મુકીને જાણે મહારી ખબર પુછતો હતો તેનું માથું મહારા હાથે હાથે મેં પસવાર્યું.

"ગુલ્લાં, ત્યારે તહમુને એ બુલડાગ બહુજ ગમેછ કે?" તે ઘેલા ઘાંચીએ કમરે હાથ દઈને જાણે શું એક દેખાવ કરતો હોય તેમ મોંઢું હસ્તું કરીને નાટકી ઢબે મહને પુછ્યું "દરીન ચે ઇશક, તહમારો પ્રાણીઓ તરફનો પ્યારજ પુરવાર કરી આપવાને એકદમ શકતીવાન છે કે તહમોને બુલડૉગ બહુજ ગમેછ, કેમ ગુલ્લાં?"

"મહારૂં નામ ગુલરૂખ છેજી" મેં જરા છેડાવાની ઢબે કહયું "તહમે. ગુલ્લાં ફુલ્લાં કરો એ મહને નથી ગમતું."

• "ઓ, આઇ સી" તે ચરેલાએ આઇગ્લાસને હવે આંખપર લટકાવતા જાણે એક ચીસ પાડતો હોય તેમ ચીચવાઇને કહી દીધું

"તહમુને મહારો બુલડૉગ ગમેછ, ને મહારો ગુલાંનો ટુંકો ટચ્ બુલબુલનેબી શરમાવે તેવો સુંદર ખુલાસો નથી ગમતો?"

"તહમે વલી પાછા નાટકી ઢબે બોલવા જતા આજેબી મી૦ ઉકરજી બધા ઘોંટાલાપર ઘોંટાલા કરોછ." મેં તેવણ તરફ જોઇને સ્હેજ ધીક્કારથી કહ્યું "તહમુને નાટકી ઢબે બોલતા નહીં આવડે તો અખાડા કરો ને સાદુંમાદું ને જરા અક્કલ શાનનું બોલો—એ 'ટુંકો ટચ બુલબુલનેબી શરમાવે તેવો સુંદર ખુલાસો ને વલી એકદમ શક્તીવાન ને દરીન ચે ઇશક' શું બચુંછ? આપરી સાદીમાદી ગુજરાતી બોલીજ બોલોની કે થયું."

"એ તો પેલા કેહે તેમ "નાંચતા નહીં આવડે ત્યારે આંગણું વાંકુ!' તહમુને બાનુ ગુલરૂખ ગરીબ માણસ પરીઆં એટલે ઈંગ્રેજી ને ફારસી બોલો કાહાંથી આવરે?" તેણે આઇગલાસ હેઠે ઉતારતા કહ્યું "મગર એ બધી પંચાતીનો છેડો છોરો, આજે સારૂંજ છે કે આપરે અહીં એકલાજ મલી ગીયાછ ને આપુને બે ઘડી ખુશ વાતચીત કરવા વાસ્તે સારી જેવી ઓપરનચુઇનીટી મલીછ—"

પણ તે વધારે બોલે તેટલાં મને થું દઇને હસ્વું આવી ગયું, જેથી તે અજબ થયલો બોલ્યો "બાનુ, સું છે જે હસોછ?"

"મી૦ ઉકરજી, તમે મહારૂં માનો તો ઇંગ્રેજી બોલવાનું માંડી વારો, કે નહીં તો તહમારાં છોકરાંઓ આગળ પુરેપુરૂં શીખીને પછીજ બોલો."

"કાંય? કાંય? સું મેં બોલવામાં કોઇ મજબુત ભુલ કીધી કે બાનુ ગુલરૂખ?" ઉકરજીએ ફેંગાચેંગા થઇને પુછ્યું.

"હાજી, જોકે હું તો એચાર ચોપડીજ ઇંગ્રેજીની શીખી પરવારીછ, તોબી મહને લાગેછ કે તહમે ઓપરનચ્યુઇનીટી બોલોછ તેના કરતાં તો મહારી જેવી ઇંગરેજી નહીં શીખેલી છોકરીનું ઓપરચ્યુનીટી ઘણું સ્વીટ લાગેછ."

"અરે, હું શું તાહરે ઓપરચ્યુનીટીને બદલે કંઈ બીજુંજ બોલ્યો કે?" ચાંઇ પડેલા ઉકરજીએ ફેરતી તોલતાં કહયું "આએ નખોદગીઆ દાંતનાં નવા નવા નીકલેલા ડાકટરોનુંબી તે સું ભલું થસે તે જેવા તેવા વેલાતી દાંતો મુકી દેછ ને પછી લોકોને મુકાવેલા દાંતોએ બોલતી વખતે માહા આપદા ખમવી પરેછ લેઓ, આએ એક જીવતા જીવતનો તહમારી નજરો નજરનો તાજો દાખલો, હું બોલવા સું ગીઓ, ને દાંતની મોંહકાણે મહારેથી બોલઇ સું જવાયું !"

"કંઇ નહીં, એ તો ઇંગ્રેજી બોલતી વખતેજ એમ નવા દાંત નરી મરેછ, તેમાં તમે બીચારા સું કરો ઉકરજી બાવા." મેં ચેષ્ટા કીધાં.

"અવાખશે પશેમાન, અવાખશે પશેમાન" ડોલા આસમાન ઉપર ચઢાવી દઇને ઉકરજીએ ડાંચ્યું જાણે શું પાહાડ તુટી પડયો હોય તેમ ગભરાઈ જઇ પોહોલું કરી દેતાં કહયું "તમે ફરીથી મને ઉકરજી બાંવા કરીને બોલતાંજ ના બાનુ ગુલરૂખ."

"તમે મહારા બાવા જેવા લાગો તેથી બોલી, તેમાં વાંધો સું છે?" મેં કહયું.

"બીલકુલ મસ મોટો વાંધો છે" ઉકરજીએ હાથપર હાથ થોકીને હવે બુમ પાડી "હું તમારા બાવાની ઉંમરનો છેઉં તો સું થઈ ગીયું, પણ ઓ દીલઆરામ દીલનવાઝ દીલચમન બાનુ, આએ હાર્ટપર હાથ મુકીને જો કે તાંહાં સું છે?" એક તાંતીઓ આગલ ને એક તાંતીઓ પાછલ કરી દઇને નાટકના એકટરની મીસાલ ચાલા કરતા પોહલા પોહલા ઉચ્ચારે ઉકરજીએ કહયું "બોલ, બોલ, અએ રોશન દીદારની ગુલચમન ગુલેસ્તાન ગુલરૂખ, બોલ—એકદમ મજબુત બોલી દે, કે આએ મહારા હાર્ટપર સું છે?"

"હું ધારૂંછ કે તહમારા હાર્ટપર કેનસર છે." મેં રમુજ પામતા કહયું.

"બીલકુલ ગલત, મજબુત ગલત, અએ પરીપેકર બાનુ" તે ઘેલા ઘાંચીના કુટુંબના વડાએ હવે ગુસ્સે બેસી જતાં કહયું "અએ પરીપેકર બાનુ, હાર્ટપર તું કહેછ તેમ સેનસર નથી, પણ હું કેહુંછ તેમ પ્યાર—પીઆર—મસ મોટો પીઇયાર છે."

"તો એ પીઇયાર તહમારાં છોકરાં બચ્ચાંઓને વાસ્તે રાખો કે તે લોક બાપના પ્યારે સુખી રહે." મેં ચીમકી લગાવતાં કહયું.

"નહીં—નહીં, ઓ સેવતીના ફુલ, તું ગુલેગુલાબ ગુલ, એ કંઇ બાપીકો પ્યાર નથી જે હું હાર્ટપર ધરાઉંછ, પણ એ પ્યાર માશુકાને માશુકને માટેનો માઆશુકી પીઇયાર છે" દાંતપર દાંત કચકચાવતા ઉકરજી ઘેલા ઘાંચીએ તેવીજ બેઠેલી ઢબે કહયું "એ પ્યાર તો વીસ વરસની એક ગુલેગુલાબ છોકરીને વાસ્તે છે,—તહમારી પોતાની ઉમર વીસની છે, કેમ બાનુ ગુલરૂખ?"

"એ ઘણુંજ અસભ્ય છે મી૦ ઉકરજી" મેં કહયું "એક છોકરીની આવા સંજોગમાં ઉમર પુછવી એ ઘણુંજ અપમાન ભરેલું છે."

"હાઉ ઇઝ ધીસ સંજોગ ?" ઉકરજીએ વલી પાછું ઇંગ્લીશમાંજ ફેંકયું.

"તહમે ઇંગ્રેજીમાં 'ઓ, આઇ સી' બોલોછો તેજ બસ છે, બાકી વધારે ઇંગ્રેજીનું મહને જ્ઞાન નથી તેથી તહમે બોલોજ નહીં તો મોટી મેહેરબાની." મેં જરાક કચવાઇને કહયું, અને હવે ટુંકું કરવા બોલી "જી, હું જાઉંછ – દીવા બતીબી થઈ ગીયા."

"દીવાબતી થઇ ગીઆ તો ભલે, ચાંદબી ઓયજ ઉગતો હોસે, આપરે જરા ચંદ્રમાના શુશોભીત રમણ્ય પ્રકાશ તળે ઉભા——"

"હવે વરી તહમે સુધ્ધ ગુજરાતી બોલીને ચણાના ઝાડપરથી કુદી પરોછ——" મેં રમુજ પામીને કહયું.

"હા બાનુ, ચણાપરથીબી કુદસ ને મોસંબી ચણાપરથીબી કુદસ, પણ વાત તો જેવી આવરે તેવીજ કરસ." આએ વખતે છાંતીએ હાથ દેતા વાંકા થઇ થઇને ઉકરજી મહારા વાકયપર કુદી પડયા.

"તહમે હવે ઉઠીને ઉભા થાઓ, તહમારે ઘેરબારે જાઓ, રસ્તામાં કોહલું બોહલું મલસે તો નકામું તહમારૂં બુધ્ધું હાર ધુજસે."

"અપમાન" ઉઠીને ઝડપથી ઉભા થતાજ ઉકરજીએ વીજલી ભરાઇ ગઇ હોય તેમ ઉછલીને બુમ પાડી "બુધ્ધું હાર! વરી, તહમે મહને બુધ્ધો કહયો? અપમાન, અએ ગુલાબી ગાલવાલી,

માંજરા માંજરા બાલવાલી, નાલકા નાલકા નાંખવાલી, તીર કમાનના ભવાંવાલી બાનુ ગુલરૂખ, મહને અપમાન? હું જે તહમારો પરસ્તાર પાકીજેહ પ્યારદાર, તેને અપમાન? અએ, શુશોભીત દેખાવની પ્યારની! ખુબસુરત સુંદર દેવી, હું તહારો પરવાનો છેઉં—હું તુંને ચાહુંછ, હું તહારાપર મહારો જાન કુરબાન કરૂંછ, લવ-લવ-લવીંગ ચાર્મ, આવ આગલ, ને મહારો હાથ કબુલ રાખ, અએ દીલદાર ગુલરૂખ, આજે ખાસી તક મલીછ કે હું મહારા હાર્ટને તહારા હાર્ટ આગલ ખાલી કરૂં, ને કેહી કેહીને એજ કેહું કે અએ પરીપેકર નાઝનીન, મન ઉકરજીએ ગુરગીન, અસનમ તહારાજ પ્યારમાં લીન!"

એવું ઘેલું ગાંડું ફારસી બોલતાંજ મહારા અરધા ગુસ્સા અને અરધા હસવાનામાં ખલલ નાંખીને ઉકરજી તો લાંબા છર થઇને મહારા પગ આગલ નીચે ઝમીન તરફજ નજર રાખીને ભોંયપર સુઇ ગયા—મેં જોયું કે નહાસવાનો આએ સારો લાગ હતો તેથી ગુપચુપ પગલાં ભરવા માંડયાં, તેટલાં પાછો ઉકરજીનો સાદ આવ્યો "જાંહાં સુધી તું મહને આએ ઝમીનપરથી ઉઠાડશે નહીં તાંહાં સુધી હું હરગીઝ પોતે નહીંજ ઉઠીશ, અએ દીલદાર, નહીજ ઉઠીશ."

તેટલાં તેવણના બુલડૉગે તેવણના ગાલ ચાટવા માંડયાં, ઉકરજી સમજ્યા કે હું તેવણને કીસી કરૂંછ તેથી બોલી પડયા "અએ ગુલરૂખ જાન, તું કીસ કર, કે ગાલ ચાટ, પણ આએ ઉકર કદી નહીં થશે એક છોકરીથી બાહાલ, હું પરણુશ ને પરણુશ બસ તહારીજ સાથે પરણુશ" કરીને ગલાંપર હાથ ભેરવવા ગયાં તો તોમીનું માથું હાથમાં આવી ગયું, ફરર દઇને ઉકરજી ચોંકી ઉઠીને

મહને નહાસતી જોવા લાગ્યા "ઉભી રેહે, ઉભી રેહે, અએ દીલદારે વીસ દીવાલી, તું કાંય થાયછ એમ દીવાની? અગર જો તું મહારીપર પ્યારમાં નહીં પરી સકતી હોય તો મહારી નાટકી ઢબે બોલવાની વાકચાચાતુરીપર તો પ્યારમાં પર, મહારા દમામપર તો પ્યારમાં પર, મહારા પઇસાપર તો પ્યારમાં પર."

પણ હું તો મુંગી મુંગી મહારા ગરીબ ઘર તરફ ચાલ્યાજ કીધી, મેં પાછલ જીજ્ઞાસાથી એકવાર ફરીથી જોયું તો તે ઘેલો ઘાંચી મહને જોઇને પોતાના પાંચે આંગલાઓ સાથે મેલવીને હોઠ આગલ લઇ ગયો, અને તેપર બચ દેતી કે એક કીસ કરતા મોટેથી બોલ્યો, "અએ જીગર, અએ જાને મન, ઉફ! તેં નહીં કીધી આએ ઉકરના હાર્ટની કંઇ કદર! આવ પાસે, ને જો કે આએ હાર્ટ તહારુંજ છે, મહારું નથી પણ તહારુંજ છે."

"મુઆ તહારું પોતાનું કાતરીયુંબી તહારું નથી, પણ ભારે અપાયલું છે." હું બબડી, અને ત્યાંથી ઝડપુ કદમે મહારા ઘર તરફ ચાલી ગઇ.

પ્રકરણ ૨ જું.

ગુનેહગારીમાંથી હીસ્સેદારી!

હું ધારતી'તી કે ઘેલો ઘાંચી ઉકર તે રાતની વખતેથી અમારા ઘર તરફ આવશેજ, પણ નહીં. ઘણાં દાહાડા સુધી તેની કંઇ ઘણ· નસલ જણાઇજ નહીં અને તેટલાં એક બનાવ બની ગયો.

ઉપલા બનાવને નવમે દીવસે મહારા માયજી બીમાર હતા અને તેવણના બીછાણા આગલ મહારા બાવા બેઠેલા તથા સામે હું અને મહારો ભાઇ રૂસ્તમ હવે શું થશે તેના અફસોસ કરતા બેઠા હતા. મહારા બાપની કરજદારીઓ વધી ગઇ હતી, ઘરમાં બન્નાંને બાંધી મારે તો રૂપીઆ દશ નીકલવા મુશકેલ હતા અને હવે દીવસો ભવીષ્યમાં કેમ નીઠનાર હતા તેની ફીકરમાં અમો બધાં પડેલાં હતાં. માયજીને જો શકતીનો ખુરાક મલે અને સારી રીતે દવા દારૂ થાય તો ટુંકમાં સુધરે તેમ હતું, પણ ગરીબાઇને સબબે શકતીના ખાવાના આપીજ કયાંથી શકાય કે માય તતાર થાય! ખરૂં પુછો તો મહારી માય બીચારી ગરીબાઇના હાયસોસારાથીજ ફીકર અને ફીકરે તથા ધાસ્તી અને ધાસ્તીએ સુકઇને દર દાહાડે લેવટા જેવી થતી હતી અને બીચારી ખાટલાપર પડી હતી. મેં કહયું તેમ તે દાહાડે અમે બધાં ગરીબઇનાજ ગમની વાતો કરતાં મેંજરૂં થઇને બેઠેલાં હતાં.

"હવે તો જાણે એવું થાયછ કે જેહેર ખાઇને મરી જાઉં" મહારા બાવા એક ઉંડો નીસાસો નાંખતાં બોલ્યા.

"નહીં, તહમે એમ ના બોલો–તહમે એમ બોલીને ઉલટું બુરૂંજ કરોછ, ખુદાને તે નહીં ગમશે હીરા." મહારા માયજીએ રડતાં રડતાં કહયું "આપરા ધરમમાં ખાસ જણાવેલું છે કે આપઘાત કરવો એ અજીમ ગુનાહનું કામ છે."

"એ ગુનાહ ને પુનાહ" મહારા બાવા બોલ્યા "સું ધરમમાં એમ લખેલું છે કે ગરીબઇ વેહો, ભુખમરો ખમો, હાયસોસારા ભરો, ને તોબી જીવો? છટ–છટ–છટ."

"ખુદાપર સબર રાખો" મહારા માયજીએ હાથ ઉંચો કરીને કહયું "ભલા ભલાઓ આપરા કરતા ખરાબ અવતારેબી જીવેછ ને જીંદગી ભોગવેછ કેની? ખુદાપર ભરૂસો મુકો, આપરી કરણી એવી હોસે તાહારેજ એવું દુ:ખ પડેછ કેની? ખુદા તો ઇનસાફી છેજ, પણ આપરા કરમની સજા આપુને ભોગવવી પરેછ. હીરા, ધીરજ ધરો— સારો વખતબી આવસે."

"આવસે!" મહારા બાવાએ કહયું "એમ આજ કાલ કરતાં ને ધીરજ ખમતાં તો આપરે બુઢ્ઢા થયાં, પણ હજુર સુધી કંઇ સુકરવાર થયો નથી."

"પણ હાથપગ જોરીને બેસી રહેવાથી તો કોઇનોબી સુકરવાર કદીબી થાય નહીં" હવે વચમાં રૂસ્તમ પુરાયો અને તેણે બાપને શીખામણ આપવા માંડી.

તેટલાં મેં વચમાં બોલીને તેને દમ દીધો "રૂસી, તુંજ કંઇ કરી બતાવની કે થાય."

"હું સું કરૂં? મને જો ઉંચી કેળવણી મલી હોતે તો આજે

સુંનું સું કરી નાખતે." રૂસ્તમ હાથપર હાથ થોકીને બોલ્યો "પણ આએ નસીબમાંજ કાણું તે" એમ બોલતાંજ તેણે પોતાના કપાલપર આંગલાં ઝોરથી થોકતાંજ જમણા પગપર મુકકી મારીને બોલ્યો "હાય."

"જા બા રૂસ તું એમ ના કર" મેં તે મહારા ઝટ સલગી ઉઠે તેવા મીઝાજના ભાઇનો હાથ પકડી લઇને સમજાવ્યો "તુંને તો ઉલટું માબાપને સધ્યારો આપવો જોઇએ ને તે લોકને સમજાવવા જોઇએ, તો તુંજ એમ ઉછલ ઉકલ થઇને નસીબને કુટસે ને પગપર ને માથાપર મુકકી મારસે તેથી સું દી વલસે!—ધીરજ ધરો બધા તમે, એમાંથીબી કંઇ સારૂજ થસે."

"ખુદા હવે તો મહને ભરી પુરી આબરૂમાં ઉંચકી લે તો ...૨" મહારી ગરીબ બીચારી માય દુ:ખથી કલબઇને બોલી "તહમારા રોજના હાયસોસારા મહારેથી જોવાતા નથી, તમુ લોકને માટીડાઓને તો ઘણી ધીરજ જોઇએ ને હીમત હારવીજ નહીં જોઇએ—પણ હું જોઉંછ કે તમે બેઉ બાપ દીકરા તદન હીમત ને ધીરજ વગરના છેઓ. અરે હીરા, અરે રૂસ, દુન્યામાં આપરા કરતાંબી નપેતર ને બદતર હાલતના લોક જીવેછ ને બીચારા સુગરાના કરતા જીવેછ, તો તમે તેઓ કરતાં સારી હાલતનાઓ એમ ગભરઇ અકરઇને આપઘાત કરવા ને માથા ફેરવા નીકળી પરોછ એજ એક દુખમાં પાહાડ જેવો મોટો વધારો છે—જોવ, તમે સંતોસી રેહેવાની કોસેસ કરો ને અજાયબ રીતે તહમુને બધું શાંન ને ખુશાલ લાગસે. કરજદારી તો થઇછ, હવે બીજા થોડાક કેઠેડીબી લાવવાની કોસેસ કરો,

તેનો સદઉપ્યોગ કરો, ખેતર કરો, દારૂની બદી મુકી દેઓ તો હીરા જોજો કે આપરૂં ઘેર સુખીયારૂં થસે" મહારી ગરીબ માયે સમજાવત ચાલુજ રાખી "કોસેસ કરો."

"ધુરની કોસેસ કરે" મહારા બાપે હેઠે ઝમીનપર નઝર નાંખતાં અદબ વાલી દઇને કહયું "ધીરવાવારૂંબી કોઇ નથી કે કામ ચાલે."

"તહમારા દોસ્ત સું કોઇજ બાકી નથી?" મેં મહારા બાવાને નરમીથી પુછ્યું.

"કોઇજ નહીં." મહારા બાપે જવાબ દીધો.

"તહમારા હરહંમેસ મદદગાર થવાની ઉકમાઈ લેનારા દોસ્ત ઉકરજી હીરામાણેકની મદદ લેઓ." તેટલાં માયજીએ સુચના કીધી.

હું ઉકરજીનું નામ મહારા માયજીને મોંદેથી બોલાયલું સાંભળીને સ્હેજ ચોંકી, પણ મહારો ભાઇ મહારા કરતાં વધારે ચોંકયો જેથી મહારા ચોંકવા તરફ કંઇ જોઇતું ધ્યાન કોઇનુંબી ખેંચાયુંજ નહીં. મેં તો મનમાં ગાંઠ મારીજ મુકેલો કે ઉકરજી મુઓ કંઇ મદદ આપે બાપે નહીં, તે તો જો મદદ આપે તો નઓજી માંગણી કરે યાને મહારો હાથ માંગે અને મહારા માબાપબી મહારીજ માફક તેને કંઇ મહારો હાથ લગનમાં આપીને ઘરડાને ઘર છોકરી જેવી જુવાન છોકરીને ગોબા વેચે નહીં! પણ મહારા તે વીજલી વેગના વીચારમાં ખલલ પડી, કેમજે બાવાએ કહયું "એ ઘેલા ઘાંચી પાસે માંગવું હવે ફોકટનું છે, એની પાસે બોલેલુંબી સોભા ભરેલું નથી—ગીએજ મહીને મેં પાનસો માંગ્યા. તો એને બુમ પરાવીને જેમતેમ પચાસ આપ્યા."

"પચાસબી આપ્યા ખરાની." મ્હારા માયે કહ્યું "કાલાવાલા કરો, થોરાક બીજા માંગો, જો આપે તો પુરી ખંતથી કામપર લગારો ને અંદરથી ટુંક ટુંક ગુજરાનું સાધન કરો, એમાં સું છે? લેવડ દેવડની તો દુન્યા છે, આજે લેઓ તેનો સદઉપ્યોગ કરીને થોડે વખતે પાછા ફેરવજો."

"પાછા ફેરવાય તો ફરે કેની?" રૂસ બોલ્યો "અહીં તો બાવા વધે તેના પીપ્યાંમાં ઉપ્યોગ કરે એટલે વધે સાના?"

"તું વરી બાવાને સીખામણ દેછ કે?" મેં રૂસી તરફ ફરીને કહ્યું "યાદ કરની ગીયે વરસે વરી તેં સું કીધું? થોરા ઘણાં તેં બચાવેલામાંથી ઘોરાની સરતમાં ગુમાવ્યા ને સટા બજારમાં ગીઓ, એ સટા ને સરત કંઇ આપરા જેવા ગરીબને છાજેબી? લખાપતીઓ એમાં બરગસ્તે ને સરગસ્તે થઇ ગીઆછ તો આપરા જેવા 'મછીકી ઝાત જીનગા' જેવા ગરીબરાઓનો સું હીસાબ? આજે તમે લોકે પોતેજ સાચવ્યા હોતે તો બીજા પાસે હાથ સાના ઓરવા જવા પરતે?"

"બેસ બેસ, મોટી સીખામણ દેવા વારી આવી" રૂસ ચુંચી આંખે મ્હારી ગમ જોઇને બોલ્યો.

"ખરૂંજ કેહેછ—મ્હારી દીકરી ખરૂં કેહેછ" મ્હારા માયજીએ મ્હારા બોલવાને ટેકો આપતાં કહ્યું "આજે જો તે ગુમાવેલા બચ્યા હોતે તો કેટલાં કામ લાગતે."

"પણ મેંબી એકના ચાર ને દસ કરવા સારૂજ મુકયા કેની?" રૂસે કંટલઇને કહ્યું.

"એકના દસ થવાનાજ હોય તો આપરા પોતાના વેપાર ને

ધંધા રોજગારમાંથીજ થાય" માયજી બોલ્યા "'પણોતો પુત પાલ-ણેથીજ દેખાય,' પૈસાની ઠેલી મલવાની હોય તો તેની આગાહી ધંધાની બરકતથીજ અપાય; મહારા દીકરા, આપુને હરામના રૂપ્યા સદતાજ નથી ને એવા નસીબ નથી લાયા કે જેથી તીલેસમાતીઃ પૈસા હાથ લાગે—ખુદા ખુદા કરો ને ધંધામાંથીજ બે પૈસા મેલવીને સાચવો. એટલે તેજ ધન ને તેજ દોલત. એકના દસ કરવા જતા પેલા એકનેબી ગુમાવો ના, યાદ રાખો કે નુકસાનને જાંહાંથીબી પકરસો તાંહાંથી ફાયદોજ છે."

શાબાસ, મહારી માય.

આહા! કેવા અસરકારક શબ્દો! કેવી સુંદર શીખામણ! ઓ હું તો જઇને તે મહારી બીમાર માયને ગલે વલગી પડી અને અમો તેજ વખતે ડુસકે ડુસકે બેઉ જણ રડયાં.

"અરે, આએ મહારી ગુલાબ જેવી દીકરી સુખથી સારે સાસરે સીધારે એટલુંજ મહને જોઇએછ" તે માવતર સાચ્ચા વ્હાલ અને સાચ્ચા ઉભરાથી મહારા ખભાંપરથી મહારા પીદર તરફ જોઇને આંસુભરી આંખોએ ડચકાં ખાતા ખાતાજ બોલી "મહારી ગુલરૂખ સારે સાસરે સીધારે ને તે જોયા પછી હું મહારા ડોરા વીંચું તો કેવું સારૂં."

પણ તેજ વખતે મહારો ભાઇ રૂસ્તમ એક મોટી છીંક છીંકયો, જેથી મહારા માયે એકાએક મહારી ગરદનપરથી હાથ ઉંચકી લીધા અને બીછાનામાં બેઠેલી કમાલપર હાથ મારીને નસોસ થઇને તુટી પડી અને મેં તુરતજ વાંકી વલીને પુછ્યું "માયજી, માયજી, તહમુને

સું છે? એમ એકદમ ઘબ દઇને સુઈ કાંય ગીઆ?"

"મુઆં આપરે!" માયજી બોલ્યા "ગરીબના નસીબજ ગરીબ. હીણા નસીબના આપરે તે સું એક પાપ કીધાં હોસે કે દરેક કામમાં એમ ઉંધુંજ થાયછ!"

"સું ઉંધું થયું?" મેં અધીરાઇથી સવાલ કીધો.

"તહારી વધામણી" મહારા માય કચવાતા કચવાતા બોલ્યા "તહારી વધામણીની વાત ચાલી ને રૂસ છીંકયો, આ આપરે કેટલા કમનસીબ છઇએ!"

"જુઠો એવો વેહેમ ના કરો માયજી." મેં કહયું.

"એ જુઠો વેહેમ નથી દીકરા" માયજી બોલ્યા "એમજ કેહેજે હું પોતે આએ તહારા બાવા સાથે અદરાવા નીકલી ને તેની વાત ચાલી રેહેલી તેટલાં પાસેનો પરોસી છીંકયો—"

"ને કેહેજે કે કારી બીલારી આરી ફરી ગેઇ!" હવે મહારા બાવાએ વચમાં બોલી દઇને ચેષ્ટા કીધાં "ખસ–ખસ દીકરા ગુલ, એ ગમે તેટલી હુસ્યાર હોસે ને સીખામણનું હાનલુ હોસે તોબી એ છીંક ને બીલારીના આરે ફરવાની વાતનો વેહેમ તો જરૂરજ કરસે."

"એ બધી વાત જવા દેઓ તમે." મેં હવે ખસીને ખુરસીપર બેસતાં કહયું "કામની વાત તો એજ" માયજી પાછા ઉલટ લેતાં બીછાનામાં ઉઠી બેસીને બોલ્યા "કે ઉકરજી હીરામાણેક પાસેથીજ થોરાક રૂપીઆ ઉછીના લેઓ ને કામ ચલાવો."

"નહીં–કદીબી નહીં." મહારો ભાઇ ઝમીનપર પગ અફાલીને બોલ્યો "એ ઘેલા ઘાંચી પાસેથી એક રૂપીઓબી મેલવવો મુસ્કીલ છે,

એણે છેલ્લી વખતે મહારા અને મહારા બાવાના એટલા બધા કાલાવાલા છતેબી ફક્ટ પચાસ રૂપરડી આપી! જો એ ખરોજ બાવાજીનો લાયક દોસ્તજ હોતે તો બાવાના આવા પરતા વખતમાં એક ખરા ભાઇ કે ખરા જીવેજાન મીત્ર તરીકે મદદ લાગતે. એણે બાવાને મુસકેલીઓ સામે લઢરતા ને અફ્લાઇ પરતા જોયા—તેણે દુખના દરીયાવમાં ડુબતા ડુબતા નઝરો નઝર બાવાને દીઠાબી, તોબી તેણે આંખ વીંચામણુંજ કરી દીધાં છે અને આડી નઝરે તે મીત્રની મુસકેલી તરફ જોયું નથી, તો આપણુનેબી લાઝેમ નથી કે એવા બેપરવાહ મીત્રની સોડ સાંધીએ, હું એને મહારા ખરા અંતકરણથી ધીક્કારૂંછ, હું એને નફ્રતનીજ નજરથી જોઉંછ—અને એવા પૈસાપર મરી ફીટનાર ચકરમ ચકડોલ ઘેલા ઘાંચીના કુટુંબના બુધ્ધા બેવકુફ પાસેથી ઉછીના રૂપીઆ લેવાના કરતાં ભુખે મરી જવાનું હું વધારે પસંદ કરૂંછ."

"ધીરે, ધીરે." મહારા માયજીએ કહયું "દીકરા, તું એમ ગરમ આગ ના થઇ જા, આજે એવો બુરો જમાનો આવતો ને થતો જાયછ કે 'કોઇ કીસીકા નહીં,' તો એવા વખતમાં થોડીબી મદદ આપુને આપતો રેહે તે ખરો દીલસોજ મીત્રજ કેહેવાય—આપરે એ બ્યાજખાઉ બુધ્ધાને બધા ધીકકારીએછ, હુંબી કંઇ એને ઓછી ધીકકારૂંછ એમ ના સમજતો, કારણ કે લખોપતી છતે આજે એક મુફલીસ મીત્રને મદદમાં રૂપીઆ આપેછ તેનુંબી વ્યાજ મારવાડીઓની કાણી લઇને માકર જેમ લોહી પીએ તેમ એ આપરૂં લોહી પીએછ, પણ તોબી લાચારી એટલેજ નાચારી,—પાછો એનેજ મોટા ભાઇ કીધા વગર આપરા ગરીબનું ચાલવાનુંજ નથી."

મહારા માય હજુણુ તો બોલી રહે તેટલાં દરવાઝાપર ઠોકા વાગ્યા, અમે બધાં ચુપચુપ થઇ ગયાં અને મેં જઇને બારણું ખોલ્યું. બારણું ખુલતાંજ સાહાઠ વરસની ઉમરનો એક ઝઇફ શખ્સ મહારા બાવાને પુછતો ઉભો, મેં "આવોજી" કરીને તેને અંદર બોલાવ્યો, અને મહારા બાવા તેને શેકહેન્ડ કરીને ખુરસીપર બેસાડતો બોલ્યા "મી૦ જમશેદજી અવાસીઆ, તહમે ઘણે વખતે જણાયા!"

"હા, કામકાજમાં રોકાયલો એટલે તહમુને મલાયું નહીં, કેમ છેઓ બધાં તહમે" મી૦ જમશેદજી અવાસીઆએ હાથમાંની લાકડીનો ટેકો દઇને ભારી દમે ખુરસીપર બેસતાં અને તે પછી ટેબલ આગલ લાકડી મુકી દઇને મહારા બાવા તથા અમારી સર્વેની તરફ નઝર ફેરવતાં કહયું.

"આએ ચાલેછ." બાવા બોલ્યા "નરમ ગરમ ગારૂં ગબરેછ, તહમારી તરફ સું સમાચાર?"

"સમાચારમાં સમાચાર તો એજ કે જમઇને ઘેરબાર, રાચરચીલું, માંગતું લેણું બધું હવાલે કરી નાંખ્યુંછ ને આપરે તો હવે છેલ્લા દાહારા દુન્યાની લાલચથી દુર રેહેવાનો મનમાં વીચાર કીધોછ."

"એકપુરી છોકરીને આપી દીધી તો દીધી" મહારા બાવા બોલ્યા "પણ વરી સાથે લાગું ઘેરબાર, રાચરચીલું ને દેણું લેણુંબી આપી દીધું કે?"

.. "તાહારે સું કરૂં?" જમશેદજી થાંસતાં થાંસતાં બોલ્યા "આએ થાંસો તો થયોછ, ધમનની કાણી છાતીબી તો ચાલેછ, ગુરામાં જોર નથી રહયું, આંગમાં સકતી ને સકતીમાં લોહી કંઇ મલે નહીં, ને

કાલે ઉઠીને પત્થરપર મુકાયા તો વસીહત ને નસીહત વગર મહારી દીના ને તેનો વર રવરી જાય કેની? કેમ બોલ્યા નહીં બ્હેન?" અને તેમ બોલતાંજ બીજા બે ચાર થાંસાના થોંસા ખાતા જમશેદજી-બાએ મહારા માયજી તરફ જોયું.

"હા બા" માયજી બોલ્યા "આજે કંઇ ભરૂસો છે, ચટ દેતું કાલે કંઇ થઇ બઈ ગીયું તો પછી વરી વીલ ને શીલની મોહકાણ આએ જમાનામાં તો નરતી દેખું, તેથી જમશેદજીબા તહમે જે કીધું તે સારૂંજ કીધુંછ ને કરોછ, તહમારીજ માફક એમ સમજી સુજીને બધા માયબાપો આગલથી વગર વેહેમ કરવે બચ્ચાઓની બંદોબસ્તી કરી રાખે તો પછી કેટલી બધી પંચાતી ઓછી થઈ જાય"

"એક લાખ રૂપીઆની વાત કહી, બ્હેન," જમશેદજી ફરીથી થાંસતાજ બોલ્યા "મકુજે તહમે તહમારા હીરાજીનેબી કહી રાખો, નહીં તો કાલે ઉઠીને એવણબી બીચારા— ——"

મેં અહીં તચાકડી ફોડી અને "નારે બા એમ ના બોલો" કરીને કહી દીધું, પણ રૂસતમ તુરતજ વચમાં પડીને મુછમાં હસતો બોલ્યો "એવણ એક કરોડ રૂપીઆની વાત કેહેછ, અરે ચટ દઇને કાલે કંઇ બાવાને થયું ને પટ દઇને ગુજરી બુજરી ગીયા-"

પણ તેટલાં મહારા બાવાજી બોલ્યા "લેઓ, કેહ કે 'વહુજી સગન માંગો તો કેજે કે સસરાના ખેતરમાં બલા પાકી' તેમ વલી અમે જાણીએ કે અમારા દુખમાં કંઈ સુખનો ભાગ ભેરાય કરીને ખદાય ખદાય કરીએ, તાંહાંવરી તહમે ઘેરમાં આવતાને વાર મહનેજ મારી નાંખવાના સગન લઇને આયા!"

"આએ કેહવત કંઇ ઘણી ઘટતે વખતે બોલાયલી નહીં કેહે-વાય, ને વરી તહમે હવે હીરાજીબા જીવીનેબી તે સું કાંદાંની ન્યાત જમારવાના છેઓ! આવોની બેઉ એકજ દાહારે મકુજે ઉઠાંગરી કરીએ."

"ઓવારૂરે." માયજી અહીં જરા છેડઇને બોલ્યા. "હુંજ આવી રેહેલી છેઉં તે પેહેલાં મરૂની."

"તહમે નહીં સમજોરે બહેન, તહમે દુન્યાંની વાતમાં નહીં સમજો" જમસેદજી દાઢી પસવારતા બોલ્યા "આજે તો તહમારા જેવાં આવી તાવી રહેલાંઓ જીવીને જીવ કાહારેછ, ને તહમારા હીરાજી જેવાઓ એમ ચટ ને પટ બોલ બોલતાંમાં મરીને ગુજરી જાયછ."

મેં જોયું કે આએબી કોઈ વલી "ઘેલા ઘાંચીના કુટુંબ"નોજ હતો કે કેમ? ઉકરજી હીરામાણેકની આએબી જોડીજ હતી! મરે મુઉં, જીવીને જીવ કાહારેછ ને મરીને ગુજરી જાયછ એ શું બયુંછ? તોબી હું ચુપજ રહી, છતાં મહને એ ચકરમની વાતમાં ગુસ્સા સાથે જરા રમુજબી મલી, અને વલી પાછું ચકરમ જમશેદજીએ બોલવાનું ચાલુજ રાખ્યું.

"તેથી હવે હીરાજી તહમે તહમારા બેઉ બચ્ચાંઓ વચ્ચે વહેંચી દેઓ ને વીલ કરો."

"અરે પણ કંઇ હોએ તો વહેંચુ ને વીલ કરૂં કેની!" મહારા બાવા કંટાલીને પગપર હાથ ઠોકી બોલ્યા.

"વારૂ ચાલો નહીં હોય તો માંડી વારો, પીરા ઓછી" થોં થોં થાંસીને જમશેદજીએ છેડો છોડાવ્યો "હવે તહમે રહીને સું જવાબ દેઓછ? ગીએ વરસે જે સો રૂપીઆ ઉછીના આપેલા તે મહને આપોછ કે?"

"ક્યા સો રૂપીઆ? મહને તેની કંઇ યાદ નથી" મહારા બાવાએ કહયું.

"તો સું તમે મને એમ કેહવા માંગોછ હીરાજી કે તહમુને સો રૂપીઆ મહારી પાસેથી ઉછીના લીધેલાની યાદજ નથી."

"નહીં" મહારા બાવાએ કહયું, અને અમારા બધાંના મોંઢા આ રૂપીઆ સોની નવી માંગણીથી ઉતરી ગયાં.

"ખરેખર!" અને અહીં ચકરમ દેખાતો તેજ બુઢ્ઢો ઉછલીને એક વાઘની મીસાલ બરાડ પાડતો બોલ્યો "જોઓ હીરાજી, મેં મહારા જમઇને રૂપીઆ સોની વાત કીધેલી છે અને તે રૂપીઆ યા તેની ચીઠી મહારે તેને સ્વાધીન કરવીજ જોઇએ, ગમે તો રૂપીઆ આપો ને ગમે તો ચીઠી આપો. હું કસમ ઉપર કેહુંછ કે મેં રૂપીઆ આપેલા." તેણે તેમ બોલતાંજ ભોંયપર પગ ઠોકયો.

"ને હું કસમપર ના કેહુંછ કે મેં રૂપીઆ નહીં લીધેલા." મહારા બાવાએ તપી જતા ટેબલપર હાથ થોકીને કહયું, હું તો મનમાં એથી ધ્રુજ્યા કરૂં કે રખે બેઉ મતારાંઓ હાથોહાથ થઇ જાએ, પણ તેટલાં જમશેદજીએજ ઠંડા પડી જઇને ખુરસીપર બેસતાં કહયું "એમ છે તો ખેર, મહને તો મહારા જમઇને એ રૂપીઆનો હીસાબ આપવોજ જોઇએ, મેં તેણે કેહેલું છે અને હવે નામુકકર જવાય નહીં. જમઇ આગળ ચાટ થવાય તેના કરતાં તો તહમે એમ કરો કે આજે આએ રૂપીઆ સો લેઓ ને એની ચીઠી લખી આપો, હું મહારા જમઇને કેહેવસ કે આગલા રૂપીઆ અપાયા નહીં ને હીરાજીએ તેની આજે ચીઠી આપી." સોની એક નોટ ખીસામાંથી કહાડતા જમશે-શેદજીએ કહયું.

"હા, એમ તાહારે બોલોની." મહારા બાવાએ તે નોટ લઇને ગજવામાં મુકતાં કહયું. અને પછી ટેબલ આગલ બેસીને આન ડીમાનદની ચીઠી લખવા માંડી.

"હું ખરૂં કેહુંછ કે મહને દુન્યામાં કોઇએબી ઠગ્યો હોય તો તહમેજ ઠગ્યોછ, હીરાજી" જમશેદજી ચીઠી લઇને તેની ઘડી કરીને ગજવામાં મુકતાં બોલ્યા "આજે તાહારે દુન્યામાં એવુંજ ઠરેછ કે કોઇએ સુખનની ઉપર કંઇ આપવુંજ નહીં–પણ ગમે તેવો દોસ્ત હોય તોબી ચીઠી લખાવી લેવી, એમજ થયું. કેમ બોલ્યા નહીં બ્હેન." એમ બોલીને તેણે મહારા માયાજી ગમ પોતાનો ચેહેરો ફેરવ્યો, પણ માયજી જયારે કંઇજ બોલ્યા નહીં ત્યારે જમશેદજી ચાલી જતાં બોલ્યો "કંઇ નહીં હાલમાં તો હું જાઉંછ."

જમશેદજી અમારા ઘરમાંથી બહાર પડયો અને થોડોક ચાલ્યો હશે કે મહારા બાવાએ રમની બાટલી લાવીને તેમાંથી પા ગલાસ રમ રેડીને પીતા હસીને કહયું "આએ સલામતી ઘેર બેઠકાં આવેલા રૂપીઆ સોની–પણ તું ગુલરૂખ દીકરી મહારી તરફ એમ તગર તગર સું જોયછ? ગમગીન કાંય દેખાયછ? સું એ દોકરો કહી ગીઓ તેમ તુંબી મહને ઠગ ધારેછ કે?"

"તે તો કોણ જાણે બાવાજી, ખુદા જાણે" મેં ગમગીન દીલથી કહયું "હું ધારૂંછ કે તહમે આજે એક પાપ કીધુંછ."

"છટ–છટ–છટ" મહારા બાપે બેદરકાર થઇને કહયું "અચ્યા સહી બોલેછ તું દીકરી, નાદાન છે."

"ખુદા માફ કરે." એમ બોલીને હું તો ત્યાંથી રાંધણીમાં

ચાલી ગઇ, અને રૂસ્તમબી મહારી પાછલ પાછલ આવ્યો.

"ગુલ, સું બાવાએ પેલાને બનાવ્યો એમ તુને ખરેખરૂં લાગેછ?" રૂસ્તમે રાંધણીમાં દાખલ થતાંજ સવાલ કીધો.

"સાત પાણીએ ધોએલું મહને તો ખરૂં લાગેછ." મેં કહયું "બાવાજી હવે ઘડડે ઘડપણ ઠગઇ જેવી ઠગાઈ કરે એ મહને મુતલગજ ગમતું નથી, ભઇ રૂસ. કોઇબી વખત બાવાએ આવી ગરીબઇ છતે એમ ઠગઇ કીધી નહીં હોસે—પણ આએ દારૂ બરે તે બુધ્ધાપામાં એ દારૂનો એવણને લખ લાગો ને એવણ તે નીશાની સાથે આએ બુરી ચીજબી સાખીઆ."

"પણ તું કહીજ કેમ સકે કે બાવાએ ખરેખરી ઠગઇજ કીધીછ?" રૂસતમે પુછયું.

"મહને દીલમાં લાગેછ ને ખટકેછ—જો ગમે તો સામેતી જોઇતી હોય તો આપરે હરૂસે અમણાંજ ઉભા રહીને બાણુણા પછ-વારેથી વાત સાંભરીએ, હું એમ છેરઇને આવીછ તો બાવા ને માય હમણાં એજ વાત ઘણીખરી કરતાં હોસે—જો એજ વાત કરતાં હોસે તો કંઇ નવું જાણવાનુંબી કદાચ મલસે."

અને અમે તે ઓરડાના બારણા પછવાડે ઉભાં રહીને બેઉ ભઇ–બ્હેને અમારાં માબાપની વાત ચાલતી સાંભલવાનો કસદ કીધો, જો કે એવી રીતે વાત સાંભલવી એબી એક અપરાધ છે, પણ અમારી બેઉની જીજ્ઞાસા એટલી વધી ગઈ કે અમે તેમ કરવા મુાટે તૈયાર થયા અને જઇને છુપાઇને બારણા પછવાડે ઉભા રહયા. અજબ સંજોગે ખરેખર તેજ રૂપીઆ સોવાલી વાત થતી હતી અને માયજી

મોટી ટપાટપી કરતા સંભલાયા "તહમે એ ઘણુંજ ખોટું કામ કીધુંછ, તહમારા બુઢ્ઢાપામાં એમ કરવું હવે લાજેમ નહીં ઉતુ" મહારા માયજીએ બાવાને ઠપકો આપ્યો.

"અરે લાજેમને બાજેમને તું મારની ગોલી" મહારા બાવા બોલતા સંભલાયા "આખો જનમારો એમજ ગીઓને."

"તેજ મોટી વાત છે તો." માયજી બોલ્યા "આખો જનમારો સચ્ચાઇના દુખથી કાહાડયો તો હવે એવી રીતે દરીઓ તરીને કીનારા પરજ ડુબી જવાનું તહમારે માટે ઘણુંજ ખરાબ થયુંછ હીરાજી—અબઘડી મુંબઇ જવાનોજ વીચાર કરો, જાઓ મુંબઇ ને તેના રૂપીઆ સો પાછા આપી આવો, ને ચીઠી કેહો કે આગલાજ રૂપીઆ વાસ્તે રાખે."

"હું કદી એમ કરૂં નહીં" મહારા બાવા બોલ્યા "હાથમાં આવેલા રૂપીઆ હું જવા દેનાર નથી—એ મહને હથ્થીના પગ જેવા થઇ પરસે."

"હથ્થીના પગ નથી" મહારા માયજી બોલ્યા "અરે એ તો તહમારા પ્રમાણીકપણાંની આખી જીંદગીમાં ગોયા સફેદ હથ્થી છે, એ નકામી અને ભારબરદારી ચીજ છે, તહમારી જીંદગીના સુખમાં એ ઠગઇ એક પાપ છે, શ્રાપ છે."

"મહને હાલ રૂપીઆની જરૂર છે, ને હું તો મરતાંબી હવે એને રૂપીઆ પાછા નહીંજ આપું—મહને રૂપીઆની બહુજ જરૂર છે તે તું જાણેછ કેની?"

"તહમુને રૂપીઆની જરૂર છે તો તહમે તહમારે માથેનું

આએ પાપ ધોઇ નાંખો, જાઓ તહમારી ભુલ થઇછ કરીને તેને રૂપીઆ પાછા આપી આવો——"

"ને મહને રૂપીઆ જોઇએ તેનું કેમ?" બાવાએ અધીરાઇથી કહયું.

"તેજ વાતપર હું આઉંછ" મહારા માયજી બોલ્યા "હું તહમારી આખી જીંદગીમાં તહમારી પરણેતર તરીકે હીસ્સેદાર ને ભાગીદાર રહીછ, તો જાઓ તહમારે ખાતર હું પાપમાંબી હમશરીક થાઉંછ, તહમે તહમારૂં પાપ જમશેદજીને રૂપીઆ પાછા આપી દઇને તહમારે માથેથી ઉતારી દેઓ, અને હવે હું તહમારે ખાતર પાપનો બોજો મહારે માથે ઉથાવવા તૈયાર છેઉં—મહારી બ્હેનપર હૈદરાબાદ ખાતે ખોટું બનાવતી કાગલ લખુંછ ને તેની પાસેથી મદદ માગુંછ."

"પણ એ તહારી તવંગર બહેન તો તું મહારા જેવા ભુખરીબારકસ સાથે ફકટ પ્યારનેજ ખાતર પણુણીને ગરીબને ઘેર ગેઇ તેથી તુને સરીયામજ ધીક્કારેછ, ને તુંને આજ સુધી તો એક પાઇબી આપી નથી, તો હવે કેમ આપસે?" મહારા બાવાએ સવાલ કીધો.

"હું કેહુંછ કેની કે ખોટું બનાવતી જુઠું અડાવીને તહમારે ખાતર ગોયા હું મહારા માથાપરબી પાપનો બોજો ઉઠાવીને એક ગુનાહ કરસ" મહારા માયજી મક્કમ રીતે બોલ્યા "લાવો મહારી આગલ સહી ને કલમ લાવો, એ મહારી બહેન તહમારા જીવતા જીવંત મહને એક અરધીનીબી મદદ આપવાની નથી અને તેમ નહીં આપવાના તેણે સોગંદ ખાધેલા છે તો હું આજે એ લોકપર

લખુંછ કે મહારા હીરાજી ગુજરી ગીઆછ ને મહને રૂપીઆ તનસોની બહુજ જરૂર છે તો રૂવાનપર ખરચવા મોકલો." વહેમ ખાઇ ખાઇને અચકી અચકીને ઘણી આનાકાની સાથે અને મનમાં લાંબી જીંદગી બાવાજીને માંગતાં તે મહારી ભોલી માયે સુચના રજુ કીધી.

"હા, એમ લખસે તો મોકલસે, જરૂર મોકલસે" મહારા બાવા ખુસી થતાં થતાં બોલ્યા "એ તાલ ખરી, મહને મુએલો જાણસે તો જરૂર આપસે–તનસોને બદલે પાહાનસોજ મંગાવની!"

અને, અફ્સોસ!

મહારી ગરીબ ભોલી માય! મહારા બાપના પાપને ઉતારવા જતા ગોયા તેના પાપમાં હમશરીક થઇને પોતે એક પાપ કરવા તઇયાર થઇ ગઇ! તેણે પાંચસો રૂપીઆની માંગણી કરનારૂં તે સરયામ જુઠું કાગળ મહારા બાપના મરણુની ગમખાર ખોટી ખબર સાથે લખવા માંડયું, જ્યારે તે પોતે જે ગુનાહ કરતી હતી તેને માટે આંસુના ટીપાં પાડતી અને મહારા બાપના મોતની ખબર લખતાં પોતાના વરને લાંબી જીંદગી માંગતી ખરેખર અસહય દુખ સાથેજ તે લખની હતી! તેણે ઘણી અને બચ્ચાઓને નામોશીમાંથી બચાવવા ગોયા ગુનાહ અને કંગાલ તરકટ સાથે મલીને જીવ સામે લડત ચલાવી હતી, શું કરે, લાચાર!

અમે બેઉ ભાઇ–બહેને તે દેખાવ ગમખાર જીગરે જોયો, અને મહારા ભાઇએ મહારા કાનમાં કહયું "આંજે આપરા માયબાપને ગુનેંહગાર થતાં આપરે નજરોનજર જોઇએછ, ગુલ."

અને તેના જવાબમાં એંક હાય સાથે મેં કહયું "અફ્સોસ,

મુફલીસી !"

છુપેથી માબાપની વાત સાંભલ્યા પછી અમો બેઉ ભાઇ–બ્હેન જાણે કશામાં નહીં હોઇએ તેમ દાંએબાંએ થઇ ગયાં, અને તે પછી અમારા બાવા મુંબઇ જવાને વાસ્તે નીકલ્યા. મુંબાઈમાં કામ છે કરીને અમુને તો ફકટ કહેવામાં આવ્યું, પણ પેલા રૂપીઆ સો આપી દેવા તથા માયજીએ લખેલો કાગળ પોસ્ટ કરવાના કામસર તેવણ જાએ છે એ અમને અંજાણ્યું નહીં હતું.

મહારા બાવા મુંબાઈ ગયા અને સ્હાંઝે પાછા આવ્યા દરમ્યાન માયજીને અમોએ કાંઇબી કહયુંજ નહીં કે તેવણના બેઉ ફરઝંદની આંખમાં તેઓ ગુનાહભર્યાં જણાયાં હતાં. સહાંઝના બાવાજી કંઇ ખુશમીઝાજથી ઘરમાં દાખલ નહીં થયાં, તેવણ દરવાઝાની અંદર આવતાજ બોલ્યા "નખખોદ, એક ગુમરાંને રૂઝ આવતું નથી તેટલાં બીજુંજ ગુમરૂં ફુટી નીકલેછ!"

"કેમ સું છે, હીરાજી?" માયજીએ પુછ્યું.

"મુંબઇ ગીઓ તો માલમ પરીયું કે પેલો નસર્વાન પટેલ કંઇ ધાંધલ કરવા માંગેછ. એના નખોદગીઆના રૂપીઆ ચારસો છે, ને મહને મલી ગીઓ તો કેજે કે રૂપીઆ બે દાહારામાં નથી મોકલ્યા તો હવે તો જરૂર પકરી જવસ, એને બે વખત વકીલની નોટીસ બી મોકલીછ, છેબી શરમ ને મુરવત વગરનો, ને એને એના મુએલા બાપના સોગંન ખાધાછ તોઁ જરૂર હવે એ રોખરૂં જગારવાનોજ. એનાં રૂપીઆ બનતે તો પીરા પડતે. કંઇ કસી ધાંધલ કરસે તો કેમ થસે!"

"એમ અકરઇ ના જાઓ." માયજી બોલ્યાં "બનસે, બનસે." અને તેવણે બાવાને ઇશારો કીધો. અમે બેઉ ભાઈ–બહેન તો સમજી ગયા કે માયજીએ શાને વાસ્તે ઇશારો કીધો હતો, તેવણે પેલા પાંચસો આવનારાપર મદાર બાંધ્યો હતો, અને તેમાંથી આ કોઇ માંગનારને સમજાવી લેવાની આશાપર હતા.

પણ અફસોસ! વચમાં બીજા ચાર પાંચ દીવસ ગબડી ગયા પછી માસીને ત્યાંથી કાગલનો જવાબ આવ્યો, તે કાગલ માસી-માયની તરફનો નહીં હતો પણ માસીની દીકરી શીલ્લા તરફનો હતો. તે કાગલમાં શીલ્લાએ જણાવેલું કે 'માયજી ને બાવાજી તો ગમે તે થઇ ગીયું હોય તોબી એક અરધી મોકલવા ના કેહેછ, ને માસા હીરાજીના ગુજરવાને સબબે ઘણીજ દયા આવવાથી હું તમારીપર મહારી પાસેના રૂપીઆમાંથી રૂપીઆ બસો આજ રોજે રેજીસ્તર્ડ પોસ્ટથી છુપેથી મોકલી આપુંછ.'

ત્યારે બે જણાંની ગુનેહગારીની હીસ્સેદારીના પાપના ઇંટોથી ઉભો થયલો આ કીલ્લોબી લગભગ ભાંગીને ભુકો થઇ ગયો, અને બીજે દીવસે ફકટ બસો રૂપીઆ રેજીસ્તર્ડ પોસ્ટથી મલ્યા. કમનસીબે તે રેજીસ્તર્ડ કાગલથી મહારા માબાપ અમો બેઉ ભાઇ–બહેનની નઝરમાં નીચા પડયા! કારણ કે તેઓનું એ છુપું કાંમ છુપું રહી શકયુંજ નહીં, અને રેજીસ્તર્ડ કાગલની સહી આપવા વીગેરેની ગડબડ સાથે બધું ભોપાલું ફુટી ગયું. અમારાં ગરીબ માયે તે પછી અમોને બેઉને બોલાવીને ઝાર ઝાર રડતાં રડતાં બધો ખુલાસો આપ્યો, અને એ વાતપર ચુનોચેરા હવે કાંઇબી નહીંજ કરવાને અમને બેઉને તાકીદ આપી.

મગર તે વાતપર તો પાણી ફેરવ્યું, પણ હવે નસવાનજી બાખાજી રાંડેલીઆ ઉરફે પટેલની નવી માંગણીનું શું ? તે તો બાવાના કહયા મુજબ બાવાને છોડવાનો નહીંજ હતો, અને અમારા વૃધ્ધ ઝઇફ પોતાને કાંઇ કશું કરવામાં આવે તો અમારી વરસો તકની બચાવી બચાવીને બચાવેલી આબરૂની શું હાલત ? રૂસતમ તો વીચારમાં લીન થઇ ગયો, અને હું બી ગમગીન બહુજ દુખેલા દીલની થઇને વીચારના વમલમાં વીંટલાઇ ગઇ.

બધુંજ ઉંધું ને ઉલટું થતું હતું. કરજદારીઓ, સામેજ ડોલા ધુરકતી હતી, અને મનની ફીકર અને ગુંચવાડાઓ વધતા હતા. હુ તો તે આખો દાહાડો ફીકર ફીકરેજ રહી, અને રૂસ્તમબી તરેહવાર વીચારો કરતો જણાયો, અને તે તો સ્હાંઝ પછી બહોંસ કરી "જરા બહાર જાઉંછ" કરીને ગયો, બાવાજીબી ગમથી ગમગીનજ રહયા અને ગરીબ બીચારી મહારી માય ! તે તો હતી તેથીબી બદતર થઇ, અને તેની તાપ વધી જવાથી તે હવે બીછાનામાંજ આખો વખત રહેવા લાગી.

ફીકર, ફીકર અને ફીકરે અમારા ગરીબ ઘરને ઘેરી લીધું. અમુને ખાવાનું ઝહર જેવું કડવું લાગવા માંડયું અને હવે શું થશે તેની ધાસ્તીથી અમે બધાં ધ્રુજતાં હતાં. તે રાતના છેક જમવાને વખતે રૂસ્તમ જયારે પાછો આવ્યો ત્યારે તેના ચેહેરાપર જાણે ખુશાલી છવાઇ રહી હતી અને તેણે જમતાં જમતાં રૂપીઆની વાત નીકલતાંજ ખીસામાં હાથ નાંખીને બદીઆનના ગજવામાંથી રૂપીઆ સોની એક નોટ તથા ચાર રૂપીઆ છુટા મહારા બાવાના હાથમાં મુકતાં

કહયું "લેઓ, તહમારી કરજદારી આપવા તથા ઘેરની આબરૂ બચાવવા આએ રૂપીઆ."

અમો બધાં ઘણાજ અજબ ને હયરત થઇ રહયાં! અરે, જે રૂસ્તમ ખાલી ખીસે સહાંઝને વખતે બહાર ગયલો તે બે કલાકમાં ઘરે પાછો ફરતા રૂપીઆ એકસો ને ચાર કયાંથી લાવ્યો?

"રૂસી, તું એ રૂપીઆ કાંહાંથી લાયો?" મહારા માયજીએ જરા માથું ટટાર ટકીઆપર મુકતાં પછયું.

"તહમે મહને ના પુછો" રૂસ્તમ બોલ્યો "તહમે બધાં તહમારૂં કામ કરો, હું કારા ચોરને તાંહાંથી લાયો!"

"પણ તોબી? અમુને જાણવું તો જોઇએ કેની?" બાવાએ કહયું.

"જાણવાની મેહેરબાની કરીને કોઇબી તહમે કનવાર નાજ કરતા" રૂસ્તમ જરા ખભરાયલો ખભરાયલો બોલ્યો "તહમે લોક અગર જો પુછી પુછીને આસમાન સુધી કુદકાબી એક બારગી મારસો, તોબી હું તહમુને કેહેવાનો નથીજ તે ધ્યાનમાં રાખજો."

"પણ તેં આટલા થોરા વખતમાં આએ જંગલમાં રૂપીઆ મેલવ્યાજ કાંહાંથી!" મેં હવે આતુરતાથી કહયું.

"ગુલ, તેં અરેબીઅન નાઇટસમાંની અલાદીનની વાત વાંચીછ?" મહારો ભાઇ રમૂજ કરતો હોય તેમ સ્હેજ મલકાતું મોંહ કરીને બોલ્યો "તેજ આબાદ મહારો હાલ છે, એક જીને મહને એ રૂપીઆ આપ્યા."

"તો મહારા દીકરા." માયજી બીચારા હવે જાણે રમુજ કરવાની ઢબે જરા હસમુખા થઇને કેહેવા લાગ્યા "એ જીનને કહીને પાંચ

પચીસ લાખજ માંગે કેની! સો રૂપરડીમાં સું દાહારો વલીઓ!"

"અરે એટલા રૂપીઆથી તો મહારી ચારસોની કરજદારીબી પુરી પાધરી ભરપઇ નહીં થવાની." બાવાજી પોતાની ફીકર અને ગણત્રીમાં રહીને બોલ્યા.

"તનસો તો થયા." માયજીએ તુરતજ કહી દીધું "માંગનારને સમજાવજો તો સમજસે, માંગનાર આપરે ઘેરે આવે તો તડકઇને મીજાસ કરીએ તો તે પોતાને ઘેરથી રોંહસામાં આવેલો વધારે ગરમજ થઇ જાય ને તેમાંથી કામ બગરીને ધુર થઇ જાય, ને જો તેને સમજાવીને પતાવીને નમનતાઇ બતાવીને બાવાભઇ કરીએ તો તે ઘેરથી ગરમ થઇને આવેલોબી નરમ થાય ને થોરો વખત થોભી જાય."

"અરે પણ નરમ કાંહાંથી થાય?" બાવા ઉશકેરઇ ગયા "મેં કહયું કેની કે તે માણુસ ઘણો શરમ છોરીને કામ કરનારો મુરવત વગરનો છે, તે નહીં સમજતી?"

પણ મેં તુરત મહારા માયજી આગલ દોડી જવાનું અને તેવણને વધારે એ બાબદપર ચુનેચેરા નહીં કરવાને સમજાવવાનું વાજબી ધાર્યું, મહારી ગરીબ માય એક તો તાપે તાપે સસરી વસરી જતી'તી, ને તેમાં જો વધારે ઉશકેરઇ ગઇ તો અમારા ગરીબને ત્યાં કંઇ જોવા જેવું થઇ જાય તો અધુરામાં પુરૂં.

"માયજી, તહમે સુઇ જાઓ—જે થવાનું હોસે તે થસે" મેં માયનું માથું સરખું કરીને સમજાવત કીધી "રૂસ્તમની ને એ કરજદારોની બધી વાત તહમે હમણાં તો માંડી વારો, ને જરા પોહોરી ઉઠો કે જીવને કરાર થાય"

"જીવને કરાર કાંહાથી થાય!" રડીને મહારા માયજી એમ બોલ્યા, અને તેવણની આંખમાંથી આંસુનો ગોયા એક દરીયાવ વહી ગયો!

મેં જખમાયલા જીગરે તે જોયું, અને મહારેથી જ્યારે તામોશ નહીંજ થઇ શક્યું ત્યારે તે કમતાલેની મહારી ગરીબ માયની ગોદમાં માથું મુકીને હુંબી તેની સાથે ઝાર બેઝાર રડી પડી.

પ્રકરણ ૩ જું.

તકદીરની તાસીર.

બીજે દીવસે સહવારના અમો ઉઠયા ત્યારે અચાનક અમો ઉપર ધાડ આવેલી કમનસીબે જણાઇ. તે ધાડ તે પેલા માંગનાર કોઇ નસવાનજી પટેલે થાણાની કોર્ટમાંથી અમારી સામે મેલવેલી ટાંચ હતી. તે સરકારી માણસો સાથે સહવારના પહોરમાં આવ્યો હતો અને આવતાને વાર તેણે પોતાના પુરેપુરા રૂપીઆ ચાસ્સોની માંગણી કીધી, નહીં તો સર્વે માલ ઉંચકી જવાની ધમકી આપી.

મહારા માયજી તાપે સસરેલાં છતાંબી ઉઠયા, અને ઉઠી આવી તે પારસીને સમજાવવા પડયા "મરૂં મરૂં બાવા, અમારા જેવા ગરીબ માણસપર તો તહમારે મેહરબાનીની નજર કરવી જોઇએ—"

પણ માયજી વધારે બોલે તેટલાં તેણે નેણ ફેરવીને ગુસ્સાથી

કહયું "ગરીબ છેઓ તો લાકરી લઇને હરામી બનો, પૈસા નહીં આપવાના બનતા તો તહમે અરીમઘરીમ જેવા ઘેરમાં બેસીને સું કરોછ! જાઓ મુંબઇ, ને ઘેરેઘેર વાસણ ઉજારવા ને રોટલી કરવા જઇને પૈસા મેલવો ને માંગનારનું અદા કરો."

મેં જોયું કે તે નાતરસ જવાબથી મહારા માયજીને ઘણોજ ગમ લાગ્યો, મહારા બાવા દુખી થયલા દેખાયા, મહારી લાગણી તો તે સખત દીલના પારસીની વાતથી જેમતેમ દબાયલા દુખાયલા દીલ તલે એક મોટો ગુસ્સો ગલીને રહી, પણ રૂસ્તમના ડોલા લાલચોલ આતશ જેવા થઇ ગયા હતા.—મહારા બાવાએ તેની તુંદઇ જાણવા છતાંબી માયજીએ ઉપર કહેલી શીખામણ ગોયા માનતા તે પારસીને હવે પોતે સમજાવવા માંડયો.

"એ બીચારી કાંહાંથી નોકરી ને ચાકરી કરી સકે, ભઇ નસવાન!" મહારા બાવા ગમ ખાતા બોલ્યા "એ બીચારી નોકરી કરવાની હાલત ને તંદરોસ્તીમાં છેજ કાંહાં!"

પણ પાછો તે કડક વાઘ છેડાયો "તે આગ્એ પારા જેવા પોરીઆને બહારનું કામકાજ અપાવીએ કેની? ખેતરમાં બયુંછ સું જે વરી એનેબી અહીં ખાવાના ખુલીઆને રાખ્યો—"

તે વધુ બોલે તેટલાં હવે મહારો ઉતાવલો ને ઉકલેલા સ્વભાવનો ભાઇ રૂસ્તમ ગરમ થઇ ગયો "ખાવાનો ખુલીઓ થયો તે તહારા બાપને ઘેરથી તો નથી લાવીને ખાતોની! સરકારી ફાનસના થાંભલા જેવો તો કરાકરી બીસકોટ મુએલો છે, નહીં તો પારો ને ફારો બોલવાનો સવાદ હું બરોબર ચખાડતે બચ્ચા, એક સોલતમમાંજ સુઇ જસે જો."

તેટલાં બીચારાં મહારા માય પડતા ખડતાબી વચમાં આવીને રૂસ્તમના મોંઢાપર હાથ મુકીને બોલ્યા "દીકરા મુગો રેહે, આગમાં તેલ નહીં રેરીએ."

"જોઓ, જોઓ, તહમારા જેવા ગરીબોને કેટલો રોંહસો ને બરો છે તે!" તે માંગનારે મહારા માયના વચે પડવાથી પોતાની જીત થયલી સમજી ચોબા દેવા માંડયા "મીંઆ માંદાં ઓર તંગરી ઉંચી." ઘેરમાં ખાવાની ખાખની જાત નહીં ને રોબ જોવો તો બાર ખાંડીનો!"

"બોલ બા નસવાન" મહારા બાવા બીચારા આંખમાં આંસુ લાવીને બોલ્યા "આજે બોલવાનો તહારો વખત છે, તે વખત કે જાહારે સાથે ખાતા'તા પીતા'તા તાહારે તુને કેટલીક વખત મેં પૈસાની મદદ આપેલી છતાંબી કોઇ દાહારે મોનામાંથી આરો સખુન નહીં બોલેલો. ને આજે તું મહારીપર ટાંચ લાવીને મહનેજ ચોબા દેછ ને તાણા મારેછ, હાય દુન્યા, દુન્યા!"

પણ તે વાત સાંભલીને તે પારસીની આંખમાં શરમ કે મુરવવતનો ઝાંખો ખ્યાલબી પયદા થયો નહીં, કેમજે તેણે જાણે મહારા બાવાનું બોલવું સાંભલ્યુંજ નહીં હોય તેમ સરકારી માણસોને અમારા ઘરનો માલ બહાર કહાડવાનો હુકમ આપ્યો.

"બાવા મરી જાઉં તહમારીપરથી બધી" મહારા માયજી હાથ જોડીને કાલાવાલા કરતાં બોલ્યા "અમારી આખી જીંદગીમાં અમારા સામાનને કોઇએ હાથ લગારયો નથી, ને આજે અમારા આખેરીના બુઢ્ઢાપાના વખતે અમારી આંખ સામ્બે એમ અમારો માલ લઇ

જવાય તે કેમ જોઇ સકીએ ?"

"નહીં જોવઇ સકાએ તો રૂપીઆ ભરો." તે ટુંકું કરતાજ રોંહસા સાથેજ બોલ્યો. "કારા ચોરના લાવી આપો" તેણે આગલજ બોલવા માંડયું "જાઓ ધરમફંડોની મદદ લેઓ."

"અરે બાવા, જો ધરમફંડવાલાઓજ પાધરા હોતે તો આજે સું કરવા અમારાં જેવાં ખરા મોહતાજમંદ ગરીબો એમ રખડતે ને તવલતે!" મહારા માયજીએ બલાપો કીધો "બીચારા ધરમના કરનારાંઓ તો ધરમ કરીને બેહેસ્તમાં સીધારેછ, પણ કેટલાક ધરમફંડના કારભાર કરનારાઓ બરોબર નીવડતા નથી ને આજના જમાનામાં ખરેખરા કોમી મોહતાજો છતે ફંડે સખતમાં સખત ગરીબાઇ ભોગવેછ. ખરેખરા હાજતમંદો તો આજે રખરીજ જાયછ, ને જેની પાસે થોડું ઘણું હોયછ તેઓ ઉલટા ફંડની મદદ લાગેવગે મેલવવા પામેછ. આજે ગરીબોને રાખવાના મકાનોને નામે મકાનો ઉભા થાયછ ને તેમાં ખરા ગરીબોને રાખવાને બદલે પ્યાના ને હારમોન્યમ ધરાવનારા ને આયા ને બોય રાખનારાઓને રાખવામાં આવેછ—ગરીબોના નામ હેઠલ સકતીવાન કુટુંબોને સુખ કરી આપવામાં આવેછ, જ્યારે મુફલીસોજ બીચારા રખરી જાયછ. સું કરે? બીચારા ગરીબ પરીઆ, તે તે લોકનો અવાજબી સું! પૈસાના ટેકાથી વાગતા ઘોલ તાસાના સાદ વચે પીંજરામાના બીચારા એક પોપટની ફરીયાદ આજે કોણ સાંભરેછ? કોઇજ નહીં."

"મારે વધારે ટકટક સાંભરવાની નથી—મને તો બસ મહારાં પૈસા જોઇએછ." તેણે કહયું.

"મહારા પૈસા, મહારા પૈસા, ના કરો મીસતર" રૂસ્તમ વલી

વચમાં ઉશકેરઇને બોલ્યો "કંઇજ તહમારૂં નથી, મોત આવીને કાલે ઉભું રેહસે તો પછી પઇસા કંઇ તહમુને જીવારસે નહીં ને તેને તહમે છાતીએ બાંધીને લઇગી નહીં જઇ સકસો—આજે તો જે ભલઇ કરસો તેજ કાલે સાથે લઇ જસો, વાસ્તે જરા ભલઇ કરી લેઓ મીસતર."

"છટ–છટ–છટ–છટ" તે માંગનાર ડોકું ધુણવીને બોલ્યો "એ બધી વાહીયાત બકવા છે, ઉઠાવો માલ" અને તેણે પેલા માણસોને ફરીથી હુકમ કીધો.

"જરા સબર કરો" મહારા માય બોલ્યા "હું તહમુને તનસો રૂપીઆ લાવી આપુંછ તે લેઓ, ને મહારા સામાનને હાથ ના લગાડો"

"નહીં, હું તો ચારસો રૂપીઆ મહારા પુરેપુરા આજનો આજ લીધા વગર અહીંથી હઠનાર નથી" તે જીદ્દી આદમી મકકમપણે બોલ્યો "લેવસ તો ચારસો પુરા લેવસ, ને નહીં તો માલ બધો ખટારામાં ભરીને ઉંચકી જવસ."

"જોેવ બાવા, હમજાત છઇએ, પારસી છઇએ, આટલા આજે લેઓ, ને બીજા બાકીના સોજ રેહેસે તે થોરા દાહારામાં આપી દઇસું. તહમે પારસી જેવા પારસી ઉલટા અમુને હમજાતને મદદ લાગવા જોઇએ તેને બદલે એક દુરવંદ જુલમ કરે તેમ જુલમ પારોછ!" મહારા માયે સમજાવત ચાલુજ રાખી.

"નહીં, નહીં, હું પારસી બારસીને હમજાત પમજાત કંઇજ સમજતો નથી." તે સંદીગલ બોલ્યો.

પણ તેનું બોલવાનું પુરૂં થાય કે મહારો પીત્તો ઉછળ્યો ને

ગુસ્સાથી કહયું "તહમે હમજાત કે પારસી કંઇ સમજતાજ નથી, તો તહમે પોતે એક પારસી નથી, પણ ખવીસ ખસલતના હોવા જોઇએ—એક પારસી જરથોસ્તી પોતાની હમજાતપર કદીબી આવો જુલમ ગુજારવા તૈયાર નહીંજ થાય, તહમુને આટલું આટલું સમજાવ્યું, તનસો રૂપીઆ આપીને ફકટ સોજ રૂપરડી વાસ્તે આટલી આટલી મીનતજારી કીધી, તહમારા કાલાવાલા કીધા, તો તહમે પારસી જેવા પારસી થઇને પારસીના દુખી કુટુંબપર દયાની નજરથી જોતા નથી, પણ એક ભુખો થયલો વાઘ જેમ સીકારપર કુદે ને તેનું લોહીજ બસ પીવા માંગે તેમ અમારૂં લોહી પીવા તહમે તઇયાર થયાછ! હયફ છે, હયફ છે, તહમારા જેવા હમજાતપર, કે જે પોતાનીજ કોમના માણસોને હેરાન કરવામાં મજાહ માનેછ—અરે, આજે તો આપરે આપુને સાચવી સાચવીને સાચવવા જોઇએ, ને દરેક પારસી જરથોસ્તીએ પોતાની હમજાતના એકેએક માણસને ચાહીને તેમની અરીભીરીએ કામ લાગવું જોઇએ, કુલ દુન્યાના કરોડોના કરોડો માણસોની વચમાં આપરે જરથોસ્તીઓ ફકટ એક લાખનીબી સંખ્યામા નથી, આપરે ચુંટી ચુંટીને ચુંટવામાં આવેલા ઘઉંની એક ગુણમાં જેમ કેડે કેડે રહી ગયલા કાંકરાંઓ જણાય તેમ રહી ગયલા કાંકરાંઓ મીસાલ છઇએ, તો પછી આપરે તો એકબીજાને ઘણાજ સમાલવા સાથે મદદના થવું જોઇએ, તેને બદલે તહમે અમારીપર જુલમ કરવા તઇયાર થયાછ!"

મહારા બોલવાથી કંઇ તેનાપર અસર થઇ, કારણ કે તે બોલ્યો "લાવો બાર રૂપીઆ તનસો, આજે તો જાઉંછ, પણ જો આંઠ

દાહાડામાં નથી મલ્યા તો પાછો આવીને ઉભો રેવસ."

મહારા માયજી તુરતજ અંદર જઇને રૂપીઆ લઇ આવ્યા અને એલીફે તે પોતાને સ્વાધીન લેતાં નોંધ લઇને કંઇ ચીઠી લખી આપી, અને તેઓ બધા ગયા.

બીજા આઠ દીવસમાં રૂપીઆ સો રોકડા આપી દેવાના હતા, અને હવે એ રૂપીઆ કયાંથી આવશે તેના વીચારમાં તથાં અમારી ગરીબાઈ કેટલી બધી હદે હતી તેનો ગંભીર ખ્યાલ કરતા મહને તો જાણે ધ્રુજરાં છુટયાં! વીચારમાં ને વીચારમાં મેં કહયા વગરજ ઘરથી જરા દુર હેરીયું લીધું. મહારા માયજી તો બીચારા સુઇ ગયા, બાવા ચાપાણી કરવા રાંધણીમાં ગયા અને રૂસ્તમ અમારા ગરીબ નહાના ઢોરોની તપાસ માટે ગયો અને મેં હેરીયું લેતાં લેતાં જરા દુર હેરીયું લઇ લીધું. થોડેક છેટે ગઈ હોઇશ તેટલાં એકાએક ભુતની માફક ઉકરજી હીરામાણેક– ઘેલો ઘાંચી—સામો મલી ગયો, અને હું તેને જોઇને જરા ચોંકી.

"એમ ચોંકો ના મીસ ગુલરૂખ" તે મતારાએ કહયું "હું તો તહમે જાણોછ કે પેલા દીનની આપરી મુલાકાત પછી, અને તહમારા અપમાન ભરેલા વાકયો પછી, તહમારા ઘેર તરફ આયોજ નથી, પણ આજે મહને તહમારી તરફ ખાસ આવવુંજ પડયું, અને હમણાં હું તહમારી તરફજ આવતો'તો, અએ પરીપેકર બાનુ, હું તહમારી તરફજ રવાના થતો'તો."

"સું ધુર મુકવા રવાના થતા'તા!" મેં મહારી ગમખારીના આવેશમાં અને આ ચેકેપાઈ બુધ્ધાના વલી પાછાં થનારાં ઢોંગ ધતુરાને

સબબે સ્હેજ ગુસ્સાથીજ કહયું.

"ધુરમી નહીં ને પત્થરમી નહી" ઉકરજી બોલ્યો "તહમે એમ ચીડકઇ પરસો તો પછી હું બી છેરઇજ પરસ, ને સમજીને જે કામનો નીવેરો કરવા માંગુછ તો છેરઇને બધું ચતનાનું ઉધું કરી નાંખસ"

"તહમે કહેવા સું માંગોછ તે હું સમજી સકતી નથી!" મેં કહયું.

"હું કહી કહીને એજ કેહેવા માંગુછ કે હું તહમારા ભઇને પોલીસના હાથમાં, ને તહમારા બાવાને દીવાની જેલમાં પુરવા માંગુછ."

"ઓ માય, કાંય?" મેં હવે ખરા દીલથી હેભતાઇને પુછયું, કારણ કે હજુણુ તો હમણાંજ એવા ધડક ધુજારાની મોહકાણમાંથી અમારૂં ગરીબ કુટુંબ છુટકયું હતું ત્યાં વલી આ નવી આપદા ને પીદા શું હતી? "મહારા ભઇએ એવું તે સું કીધુંછ કે તહમે તેને પોલીસમાં પકરાવા તઇયાર થયાછ!"

"ગેઈ કાલે સ્હાંઝના" અસલીજ નાટકી ઢબે તે ચેલા ઘાંચીએ ખુલાસો કરવા માંડયો, પણ આએ વખતે તેની નાટકી ઢબને જોવા જેવા સ્વભાવમાં હું બીલકુલજ નહીં હતી, મહારૂં કલેજું અંદરથી જલીને બે પર થતું હતું "ગેઇ કાલે સ્હાંઝના રોજ સહાંઝની મુઆફેક હું અહીં તહમે આવો તો તહમારો વીચાર મહારી સાથ લગન કરવાનો છે કે નહીં તેનો છેવટનો જવાબ મેલવવા હું અહીં વેર છેક ફેરા આંટી મારતો'તો, એટલાં તહમારો ભઇ રૂસ્તમ આયો-રૂસ્તમ સાથે વાત કરતાં કરતાં અમે બેઉ દુર સામબે સુધી નીકરી ચાલીઆ, તેટલાં તહમારી સાથે લગન કરૂં તો સું ખરાબ થાય તેનો સ્વાલ

મેં રૂસ્તમને પુછ્યો, તો રૂસ્તમે મહને એક તાંતીઆમાંથી પકરીને બોંયપર અફારી દીધો, જેથી બોંયપર અફરાવા સાથે મહારો બીજો તાંતીઓબી ઉંચોજ થઇ ગીઓ, ને હું સજજર રીતે જીખઇ ગીઓ."

"તહમુને તહમારા નાલાયક બોલો માટે રૂસ્તમે ઉઠલાવી નાંખ્યા તેથી તહમે સું રૂસ્તમને પોલીસમાં આપવા માંગોછ?" મેં હવે જરા જીવમાં જીવ આવતા ઠંડી પડીને પુછ્યું.

"નહીં–તેને મહારી પાકીટ ચોરીછ તેથી પોલીસમાં આપવા માંગુછ" તે બોલ્યો, અને હું એક ફુટ ઝમીનથી કુદી, ગભરાઇ, ને ફીકકી પડી ગઇ "જાહારે તહમારા રૂસ્તમે મહને બોંયપર ઉઠલાવ્યો તાહારે મહારી પાકીટ કેડી બોંયપર મહારી માફક–ગજવામાંથી સરીને ઉઠલઇ પરી, ને હું ધ્યાનમાં ને ધ્યાનમાં ઉતો તાહારે કોણ જાણે કેઇ વખતે તે મહારી પાકીટને પગ કરી ગીઓ!"

"પણ કાંય નહીં તહમારી પાકીટ કેઠે પરી ગેઇ હોય, ને ગુમઇ ગેઇ હોય?" મેં સવાલ કાધો.

"અરે ગુમઇ તે કેમ જાય? હું બરોબર માનુંછ કે તેજ લઇ ગીઓ."

મહારા દીલમાં વ્હેમ પડયો, અરેરે—અમારા ગરીબ કુટુંબપર આએ શું આફત? એ કયે બરગસ્તે ચોઘડીએ એવું એમ થતું ને બનતું હશે!–રૂસ્તમે શું ખરેખર એની પાકીટ લીધી હશે? તોબી મેં, પાછું મનપર લઇને પુછ્યું "પાકીટમાં કેટલા રૂપીઆ ઉતા?"

"સોની એક નોટ, ને ચાર રૂપીઆ છુટા" ઉકરજી બોલ્યા.

આએ છેલ્લો મજબુત પુરાવો સાંભળીતાંજ મહારૂં માથું ગોથા

ઘુમવા ને ફરવા લાગ્યું, હું ગુમરાહ ને મગઝથી બેમગઝ થઇ જતી હોઉં તેમ બેમગઝ જાણે થતી ગઇ, મહારી આંખ સામે અંધારા આવી ગયાં, એ કમભાગ્ય હીણપસ્તી, આ શું ? અમારા ઘરના ઉગતો ઉધરતો સલગનો ચીરાગ પોતાની ઝીંદગીની શુરૂઆતના તબક્કામાં આવી બદીને વશ ! મહને જાણે ફેર આવી ગયાં, અને હું માથું પકડીને ગુહણ્યે પડતાં પડતાં બોલી "ઉકરજી માફ, માફ કરો મહારા ભઇને, એને તદમારૂં પોતાનું બચ્ચુંજ સમજો, ને માફ કરો."

"માફ તે કેમ થાય ?" તે હવે વધારે છાપરે ચઢી જતો બોલ્યો "એનેબી પોલીસમાં આપું ને તહારા બાપનેબી મહારી કરજદારીને વાસ્તે દીવાની જેલમાં બેસારૂં તો હું ઉકર ખરો."

અફસોસ ! પડતીપર પચાસ !

"એક ન બુદ, દો શુદ," તેમ હજુણ તો હમણાંજ એક આફતના વાદલમાંથી જેમતેમ અમે બચી જવા પામ્યા હતા તો આએ નવી બલા અમારા તરફ ડોળા ઘુરકતી ઉભી ! હવે આ ઉકરની મશકેરી થાય તેમ હતું નહીં, તે હવે જાણે છેલ્લે પાટલે બેઠો હતો અને એ ઘેલો ઘાંચીબી મેં સાંભલેલું તેમ જ્યારે સખત દીલનો થતો ત્યારે ઘણો મુઝી બનતો હતો, તોબી મેં સમો સમાલતાં કહયું "ઉકરજી, તહમારો પાડ અમો નહીં ભુલસું, અમારા ગરીબ ઘેરમાં હીણપસ્તી લાવતા ના—અમુને માફ કરો."

"માફ તે કેમ થાય ?" ઉકર બોલ્યો "હું તો મહારી મ્હોંગી મુરાદ જો બર લાવવામાં નહીં આવે તો તહારા ભઇને પોલીસમાં આપું, ને તહારા બાપને કેદખાને નાંખુ."

હું ગુસ્સે પડી પડી મ્હારા તકદીરને હાય મારવા લાગી. અરેરે, જેને ઘેલો ઘાંચી કરીને હું મશકેરી કરતી તેના પગ આગલ મ્હારા ભઇને અને બાપને ખાતર હું ગુડનપર પડીને કાલાવાલા કરતી હતી! પણ, તોબી મેં મનમાં બુરૂં જરાબી માન્યું નહીં, કારણ કે બાપ અને ભાઇને હીણપસ્તીના ગારમાં ફસવા દેવાના કરતાં તો તેઓને બચાવવાને ખાતર હું મહારી લાખો એવી મારીઓ રજુ કરૂં તો તેમાં એક તણખાંભારબી ખોટું હું નહીંજ કરતી હતી, જેથી મેં પાછું કહયું "ઉકરજી માફ કરો, અમારૂં ગરીબ કુટુંબ ગરીબાઇમાં સબરેછ, એક એક રૂપીયાના ગોયા મોહતાજ અમે છઇએ, હમણાંજ એક માંગનાર ફીસાદ કરીને ઘેરમાં બાકી હતા તે સઘલા પઇસા ખેંચી ગીઓછ ને હજુર તો આંઠ દાહારામાં તેને સો રૂપીઆ આપવાના બાકી રહેલા છે ને તે રૂપીઆબી કાંહાંથી આવસે તેના વીચારમાં અમે છઇએ તો તહમે અમારીપર નવી આફત ના લાવતા, હું ઉકરજી હાથ જોરીને તહમારી પાસે મારી માંગુછ, ને તહમારા કાલાવાલા કરૂંછ, કે તહમે અમારા ગરીબ કુટુંબપર આફત ના લાવતા, બીચારા મહારા બાવા કેદખાને જતા આપઘાત કરસે, મહારી ગરીબ માય એ આફતથી હેબતઇને મરી જસે, ને રૂસ્તમ! ઓ રૂસ, રૂસ, તેની જીંદગી સદા સુધીની કારી થસે." અને અહીં હું ફુસકે ફુસકે રડી.

"ગુલરૂખ, ગુલરૂખ, તુને એમ રરતાં જોઇને મહારૂં તો કલેજું બધું એકદમના છેક ઉંડાણુથી કપઇને વહરઇ જાયછ જો." ઉકરજી મહારી દયા ખાતા પોતાનીજ ઢબે બોલ્યા "બચાવસ, બચાવસ, અએ

પરીપેકર ગુલાબ, બચાવસ તહારા બાવાને, બચાવસ તહારા ભઇને, ને બચાવસ તહમુને બધાને તહમારી ગરીબઇમાંથી——"

"ઓ તહમારી કેવી મેહેરબાની ઉકરજી, બાવા." મેં ગભરાયલી અકરાયલીએ તેનાં 'બચાવસ બચાવસ'ના દીલાસાપર એકદમ લોભઇજ પડતાં ઝડપથી કહયું, અને વલી નખોદગીયું 'બાવા' કરીને બોલઇને બફુઇબી ગીયું.

"બાવા? વરી પાછા બાવા?" ભમરડા ચકરડા જેવા ડોળા ઉકરજીએ તો કરી નાંખતા બાંગજ પાડી "બાવા ગીઆ મામાદેવીમાં, હું કંઇ તહારો બાવા નથી કે ગુલ તું મહને બાવા કેહેછ!" તેણે હવે વધારે પાછું નાટકી હમેજ વધાર્યું, મહને તો સ્હેજ રમુજ ઉપજતી હતી, પણ મહારા દુખાયલા જીગરમાં રમુજને જગ્યા આપવા ગમગીની ગોયા બીલકુલજ ના પાડતી ને નાજ કેહેતી હતી, મેં સાંભલ્યું, તે ચકરમ બુઢ્ઢાનું બોલવાનું, અને તે આગલ બોલતા બોલ્યો "અએ ગુલ, જો તું આજે મહારી થવા ને મહારી થઇને રેહેવા કબુલ થાય તો હું તહારા ભઇને, તહારા બાપને ને તહમારી જતી આબરૂને બચાવસ, તુને ધનના ધગલામાં લઇ જઇને બેસારસ, ને પઇસામાં તહમુને બધાંને દાતી દેવસ—આજે કબુલ થા, ને લે આએ રૂપીઆ પાનસો, લે, ને તહારા બાવાને આપીને ખુસી કર, મહારો પ્યારો હાથ કબુલ રાખવાથી હું તુને નીહાલ નીહાલ કરસ ને મહારો હાથ જો નાકબુલ કરસે તો હું તહારા આખા કુટુંબને ખીલાઉપાર કરસ–બોલ, ગુલ, મનમોહન ગુલ, મહને જવાબ આપ, હા બોલીને સુખી થા, ને ના બોલીને દુખી થા."

હું વીચારના વમલમાં વીંટલાઇ, મહને આ ઉકરના બોલવાપર હવે કાંઇ ધ્યાન આપવાનું સુઝ્યું—ખરેખર, કેવી ખરાબમાં ખરાબ મુફલીસીમાં અમો બધાં રીબતા ને સબરતા હતા, તો કાંય નહીં હું મહારો સ્વભોગ આપીને મહારા વહાલા કુટુંબને ગરીબાઇના સંકટથી અને કરજદારીની બેઆબરૂથી બચાવીને તે લોકને પૈસામાં રમતા ને જમતા કરી નાંખું? સોનામોહોર જેવી તક મહારી સામે આવીને ઉભી હતી, લક્ષમી ઘર બેઠાં ચાંદલો કરવા આવી હતી, અરે પૈસાનો એક ડુંગર મહારી સામે મહારા હાથોની નઝદીક આવીને ખડો રહેવાનો હતો તો તેને હાથ લગાડવામાં તો મહારૂં ને મહારા કુટુંબનું ભલુંજ ભલું થવાનું હતું, મગર, તે બુઢ્ઢો જેને અમો બધાં ધીક્કારતા હતા અને ઘેલા ઘાંચીનો એલકાબ તેને આપી ચુકયા હતા અને જેને હું દગલે ને પગલે નફરતની નઝરથી જોતી હતી તેની ધણીઆણી બનીને તેના બસમાં ને વસમાં જાઉં ને તેની ભાગ્યણ બનું? મેં જરા પાછો ને પાછો વીચાર ઉદલાવ્યો, મગર, એજ અંજામપર. મુફલીસી; મુફલીસી, ને સખ્તમાં સખ્ત મુફલીસીને દુર કરવા માટે એકલો એજ ઇલાજ હવે મહારી પાસે હતો, અને એબી હું જવા દેઉં તો શું ફેજ? બહુજ ખરાબ.—તેથી મેં મહારો મકકમ ને પાકે પાકો વીચાર છેવટને વાસ્તે એજ કીધો કે તકદીરને તાબે થવું અને મહારા કુટુંબની ગરીબાઇ દુર કરવા તથા તેમની જતી આબરૂ બચાવવા, અને તેમને સુખી સુખ્યારા કરવા 'મહારે મહારા બાપની ઉમરના એ ઘેલા ઘાંચી સાથે લગનજ કરવાં!

નસીબ! કીસમત! તકદીર! લખ્યો લેખ! જે કહો તે આજ

છે. તહમે એક કામ નહીં કરવા માંગતા હશો તે કામ તહમારેથી અચાનક તહમારી મરજી વીરૂધ્ધબી થઈ જશે, અને તે કોણ તેમ કરાવશે? કોઇજ નહીં, પણ ફક્ત એ નસીબ! તહમે આશાના કીલ્લાઓ મનમાં ઉભા કરશો પણ તેને ઝમીનદોસ્ત કોઇ ચીઝ કરી નાંખશે, અને તે ચીઝ ત્યારે કઇ? એજ કીસમત! તહમે શાંતીમાં એક સ્થલે પડી રહેવા માંગતા હશો પણ કોઇ ચીઝ તહમને મુસાફરી અને સફર કરવાની ફરજજ પાડશે, અને તે કઇ ચીઝ? કોઇજ નહીં, પણ એજ તકદીર! સુલટાનું ઉલટું ને ઉલટાનું સુલટું કોણ કરશે? પાક ખુદાએ તહમારે માટે નીરમાણ કીધેલો એ અણદીઠ લખ્યો લેખ!—બસ ત્યારે, મહારૂં કીસમત એજ હશે, અને હું જે નહીં કરવા માંગતી તે મહને કરવું પડયું, ને જેને હું ધીક્કારતી તેના હાથોમાં જઇને મહને પડવું પડયું! મેં ઉકરજી તરફ જોઇને કહયું "ઉકરજી, મહારી હા છે."

"ઓ! હું કેવો સુખી!" પચીસ વરસના એક જુવાનની માફક કુદકા મારીને ઉકરજી બોલ્યો "ગુલ, ગુલ તું આજથી મહારી છે." અને તેણે મહારો જમણો હાથ પકડીને એટલો બધો તો ઝોરથી દાબી દીધો કે એક પલ વાર હું દબાઇજ ગઇ!

"લે આએ પાનસો રૂપીઆ" ઉકરજીએ હાથમાંની નોટો મહારી તરફ ધરતાં કહયું "વહાલી ગુલ, હમણાંજ જઇને એ તહારા માય બાવાને આપીને તે લોકને ખુસી કર."

"પણ તહમે આવા જંગલમાં આટલા બધા રૂપીઆ ખીસામાં સાથે લઇને ફરોછ એ સારૂં નહીં." હવે મેં તે મહારા ભવીષ્યના ધણી તરફ જોઇને, તેના હાથમાંથી પેલી નોટો લઇને, શીખામણના

એ બોલ કહયા.

"તહારી મરજી નહીં હોસે તો હું હવેથી રૂપીઆ લઇને નહી ફરસ, ડીયરી." તે બધો મગન મગન થઇને બોલ્યો "જંગલ સાનું? અંદેરી ને વેસાવા જંગલ ઉતાં તે વખત હવે ગીઆં, હવે તો બેધડક હઝારો રૂપીઆ લઇને ફરો તો ધાસ્તી નથી, હું તો હંમેશ એમજ રૂપીઆ લઇનેજ ફરૂંછ, પણ તું મહારી વહાલી મહેરદાર ના કેહેશે, તો હું તહારો પ્યારોપચ્ચ સુખન પાલવા તેમખી કરસ ને ફર કરસ."

મેં ચાહયું કે તેને શીખવું, ને તેનો પ્યારો પચ્ચ સુધારૂં. પણ વખત હવે ભવીષ્યમાં ઘણો હતો—રફતે રફતે, હાલમાં કંઇ નહીં, તેથી તે જે બોલ્યો તે હું શાંતીથી સાંભળતી ગઇ. "પ્યારી ગુલ, આવ મહારી પાસે ને મહને એક મીઠ્ઠી કીસ આપ." અને તે બોલતાંજ મહારો હાથ પકડીને હું મહને બચાવી શકું ને પેહેલાં તેણે મહને પોતાની પાસે ખેંચી લીધી ને મહારા હોઠપર એક કીસ લઇ લીધી.

"તહમે ઘણા બેઅદબ થાઓછ." મેં મહને પોતાને દુર ખેંચી લેતાં કહયું "તહમારે જાણવું જોઇએ કે જેમ એક છોકરીને પરણવાની બહાલી મેલવવા અગાઉ તેના આશકથી 'મહારી વ્હાલી' કહીને બોલાયજ નહીં, તેમજ પરણવાની ક્રીયા થયા અગાઉ તે આશકથી તેની માશુકને એક કીસબી લેવાયજ નહીં."

"પણ લે આએ વીટી, અદરાયલાઓ તો કીસ કરી સકે કેની? તું આએ વીટી આંગલામાં ઓરવી દે ને એમજ સમજ કે અદરઈ ગેઇ, તો હવે પછીબી કીસ લેવાનો મહને હક રેહે કે નહીં?"

"નહીંજ—નહીંજ" મેં મક્કમપણે પગ થોકીને સમજાવ્યું

"લગનની ક્રીયાજ એક મોતેબર ને બંધનકર્તા છેવટની ક્રીયા છે, જેનાથી એ બે જીવ અરસપરસ એકજ થઇ જાએછ, અને તે ક્રીયા પછીજ એક ધણી પોતાની ધણીઆણીને કીસની લઈ સકે-લગનની ક્રીયા અગઉ તો નહીંજ."

"વારૂ એમ તો એમ" ઉકરજી નાંખતી કરતા બોલ્યા "મેં તહારૂં કહેવું માન્યું, પણ, તોબી મહને પુછ્યા વગર તો ચાલતુંજ નથી અએ પરીપેકર ગુલાબ ગુલ, કે તાહારે આજના જમાનામાં જે આપરે છોકરાંઓને પણ્યા અગઉ અદરાયા પછી સાથે ફરતાં ને લવ કરતાં જોઇએછ તેનું કેમ?"

"તેઓની સરયામ એક મોટી ભુલ છે" મેં ભાર મુકીને કહ્યું "જે છોકરીઓ અદરાયા પછી અને લગન કરીઆ અગઉ પોતાના આસકની સાથે એખલી ફરેછ હરેછ તેઓ મુરખ છે, ફરવા હરવાનું ને હસવા બોલવાનું ફકત લગનની ક્રીયા પછીજ થવું ને બનવું જોઇએ, કેમજે તે અગઉ જો તેમ કરવામાં આવે ને કદાચ તે છોકરીનો અદરાયલો તેની સાથ કોઈ કારણથી પણવા નાખુસ થઇને તેને તજી દે તો પછી સું? લગનની ક્રીયા જે એવા બનાવની ઉપર આંકોશ મુકનાર છે તેના વગર થયલો પેલો પ્યાર તે છોકરીનો ભવ કેવો બીગાડે ને કેટલો બધો ખરાબ કરે તેના તે છોકરીઓએ વીચાર કરવોજ જોઇએ."

"પણ પેલી છોકરીને તજી દે તો બ્રસીસ ઓફ પ્રામીસનો કાયદો છેની, પ્યારી ગુલ." ઉકરજીએ ઉકમઈ લેતાં મહને સમજાવ્યું.

"નહીં, નહીં, એ કાયદો જો કે હું તો વીસ વરસની છોકરી

છેઉં, પણ મેં પેપરો ને ચોપરીઓમાં વાંચ્યુંછ તાંહાં સુધી તો એટલો બધો બંધનકર્તા નથીજ, લગન જેટલો આંકોશ તો તે કદીબી મુકી સકતોજ નથી" મેં સમજાવ્યું "ને એક છોકરો પોતાની અદ-રાયલી સાથે અદરાયા પછી બીજે ઠેકાણે ગોઠવાવા તઇયાર થાય ને પેલીને રખરતી છોરી દે અને તાલ તલાવટથી બ્રીચ ઓફ પ્રોમીસ માંથીબી છટકી જાય, તે વેલા મુરખ બનીને પ્યાર કરી ચુકેલી પેલી છોકરીનું સું થાય? તેનો તો આખો ભવ બગરેજ કેની?"

"પણ એ બધી જીકકર છોર, પ્યારી ગુલ" ઉકરજી બોલ્યા "આપુને આપરા સારા સપોરમા દાહારાએ એવી એવી પંચાતીમાં પરવુંજ નહીં જોઇએ, પણ સારી વાત કરીને હસી બોલીને ખુસીથી છુટા પરવું જોઇએ, લે આએ મહારે આંગલેની વીટી પેહેર ને ચાલ આજે આપરે અદરાયાં, જો કે હું તો અગઉ બે વખત અદરઇ પણણીને પરવારી ગેયલો, પણ તું કુમારી ને તેં બીચારીએ અદરાવાનું જોયલું નહીં તે ચાલ જાણે આજે આપરે અદરાયાં."

મહને ઉકરજીના આ બોલવાથી ઘણું દીલમાં મહારે માટે લાગી આવ્યું. અરેરે, મહારા માય મહારીપર બીચારા કેવી આશા રાખતા'તા ને હું આજે આએ શું કામ કરતી હતી! મહારૂં માથું જાણે થોડા વખત ભમતું થયું, તોબી પાછી તુરત શાંતી આવતા મેં ખ્યાલ કીધો, અને તે વખતે મેં મનમાં મેખ માર્યો કે જે થયું હતું તે તકદીરના ઝોરથી થયું હતું, અને મેં મહારાં કુટુંબને વાંસ્તે એક નમુનેદાર સ્વભોગ આપ્યો હતો.

તે પછી મેં ઉકરજીની વીટી લીધી ને તે મહારા ડાભા હાથને

વચલે આંગલે પેહેડી, અમો બેઉ પરમ દાહાડે મલવાનો અને તે વખતે વાંદરા જઇને છુપાછુપ ત્યાંની અગીઆરીમાં લગનની ક્રીયા કરી લેવાનો ઠેડાવ કરીને છુટાં પડયાં અને અમો બેઉ પોતપોતાના ઘર તરફ બે જુદી જુદી લાગણી સાથે વલ્યાં—ઉકરજી ખુશાલીમાં લીન થયલો, અને હું દીલગીરીમાં ગરકાવ થયલી!

પ્રકરણ ૪ થું.

"હરકેહ મીબીની દર ઈન આલમ ગેરફતારે ગમ અસ્ત,
યક દીલે બીગમ નમીબીનમ, અજાયેબ આલમ અસ્ત!"

સાચ્ચું! સાત પાણીએ ધોએલું સાચ્ચુંજ કહેવાયલું છે કે 'આએ દુન્યાની અંદર જે કોઇને જોવામાં આવેછ તે ફીકરમાં કેદ હોયછ, એકબી દીલ ચીંતા વગરનું જોવામાં આવતુંજ નથી એવી વીચીત્ર આ દુન્યા છે'—ખરેજ દુન્યા વીચીત્ર છે, અને તેની સ્ટેજ પર રહેનારા આદમીઓ કોઇને કોઇ વાતે બધાજ અસીરે ગમ છે.

મહારા હંમેશના ખાલી હાથમાં મેં આજે મહારી ઝીંદગીમાં પેહલ વેહેલીજ વખત પાંચસો રૂપીઆ પકડયા હતા! હું મહારા મા બાપને મહારી ઝીંદગીમા આં પેહલ વેહેલીજ વખત તેમની ,કઝાસ હાલતને દુર કરવા શકતીવાન થઇ હતી, અને તોબી, ઓ મહારા પાક ખુદા! હું જ્યારે મહારો પોતાનો ખ્યાલ કરેતી, ત્યારે મ્હારૂં દીલ ગમથી

ટુકડા ટુકડા થતું હતું, મ્હારે ગલે કાંચકી બાઝી આવતી હતી, કારણ, અફસોસ, કારણ કે, મેં આજે મ્હારો ભવ ગોયા બગાડીને ધુલમાં મેલવી દીધો હતો, મ્હારી સુંદર ખુબસુરતીનું મેં ગોયા સત્યાનાશ વાલી દીધું હતું, અને ઓ, હું જ્યારે ખ્યાલ કરૂંછ ત્યારે મ્હારી સામે દુન્યા ચક્કર ચક્કર ખાતી માલમ પડીને મ્હારી સુધબુધ જાણે ભુલાવી દઇ મ્હને ગોયા દીવાની બનાવી દેતાં મ્હારા જીગરમાંથી દર-દનાક આવાઝ કાહાડવા ઉશ્કેરેછ કે 'અએ ગુલરૂખ, તેં આએ કેવું કામ કીધું? તું કોણ? તું કેવી ઘર શોભત છોકરી, ને કોણના બસમાં! ઓ, મ્હારા પાક ખુદા! મ્હને શાંતી આપ. અફસોસ! મેં મ્હને પોતાને વેચી હતી, ગોયા મ્હારી જવાની ખાકમાં મેલવી હતી, અને એક રંડાયલા બચરવાલ બુઢ્ઢાને મ્હારો ધણી કરી લેવા કબુલ થઇ! હું ગોયા આપઘાત—જીવતો આપઘાત—કરવા તૈયાર થઇ હતી!

હા, હું તે તવંગર બુઢ્ઢાને પરણીને મોજ ને મઝાહના બગીચામાં ફરતી થવાની હતી, ઘરબાર ને માલો ઝરની માલેક બનનાર હતી, નોકર નફેરોની શેઠાણી થનાર હતી અને દુન્યાના સુખમાં આલોટવાની હતી, મગર, તે આખર કરેને એક બુઢ્ઢા રંડાયલા સાથે પરણીનેજ! મ્હારૂં દીલ ગમથી ભરાઇ આવ્યું—તોબી મેં એક વીચાર કીધો, આ દુન્યા પાક ખુદાના દસ્તોનું બનાવેલું માણસો માટેનું ભેદી કાર-ખાનું છે, અને એની અંદર ગમ વગરનું કોઇજ માણસ નથી, તો પછી, તો પછી, મ્હારા જેવીને માટેબી આએજ જાતનો એક ગમ સોસવાનો હશે. એ ખ્યાલથી, એજ અતી ઉત્તમ શાંતી આપનારા વીચારથી, મ્હારા મનની મોટી સમાધાની થઇ, અને હું મ્હારા

આંસુંઓ રૂમાલથી નુછી નાંખીને, શાંતી, શાંતી અને શાંતીમાં હવે મહારા ગરીબ માબાપના ઘર તરફ ચાલવા લાગી.

હું ઘરમાં દાખલ થઇ ત્યારે મહારા માયજી ઉંઘાઇ ગયલાં હતાં, બાવા રાંધણીમાં હતાં અને મહારો ભાઇ રૂસ્તમ ઍતરમાંજ હજી હતો. મેં પેલી પાંચસોની નોટ હલવેથી મહારા માયજીના તકીઆ તલે મુકી દીધી.

રૂસ્તમ ઘરમાં આવ્યા પછી બાવા, હું ને રૂસ્તમ સાથે બપોરે જમવા બેઠા. મેં જમતાં જમતાં મહારી માદરના ચેહેરા તરફ જોયું ને મનમાં ને મનમાં ખ્યાલાતો બાંધવા પડી. અરે, તે ઉંઘતો મમતાલુ ચેહેરો, તે મહારી ગરીબ માય, કેવી નીરદોશ ભોલી ભાલી ઓરત હતી, તોબી તે બીચારી મહારા બાપના રૂપીઆ સોની ગુનેહગારીને દુર કરવા માટે પોતે ગુનેહગાર થઇને એક પાપી કામ કરીને પાપમાં ભાગીદાર થઇ હતી. મેં તે પછી મહારા બાવા તરફ જોયું, તે ઘણા હાંદેશાઓ ખમીને દુન્યાની સુકી જોતો જોતો બુઢ્ઢો થયો હતો, અને તે તંગદસ્તીને શરણ થઇ પાપ કરી ચુકીને ગુનેહગાર બન્યો હતો, તેના ચેહેરાપર જમતાં જમતાંબી કાંઇ ખુશાલી જરા બી માલમ પડતી નહીં હતી, તેનો ચેહેરો ભખી ખાધા જેવો જાણે સુફેદ ચાદર પાંહરી દીધી હોય તેમ ફીકકો ફચ બની ગયો હતો. મગર, તે ગરીબ પીદરના આવા હાલ થયા હતા ને માટે તેના તરફ દીલસોઝીજ ઉશકેરાય અને દયાજ ફેલાય, કારણ, તે ગરીબીના સંકટ તલે દબાઇને પાપી થયો હતો. પાક ખુદા મહારા માબાપને માફ કરે!

મેં હવે નઝર ફેરવીને રૂસ્તમ તરફ જોયું. તેનો ચેહેરોબી

ભયંકર રીતે મુફલીસીના બોજા તલે ફીકકો થયલો હતો અને તેના ગાલમાં ખાડા પડી જતાં હું જોતી હતી. અરેરે, મુફલીસી! તેબી મુફલીસીના પંજા તલેજ દબાઇને પાપી બન્યો હતો, તેણે ચોરી કરવા જેટલી હદ સુધીનું કામ કીધું હતું, કદાચ તે પોતે પોતાને એટલી બધી હલકી હદે ગયલો જાણતોબી નહીં હોય, તોબી તે ગુનેહગાર તો ખરેખર થયોજ હતો અને તેના પાપને ઘાંકી દેવા મહને જાણે પાપમાં હમશરીક થવું પડયું હતું. હું પોતે શું હતી? હુંબી એક રીતે ગુનેહગારજ હતી, મેં મહારા માબાપને જણાવ્યા વગર ગોયા તેમની ઉપરવારીજ થઇને બુઢ્ઢા ઉકરજીને પરણવાનો કૌલ આપ્યો હતો અને તેમની ગુનેહગાર થવા સાથે હું મહારા પોતાના જાનને છતી આંખે અંધાપો લઇને ગોયા આતશમાં મુકતી હતી, જીવતો આપઘાત શુરૂ કરી ચુકી હતી, અને મહારે હાથે મહારો ભોગ આપવા તઇયાર થઇ હતી—પણ, પણ, મહને પુછવા દો કે તે આપઘાત શું એક ઉમદામાં ઉમદા સ્વભોગ નહીં હતો? હતો, હતો, હતો, અને હતોજ, હું દુખી થઇને મહારા માબાપને સુખી કરતી હતી, હું દુખી થઇને મહારા ભાઇને નામોશીમાંથી બચાવતી હતી, અને તેથીજ મહારૂં પાપ બીજાઓને બચાવવા ઉભું થયું હતું અને હું તો ગમે તેટલી ફીકરમંદ છતે મહારો ભવ બગાડીનેબી મનમાં અતી ઘણી ખુશી હતી. અરે, આવો ઉમદા સ્વભોગ પોતાના કુટુંબને ખાતર કોણ આપશે? પાક ખુદા અમો બેઉ ભાઈ-બહેનને માફ કરો!

અમો જમતાંજ હતાં, તેટલાં મહારા માયજીનો સાદ આવ્યો

"અરે આએ સું?" અને અમોએ બન્નાંએ તેવણ તરફ ફરીને જોયું તો તકીઆ તલેથી પેલી પાંચસોની નોટનું બંદલ હાથમાં આવી ગયલું પકડીને તેવણ તેને તગર તગર ઝડપ ઝડપથી ખોલી ખોલીને અજાયબીથીજ જોતાં એકદમ ઉછલીને બેઠાં હતાં.

"એ તો બધી નોટો છે." મહારા બાવા તે જોઇને, ખાતા ખાતા ખરડાયલે હાથેજ ઉઠીને ખાવા બાવાનું ભુલી જઇને માયજીના બીછાના તરફ વહેલા કે દોડી જતા બોલ્યા, અને તેવણે તે નોટો મહારા માયજીના હાથમાંથી ખુશાલી સાથે જાણે જુટવી લેતાં પુછયું. "એ નોટ કાંહાથી આવી?"

"કોણ જાણે હીરા" માયજીએ તેમજ બેહા બેહા અજાયબી સાથે કહયું "તકીઆ તરેથી મહારો રોમાલ પસીનો નુછવા સારૂં હું લેવા ગેઇ, તો એજગેબી મહને એ બધી નોટ મલી આવી! ખોદાયજી પરથી મરૂં તે આપરી કંઇ ખોદાએ દાદ લીધેલી લાગેછે."

"પણ એ માયજીના તકીઆ તરે કાંહાંથી આવી?" રૂસ્તમ હવે અજાયબ થઇને પુછવા પડયો.

"તહારા પેલા જીને તો નહીં મુકી હોય!" મેં રૂસ્તમ તરફ જોઇને મનમાં હસીને કહયું. "પેલે દાહારે તેં કહયું'તું તે યાદ છેની રૂસ, કે કોઇ જીને તુને એકસો ને ચાર રૂપીઆ આપેલા, તે આજે તેજ જીને કાંય નહીં આપુને આએ પાનસો રૂપીઆબી આપ્યા હોય!"

રૂસ્તમ ચું કે ચાં બોલ્યોજ નહીં, 'ગલે ગાંઠ ને મોંઢે ડુચો' એટલે તે કયાંથી કંઇ બોલે? તે તો એમજ સમજતો હતો કે તેના જીનને તે એખલોજ ઓલખતો હતો, પૈણ તેને ખબરજ કયાં હતી

કે તો તે તીલેસમાતીક જીનને તો હુંબી ઓલખતી હતી, અને હવે તે જીન હાલમાં મહારા ખીસામાં મુકાયલી તીલેસમાતીક (અદ્રરાયલી) વીંટીને વશ હતો, અને તેણેજ આ નવા મલેલા રૂપીઆ પાંચસોનો ચમત્કાર ફેલાવ્યો હતો !

"સુગરાના, સુગરાના, તે બારેહકનાલ્લાના" મહારા માયજી આસમાન તરફ નઝર કરતાં પાક ખુદાનો ઉપકર માનતાં ખુશી ખુશી થતાં આંખો ઉંચી કરીને બોલ્યા "સુગરાના. આપરી ગરીબઇમાં પરવરદેગારે કંઇ આપરી લાજ સરમ રાખી ખરી ને આપરી તરફ જોયું ખરૂં, હીરા, હું તહમુને હંગેસ કેતી'તીની કે ખુદાપર સબર રાખો, ધીરજ ધરો, તે લેઓ આએ, ધીરજનાં ફલ મીઠાં છે, કોઇને કોઇ રીતે ખુદા આપેછ."

"હા" હું વચમાં બોલી પડી "તકદીરની તાસીર આગળ કંઇ ચાલતું નથી, ને બનવાનું હોયછ તે બન્યા વગર રેહેતુંજ નથી." અને મેં મોઘમમાં કહી સમજાવ્યું "નસીબમાં એવુંબી લખાયલું હોયછ કે કોઇના થઇને રહેવાથી તે કોઇ અચાનક મદદ થાયછ."

ખુશાલીના આવેશમાં મહારૂં તે બોલવાનું તો કોઇબી મતલબવાર સમજી શકયુંજ નહીં, તોબી મહારા માય જાણે મહને છુપી રીતે ગોયા ટેકો આપતાજ બોલી પડયા "જે થવાનુ હોયછ તે થાયછ, તેમાં પાક ખુદાને વાસ્તે કદીબી ખોટા બોલ બોલવા નહીંજ જોઇએ, થવાનું હતું કે ગરીબઇ વેડો, ખમો, સોસો, ને પછી એમ એજ ગેબી મદદ મલી જાય."

"એ જીન કોણુ હોસે?" રૂસ્તમ વટ વટ કરતો પાછો પટપટયો,

અને મહારો જીવ અહીં થોભ્યોજ નહીં તેથી મેં કહી દીધું "એ જીન કોઇજ નહીં પણ તહારો પોતાનોજ જીન ઉકરજી હીરામાણેક છે."

રૂસ્તમ તો તે સાંભલીને જાણે થંભ પુટલુંજ થઈ ગયો, તેના ડોળા જેમ હતા તેમજ મહારી તરફ ઘુરકેલા ને ઘુરકેલા રહયા, હાથ પગ જાણે પલ બે પલ હાલીજ નહીં શકયા, અને તે હરણફાર થયલો પત્થરનુંજ પુટલું થઇ રહયો! પણ, મહારા માબાપ જાણે એકજ આવાઝમાં બોલ્યા "કોણ? પેલો ઘેલો ઘાંચી!"

"હા, તેજ ઘેલો ઘાંચી" મેં ભાર મુકીને કહયું "હવેથી તેને એવાં તોછડાં નામથી ના બોલાવતા બાવાજી તહમે, ને માયજી તહમેબી."

"કાંય?" ડઘાયલા રૂસ્તમની જીભ ઉપડી.

"કાંયજે આજથી તે મહારો ખાવીંદ છે." મેં કહયું, અને ફકટ એકજ અજાયબીઓની અજાયબી બતાવનારો "હંઅ!" નો પોકાર તે સઘલાં ત્રણેના મુખમાંથી સાથેજ બાહેર પડયો.

"મહારી તરફ એમ ડઘાયલા ડઘાયલા તહમે બધાં ના જોઓ" મેં કહયું "કીસમતમાં જે બનવાનું હતું તેજ બની ગીયુંછ, આપરા આગલે ભવના કામ એવા હોસે કે આપરે ગરીબઇમાં સબરીએ તેથી આજ સુધી ગરીબઇમાંજ સબરેલા ઉતાં, અને વલી તેજ આગલે ભવમાં ઉકરજી સાથે વલી એવોબી સંજોગ થયો હોસે કે જેથી આએ ભવમાં હું તેના જેવા બુધ્ધા સાથેબી પણણીને કરણીનું કરજ અદા કરૂં—માયજી, બાવાજી, ને ભઇ રૂસ્તમ, આપરે આજે આરે જણાં એક બીજાની નજરમાં ગુનેહગાર છઇએ. તહમે, બાવાજી, જમશેદજી અવાસાઆના રૂપીઆ સો લીધેલા છતાં નહીં લેવાનું

બોલીને પાપી બન્યા—તહમે, માયજી, બ.વાજીને તે પાપમાંથી બચાવવા સારૂ ગરજને દુર કરવા વાસ્તે માસીપર આવાના મરણનું ખોટું બનાવટી કાગલ લખીને પાપી બન્યા—તું, ફરતમ, ઉકરજી હીરામાણેકની પાકીટ જેમાં સોની એક નોટ ને રૂપીઆ ચાર છુટા હતા તે પડેલી ઉંચકીને તહારા પોતાના પૈસા હોય તેમ તે લઇ લીધા ને તે કામથી પાપી બન્યો—અને હવે મહારે વાસ્તે તકદીર સું રહયું? એજ કે મહારા બાવાની ઉમરના એક રંડાયલા બુઢ્ઢા સાથે મહારે પણવું!"

"અફ્સોસ, ઓ ખુદા આએ કેવો વખત તું અમારીપર લાયો!" મહારા બાવા અફ્સોસ કરીને બોલ્યા.

"પાક ખુદાને અપજશ ના આપો." મેં વઝન મુકીને કહયું "જે કીસમત તઇયાર થાયછ, ને જે તકદીર લખાયછ તે આપરા પોતાના કરતુકથીજ થ.યછ ને લખાયછ, આપરે આપરા આગલા ભવમાં એવુંજ કંઇ કીધું હોસે કે ગરીબઇમાં સબરીએ, ને વલી જયારે તે ગરીબઇ દુર કરવાની ટક હાથ આવે તાહાંરે મહને મહારો સ્વભોગ આપવો પરે. પાક ખુદાને અપજશ ના આપો, જે બધું આપરીપર વીટેછ તે આપરા પોતાનજ કામથી વીટેછ—જેવું કરવામાં આવેછ તેવુંજ ભરવામાં આવેછ, દુન્યામાં આદમી જે મેલવેછ તે બધું પોતાના કામના બદલામાં મેલવેછ."

"ખરૂં છે, મહારી દીકરીનું કેહેવાનું ખરૂંજ છે." મહારા માય બીચારા જો કે મહારી થયલી હાલત માટે ગમગીન થઇ ગયા હતા તોબી મન દાબીને મહારા સાચા બોલવાપર ટેકો આપ્યા વગર

તેવણને ચાલ્યુંજ નહીં, અને તેથી તેવણે કહ્યું "ખરૂંજ છે, આપરે માણુસ જાત બધા ફલ કરણીનાજ ચાખીએછ."

"માય ગમે તેટલો ટેકો ગુલરૂખને આપે" રૂસ્તમ મીઝાજ ખોઈ દઇને બોલ્યો "તોબી હું તો ગુલરૂખના એ કામને ધીક્કારૂંછ, મહને તો બા એ ઘેલો ઘાંચી ગમતોજ નથી, ને એ બુઢ્ઢાને મહારો બંધેવી થયલો જોઇને હવે હું તો ગુલરૂખનેબી જાણે જોવા માંગતોજ નથી, ને આએ ઘેરબારનેબી જોવા હવે રાજી નથી."

"એમજ તહારી મરજી છે ભઇ રૂસ" મેં તેની તરફ જોઇને કહ્યું "તો કંઇ નહીં, હું તુને મહારા ઉકરજી પાસેથી થોરાક રૂપીઆ અપાવસ તે લઇને વેપાર વનજ કરજે, ને બાવાજી——"

"હું તો મહારા રૂસીને છોરવા માંગતો નથી" મહારા બાવા મહારી તરફ જોઇને જાણે કંઇ કાલાવાલાથી, તો કંઇ વલી મક્કમ મનથી બોલ્યા "હુંબી તહારી સાથે ને તહારા ઉકરજી સાથે રહી સકું તેમ નથી, મહારૂં તો ગામમાં ને સેહેરમાં નાંખજ કપઇ જાય કે પોતાની ઉમરના બુઢ્ઢાને ગાય ગોલાબ જેવી છોકરી• ડોસાએ આપી,–ને લોક બધું મહને થુકે."

"એબી બરોબર છે" મેં કહ્યું "તહમે જાણે એ વાત જાણતાજ નહીં હોવ તેમ કરો, ને હું છુપાછુપ ઉકરજી સાથે પણુણી ગેઈ હોઉં તેમ બધું થવા દેઉં, અમે બેઉ એખલાંજ અગીઆરીમાંબી જઇએ ને લગનના સાક્ષીઓ તરીકે ઉકરજીજ કોઇ પોતાના ઓરખાણનાઓને લેતા આવસે, પણ્યા પછી હું બાવાજીને સારી જેવી રકમ ઉકરજી પાસેથી અપાઉં તે તહમે બધાં અહીંથી કેઠે દુર ગામ

ચાલી જાઓ, ને તહમે ત્રણુંયે જણાં એકું નાહ્નુ ઘેર લઇને રેહો."

"બધાં જઇને પાછા ઉદવારામાં થર પરસુ" મહારા બાવા બોલ્યા "સુખલા મામાવાલું ખેતર ને તેમાનું એક મારનું ઘેર વેચાતું લઇને રૂસ્તમ, હું ને તહારી માય રહીસું, ને તું દીકરા તહારે નવે ઘેરબારે સુખી રેહેજે."

પણ અહીં મહારા માય બીચારાં ડુસકે ડુસકે રડી પડયાં, અને જ્યારે બોલી શકયા ત્યારે દબાયલાં એક ડચકાં વચ્ચે તેવણ એટલુંજ બોલ્યા "માય ગુલ, તાહારે તું માહારેથી જુદી રેહેસે દીકરી!"

"નસીબ આગલ લાચાર માયજી." મેં ગમ ખાઇને કહયું "હું બી કંઇ તહમારેથી છુટી પરસ તે થોરી દુખી થઇને છુટી નહીં પરસ, પણ તોબી દુન્યાને ખાતર ને લોકેલાજે આપુને પેહેલાં થોરા વખત સુધી તો છુટું પરવુંજ જોઇએ." અને પછી તેવણનાં ખભાં પર માથું મુકી હુંબી રડીજ પડી, અને રડતાં રડતાં બોલી "ને જો જીવતાં હોઇસું તો માયજી આપરે બેઉ પાછાં તો સાથેજ રહીસું."

પ્રકરણ ૫ મું.

ઘેલા ઘાંચીનાં કુટુંબમાં.

તે આખો દીવસ બધાં જાણે મહારી સાથે રૂસાએલા ને રૂસાએલા મહને લાગ્યાં. પણ હું હવે બધો વીચાર દુરજ કરી બેઠી હતી

અને માત્ર મહારી મત્રઇ તરીકેની થનારી નવી સંસારી ઝીંદગીનોજ હું વીચાર કરતી હતી. હું હવે ઘેલા ઘાંચીના કેહેવાતા કુટુંબમાં પોતેથી શામીલ થઇને હું આ ઘેલા ઘાંચીઓમાંની એક થનાર હતી, અને એવા કુટુંબમાં એક વૃદ્ધ શખ્સની ધણીઆણી દાખલ હું જનાર હોવાનો મહને ઘડી ઘડી ખટકો તો થયાજ કરતો હતો, તોબી જાણે મહારા દીલને કાંઇ શાંતી ને શાંતી જેવું લાગતું હતું! હું જાણે મહારી ફરજ બજાવી ચુકેલી સમજતી હતી, કેમજે જે માબાપોએ મહને મોટી કીધી ત્યાં સુધી વરસો ટક સખતમાં સખત ગરીબાઇ છતે મહને ઉધારી ઉછારી વીસ વરસની થવા માટે સંખ્યાબંધ દુખ અને વીંટબણાઓ મહારી પાછલ જોયાં હતાં તેઓના દુઃખનો છેડા લાવી દેતાં અને તે ફરજનું કરજ કંઇક અદા કરતાં મેં મહારો જે એમીસાલ સ્વભોગ આપ્યો હતો તે હું મહારા ખરા દીલથી વખાણતી હતી, અને તેજ ખ્યાલથી મહને શાંતી મલતી.

મહારા બાવા તે પછી મહારી સાથે કાંઈ ઘણું બોલ્યાજ નહીં, ને મહારો ભાઇ રૂસ્તમ તો મહારી સાથે ઉંચે મોઢેજ રહયો, પણ બીચારી મહારી વ્હાલી માતા! તે વારંવાર મહને પોતાની ગોદમાં દાબીને ઝાર બેઝાર રડતી હતી અને આંસુઓનો ગોયા એક દરીયાવ બહાવતી હતી. બીજે દીવસે જયારે બધું શાંત થયું ત્યારે મહા‌ા માયજીએ મહને પોતાની ગોદમાં દાબીને કહયું "દીકરા ગુલરૂખ, હજુરબી તહારો એ વીચાર ફેરવીજ સકાતો હોય તો ફેરવી નાખ, આપરે ઉકરજીને સમજાવી લઇસું"

"ઉકરજી મહારા લગન સીવાય કોંઇબી રીતે સમજે ને માને

તેવો માણસજ હવે નથી રહયો, વ્હાલા માયજી." મેં તે વ્હાલી માદરના ગાલપર હાથ ફેરવતા અને તેપર સરી પડેલા આંસુના ટીપાંની ધાર મહારા રોમાલથી સાફ કરીને કહ્યું "માયજી, તહમુને બીચારાને મહારા વગર તો પેહેલાં પેહેલાં ગમસે નહી——"

"ગમસે નહીં દીકરી પુછેછ!" માયજી મહારા વાક્યની વચમાં બોલી ઉઠીને ડચકું ખાતા બોલ્યા "અરે ગમવાનું તો દરકીનાર રહયું દીકરાં માહરાં, પણ તહારા વગર હું તો બીહુંછ કે હું કદાચ મરીબી જવસ."

"નહીં માયજી, એમ ના બોલો" મેં કાકલુદી કીધી "તહમે એમ બોલીને મહારૂં દીલ ટુકડે ટુકડા કરોછ માયજી, હું સું કરૂં? હું તો હવે એ આપેલા વચનથી ફરવાજ નથી માંગતી, ને હું એ અદરાયલી ક્રીયાને દગલબાજ થવાજ નથી ઇચ્છતી." માયજી, તહમારીજ તો મહને હંમેસની શીખામણ છે કે ગમે તે થાય તોબી વચનથી એક માણસે કદીબી ફરવું નહીં, તો હું માયજી તહમો વહાલા માદરની તે શીખામણ મહારી જીંદગીના છેકના છેરા સુધીબી કેમ કરીન વીસરનાર હતી! તહમેજ વહાલા માયજી હંમેસ મહારી બચગીથીજ કેહેતા'તા કે આપરા અસલી બાપદાદાઓ અને કયાની લોહી વાલા બહાદુર ઇરાની તોખમના નરેશેરો, તથા તેમની ઉંચ તોખમની દીલાવર બાનુઓ અને છોકરા છોકરીઓ વચનને હંમેશ સાબુત રેહેવા જીવ આપવા તઇયાર થતા, પણ પોતાનું વચન આપેલુ કદીબી કદીબી નહીંજ તોરતા."

"હા દીકરી" મહારા માયજી બોલ્યા "હું તેજ વીચાર કરૂંછ,

પણ તેં એ અદરાવાની વીટી લેવાની ને વચન આપવાની કીરીઆ કીધી તે અગઉ કાંય નહીં વીચાર કીધો?"

"વીચાર સાત વખત કીધો, માયજી" મેં કહયું "હું તો એ ઉકરજીની મશકેરી કરતી'તી, ને એને ધીકકારતી'તી, પણ કોણ જાણ-તું'તું કે ભવીષ્યના પેટમાં સું છે! જેની મસકેરી ઠસકેરી હું કરતી તેજ મહારો ધણી થયો એથી દુન્યાની એક અજાયબી ભરેલી ચાલ નહીં તો સું! હવે તો જો કોઇ આસમાન ને જમીનબી એક કરી નાંખે તોબી હું મહારા વીચારથી ફરૂં નહીં. તહમે તો મહને ગુમા-વવાની ને એક બુઢ્ઢાના બસમાં પડવાની મહારી જીંદગીને માટે દલગીરીનો ગમ ખાઇને એમ મને સમજાવોછ, પણ માયજી તહમારી પોતાની સીખામણનો ભંડાર હું મહારી ઉમરના છેકના છેરા સુધી ભુલી ને વીસરીજ કેમ સકવાની હતી! તહમેજ કહેનારા કેની કે એક બાજુથી અદરાઇને બીજી બાજુ અદરાનારા, ને બીજી બાજુથી તોરીને ત્રીજી બાજુ પણનારાઓનો સંસાર કદીબી સુખી થતોજ નથી; એવા ઉડતા પુડતા વીચારોના અણઘણ મગજના માણસો પોતાનો સંસાર નીભાવી ને જમાવી સકતાજ નથી, તો પછી હું એ થયલો કબાલો તોરીને કરૂંબી તે સું? એ મહારા બાપ સમાન બુઢ્ઢાને પણવાથી હું તહ મોને બધાંને કેટલી બધી કામ લાગસ, ને આપરા ઘેરની કરજદારી દુર કરીને સાહેબ સોખના સુખથી તહમે રેહો તેવું કરસ તો પછી કાંય નહીં મહનેબી સુખ ને સુખજ એવા સંસારમાં મલે! કીસ્મત આગલ માણસ લાચાર.—તહમે જાણોછ તો ખરા માયજી કે આંએ, ઢંગ વગરની દુન્યામાં આપરે એક રૂપાલાં સોભઇતા જુવાન છોકરાને

એબદસા કારી મસોતા જેવી સોજ સકાર વગરની છોકરી સાથે પણુ-ણેલો જોઇએછ, ને વરી એક સ્વરૂપમાન કોમાલગી સુંદરીને કોઇ ખવીસ ખાવીંદના બસમાં ફસેલીબી જોઇએછ, એવા તો કંચકંઇ દાખલાઓ મલી સકસે કે જેઓ આ ઉલટા સુલટી દુન્યાને ઢંગ ધરા વગરની દેખારસે ને બતાવસે. ફીકર ના કરો, તેવાજ એક બેઢંગી દુન્યવી ચલણમાં હુંબી મ્હારા તકદીરની તાસીરથી જઈ પરીછ, તો પછી એવા નીયમ સામે પોકાર ઉઠાવવોબી ફોકટજ છે, એ નીયમ મેં કહયું તેમ આપરા તકદીરથીજ તઇયાર થાયછ, ને એ જાતની તકદીર આપરા આગલે ભવના કામો કરતુકની અસરથી પેદા થાયછ."

અને હવે ફરી અને ફરીથી મહને સમજાવવાની જરૂરજ રહી નહીં, કારણુ કે મહારા માયજી મહારી વાત પકડી સમજી ગયા અને તેવણુ છેલ્લે મહને ઘણો વખત પોતાથી જુદી નહીં રેહેવાનું કહીને તકદીરના ચલણને યાદ કરી કંઇક શાંતી પામીને ઉંઘાઇ ગયાં.

આવતી કાલે મહને ઉકરજીની વણીઆણી થવાનું હતું, મહને મહારી સાથે કોઇબી ચીઝ લેવાની નહીં હતી, એક સોજબી સારીબી નહીંજ, ફકટ મહારે વાંદરાના સ્ટેશનપર જવાનું હતું અને ત્યાંથી ઉકરજી અને તેવણુની તરફનાંઓ કોઇ જે હોય તેઓ સાથે વાંદરાની અગીઆરીમાં જવાનું હતું: હું જે વખતે મહારી વાત કરૂંછું તે વખતમાં અંદેરીમાં હજુણુ અગીઆરી થઇ નહીં હતી, અને તેથી વાંદરાની અગીઆરીમાં જઇને લગન કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

બીજી સહવાર પડી. હું ચાએ પાણી કીધા વગરજ મહારા માય, બાવા અને ભાઇને મલીને બહાર પડી. ભાઇ રૂસ્તમ તો ગુસ્સામાં

ને ગુસ્સામાંજ રહેલો હતો, પણ મહારા માબાપ હું પણવા નહીં પણ મરવા જતી હોઉં તેમ મોટે સાદે રડવા પડયાં. બાવાજી મહારા માથાપર હાથ ફેરવી રડતા હતા, અને માયજી મહને પાસાંમાં દાબીને ડચકાં ઉપર ડચકાં ખાતાં હતાં. હું તે ગમગીન દેખાવ મહારી આખી ઝીંદગીમાંબી ભુલી જાઈ શકીશ નહીં.

આખરે હું ગઇ. આંસુના દરીયાવ વચેથી હું તેમની પાસેથી ચાલી ગઇ, અને તેઓથી જાણે ગોયા ખુંચવઇ બલ્કે લુટાઇ ગઇ! થર્ડ કલાસના બૈરાંઓના ડબામાં હું બેસીને વાંદરાના સ્ટેશનપર ગઇ, અને મેં મહારી ગમગીન નઝરેથી જોયું તો સ્ટેશનપર ઉકરજી, બે માટીડા અને પાંચ બૈરાં હતાં, સ્ટેશન ઉપર ઉતરૂં તેટલાં તો ઉકરજી, મહને સામા લેવા, દોડી ધામીને આવ્યા, અને તેવણની પછવાડે ઘસડાઈ તણાઇને કોઇ મહારી ઉમરની એક બાનુ આવી. ઉકરજીએ ઇંગલીશ ફેશન મુજબ મહારો હાથ પકડીને મહને ડબ્બામાંથી ઉતારવા માંડી, અને તેજ વખતે તેવણે પોતાની સાથની તે બાઇને મોટેથી કહયું "જોની બાનુમાય, આએ એવણ તહારા નવાં માય થાય." મને તો ભોંયજ ભારી પડી ગઇ! ડબ્બામાંની બે ચાર પારસણો તે સાંભળીને આપસ આપસમાં ઘુસઘુસ કરવા પડી ગઇ, અને તે ઘેલા ઘાંચીએ—મહારા વર થનારાએ—બાફી દીધેલા તે ઉતાવલા બફાયલા આટાને સાંભલીને પેલી છોકરીબી ગભરાઇને બોલી "આએ એવણ મહારા નવા માય કે?—એવણ તો મહારાં જેટલાંજ છે!"

હું તરત ને ભરત તો સમજી ગઇ કે ઉકરજીની આએ બાનુમાય છોકરી થતી હતી, અને જેમ ઉકરજીએ ઉતાવલમાં આટો બાફી

દીધો હતો, તેમજ જરારતી તેવણની છોકરીથીબી કાપ્યુંજ કપાયું હતું! તે તેને તેજ ઘડીએ જાણે બધું બોલવા ને બોલી દેવા ઉતાવલી થતી હતી એમ મહને તેના મોંઢાપરથી લાગ્યું, પણ તેટલાં તો મેં ત્રેનમાંથી જોયલાં ઉકરજીની સાથવાલાઓને મહારી તરફ આવતાં જોયાં, અને ઉકરજીએ મહને તેઓ સાથે મેલવતાં કહયું "આએ આપરા બેઉ ચીરંજીવીઓ, અને આએ તન આપરી છોકરી, ને આએ એવણ પાસેના મકકુબઇ, ને આએ એવણ કેની તે આપરા બંગલાની સામભેના મેરૂબઇ."

ત્યારે મેં ત્યાંને ત્યાંજ જાણી લીધું કે ઉકરજીની સાથવાલા બધા સાતમાં કેઠાં પાંચ તો તેવણના પોરીઆં તોરીઆં, ને બાકીના બેમાં પેલા પાસેના મકકુબઇ ને સામેના મેરૂબઇ!

"બાવાજી તહમેબી માયજીને એમ સું સમજાવોછ જો!" બાનુમાયની ઉતરતી હોય તેવી લાગતી એક બીજી છોકરી જોઉંછ તો તેટલાં વચમાં બોલી ઉઠી "મહારા નવાં માયજીને તો બધી બરોબર સમજ આપવી જોઇએ, જોવની માયજી આએ એવણનું નામ માણેકબઇ છે તે લારમાં અમે બધાં મકકુબઇ કેહીએછ, ને આએ એવણ કેની આપરા મોહોટા બંગલાની સામભે એક નાહાલ્સો બંગલો છે તેના માલેક મીસીસ મેહેરમાય."

મેં જોયું કે આએ ઘેરનું આખું વાજુંજ બાપના જેવું કેડું જરા ઘેલું ઘાંચીજ હતું, કેમજે સ્ટેશનપર ને સ્ટેશનપરજ બધાં દોહરાં છબરડાં દોહવી મારવાનેબી અચકતાં નહીં હતાં અને વલી ધુલ ને ધમાસો જાણે શું એક બધું પોતાને ખરાબ લાગી ગયું

હોય તેમ મોટા બંગલાની સામેના નાહ્લા બંગલાની વાતથી પેલાં કોઇ મીસીસ મેહેરમાયનો તે બોલનારી છોકરી તરફ જરા રતી ગુસ્સાનો ચાહ્લોબી ચઢી ગયો !

આખરે અમારૂં હાઉસન જાઉસન બે વીકટોરીઆમાં ગોઠવઇને બેઠું, અને પારસીની અગીઆરી તરફ જવાનો ગાડીવાલાઓને હુકમ થયો. એક ગાડીમાં ઉકરજી, તેવણના બે છોકરા તથા મોટી છોકરી બાનુમાય બેઠી, ને બીજીમાં ઉકરજીની બાકીની બે છોકરી ને પેલી બે મકકુબાઇ ને મેરૂબાઇ ને હું કરીને ગોઠવાયાં. આગલી ગાડીમાં બે ત્રંક મુકાયલી હતી. ગાડીઓ ચાલી, અને અંદર વાતબી ચાલી. મહારી ગાડીમાંની મકકુબાઇ મહારી તરફ જોઇને પેહેલાં બોલી "જોની માય, મેં તો ઉકરજીને કહયું'તું જો કે લગનની સાખ-સીમાં, ને છોકરીનો બાપ નહીં આવે તો પછી છોકરીનો બાપ થવા, મકુજે પાસે આસેના માટીડાઓને લઇ જાઓ, પણ ઉકરજી ના કેહીને એમજ કે જે કે આપરે છે તે સાખસીમાં માટીડા લગનની કીરીઆ વખતે જોઇસે તો અગીઆરીમાં ભણવા આવેલા કોઇ માટીડાઓને ધરી પકરીને બેસારસું, ને તેવાજ કોઇને ધરમનો બાપબી બનાવસું, મહને તો ઉકરજીના બોલવાપર એવું હસવું આવે, એવું હસવું આવે કે માય ગુલરૂખ તું તો બોલતીજ ના."

અને તે રરરા વગરની રમુજપર જાણે શું એક હસવું હમણાં બી આવતુંજ હોય તેમ તે કોઇ મકકુબાઇ તો કોરા નીકલી બધા પડી જાય તેટલે વેર મોટેથી હસી, અને તેને હસવામાં જવાબ કરતી તેની સાથવાલી મેરૂબાઇ વલી બાકી શું કામ રેહે ! તેબી

હસતાં હસતાંજ તેવીજ રરરા વગરની એક વાત કહી દેતાં બોલી "ને મેં વરી ઉકરજીને કંઇ થોરી સમજ આપીછ કે! મેં કહયું કે તહમે લગન કરો તાંહાં તહમારાં પોરીઆં તોરીઆં નહીંજ જોઇએ, તોબી ઉકરજી તો નાનું નાજ કેહે ને કેહી કેહીને એમજ કેહે કે પોરીઆઓને વળી એવો તે કે દાહારે સંજોગ મલવાનો ઉતો, જરા નવા માયજીના લગન પોરીઆંઓજ નહીં ખાય એ બનીજ નહીં સકે!" અને તેબી ચાહોમ હસી! મેં જોઇ લીધું કે આએ કોઇ મકકુ ને મેરૂની જોરી ખુશામદના ખોરીઆંની બનેલી હતી.

મહને તો ઉકરજીના ઘર સંબંધી વાત કરવાને વાસ્તે બોશક જાણે લાગતી હતી, તોબી મેં જોયું કે આએ બધું હાઉસન જાઉસન તમામ ઘેલા ઘાંચીઓનુંજ ગાયા હતું, તેથી મેંબી થોડીક વાત કરી લીધી. વાત વાતમાં જણાયું કે ઉકરજીના પેહેલે ખોલેના બે છોકરા કેઠા બેઉ જોરમાના હતા અને તેઓની ઉમર પચીસ વરસની હતી, તે પછી બાનુમાય જન્મી હતી ચાર વરસે, ને હાલ તેની ઉમર એકવીસની હતી, અને તે પછી શેહેરાં ને હીલ્લાં આવેલી, જે બાનુમાય કરતાં પેહેલી બે વરસ, ને છેલ્લી ચાર વરસ નાહની હતી—ત્યારે મેં જોયું કે ઉકરજીના ત્રણ છોકરાં તો મહારા કરતાંબી મોટી ઉમરનાં હતાં અને બે છોકરી મહારેથી થોડાજ વરસનો ફેર ધરાવતી હતી, હું મહારો સંસાર ગોઠવતાં મહારી ઉપરવારી ઉમરની છોકરી અને તેનેથી ચહડતી ઉમરના બે છોકરાઓની મત્રઇ થઇ હતી! મને આએ બી થોડોક ગમજ પેદા થયો હતો, કારણ કે મત્રઇ નાહની ને પોરીઆં મોહટાં તેવો દાખલો મહારાં બનાવમાં બન્યો હતો. હું મહારા નસી-

બને યાદ કરીને લોહીનો ગોટ ગલી જતાં શાંતી પકડીને સબુરી ખમી રહી. તકદીર આગળ લાચાર.

આખરે અગીઆરી આગળ અમો આવી પહોંચ્યાં. ત્રંકમાંથી કપડાં ચપડાં ને દાગીના કહાડવામાં આવ્યાં અને નાહન નાહવાની તઇયારી થઇ. નાહીને મહને લગનનો વાગો પેહેરવાનો હતો! ઉકરજીએ મહારા તરફ સારોજ હાથ કાહડયો હતો, ફરસ્ટ કલાસ સફેદ ઉંચી એડીના બુટ, કરપની ખાખાની કોરની ઇજાર, ભરેલો સદરો, કસતી, અપ–ટુ–ડેટ બ્લાઉઝ, ભરેલો રેશમી રૂમાલ, માથાબાનુ અને વલી પેટીકોટ હતો. પેટીકોટ તો મેં તે વખતે પેહેર્યોજ નહીં પણ ચારસો રૂપીઆની અખંડ કસબી ભરેલી મજાની ભપકાભરી સાડી હતી, હું તે ઉંચા કપડાંથી સજ થઇ, દાગીનાઓમાં તો બએ હીરાની વીટી, બ્રેસલેટ ને વરી ઉપરથી બાંગરી, હીરાની ઇઅરરીંગ, મોતીનો હાર ને વલી સોનાની સાંકલી, અને બધું એ ઘણું ને ઘણું કીમતી હતું. મેં મહારા ગરીબ ઘરમાં એવું કદીબી પેહેર્યું નહીં હતું. હું કપડાં પેહેડીને તઇયાર થઇ ને જોઉંછ તો બાનુ પોતાના હાથમાં એક આરસી લઇને આવી "માયજી, જરા મોનું તો જોવ, તહમે ઘણાંજ ફાંકરાં લાગોછો. આએ કપરાંમાં તો એવાં ગોરા ગોરા લાગોછ કે હું જાણે તહમુને એક કીસી લઇ લેઉ" અને તેણે એમ બોલતાંજ મહારી સામે તે આરસી ધરીને પાછું વધાયું "તહમારે સારૂં બાવાજીને તો હું હજુરે મોંઘી સારી લેવા કેહવાની ઉતી પણ વરી બાવા મહને કંઇ બોલીને મહારીપર દવારો પારે તેથી બીધી, જોવની માયજી આરસી જોવની, તહમે કેટલાં બધાં ગોરા લાગોછ!

"ઓ માય, મહને તો જાણે કીસી લેયા વગર ચાલતીજ નહીં." અને એમ બોલતાંજ તેણે મહને દાબીને એક કીસી કીધી અને પાછી તે પટપટબોરી છોકરી બોલતીજ રહી "જોવની માયજી, આરસીમાં બરોબર જોવની તો, સરમાયા સું કરોછ! આએ આરસી હું ખાસ મોંનું જોવાજ ઘેરવેરથી તરનકમાં સાંતી લાવીછ ને!"

ટુંકમાં કહું તો ઉકરજી અને મહને ધણીધણીઆણી પુરવાર કરનારી તે કીરીઆ થઇ ગઇ, અને હવે અમો બધાં ઘરેબારે જવા નીકલ્યા, અંદેરીનો ઉકરજીનો બંગલો ભાડે આપવામાં આવ્યો હતો અને મુંબઇમાં વાલકેશવરપર આવેલા ઉકરજીના પોતાના મોટા આલીશાન કેહેવાતા બંગલામાં અમો રેહેવા જનાર હતાં, તેથી અમે બધાં ત્રેનમાં જવા અગીઆરીથી નીકલીને સ્ટેશન તરફ ચાલ્યા. અગીઆરી છોડતી વખતે લગન રેજીસ્ટર કરવાના પત્રકપર ઉકરજીએ તથા મેં સહીઓ કીધી અને ધર્મ બાપ તરીકે તથા સાક્ષી તરીકે જેઓ હતા તેમના નામ લખી લેવામાં આવ્યાં. વાંદરામાં લગન થાય તો તે છાપામાં આપવા કે નહીં તે આપરે કહીએ તેમ કરવામાં આવે, અને અમે તે લગન છાપવા નહીં મોકલવાનો હુકમ આપવા પછી આશીર્વાદ વીગેરે આપ્યા બાદ અમો બધાં ત્રેન પકડવા બે વીકટોરીઆમાં ગોઠવઇને પાછાં બેઠાં અને ગાડી ચાલી.

ત્રેનમાં અમે ફરસ્ટ કલાસમાં ગોઠવાયાં.

"આપરે સારૂ ઘેરમાં સગનની સેવનો નાસ્તો ને લગનનું ભોણું વારજ જોતું હોસે." મહારા ઉકરજીની વડી છોકરી બાનુએ કહયું, અને હવે તે મહારેથી મોટી ઉમરની છોકરીને મહને મહારી છોકરી

દાખલ ગણુવીજ જોઇએ એમ વાજબી હતું "મમમા તહમે તો બધા આજે ઘણાજ દાકી ગીઆછ તે જમવાનું ઓછું ખાસો તેમ નહીં ચાલસે જો, પપપા જે લોક ઓછું જમે તે લોક ઉપર ઘણાંજ ઘણાંજ ચીડઈ જાયછ જો."

અને એવીજ ચુલબુલી બીજી વગર અગત્યની વાતમાં ત્રેનની મુસાફરી પુરી થઇ, ગાડીની મુસાફરીગી ખલાસ થઇ, અને અમો બંગલા આગલ આવી પહોંચ્યા.—બંગલો ખરેખર ઘણો મોટો ને આલીશાન હતો, ફર ફરનીચરબી ઘણું રીચ હતું, પણ તે છબરડા માસ્તરોને ઉંચા ટેસ્ટથી તે ફરનીચર ગોઠવતાંજ આવડયું નહીં હતું. હવે તે બંગલાની શેઠાણી ને માલેક તરીકે મહારે તેમાં પોતે આગલ રહીને જેમ ગમે તેમ તેમાંની બધી ગોઠવણોનું કામ બજાવવાનું હતું, એ ફરજ હું સમજતી હતી, પણ વલી આજે તો મહારો પહેલોજ દાહાડો તે બંગલામાં જઇ વસવાનો થયલો હતો અને તે ધીરે સાસ્તે રેહેતાં રેહેતાં બધું કરવાનું હતું. મહને સમજ પડી તો ગઇ કે મહારા તરફ કોઇબી બચ્ચું, તે પાંચ લગભગ મહારેથી નાહના મોટાં છોકરા છોકરીમાનું એકુબી, ધીકકારની નઝરથી તો હાલમાં જોતુંજ નહીં હતું; તોબી મહને વલી તે ઘેલા ઘાંચી જેવા પઇસાના લાડમાં ઉઘરેલાંઓ સાથે કામ લેવાનું હતું તેબી હું પલેપલ યાદ રાખવા માંગતી હતી. મહને તેઓ તરફ માયના વ્હાલથી, અને નહીં કે જેમ કેટલી મત્રઇઓ થાયછ તેવી કરડી રીતથી, ભવ ભોગવવાનો હતો, અને તેને માટેના ખ્યાલાતો હું મનમાં ઉભા કરતી હતી.

બપોરે જમી ખાઇ રેહેવા પછી અને પેલી મકકુ ને મેરૂના

જવા પછી, મેં ઉકરજી સાથે મહારાં માબાપનીજ વાત કીધી, અને તેવણે મહારો પડયો બોલ ઉંચકી લીધો. તેવણે પોતાના મોટા જોડ છોકરાઓમાના એક નામે દાદીને તેજ બપોરે અંદેરી રોકડા રૂપીઆ બે હઝાર આપીને મોકલાવ્યો. દાદી તે રૂપીઆ લઇને ગયો અને મેં સાથે એક ચીઠી આપી. ચીઠીમાં મેં મહારા માતપીતાપર પોતાનું કરજ બધું અદા કરીને ખેતર કોઇને ભાડેથી આપી દઇને આંઠ દાહાડામાં બધું પોતાનું કરી લઇને ઉદવાદે જવા કહયું. વલી મહારા ઉકરજીના કેહેવાથી ઉદવાદામાં દરીઆવની સામેના તેવણના પોતાના બંગલામાં જઇને રેહેવા મેં મહારા માબાપને તે ચીઠીમાં લખી મોકલ્યું.

* * * *

ઘેલા ઘાંચીના કુટુંબની થઇને મહને ઉકરજી સાથે પરણી ગયાને આજે પંદર દીવસ થઇ ગયા છે.

મહારા માબાપે મહારી મરજી મુજબ બધું કીધું છે, તેઓ પોતાનું બધું કરજ અદા કરીને ખેતર ભાડે આપી દઇને, અંદેરી છોડીને ઉદવાદામાં "ઉકર કોટેજ"માં જઇને રહયાં છે. મહારા ઉકરજીએ તે લોકના ત્યાં જઇ રેહેવા પછી "ઉકર કોટેજ"નું પાત્યું ફેરવીને બંગલાનું નામ "ગુલરૂખ વીલા" રાખવા માટે પોતાના ઉદવાદેના મેનેજરપર કહેવડાવ્યું છે, અને મેં માહરા માબાપના "ગુલરૂખ વીલા"માં જઇને રેહેવા પછીબી રોકડા રૂપીઆ એક હઝાર તેઓપર મોકલાવ્યા છે.

મહારા માયજી પોતા તરફથી કાગલ લખતાં મહને હવે વધારે પઇસા હાલમાં નહીં મોકલવા તાકીદ જાણે કરે છે, અને તેમાં ખુશી

સાથે લખે છે કે હવે તેઓને પઇસાની મુતલગજ તંગી નથી, પણ બધા હસી ખુશીમાં ખાઇ પીને મઝાહ મારે છે.

મહારા માતાજીનું તે ખુશીભરેલું કાગલ વાંચીને મેં તે પાક પરવરદેગારના શુકરાના કીધાં.

પ્રકરણ ૬ ઠું.

કવી(!) અરદેશર હીરામાણેક.

ઉંમરમાં આવ્યાની મહારી જવાનીની શુરૂઆતને તબકે મેં જાણે જાદુઇ ફેરફાર મહારા મહીરાંમાં કરી નાંખ્યો હતો, મહારા માબાપ હવે કરજદારીના ધડક ધુજારાથી દુર થયાં હતાં અને નીરાંતે ઘરબારવાલા થઇને મોજ કરતાં હતાં, અને હું પોતેબી પઇસામાં ને પઇસામાંજ બધી ઓઢઇ પંદરઇ ગયલી મેં આપેલા સ્વભોગ ઉપર હવે ઘણીજ થોડી ખટકો કરતી સુખમાંજ દાહાડા કાહાડતી થઇ હતી. હું પરણીને પરવારી ગઇ. અને પરણતા સાથેજ માય મત્રઇબી થઇ ગઇ, અને જો ઉકરજી પોતાના મોટા છોકરા છોકરીને હવે પરણાવી દે તો બે ચાર વરસમાં હું મમઇ બપઇબી થઇ જાઉં તેમાં નવાઇજ નહીં હતી!

મહારા લગન પછી મેં જાણ્યું કે ઉકરજીની બે બઇરી મહારી આગમજ થઇ ગયલી. પેહેલી ધણીઆણીના આ બધાં છોકરાં હતાં

અને તેના મરણ પછી ઉકરજીએ કોઇ રંડાયલી સાથે દાણા પડેલા જે વગર બચ્ચે છોકરે ગુજરી ગયલી, અને હું ત્રીજી હતી.

લોક કહેતા હતા તે ખરેખર ખરૂંજ હતું, ઉકરજી ઉપરાંત તેવણના ઘરનું આખું વાજુંજ ઘેલું ઘાંચી હતું! ઉકરજીના પાંચ છોકરાંઓમાનો વડો છોકરો દાદી જરા ભેજાનો સાબુત હતો, પણ તેની સાથનો જોડયો અદી તો ચકરમે ચકરમ પુરો હતો, બાંનુમાય, શેહેરાં ને હીલ્લાં એબી જરા માથામાં તરેલ ધરાવતી હતી અને એ બધાંને મહારે માય તરીકે સુધારવાના હતાં, પણ ઘણીજ સંભાલ મહને લેવી પડતી, કાંયજે નહીં તો મશ્કની વાત ફેલાવતા નીંદાખોરોની જીભલી જરાબી બોટું મલી જતાંજ માણસને વગોવી નાંખીને જુલમ જુલમનો ખોટો ખુમાટો ઉદારે તેનું નહીંજ થવા દેવા માટે હું બહુ ચેતેલી રેહેવા માંગતી હતી, અને તેથી તે ઘેલા ઘાંચીઓને સુધારવાના મહારા નરમ 'પ્રોગામ'નેબી મહને ઘણી વખતે દાબીને ચુપકીદી અખત્યાર કરવી પડતી, પેલી ખુશામદખોરો, એ મકકુ મેરીની જોડી, જો કે મહારા મોંહા સામે તો "માય, ખરેખર તું તો જાણે જણેતી માયજ હોયની તેમ એ બચ્ચાંઓ સાથે કામ પારેછ" એમ બોલતી હતી, તોબી મહને દીલમાં તો લાગતું હતું કે જરાક બી મહારી તરફથી એ ખુશામદના ખોરીઆંઓને જો ઓછું કદીબી પડશે તો એજ મકકુ મેરૂ નહીં ઉતાનુંબી કંઇ ઉભું કરી દેશે, ને બહારૂ મહારી ખોટી ગીબત કરીને મહને વગોવી નાંખશે, એ મકકુ મેરૂની જોડી દુન્યામાંનાં ખુશામદી પ્રપંચીઓ માફક 'ભાંગે નહીં તેટલાં ખોખરા કરે' તેમાનીઓ હતી, અને હું તેઓથી સ્વભાવીક

ચોંકેલી ને ચોંકેલી રહીને તેમના જુઠાં લાહવરા સાહવરાઓ જાણે સમજતીજ નહીં હોઉં તેમ આંખ આડા કાન કરી દેતી. જે બોલતાં તે મુંગે મોંઢે સાંભલ્યા કરતી, ને જે થતું તે શાંતીથી જોયા કરતી.

મહારા લગનને મહીનો પુરો થતા ઉકરજી સહવારના પહોરમાં ચાએ પીતાં પીતાં મહારી અડોઅડ આવીને બેસીને બોલ્યા "કલેજાં, આજે તો આપરા લગનને માસીસો થયો—"

પણ તેવણ વધારે બોલે તેટલાં મેં તેવણના હોઠપર મહારા પાંચે આંગલાં દાબી દઇને સુવઇને કહયું "ઓવારૂરે, એ સું ઘેલું ગાંડું બકોછ જો ઉકરજી! તહમે આટલા મોટા થયાં, પાંચ પાંચ છોકરાંના અખઇ રહયા બાવા થયા—"

"ને તહારા જેવાં રમકરાંના ધણી થયા" ઉકરજી વચમાં બોલ્યા, ને તેમ બોલતાંજ મહારાં ગાલપર આંગલાં મારીને મહને સાંભલવા પડયા.

"કાલે ઉઠીને છોકરાંઓ પાગુસે તો થોરા વખતમાં મમાવા ને બપાવા થસો, ને તોબી તહમે સાનસલુક રાખતા નહીં!" મેં આગલજ ચલાવ્યું "લગનની વાતમાં કોઇ એવું માસીસો ને કાકીસોનું નામ લે કે વારૂ?"

"પણ મહારી રમકરાં જેવી કલેજી સાથે હું તો જરા રમુજ કરૂંછ, કેમ દીકરાં બોલી નહીં?" ઉકરજી ઉકમાઇથી બોલ્યા, પણ મેં પાછાં તેવણને તોડીજ પાડયા.

"અરે, અરે, તહમારાં સોજ સલુક બરે નહીં તહમારાં" મેં કહયું "બૈરીને કોઇ દીકરાં કહે કે?"

"તો શું 'માય કેમ બોલી નહીં' કરીને કેહું?" ઉકરજીએ સવાલ

રજુ કીધો "એમ તો મારી એક માસીનો મહેરવાન ઉતો તે પોતાની બૈરીને 'કેમ છેઓ મમલાં!' કરીને કેહેતો ને 'તહમે રીસે ભરાયા કે માય!' એમ બોલતો,–તો સું ગુલ ડીયર હુંબી તુને માસીના મહેરવાનની કાણી બોલાઉં કે?

"મુઓ તહમારો માસીનો મહેરવાન!" મેં છંછણી પડીને કહયું.

"અરે તે તો બીચારો પાંચ વરસ થયા મરીબી ગીઓ." ઉકરજીએ જવાબ કર્યો.

"મરી ગીઓ તો બીચારાને બેહેસ્ત" મેં કહયું "પણ બેહેસ્તીમાં થોડીકજ અકકલ બરેલી હોસે, બઇરીને વરી માય ને મમલાં કોણ કેહેતુંતું?"

"ઇટ ઇઝ એ કાઇન્ડ ઓફ લવ માઈ ડીયર" ઉકરજી મોંઢું મટમટાવીને ગોઠવી ગાઠવીને આ પેહેલવેહેલી વખતે જરા ઠીકઠાક ઇંગલીશ બોલ્યા.

"ઓ રબીશ!" મેં પોકાર માર્યો "છટ–છટ–છટ, પ્યારની રીતે બોલવાને વાસ્તે બીજા બોલોજ આપરા કોઇ કોઈ પારસીઓને સું મલતાં નથી કે એમ આજકાલ બઇરીને "દીકરાં" ને "માય"ના એલકાબ મુકીને વાત કરનારા છકેલ કમસમજ જુવાનીઆઓની પુંઠે તેઓ બી ઘસરઇ તણુઇ જાયછ, ને પોતાને બેવકુફમાં ખપાવેછ! છટ નોનસેન્સ."

"મહને ખબર નહીં ડીયર કે આવી અકકલવાલી બઇરી હું નસીબમાં લખાવીને લાયોછ!" ઉકરજી મલકાતા મલકાતા બોલ્યા "તહારી આટલી નાહ્લી ઉમર ને આવી આવી મોટી મોટી વાત!

મ્હારા જેવા બુઢ્ઢાને જે વાત આવરે નહીં તે તું કરે! ઠીક, આજનો જમાનોજ એવો છે કે મોટાને નાલ્હા સીખામણ આપે!"

"એ બધી કોઠે કોઠેની બુધ્ધી છે, ઉકરજી" મેં કહ્યું.

"તું વ્હાલી ગુલ મહને ઉકરજી કરીને હવે ના બોલાવ, કંઇ મઝાનું સ્વીટ નામ લે, કોઇ મધુરા મીઠ્ઠાં મધ જેવા નામથી બોલાવ, તું મહને ઉકરજી કેછ તે જરા થઇને મહને ગમતું નથી, બોલાવે તો બોલાવ મહને વહાલા ઉહ!"

"ઉહ!" મેં અજાયબી બતાવી "ઉહ! સું બયું છ?"

"ઉકરજીને બદલે બસ 'વહાલા ઉહ' બોલીને મહને કેહે, ડીયર ગુલ."

"ઉહ બોલું તેના કરતાં પેલા નાટકવારાઓ બોલેછ તેમ 'ઉફ!' બોલું તો ચાલે કે નહીં?" મેં ટકોર કીધી.

"ગમે તો તેમ બોલ!" ઉકરજીએ જવાબ દીધો.

"નહીં-નહીં, તહમે તો ભોલા ભટાક છેઓ, ડીયર ઉકાં—"

અને હજુણુ તો વધારે કંઇબી બોલું તેટલાં તો હાથપર હાથ થોક્ષને ઉછલીને ઉકરજી બોલી પડયા "ઉકાં, ઉકાં, વાહવાહ ગુલ તુ તો કલેજાં ઘણીજ હુસ્યાર. વાખરે, બોલ બોલતામાં તો તેં મહારં લારકું નામબી સોધી આપીયું!—બસ, તું મહને આજથી ઉકાં કેહે-ઉકાં."

"બસ, તો ઉકાંજ કેહેવસ, હવે ખુસી?" મેં કહ્યું.

"ખુસી, ખુસી, એક મુકીને લાખ વખત ખુસી" ઉકરજી બોલ્યા, અને હવે તેરણુ વધારે નઝદીક આવતાં બોલ્યાં "લે જોઉં તહારા ઉકાંને એક કીસ લે."

"એ ઘરીઘરી કીસ ને ફીસ સું બરીછ!" મેં કહયું "ચાલો ખસો, સામભેથી અદી આવેછ—ડોસા થયા ડોસા, જરા અક્કલ પકરો, જરા જરામાં કીસ ને કોટા, કોટક બરે!"

ઉકરજી હસ્યા, ને ખસ્યા.

ઉકરજીના જવા પછી અદી આવ્યો. આ અદીને કેડો કવીતાઇ વા લાગેલો! જ્યારે જોઇએ ત્યારે ને જ્યાં જોઇએ ત્યાં એ બસ કવીતામાં વાતબી કરે ને કવીતાની કવીતાઓજ લખીબી કાહાડે! કાંઇ સારી જેવી કવીતાબી લખતો હોય તો સારૂ, પણ જેનું ધડ ને પુછડું નહીં તેવું કંઇ એવું મીટર ને સીલેબલ વગરનું ગોઠવીને લખે ને બોલે કે મહને તો ખરેખર તેનીપર કોઇ વખતે ઘણોજ ગુસ્સો આવે! ખરા કવીઓના નામને ખરાબ લગાડવાજ જાણે એ કવીતા જોડતો હોય તેવુંજ મહને તો લાગે, ખુદા એવા કટલરી કવીઓથી આપણને બાઝ રાખે! એવો તો કાંઇ ગોલો પીંડાલો વાલીને "ખાસ" ને "પાસ" મેલવીને ધંગધડા વગરની ચીજને બોલે ને લખે કે જાણે ઉલટીજ આવવાની બસ બાકી રેહે, ને વલી ધુલપર પોતાના નામ આગલ કવી બોલ લખે! એક વાતે મહને તો આએ પોતાને હાથે જાતે બની નીકલેલા કવીને જોઇને હસ્વું આવે, ને એક વાતે ગુસ્સોબી આવે. કેટલીક વખતે તો હું એને સમજાઉંબી કે એમાં કંઈ દી વલ્યો નહીં, જે ચીજ આપણને ખબર નહીં તેમાં માંથુ નહીં મારીએ ને નામ પ્રખ્યાત કરવાને બદલે ગાંડાઓમાં નામ નહીં ઉમેરીએ, તો મહારૂં સમજેજ નહીં, ને વલી ઉપરથી કહી સમજાવે કે "માયજી, તહમે એમાં સમજો નહીં."

અદી મહારી તરફ આવ્યો, તેના હાથમાં ફુલસકેપ કાગળોનું એક
લ હતું અને તે મહારી પાસે આવતાં આવતાં કવીતા બોલતોજ
યો, "માયજી આજે તો નાટક લખી લાયોછ, તહમુને ખાસ તે
રવાને આયોછ."

તેની કવીતાથી મહારૂં તો પાકી ગયું, તોબી મેં તેને સમજા-
સારૂ ખુરસી આપીને કહયું "બેસો દીકરા અરદેસર, વરી સું
પર ધાંધલ છે?"

"ગરબર ધાંધલ કરેછ અહીં કોણ, નાટક એક ફાંકરો લખ્યો
મેં બોણ." તેણે કવીતામાંજ મહને જવાબ આપ્યો.

"તું એમ આખા આખા દાહારા કવીતા ને કવીતાજ જોરયો
ને કવીતાજ બોલસે તો દુસમન ઘેલો દીવાનો થઈ જસે," મેં
યું "તુંને જો મહારી સાથે વાત કરવાનીજ હોય તો પ્રોઝમાંજ
કર, પોએટ્રીમાં નહીંજ."

"તહમુને નહીં ગમતી?" અદી જરા ગુસ્સે જેવો દેખાતો
લ્યો "તહમુને મહારી કવીતા નહીં ગમતી, મમમા?"

મેં જોયું કે હું ના કેહેવસ તો અહી ભટ્ટી બગડશે, તેથી શય-
ત ડાબો કરવા મેં કહયું "કવીતા તો ગમેછ—"

"તાહારે?"

"પણ તું વાતચીતબી કવીતામાંજ કરેછ તે મહને ગમતું નથી."
કહયું.

"ઓલ રાઇટ, તો હું વાતચીત પ્રોઝમાં કરૂં તો પછી કંઈ
ો નથીની?"

"નહીં."

"વારૂ, તાહારે જાણો સમજો કે મેં એક નાટક લખ્યોછ, ને તે નાટકનો પ્લોટ તહમુને સમજાવીને તહમારૂં મત પેહેલાં જાણવા માંગુછ" તે બોલ્યો "જો તહમારી તરફથી મત સારૂ મલસે તો જાણે બેહેરો પાર—"

"બેહેરો પાર ને આંધરો પાર. હવે તું ટુકુ કરની." મેં કંટલઇને કહ્યું.

"તહમે એમ કરસો તો હું કદી તહમારી સાથે વાત નહીં કરસ માયજી" અદીએ કહ્યું "હું ચાહી ચાહીને અહીં તહમારી આગલ તહમારૂં ઓપીનીયન લેવા સારૂ આયો તો તહમે જરા ધીરજથી સાંભરો, મેં આએ નાટક તો એવો ફરસ્ટ કલાસ લખ્યોછ કે જો કોઇ નાટકવારો એ લઇને સ્ટેજ કરસે——"

"તેના થોભલાંજ બંધ પરસે." મેં ચેષ્ટા કીધાં.

"તહમે એમ અપસગનનું સું બોલોછ જો માયજી!" તેણે સમજાવવાની ઢબેજ ચાલુ રાખ્યું, અને મેં જોયું કે તે કટલરી કવી હવે નાટકકર્તા થવા માંગતો હતો તો જોઉં તો ખરી કે એને એમાં કંઇ બજાવેલું હતું કે એમાંબી કવીતાઓની માફકજ દોહરા છબરડા દોહવી મારેલા! "તહમે જરા ધ્યાનથી સાંભરો, આએ નાટક તો મેં એવો સરસ લખી નાંખ્યોછ કે જો શેકશપીઅરે નાટક નહીં લખ્યા હોતે તો આજે મહને ગુલના ગજરાએ ને ફુલના તુરાએ લોકો પુંજતે, ને બસ મહને પકરી પકરીને લોક પગે પરવાનુંજ બાકી રાખતે."

"અરરરરર" મેં ટકોરથી કહયું "તાહારે 'જો' શેકશપીઅર નહીં લખતે, તો લોક તુને અરમાનને લાંબાં છર થઇને ભોંયપર સુઇને પગે પરે તેમ પગે પરતે કેમ?"

"હાસતો" વલી ધુલપર તેણે પગ ઠોકી ઠાકીને કહયું "બાઇ ઑલ મીન્સ, એ કમબખત 'જો' બધામાજ નરી મરેછ, એમ તો જો મમા હવાએ ઇદનના બગીચાનું ફલ નહીં ખાધું હોતે તો સું કરવા બાવા આદમ એમ ફસી પરતે, ને દુન્યાની બેઉ જણ જંજાલ ઉઠાવતે!"

"હા, ખરૂંજ છે, વારૂ, પણ તહારો નાટક તો સમજાવ અદી." મેં જાણે શું એક આતુરતા મહને થઇ હોય તેમ કહયું.

"મહારો નાટક સમજવા સારૂ એટલી બધી તહમે કાલજી રાખોછ એ મહને ને તહમુને બેઉને સોભા ભરેલું છે." અદી બોલ્યો "સાંભરો, મહારો નાટક ઉંઘરતાને વાર——"

"સબુર, સબુર" મેં કહયું "તહારો નાટક બંધ કાંહાં ઉતો જે ઉંઘરીઓ!"

"તહમે નહીં સમજોરે માયજી, તહમે નહીં સમજો" તે બોલ્યો "મહારો નાટક ઉંઘરયો, એટલે કે જાણે નાટકનો ડ્રોપ સીન ઉંચકાયો, સાંભરો, મહારા નાટકનો ડ્રોપસીન ઉંચકાતાને વાર એક વસ્તી વગરનું સેહેર તેમાં જણાય, જેના એક બીઆબાન મોટા જંગલમાં એક બાદસાહ પોતાના રસાલાના માણસો સાથે વીચારમાં ઉભેલો હોય-"

"સબુર, સબુર" મેં કહયું "અદી, તું કેહેછ કે એક વસ્તી વગરનું સેહેર જણાય, વારૂ, તો પછી એક વસ્તી વગરના સેહેરમાં

તે બાદસાહ કાંહાંથી આવે ને તેનો રસાલો સાનો હોય?"

"અરરરરરર" અદીએ જીભ કરડી "મહારી ભુલ થઇ ગેઇ, મેં વસતી વગરનું સેહેર કહયું કે? નહીં–નહીં, મહારી મતલબ એ કે એક અંજાણું સેહેર જણાય, ને તાંહાં પેલા રાજાને દરબારીઓ સાથે વીચારમાં ઉભેલો દેખારવાનો."

"પણ વારૂ અદી" મેં પાછું કહયું "તું ઓડીઅંસને એમ સમજાવીજ કેમ સકસે કે તે સેહેર અંજાણું છે!"

"તહમે તો તદ્દન ભોલા ભટ લાગોછ, માયજી." અદી મશકરીની ઢબે બોલ્યો "અરે, જાહારે ઓડીઅંસ પોતાની સામબેના સ્ટેજપર લાકરાના બનાવેલા જારને જાર માની લે, લાકરાના દરીઆને દરીઓ માની લે, લાકરાના પાહારને પાહાર માની લે તો પછી મ્હારાજ નાટકના તે બનાવેલા સેહેરને અંજાણું સેહેર નહીં કાંય માની લે? અજબ વાત છે!—મહારા નાટકનું તે સેહેર અંજાણું છે એમ તમાસબીનોએ આપસી મેરે માની ને જાણી લેવુંજ જોઇએ, ને નહીં માને તો તેમાં મહારા બાવાનું સું ગીઉં!"

હું હસવું થોભાવી શકીજ નહીં, હું ખુબ હસી ને અદી તો મહારૂં મોંઢુજ જોતો રહયો. આખરે હસી હસીને મેં કહયું "અદી દીકરા, એમ નાટક નહીં લખાએ."

"માયજી તહમે એમાં નહીં સમજો" અદી બોલ્યો "તહમારી ઉમૂર હજુર તો મહારી ઉમર જેટલીબી થઇ નથી, એટલે એમાં તહમે નહીં સમજો રે, નહીં સમજો."

"દીકરા" મેં કહયું "એમાં ઉમરનો સવાલજ નથી, કોઈ માણુસ

પચાસ વરસની ઉમરેબી જે ચીજ નહીં સમજે, તે બીજું માણુસ વીસ વરસની ઉમરની અંદર સમજી સંકેછ, હું જો કે ગરીબ મા-બાપને તાંહાં જનમેલી, તોબી મેં તેઓની ગરીબ ગુંજાસ મુજબ થોરા નાટક જોવા ઉપરાંત મહારી એક માસતરનીના શોખને આધીન થઇને મહને તે લઇ જતી તે મેં બીજા ઘણા નાટકો વારંવાર જોયલા, ને હું તે અનુભવ પછીજ તુંને કેહુંછ કે નાટકો, જે રીત તું કેહેછ, તે રીતે બીલકુલજ નહીં લખાય. પણ વારૂ, હું તહારૂં દીલ તોરવા માંગતી નથી, તેં તે ઓપનીંગ સીન કેવી રીતે ચાલનો ને પુરો થતો બતાવીઓછ?"

"પેહેલા સીનમાં" અદીએ કહયું "તન મોટા માટીડા ને એક નાહ્લો છોકરો મલીને એવા ચાર પોતાના દરબારીઓ સાથે જંગલમાં નીચી મુંડી કરીને ઉભેલો બાદસાહ એકદમ રરી પરેછ, તેના દીલમાં જાંબુરો, નારંગી, લાલ ને લીલો જભ્ભો છે -"

"સબુર, સબુર" મેં કહયું "સું એ એકજ જભ્ભો બધા ચાર રંગનો બનેલો છે?"

"હા."

"વારૂ, તાહારે પેલો રાજા સું એ રંગબેરંગી જભ્ભો જોઇને રરી પરેછ, કે કેમ રરેછ?"

"તહમે સમજીજ નથી સકતા રે માયજી, રાજા રરેછ તો તે પોતાની પચાસ વરસની વાતપર મરી ગેયલી બઇરીને વસ્તે રરેછ" અદીએ સમજાવ્યું. "જભ્ભાને જોઇને કોઇ રરટુંબી હોસે! તહમેબી સું દોરા બારીને પોરા કરોછ, માયજી! બાદસાહ તો પચાસ વરસપર મરી

એયલી પોતાની વહાલી બઇરીને વાસ્તે રરીને માહેતમ કરેછ."

"તાહારે એ તો પેલા કેહે તેમ 'પોર મુઇ સાસુ ને ઓણુ આયાં આંસુ!' તેવી વાત થઇ અદી દીકરા." મેં ગંભીર થઇને કહયું.

"તે બીચારો રાજ્ને બઇરી તરફ ઘણોજ વફાદાર તેથી તેની વરસીપર એમ હંમેસ રરે."

"હં–હં, હવે સમજી" મેં કહયું "તાહારે એમ કેહેની કે જાણે રાજ્ને પોતાની પેલી ગંજાવર સારા તન માણુસની સભામાં ભર જંગલ વચે રાણીની પચાસ વરસની જુબીલી ઉજવતા રરેછ."

"જુબીલીપર વરી લોક હસે કે રરે?" અદી હવે મહારી મશ-કેરી કરતો બોલ્યો "અરે માયજી, તહમે સમજ્ને નહીં રે, એ તો પચાસ વરસની વરસીપર રરતો મેં રાજાને દેખારીઓછ, ને તે વખતે તેના દીલમાં મેં ચાર રંગનો જભભો બતાવ્યોછ."

"વારૂ પછી?"

"એ રાજાની ખરી ઉમર જાણે નેવું વરસની બતાવવાની, ને સાહાઠ વરસ થયા જાણે તે રૈયતપર રાજ કરી ગેયલો તેમ તેના ભાશણમાં જણાવવાનું, ને ભાશણ કરતી વખતે માથાપર તેના તાજ બતાવવાનું ને હાથમાં લાંબો ને લાંબો રાજદંડ દેખારવાનો——"

"તો મરે રાજા જંગલમાંબી લાંબા ને લાંબા રાજદંડને હાથમાં રાખીને સું કરે?"

"તેં રાજદંડ વગર દેખાયજ કેમ કે તે રાજ્ને મુઓછ!" મહારીપર જરા છેડાતા વેહેલો કે અદી બોલ્યો. "તહમે અમથાજ વચમાં માથું દુખવીઆ કરોછ."

"નહીં—નહીં, તું બોલ" મેં રમુજ પામીને કહયું "મહારા સમ, તું બોલ અદી, મહને ઘણી રમુજ મલેછ."

"લેઓ, તહમારી આગલ ખાલી વાત કીધી તો તહમુને રમુજ મલી" અદી સમજ્યા વગર ઉકમાઇ લઇને બોલ્યો "તો પછી એનો નાટક થાય તો લોકને કેવી રમુજ મલે! મેં કહયું કેની કે જો શેકશપીઅરે નાટક લખ્યાજ નહીં હોતે તો આજે શેકશપીઅરની જગાપર હું પુંજાતે."

"ને હજુરથી પુંજાય તેમાં વાંધો સું છે!" મેં ચેષ્ટાં કીધાં.

"કંઇજ નહીં, પણ એક વખત મહારો એ નાટક સ્ટેજ થવો જોઇએ" અદીએ કહયું, અને તેઆગલ બોલ્યો "પછી પ્લોટમાં જાણે મેં એમ સમજાવ્યુંછ કે પેલો રાજો પોતાના દરબારીઓ આગલ રરી રહીને હસેછ."

"હસેછ કાંય?"

"તહમે વચમાં બોલ્યા કરસો તો હું મહારો સુન્ના જેવો પ્લોટ ભુલી જવસ" અદી બોલ્યો "હસેછ તેનું કારણ એ છે કે તે પોતાના દરબારીઓને કેછ કે તેની પછી રાજગાદીપર બેસનાર હવે તેની એકની એક છોકરી જીવતી છે.—રાજાની તે વાત સાંભરીને તથા તેના હસવાનાને જોઇને પેલા બધા દરબારીઓબી હસેછ, ને વલી સાથે લાગા તાબરા ફેરીઆ પછી બંધા નાચેછ, દરબારીઓને નાચતા જોઇને રાજો પોતેબી નાચવા મંડી જાયછ."

"સું! નેવું વરસની ઉમરે રાજા જેવો રાજા બુઘ્ઘો ખખ થઇને વરી નાચે!"

"અલબત" અદી બોલ્યો "સ્ટેજપર તો નેવુંએબી નાચે ને નવવાનુંએબી નાચે, લોક તો જાણેછ કેની કે એ તો રાજા બનેલો. એકટર ફક્ત બુઢ્ઢા માણુસની રીગજ પેહેરી આયોછ, બાકી ને તો જુવાન હોવાથી ગમે તો માર એ માર જેટલો ઉંચે કુદીનેબી નાચે."

બીચારૂં વાજુંજ ઘેલું ઘાંચી તે કેમ કરૂં? મેં 'હા—હા' કર્યા કીધું, નહીં તો વલી છેડાઇ પડે!

"પછી નાચી કુદી રહયા પછી પોતાની આંખમાંનાં આંસું નુછી નાંખીને———"

"મરેરે, આટલું બધું નાચવા છતાંબી હજુર આંખમાં પાણી રહીજ ગેયલાં કે!" મેં અજાયબી બતાવી.

"વરી તહમે વચમાં બોલીઆ?" અદી છેડાયો "મેંબી કાંહાં જખ મારી કે મહારા આવા સરસ નાટકનો અભીપ્રાય તહમારી પાસે માંગીઓ?"

"નહીં, નહીં, તું બોલ" મેં કહયું "અદી, તું બોલ, એ તો હું નાદાન છેઉં તેથી વચમાં બોલુંછ, તું બોલ."

"તું બોલ" અદી બોલી પડયો "સું તું બોલ? હું બોલું ને તે પછી તહમે વચમાં બોલો, ને પછી મહારા નાટકની તમામ માય મારી નાંખો! જોવ, હવે ફરીથી વચમાં બોલીઆછ તો હું બોલવાનુંજ માંડી વારસ, ને તહમે સુન્ના જેનો નાટક સમજવાથી અમથા રહી જસો સાંભરો, આંખમાંનાં આંસુ ને નાંખમાની ની—નુછયા પછી તે રાજા પોતાના દરબારીઓને આખા શેહેરમાં ઢંઢેરો "પીટવા કેહેછ કે બધાએ ગામમાં ઠાલી પીટાવીને લોકને જાહેર કરવું

કે રાજા ન્યાત જાતના તફાવત વગર જે કોઇ માણસ સંગીતમાં ઘણોજ હુસ્યાર હોસે તેને પોતાની છોકરી આપી દેસે."

"તે સંગીતમાં તો તું હુસ્યાર છે, તુનેજ રાજા છોકરી નહીં આપે!" મેં પાછી ટકોર ચલાવી.

"હું કાંહાં સંગીતમાં હુસ્યાર છેઉં જો?" અદીએ નેણ ચઢાવ્યાં "તહમે વરી વચમાં બોલીઆ? હું તો કવીના જોરવામાં હુસ્યાર છેઉં, ને કવી છેઉં. આએ નાટક ફકટ પેહેલવેહેલોજ લખ્યોછ, તહમુને નાટક સાંભરતી વખતે વચમાં બીલકુલ બોલવુંજ નહીં જોઇએ, એમ તો નાટકની બધી માય મરી જાય ને તેની બ્યુટી બરી જાય! આગલ સાંભરો, ઢંઢેરાની વાત કર્યા પછી રાજાજી પોતાના હાથમાંનો રાજદંડ પોતાના દરબારીઓના માથાપર મુકી દેછ, ને તેવા ગ્રાંડ ટેબલાની વચે પેહેલો સીન ખતમ થાયછ—"

"ઓ માય, ગ્રાંડ ટેબલો તો એવો થવાનો કે જો પોલીસની ધાસ્તી નહીં હોય તો કોહેલા ઇંડાં ને ગંદેરીજ પરવાની!"

"પણ હું પુછી પુછીને હાથપર હાથ થોકીને તહમુને એમ પુછું માયજી કે થીએટરપર ચટ ને પટ એમ ઇંડાં ને ગંદેરી આવેજ કાંહાંથી! તહમે વાત સાંભરોછ કે? નહીં તો હું ચાલી જાઉં!"

"નહીં–નહીં, ના જતો, તું બોલ, દીકરા અદી, તું બોલ." મેં કહયું.

"હવે સેકંડ સીન ઉંચકાયછ—"

"ઉંચકાયછ કે તેનીપર કવર થાયછ?" મેં પુછયું.

"અરે આઇ મીન, પેલા ગ્રાંડ ટેબલાપર કવર થાયછ, તહમારી

વાત વાતમાં હું અધો સુન્ના જેવો મ્હારો પ્લેટમી ભુલી જવસ તો પીરા, સાંભરો, સેકંડ સીન કવર થાયછ, તેમાં રાજાનો ભપકાદાર મહેલ જણાયછ ને તાંહા રાજા ને તેની પેલી એકની એક ખુબસુરત છોકરી મોટી મોટી ખુરસીપર બેઠેલી જણાયછ—"

"સબુર, સબુર" મેં પાછો તેને અટકાવ્યો "એક સીન ડીપ જંગલપર કવર થાય તો તેવા કવર સીનમાં ભપકાદાર મહેલ ને તેમાં વરી મોટી મોટી ખુરસીઓ મુકેલી કાંહાંથી આવે? સું તું એમ સમજેછ અદી કે નાટકના મીસ્ત્રીઓ તહારે ખાતર ખાસ તે કવર સીનમાં આખો ને આખો મહેલ, ને તેમાં રાજા ને સાહજાદી ધરાવની મોટી બે ખુરસીઓ એમની એમ ઉપરથી નીચે ગબરાવી દે? તું નાટક લખવા તઇયાર થયોછ, ને તુને નાટકનો કંઇ આઇડીઆબી નથી!"

"અરે એડીયું ને કોપરેલ, હવે તહમે રેહેવા દેઓની!" અદી પાછો છેડાયો "તહમે તો મહારા પ્લોટની બધી માય મારી નાંખી, બધી "બ્યુટી માર" થઇ ગેઇ! તહમે કેહોચ કે કવર સીનમાં નાટકના મીસ્ત્રીઓ એમ બારી બાણુણા ને હીચકા પાણુણાવાલા મેહેલ ઉતારીજ નહીં સકે તો પછી તે લોક મીસ્ત્રીજ સું કરવા થયા? મીસ્ત્રીઓએ એવું એવું નવું નવું ભેજું દોરાવવુંજ જોઇએ, મહારો નાટક જેમ એકદમ મુંબઇમાં બધી હો—હા કરી મુકસે, તેમ મીસ્ત્રીઓએબી પોતાની હો—હા કરાવવા સારૂં નવા નવા પ્લાનથી હીંચકા પાણુણાવાલા મેહેલ ને ખુરસી ને દરીઆ ને આગબોટ ને ઇસતીમર ને મછવા ઉપરથી હેઠે નાંખવાજ જોઇએ; તોજ ખુબી, નહીં તો એવા મામુલી દેખાવો તો આપરે રોજ જોઇએછ."

"નહીં, નહીં, અદી, હોંચકા ને પાણણા સાથનો મહેલ કદીબી કવર થઇ સકેજ નહીં, ને તેમાં વરી તું પેલા પેહેલા સીનના ટેબ-લામાં ઉભેલા રાજાનેજ પાછો કવર સીન પડતાજ ખુરસીપર બેસારેલો બતાવેછ એ બનીજ કેમ સકે?"

"કાંય નહીં બને?" અદીએ વલી ધુલપર સવાલ કીધો "રાજો ત્રેપમાં ધુસી જઇને એકદમ દાદરપર ચરી જઇને મીસ્ત્રીએ તઇયાર રાખેલી ખુરસીમાં બેસી જઇને કવર સીનપર ઉતરી દે, તો કંઇ વખત બી લાગે કે વારૂ?"

"હું ધારૂંછ કે એમ જો તેને વખત નહીંજ લાગે તો પછી ઇસ્પીતાલમાં જતાંબી તેને વખત નહીંજ લાગે!" મેં હસ્તાં હસ્તાં કહયું.

"તહમે અમથાજ કૅારા કાહારોછ, તહમુને ધુરનીબી સમજ નથી." તે જરાક વધુ છેડાયો "તહમે આગલ સાંભરો, પેલો રાજા પોતાની છોકરીને ઢંઢેરાની વાત કેહેછ ને તે પુરી કરી રેહેછ તેટલાંમાં તો બીજા દેસનો કોઈ સાહજાદો આવીને તાંહાં સાહજાદીને ઓરખીને તેના હાથની માંગણી કરીને ઉભો રેહેછ."

"એ બધું સું ઘેલું ગાંડું બકેછ?" મેં હવે જરા જોરથી કહયું "તું એક વખત કેહેછ કે રાજાનો દેસ અંજાણો છે, ને વરી હમણાં કેહેછ કે બીજા દેસનો સાહજાદો તાંહાં આવીને ઓરખીને વાત કરેછ! તો અંજાણા દેસમાં સાહજાદો કેવી રીતે આવે ને દેસ અંજાણોજ હોય તો સાહજાદો પેલાંઓને ઓરખે કેમ ને વાત કેમ કરે? અંજાણો તે તો બધાથી અંજાણો, પછી સાહજાદાથી કાંય નહીં?"

"અરે ઓડીઅંસથી અંજાણો!" અદી પોકારી ઉઠયો 'સાહ-

જાદાથી અંજાણો સાનો? તહમેબી માયજી બધું બોઇલ કરોછ જો!"

"બોઇલ તો બા મહને તું કરતો લાગેછ—વારૂ પછી." તોબી મેં તેને આગલ બોલવા કહયું, કારણ કે મહને તેના છબરડાથી રમુજ મલતી હતી.

"પછી તો બધા દરબારીઓ તે સાહજાદાની ખુબીના વખાણ કરેછ———"

પણ તે બોલે બોલે તેટલાં મેં અટકાવીને પુછ્યું "સબુર, સબુર, કવર સીનપર તું કેહેછ કે રાજા ને તેની છોકરીજ દેખાયછ, તો પછી આએ નવા આવેલા સાહજાદાની દરબારીઓ કાંહાંથી ખુબીના વખાણ કરેછ?"

"ચુલામાંથી" તે ચોપડી જમીનપર અફારી નાંખતા બોલ્યો "નાટકનો પ્લોટ સાંભરવો નહીં ને અમથી અમથી વચમાં ચાવાચીવી કરવી! વરી દરબારીઓ કાંહાંથી આવે? મીસ્ત્રીજ તે લોકને ઉપરથી હેઠે નાંખે, જેમ રાજા ને સાહજાદીને તે લોકોએ સીન કવર થતાંજ નાંખેલા તેમ પેલા દરબારીઓનેબી નીચે નાંખે તો મીસ્ત્રીના બાપનું સું જવાનું ઉતું? આએ જરા મહેનત વધારે પરે તેજ કેની? તહમારી પાસે બેસે કેની માય, તો મહારા જેવા સારા સારા લેખકોનું માથુંજ કોહી જાય!"

"દીકરા" મેં હવે તેને સમજાવ્યું, ને ઘેલા ઘાંચીપણું છોડી દેવાની સીખામણ આપતાં કહયું "જોની એ કવી થવાનું, ને નાટક લખવાનું, ને વાર્તાઓ લખવાનું કંઇ બધાથીજ થતું નથી, એ તો કોઇને એવી બક્ષેસ ખુદાએ ઓથે ઉતરતી આપીછ ને કોઇને નૅચરલ—"

"તાહારે સું તહમે એમ કેહેવા માંગોછ કે મહારા બાવા લેખક નથી તેથી હું બી લેખક નથી! શેકસપીઅર મેંઢા બકરા ચારવનાર ભરવાડનો છોકરો ઉતો તેથી સું તે પોતે લેખક નહીં ઉતો!"

"હા, પણ હું તેજ કેહેવા જાઉંછની" મેં સમજાવ્યું "શેકસપીઅરને પોતાને "નૅચરલ ગીફ્ટ" મલેલી, ને એવી નૅચરલ ગીફ્ટ હુંમેશ પાક પરવરદેગાર કોઇને ને કોઇનેબી આપેછ, કોઇ નૅચરલી કવી હોયછ. કોઈ ચુંનદા લેખક હોયછ તેઓ વાર્તાબી લખેછ, નાટકબી લખેછ, પણ તે લોકને પાક ખુદાની બક્ષેસ મલેલી છે. તહારી લાઇન એવી નથીજ, તો જે લાઇન આપરી નહીં હોય તેની તરફ નહીં ઢલીએ. આપરે જે કરી સકતા હોઇએ તેજ કરીએ, બીજા બીજા કામમાં જાંહાં આપરી સકતી ચાલતી નહી હોએ તાંહાં કદીબી ફાંફાં નહીં મારીએ. એ ફાંફાં ફોકટના છે, પાક ખુદા જેમ કોઇને કંઇ બક્ષેસ ને કોઇને કંઇ બક્ષેસ આપેછ તેમ તુને બીજા કામમાં બક્ષેસ આપેલી હોસે—તો તું તે કામને ખીલવ, મેં આટલા ટુંક વખતમાં જોઇ લીધુંછ કે તહારૂં ધ્યાન ડરોઇંગ–પેનટીંગ તરફ વધારે છે, ને પાક ખુદાએ તેમાં તુને બક્ષેસ આપેલી છે તો તું એક ચીતારો થવાની કોસેસ કર, ને તહારી પોતાની લાઇનને ખીલવ, ને તું જોસે કે તું એક અચ્છો ચીતારો થઇને મહારી આજની સીખામણને યાદ કરસે."

"તાહારે આએ લેખકપણું મુકી દેઉં, ને નાટક લખવાનું છોરી દેઉં?" અદીએ એરડીયું પીધું હોય તેવું ડાચું કરી દઇને પુછ્યું.

"હા, એ તહારી લાઇન નથી તો પછી એની સાથે ફાંફાં મારવાનાજ ફોકટ છે." મેં સમજાવ્યું "જાહારે તું એક અચ્છો ચીતા-

રોજ બની સકતો હોય ને તેમાં ને તેમાં તુને "નેચરલ ગીફ્ટ" મલી હોય, તો પછી જેમાં તુને ગીફ્ટ નથી તેમાં ફાંફાં માર્યા કરવાથી વખત બરબાદ કરીને લોકની હસીમાં આવવાનું થાય. તું સું એમ સમજેછ કે આએ તહારો નાટક તે કંઇ ખરેખરો નાટક છે? નહીં નહીં, અદી, એ તો બચ્ચે બાલેકા ખેલ કરતાંબી બદતર છે, એવું કંઇ ઘર પુછરાં વગરનું ઘેલું ગાંડું છે કે વાખાનો મારેલો નાટક-વાલોબી જો કોઇ તઇયાર કદાચ થઇબી જાય તો તે મેડહાઉસમાંથી ઉઠી આવેલો કોઇ દીવાનોજ હોય. ને તું પોતે કોઇ ચુલબુલીઆ તહારા જેવાજ છોકરાઓને ઉભા કરીને એકુ કલબ કરીને કોઇ મોટા માણસના યાદગારી ફંડમાં એ મદારી સહી નાટક આપીને એકબારગી લોકને સરીયામ ઠગેબી, તોબી લોક તહારો નાટક જોઇને ફફડે ચટકે, સારા માણસો અરધે નાટકેજ કંટરઇ ઉઠીને ચાલી જાય, ને જો કોઇ ભેજા ફાટેલો હોય તો હાથમાં જે છુટું મલે તે સ્ટેજપર મારે. એમાં કંઇ સુકરવાર નહીં થાય, જે તહારી લાઇન હોય તે પકર ને આગલ વધ, મ્હારા દીકરા."

"તો આવો માયજી" અદી મહારો હાથ પકડીને ખેંચી તાણીને રાંધણી તરફ લઇ જતાં બોલ્યો "ચાલો, ચુલા આગલ."

તે મહને ચુલા આગળ લઇ ગયો, ને તેણે પેલો લખેલો નાટક આખો ને આખો તે બલતાં ચુલામાં મુકી દેતાં કહયું "બસ હવે માયજી?"

"બસ–બસ, દીકરા ઘણુંજ સારૂં કામ તેં કીધું" મેં ખરા દીલથી ખુશી થતાં કહયું "હું તુંને એ તહારા ઘેલા ગાંડાં કામથી આજે દુર કરી સકી એ જાણે મહને મોટી રાહત થઇ દીકરા. ને જો, હવે

પછી હું આસા રાખુંછ કે તું તહારી ભાસામાંથી ફેરફાર કરસે ને ઘરીઘરી પેલા કોઇ મદદઇને તાણતોર થતી હોય તેમ તાણતોર કરીને કટલરી કવી બનીને ઘેલીગાંડી કવીતા જોરસે ને કવીતામાં વાત કરસે તેથી નહીંજ ચાલસે."

"માયજી, તેથી હું મુકીજ દેવસ, ને તહમે આજથી મહને જુદોજ માણસ થઇ ગેયલો જોસો."

"સાબાસ" મેં તેને સાબાસી આપતા કહયું "મહારો કેહયાસરનો ડાહયો દીકરો."

પ્રકરણ ૭ મું.

દર્દ જીગર.

વખત વીટતો ગયો, મહારો સંસાર ઘણોજ સુખી ચાલતો રેહયો. મહારો પડયો બોલ ઉંચકાતો રહયો, ને મેં જોયું કે હવે હંમેશ સુધીનો મહારો સીતારો ચલકતો થયો.—વાડી, ગાડી, નોકર, ચાકર, બંગલા, ઘરની હું માલેક હતી, પઇસાની તો કંઇ વાતની મનાજ નહીં હતી, અને બધું સુખી ને સુખી હતું.—લગન પછીને ત્રીજે મહીને મહને ઉકરજીએ ઉદવાડે આંઠ દાહડા જવા દીધી અને ત્યાં મહારાં માબાપને હું પેટ ભરીને મલી આવી, મેં મહારા માબાપને મહારી સાથે આવીને મુંબઇ રેહેવા કહયું, પણ હજુણુથી તેઓ

થોડો વખત ઉદવાહેજ કાહાડી નાંખવા તથા તે પછી મુંબઇ આવવા કહેતા હતા, એટલે મેં દબાણ કીધું નહીં. તે લોક સુખી, તો હું સુખી.

ઉપલો બનાવ બન્યા પછી, એટલે મહારા માબાપને મલી આવ્યા પછી રાબેતા મુજબ બધું કામ સંભાલથી ચાલતું હતું તેટલાં એક દાહાડો સહવારના અદી કંઇ ગાતો ગાતો મહારી તરફ આવ્યો:—

"અરે, દીલ હમને સનમકો દીઆ, નઝરાના સમજ કર,
અરે દીલ હમને સનમકો દીઆ,
હા, ઝાલીમને જલાયા મુજે પરવાના સમજ કર,—દીલ૦
મએ તાલીબે બોસા જો હુઆ, ઝુલ્ફોકા ઉનકે,
ઝંજીરસે બંધવા દીઆ, મુજે દીવાના સમજ કર.—દીલ૦
પહેલે તો મેરે સામને, મુંહ ખોલકે બયઠે.
અરે, પહેલે તો મેરે સામને
મુંહ ખોલકે બયઠે,
ફીર કર લીઆ પરદા, મુજે બેગાના સમજ કર.—દીલ૦
સાકી મએ તેરે સદકે, મયે વસ્લ પીલાદે,
આયા હું બહોત દુરસે, મયેખાના સમજ કર.—દીલ."

"કાંય અદી" મેં જરા ગુસ્સાથીજ કહયું "તેં તો સોગન લીધેલાની કે કદીબી હવે કવીતામાં કંઇ બોલસેજ નહીં, તે આજે આએ સું ઢોંગ ?"

"માયજી, એ કાંહાં કવીતા છે જે તેની વાત?" અદી બોલ્યો "એ તો શહેરાં બ્હેન હારમોન્યમપર માસ્તર પાસે કવવાલી ઉતારીને

વજારેછ તે બોલુંછ."

"કીઓ માસતર!" મેં અજાયબીથી પુછયું.

"બાવાજીએ શેહેરાં ને હીલ્લાંને વાસ્તે આજે નવો હીંદુ માસ્તર બોલાવ્યોછ તે તહમે જાણતાંજ નહીં કે?"

"નહીં!" મેં તેટલીજ અજાયબી સાથે કહયું.

"જાઓ, જઇને જોઓ, માયજી" અદી બોલ્યો "માસતર હારમોન્યમવાલા ઓડડામાં શેહેરાં પાસે બેઠેલો છે, ને શેહેરાંને આએ કવ્વાલી ઉતરાવેછ, શેહેરાં ઉતારી લે તેટલાં તો મેંબી ઉતારી લીધી"

"બાવાજીની મકદુરજ સું કે મહારા કહયા પુછયા વગર એમ હારમોન્યમ સીખવનારા માટીડાઓને ઘેરમાં બોલાવે, ને વરી તેવાઓની પાસે જુવાન જમાન કુમારી છોકરીઓને એખલી ચેખલી સીખવા બેસારે!" મેં ઘણાજ ગુસ્સાથી પોકાર માર્યો.–મહારો અવાઝ સાંભલીને ઉકરજીજ સામેથી લાગલા કે દોડી ધામીને આવ્યા "કાંય, કાંય, ગુલ, સું છે?"

"હોય સું દુસમનનું કપપાર" મેં તેટલાંજ ગુસ્સાથી કહયું "તહમુને ઘડડે ઘડપણ એ સું મદદઇને મૅદનૅસ લાગુછ! સારીવારી મોટી છોકરીઓને બહારના માટીડાઓ પાસે બેસરાવીને હારમોન્યમ ને પીઆના સાના સીખવવાના? ને.વરી એવા પ્યાર ફયારના ગીતરાં સાના જુવાન છોકરીઓને ગાવા દેવાના?"

"પણ તે તું જો ના કહેતી હોય તો માસ્તરને રજા આપીએ!" ઉકરજી નરમ રહીને બોલ્યા.

"હા, અત્તરઘરી એ કોઇ માસ્તર ફાસતરને મહારા ઘેરમાંથી

ઉતારે, ને તહમુને હારમોન્યમ ને પીઆના છોકરીઓને સીખવવાના હોય તો કોઇ માસતરણ બોલાવો. તહમારી અકકલને સું કેહું ! માટીડા માસ્તરો આગળ તે કંઇ જુવાન છોકરીઓને સીખવા મુકવાની હોય ? બઇરાંઓનો સું દાત વરી ગીઓછ કે માટીડાને બોલાવી લાયા ?"

"પણ એ તો તું હમણાં આવીછ તે જોયછ ને બોલેછ !" ઉકરજીએ અકકલનો ઘડો ઉંધો વાલી દીધો "અગઉ એમ તો છ મહીનાવેર એક બીજો માસ્તર આવતો'તો, ને છોકરીઓને સીખવ-તો'તો કેની ? એ તો તું આવવાની તેની મહીનો આગમચથી તે જુનો માસ્તર સીક પરીને પોતાને ગામ ગીઓ ને આજવેર તે આયો નહીં તેથી તો શેહેરાંએ વજારવાનું બજારવાનું સઉ અભરઇપર મુકેલું, તે મકુજે છ મહીનાની મહેનત ધુરમાં જસે તેથી કાલે આએ કોઇ માસ-તરને કેહેતો આયો."

"તહમારી મોટી ભુલ છે." મેં કહયું "જા અદી દીકરા, જઇને એ માસ્તરને સમજાવીને બહાર કાહાર, નહીં તો બાવાને ને મહને મોટી પંચાતી થઇ જસે."

અદી તે સાંભળીને દોડી ગયો, ને હજુણ તો હું ઉકરજીને ભાશણ આપીને સમજાઉં તેટલામાં તો તે પાછો આવ્યોબી !

"માસતરને મેં મોકલી દીધો માયજી" અદી હરખાતો હરખાતો આવીને બોલ્યો.

"પણ કંઇ પગાર બગાર આપ્યા વગરજ ?" ઉકરજીએ અદીને પુછ્યું.

"પગાર પછી આસ્તે સાસ્તે કાલ પરમ આપસું." અદી બોલ્યો.

"પણ તેં માસ્તરને એટલો જલદી કેવી રીતે મોકલ્યો?' મેં પુછ્યું "તેં માસ્તરને સું કહ્યું?"

"મેં કહ્યુ" અદી બોલ્યો "મેં કહ્યું કે બાવાજીએ સહવારે એડીયાંનો જોલાબ પીધોછ ને તેવણના પેટમાં બધું અમનાં બહુજ દોહવાયેછ તે માસ્તર સાહેબ તહમે અમનાં તો જાઓ. માસ્તર તો મહારૂં કેહ્યુંજ ભોપ્યા કરે, મેં પાછું કહ્યું કે તહમે અમના જસો નહીં તો ખુરસી ઉંચી વારીને તહમુને ગબરાવી મુકસ, આએ બીજી વાત સાંભરીને તે શીઆણો, તે કંઇ સમજી ગીઓ, ને ઉઠીને ચાલતી પકરી; પણ જતો'તો તાહારે મેં કહ્યું કે જો પગાર જોઇતો હોય તો કાલે બાવાની તબીએત પાધરી થાય તાહારે આવે. તે ગીઓ, ને તરત હું અહીં આયો."

અમે હસ્યાં, તેટલાં શેહેરૂં દોડતી આવી ને ગભરાયલી ખભરાયલી બોલી "મમમા—પપપા, આએ અદીએ મહારા માસ્તરને હાંકી મુકયો!"

"અદીએ નથી હાંકી મુકયો, મહારા બચ્ચા" મેં કહ્યું "એ તો મેં ને તહારા પપાએ માસ્તરને જવા દેવાનો હોકમ અદીને આપ્યો."

"કાંય? કાંય?" શેહેરૂંએ ગભરાઇને પુછ્યું.

"કાંય જે દીકરા, આપુને બઇરાં માણસને પરાયા માટીડાઓની પાસે બેસીને સીખવામાં સોભા નથી!" મેં સમજાવ્યું.

"તો મહીનાઓ સુધી બાવાએ માસતર રાખેલા તેબી તો માટીડાજ ઉતા!" શેહેરૂં બોલી.

"તહારા બાવાની ભુલ છે દીકરી" મેં સમજાવ્યું "તુને હાર-

મોન્યમ ને પીઆનાપર પ્રોગેસ કરવોજ હોય તો કાલે હું કોઈ પારસણુ માસ્તરણુ સારૂ "જામે"માં એડવરટીઝમેન્ટ આપસ. હવે તો ખુસી થઇ કેની? એ માટીડા માસ્તરો ઘણાખરા પ્યાર ને ફ્યારનાજ ગાયણો ને નાટકની ઘંગધરા વગરની સેલભેલ રાગણીઓજ સીખવે, તેમાં કંઇ નવું જાણવાનુંબી નહીં મલે, ને પ્યાર ફ્યારની વાત તહારા જેવી જુવાન કુમારી છોકરીઓના મગજપર કોઇ રીતનો ખુરો ખ્યાલ બેસારવાને ગોયા ઉસંકરણી કરાવે. લાવ, તહારા હાથમાં એ બુક સાની છે, ગાયણનીજ કેની?"

અહીં અમોને બેઉને વાત કરતાં છોડીને અદાને લઇને ઉકરજી ચાલી ગયા.

"હા માયજી" શેહેરૂ બોલી "અગઉના માસ્તરે લખાવેલી ગઝલ ને કવ્વાલીઓ એમાં લખેલી છે."

'જોઉં હું." મેં ચોપડી લેતાં કહયું, ને ચોપડીના પાના ફેરવીને જોતાં જોતાં નીચલી ગઝલ મેં વાંચી:——

"નીકાબે ચેહરએ અનવર ઉઠા દોગે તો કયા હોગા?
જમાલ અપના જો દીલબર દીખા દોગે તો કયા હોગા?
મેરી ઉમ્મીદકી કીશતી તીરા દોગે તો કયા હોગા?
કીનારે ગમકે દરયાસે લગા દોગે તો કયા હોગા?
દીલે વીરાનાએ આશક બસા દોગે તો કયા હોગા?
ગલીમે અપની ગર થોડીસી જા દોગે તો કયા હોગા?
હરા બાગે તમ્મનાકો બના દોગે તો કયા હોગા?
હમારે ગુન્ચએ દીલકો ખીલા દોગે તો કયા હોગા?

તડપતા હુએ દીલે આશક શબે હીજર ઉનકે સદમોસે,
તુમ ઇસ દરદે જુદાઇસે મીટા દોગે તો કયા હોગા?
પીલાદો શરબતે દીદાર, સોજે ગમસે જલતા હું,
લગીકો તુમ મેરે દીલકી બુજ્ઝા દોગે તો કયા હોગા?
અગર શકલ અપની હારીઝંકા, દીખાનેસે હય શરમાતે,
ઝરા આવાઝ પરદેસે સુના દોગે તો કયા હોગા?"

"જો માય." મેં સમજાવ્યું "આએ ગઝલ ઘણી સારી છે, પણ એવી એવી મોહબતની ચીજ તહારા જેવી કુમારી છોકરીઓને વાસ્તે કામનીજ નથી. તહારા ભઇ એવી એવી ગઝલો ગાય તો તે સમજ્યાબી, તે લોક તો માટીડા છે, પણ તહારા જેવી છોકરીઓને એ લાયક નથીજ. એક વખત હું જાહારે નાલ્લી ઉતી ને મહારી માસતરણ મહને એક નાટકમાં લઇ ગયલી, જે નાટકમાં નાટકવાલાએ સ્ટેજપર બાર વરસની અંદરના છોકરાંઓને ગાવા બોલાવેલા, જે વખતે મેં ઘણીજ દલગીરી સાથે જોયું ને સાંભરીયું તો આંઠ વરસની પારસી બુચીએ "કહું કાંહાંસે શરમકી એ બાત, એએએ, કહું કાંહાંસે શરમકી એ બાત, મુશકીલસે કતતી હુએ રાત" એવું નાટકનું ગીત ગાયલું. મહારી માસતરણ તો ખરેખર કમકમી, ને તે મેં કાનોકાન સાંભરીયું તો તે ઘણીજ ઘણીજ ફફડી. જોની માય, માટીડાઓ એવા એવા ગીત ગાય તો ચાલી જાય, પણ આએ તો વરી અવધીજ થઇ ગેયલી! નાજુક કુમરૂં બચ્ચું એવાં એવાં ગીત નહાનપણથીજ ગાય તો તેના મગજપર કેવો બુરો આઇડીઆ પેવસ થઇ સકે! વાસ્તે એવાં એવાં પ્યારના ગાયણો જુવાન જમાન છોકરીઓને વાસ્તેના નથીજ."

"તાહારે તહમે તો માયજી મહારા મ્યુઝીકપર આંકોશ મુકોછ !" શેહેરૂં મોંહ ફુલાવીને બોલી.

"નહીં, તું ભુલેછ, મહારી વહાલી દીકરી, તું ભુલેછ." મેં તેના માથાપર હાથ મુકીને તેનું માથું પસવારતાં પસવારતાં સમજાવ્યું "હું તહારા મ્યુઝીકના શોખપર આંકોશ મુકતીજ નથી, હું કાંહાં કેહુંછ કે તું મ્યુઝીક પ્લે ના કર, ને ગાયણો ના ગા! હું તો તુને સંગીત-કળા સીખવા કેહુંછજ, પણ મહારી મતલબ એ છે કે છોકરીઓએ તો બાનુ શીક્ષકો પાસેજ કેલવણી લેવી જોઇએ, ને વરી પ્યાર ફ્યારના છાપ આપનારા ગાયણો નહીંજ સીખવા ને ગાવા જોઇએ, પણ ખુદાઇ ગઝલો અને દુન્યવી નાપાયદારીપર તથા બીજી એવી એવી ઘણી ઘણી સારી ચીજો હોયછ તેનોજ અભ્યાસ કરવો જોઇએ. જો હુંબી મ્યુઝીક જાણુંછ, મેં તહમારા ઘેરમાં આવ્યા પછી કોઇ દાહારે ગાયું નથી, પણ જો હું તુંને આજે ગાઇ સમજાવું. એ ગાયણ મહારી માસતરણે સીખવેલું.

"તહમારી માસતરણ તાહારે એ હીસાબે ઘણીજ હુસ્યાર, મમમા." શેહેરૂં સમજીને બોલી.

"હા દીકરી, એ બધા પરતાપ તે બીચારીનાજ છે, તે તો બીચારી ગુજરી ગેઇછ, પાક ખુદા તેને બેહેસ્તની જગા આપે, પણ આજે મહને પોતાનો સીખામણનોજ વારસો આપી ગેઇછ. જો સાંભર, હું તુંને તે કવવાલી સંભરાઊં:—

"રફતા રફતા યેહે જહાં બીલકુલ ફના હો જાએગા,
એક દીન આબાદ સબ મુલ્કે બકા હો જાએગા.

લખ્તે દીલ, નુરે નઝર, કોઇ નહીં આએગા કામ,
પાર જબ ઝીંદગીસે તીરે કઝા હો જાએગા.
ગુલસા રૂખ, નરગીઝસી આંખે, ખાકમે મીલ જાએગી,
જબ ઝમીને સર્દપર બીસ્તર તેરા હો જાએગા.
લગ ગયા જીસ દમ તમાંચા મૌતકા અએ પહેલવાં,
દસ્તો પા હર એક શીર તનસે જુદા હો જાએગા.
હાથ ખાલી જાએગા ઇસ આલમે ફાનીસે તું,
ઉમ્રકા લબરેજ જબ પ્યાલા તેરા હો જાએગા.
જીતેજી કે યાર હંય, યહે સબ અઝીઝો અકરબા,
મૌતમે રખકે તુજે હરએક જુદા હો જાએગા.
માલો દૌલત રાહે હકમે ગર લુટા દેવેગા તું,
તુજ અંધેરે કોઇ જાઅમે ચાંદના હો જાએગા.
ઉમ્રે દો રોઝાપે કયું શીરતા હએ ભુલા અએ બશર,
દેખ લેના એક દીન, તુંભી ફના હો જાએગા."

"શાબાસ માયજી" શેહેરૂં ખરા દીલની ખુસીથી બોલી પડી "હું હવે તહમારી સીખામણ હંમેસા યાદ કરસ, ને તહમે કેહોછ તેવાંજ ગાયણો સીખસ. હવે માયજી, તહમે મહને એક ચીજ પુછવા દેઓ તો તહમારી મોટી મહેરબાની."

"પુછની દીકરી, મોટી ખુસી સાથે." મેં તેના સુવાલા નરમં બાલોપર હાથ ફેરવતાં કહયું.

"માયજી, તહમારા આવા આવા ઉમદા વીચાર છે તો પછી કન્યા કેલવણીને વાસ્તેનો તહમારો અભીપ્રાય કેવો?" શેહેરૂંએ ખુલ્લાં

દીલથી પુછ્યું.

"કન્યા કેલવણી તો દીકરા જરૂર હોવીજ જોઇએ." મેં કહયું "પણ સઉ હદમાં, છોકરાઓને જે મુજબ કોલેજમાં મોકલીને બી. એ. ને એમ. એ. બનાવવામાં આવેછ ને ડાકટર ને બેરીસ્તર કરવામાં આવેછ તેટલી બધી કેલવણી છોકરીઓને આપવાનીજ ફોકટની છે. છોકરીઓને મધ્યમસરની કેલવણી આપવી જોઇએ જેથી તેઓ પોતાનો સંસાર ઉમદા રીતે ચલાવે, ને ઘર ચલાવવાની કેલવણી મલવા સાથે છોકરીઓ સંસાર સારી રીતે ચલાવતા જાણે તેજ બસ છે. વારૂ, જોઉં દીકરી તહારી સરગમ નોટેશન ઉતારેલી એ ચોપરી લાવ જોઉં, એમાં જે જે ગાયણો સારા હોય ને છોકરીઓને સીખવા લાયક હોય તે હું રેહેવા દેઉં ને બાકીના છેકી નાંખું."

"છેકી સું, પાના ફારીજ નાંખો, મમમા." શેહેરૂં બોલી.

"મહારી ડાહી દીકરી" મેં કહયું "દીકરી, જે ગાયણો આપુને લેડીઝોને લાયકના નહીં હોએ તે કદી વાંચીએ નહીં. મોંને કરીએ નહીં ને સાંભરીએબી નહીં—છોકરાઓનેબી બચ્ચાં છોકરાંવાલા ઘેરમાં તો એવાં પ્યાર ક્યારના ગાયણો મોટેથી ગાવા નહીંજ જોઇએ, તોબી એમ સમજો કે કદી કોઇ છોકરો ભુલમાં ઘેરની અંદર એવાં ગાયણો ગાયબી તો તેવાં ગાયણો સાંભરવાબી છોકરીઓએ ઉભા રેહેવું નહીંજ જોઇએ."

"વારૂ, માયજી" શેહેરૂં બોલી, અને તેણે પેલી ચોપડી મહારા હાથમાં મુકી. તે ચોપડીમાં પેહેલાં પાનાપર નીચલી ગઝલ હતી:—

"ઇશ્કકા ખંજર લગા હુએ દીલપે કારી ઇન દીનો,
ઝખ્મકી સુરત હુએ, ખુન આંખોસે જારી ઇન દીનો.
બાગમે જાતી હુએ ઉસ ગુલકી સવારી ઇન દીનો,
મુંહ ચુરાએ ફીરતી હુએ બાદે બહારી ઇન દીનો.
ભોલી ભાલી સુરતપર ન્હે દીલ ફડકતા હુએ સનમ,
ક્યા ન્હેહી સુરત હો ગઇ હુએ પ્યારી પ્યારી ઇન દીનો!
થંડી સાંસે ભરતા થા હરદમ એ ગુલ તેરે લીએ,
સચ બતા તેરી વોહ આંખે કાંહાં બસી હુએ ઇન દીનો?"

મેં એ ગઝલ કાહાડી નાંખી, બીજા પાનાપર નીચલી ગઝલ હતી જે મેં રહેવા દીધી:———

"ઉસીકો મીલા હુએ ખુદા ચુપકે ચુપકે,
જો કરતા હુએ યાદે ખુદા ચુપકે ચુપકે.
જો હુએ મેરી હાજત દીલા જલ્દ ઉસકો,
ઇલાહી તું કર દે રવા ચુપકે ચુપકે.
ગુન્હા જો કરતે હુએ પોશીદા સબસે,
સઝા ઉનકો દેગા ખુદા ચુપકે ચુપકે.
બડા મરતબા ઉસકા મોએસરમે હોગા,
જો દેતે હય રાહે ખુદા ચુપકે ચુપકે."

એવીજ રીતે મેં શેહેરૂની ચોપડીમાંની પ્યારની ચીઝો કાહાડી નાંખી, ને "ચુપકે ચુપકે" જેવી ઉમદા ગઝલો કવ્વાલીઓ વીગેરે રેહેવા દીધી. શેહેરૂં તે ચોપડી લીધા પછી મહારો પાડ માનતી ગઇ "મમમા, હું તહમારી સીખામણ કદીબી ભુલસ નહીં."

"મહારી વ્હાલી ડાહી દીકરી" મેં તેના ગાલપર એક બોસો લેતાં કહ્યું.

પછી તે ગઇ, અને હું ઘણીજ ખુશી થઇ. ખુશી એટલાં માટે કે મેં મહારા ઘેલા ચાંચીના કુટુંબના મેમબરોને લગભગ સુધારી નાંખ્યા હતાં, અને હવે અસલી ચક્કરપણું જાજું દીસ્તું નહીં હતું.

* * * *

વખત પવનની પીઠપર જાણે ઉડી ચાલ્યો!

એક વરસ પસાર થયું.—એ એક વરસમાં હું ઘણી વખત ઉદવાદે જઇને મહારાં માબાપ તથા ભાઇને મલી આવી હતી, તેઓ ઘણાંજ સુખી સુખીઆરાં હતાં જેથી મહારી આંખોને ટાઢક વલતી. હવે થોડા દીવસોમાં તેઓ આવીને મહારી સાથે મુંબઇના બંગલામાં રેહેનાર હતાં. મહારાં માબાપ તો અત્યાર આગમજના મહારી સાથના રહીબી ગયલાં હતે, પણ રૂસ્તમ જે નહીં આવવા માંગતો હતો તેને લીધે તેઓબી નહીંજ આવી શકયાં. પણ, હવે રૂસ્તમે માન્યું, અને મુંબઇ આવવા તઇયાર થયો.

મગર, અફસોસ!—મહારી પ્યારી માદર મહારી સાથે આવીને વસે ને મહને વધારે સુખી બનાવે તે અગાઉ તો તેનાથી છુટી થવાનું મહારી સરજતમાં બન્યું! અરે તે કમનસીબ જુદાઇ!

એક દીવસ હું નાસ્તો કરીને ઉકરજીની પાસેજ બેઠેલી ખુશ ગુફતેગો કરતી હતી, તેટલાં તે દીલ ઝખ્મી કરનારો તાર આવ્યો! તે તાર ઉકરજીએ મહને વાંચવા આપ્યો, ને ઓ કમનસીબી! તે તાર વાંચતાં વાંચતાં હું પુરોબી કરી શકી નહીં, દશ બાર શબ્દ જેટલા

શબ્દેઓ પુરા મ્હારેથી વંચાયાજ નહીં, ને એહોશ જેવી મ્હારા ઉક-રજીના હાથોમાં પડી ગઇ."

"ગુલ, પ્યારી ગુલ, સું છે?" ઉકરજીએ ગભરાઇને પુછ્યું.

"ઉકાં, હું ખરેખર કમનસીબ છેઉં" મેં ગલગલા સાદે કહ્યું "મ્હારી પ્યારી માદર, મ્હારી પ્યારી માદર, જ્યારે મ્હારી પાસે આવીને રેહેવાની થઇ તેજ વખતે——"

"સું થયું?" ઉકરજીએ ગભરાયલા ગભરાયલા પુછ્યું.

"બીચારી એકાએક મરી ગેઇ!" મેં મોટેથી રડી પડતાં કહ્યું "ઉકાં, તાર જણાવેછ કે મ્હારાં માય બીચારાં એકાએક ગુજરી ગીઆં."

"માય ગુજરી ગીઆં!" ઉકરજીએ ખરા દીલથી અજાયબી બતાવી.

"હાઆ." હું ઉકરજીના હાથમાંથી લપેરો ખાતાં ખાતાં ઉઠીને બોલી "ઓ માય, માય! જાહારે તાહારો સુખનો વખત આયો તાહારેજ તું ચાલી ગેઇ! દુખ ખમી ખમીને ખમતી'તી તાહારે જીવતી રેહી, ને જાહારે સુખ આયું તાહારેજ તું ગુજરી ગેઇ!" અને હું ડુસકે ડુસકે રડી.

મહને મ્હારા ઉકરજીએ ઘણી સમજાવી, પણ મ્હારા જીગરમાં થયલું તે નવું દર્દ કેમ જલદી સાજું થવાનું હતું!

તેજ દીવસે દાદીને લઇને હું ને ઉકરજી ઉદવાદે ઉપડી ગયા.

પ્રકરણ ૮ મું.

પંચાતી—જુદાઈ.

અમો ઉદવાદા ગયા પછી જાણ્યું કે મહારી માદર આગલી રાતના ખાધા પીધા પછી ખુશાલ જીવે બીછાનામાં સુતી હતી, અને બીછાનામાં સુવા પછી આશરે અર્ધેક કલાકે તેણે પોતાની છાતીમાં દુખારો થવાની ફ્રીયાદ ઉઠાવી હતી. મહારા બાવાએ માયજીને કોલન-વૉટર ભર્યું હતું, પણ દુખારો વધારે થવાથી એ લોકથી થોડેજ દુર રેહેતા એક હીંદુ વઇદને બોલાવવા રૂસ્તમ દોડી ગયો, પણ તે સંગ-દીલ વઇદ પોતાની મીઠી નીંદને ખોહવાના ખ્યાલથી બીછાનામાંથી ઉઠયોજ નહીં હતો, અને રૂસ્તમને તેથી દુર બે માઇલપર રેહેતા એક પારસી ડાકટરને જઇને તેડી લાવતા વખત થઇ ગયો હતો. રૂસ્તમ પેલા જરથોસ્તી ડાકટર સાથે ઘરમાં આવી પહોંચે તેટલાં તો બીચારાં માયજી ગુજરીબી ગયાં હતાં!

સાંભલવા મેલે પેલા જરથોસ્તી ડાકટરે તે રાતના અમારીજ બંગલીએ રહીને સહવારના તે હીંદુ વઇદપર ઘણોજ ગુસ્સો ખાલી કર્યો હતો, અને તેને પોતાના ધંધાને જે અયબ લગાડી હતી તેને માટે એક મોટું ભાશણ આપીને પેલાને બરડે પાણી ઉતરે તેમ લોકા લોક વચ્ચે તેનું નાંખ કાપીને તેના હાથમાં આપ્યું હતું. "તહમે લોક માકર ને ચાંચર મારતા નથી" પેલા જરથોસ્તી ડાકટરે તે હીંદુ વઇદને જતાં જતાં કહી સંભલાવેલું કહેવાય છે "તહમે લોક માકર ને ચાંચર

મારતા નથી, ને આવી રીતે એક આખા માખા માણસને બેપરવા-હીથી મરી જવા દો એ શું પુણ્યનું કામ છે કે? તહમે તહમારા વઇદના ઉમદા ધંધાને યાદ રાખજો કે શરમ ઉપજાવનારો કલંક લગાડયો છે."

બીચારી મહારી માય! તે ખાઇપીને ખુશાલ જીવે સુતી ને પછી થોડાજ વખતમાં આ દુન્યા સદાની છોડીને ચાલી ગઇ, એના જેવું ઉમદા મોત બીજું કયું હોઇ શકે? મોતનો સંસારો જરાબી જાણ્યા નહીં છતાં ખુશાલ જીવે ફરી હરી બોલી ખાઇને ચપ દેતા કે મોતના પંજામાં જઇ શાંતીથી મલનારાઓ ખરેજ નેકીના ભરેલા માણસોજ હોઇ શકે. મહારી માદર જે નેકી ને નીતીનો એક ભંડાર હતી તે પોતાની મનશની પ્રમાણે વગર તાંસવીસે, વગર દુખદરદે, આસાનીથી આ ઝીંદગી ખતમ કરી ચુકી હતી એ જો કે મહને જરા શાંતી આપ-નારો ખ્યાલ હતો,—તોબી તે વ્હાલી માદરને ખોહવા માટે હું ઘંણી રંજીદા થઇ ગઇ. અરે, જે વખતે હું તેને મહારા આસરા અને સાસરા તલે મજાહ મજાહ કરાવવાની હતી, તે મજાહનો મનમાં ને મનમાં હું પ્રોગ્રામ ઘડી ચુકી હતી, મહારી માદરે ખમેલી આગલી ગરીબાઇનો ખંગ તેને જાણે એક પલ્લામાં સોનું ને બીજે પલ્લે તેને બેસાડીને હું વાલી આપવાનો હવામાં કીલ્લો બાંધતી હતી—તેજ, તેજ વખતે તે બીચારી મહારેથી છુટી પડીને મહારેથી સદાની દુર થઇ હતી, જે ફટકો મહારે મન એક જબુનમાં જબુન ફટકો હતો, એ દર્દ મહારે મન જીગરના દર્દોનું સઉથી વધારે પીડાકારક દર્દ હતું, અને તેજ વટ-વટ મહારો હંમેશનો રહી જશે તેના ખ્યાલથી મહારો

જીવ જાણે ભરાઈ ભરાઇ જઇને ફરીયાદ કરતો, ને આહોઝારીનો દમ ભરતો! ગમ્નો ડુચો ગોયા ધુમાડાના વાદલા પેરે આાાને મહારા ગલામાં અટકતો, તોબી લાચાર. સરજતમાં જે લખાયલું હશે તે બની ગયું, અને એજ મોટા સખ્યારાથી મહારા જીવને જરા શાંતી મલી અને હું દીવસપર દીવસ જતાં ગમ્ વીસરવા લાગી. તોબી, કોઇ કોઇ વખત એવા જુસ્સા સાથે મહને તે મહારી વ્હાલી માદરની યાદ થતી કે હું ધ્રસાધસ રડી પડતી, પણ પાછું મોટું મન કરીને જીવને સમજાવતી કે "પાક પરવરદેગારની જેવી મરજી, તેનો પવીત્ર વીચાર શું હશે તે માણસ જાતને શું ખબર!"

ઉકરજી ને દાદી આંઠ દાહાડા મહારી સાથે ઉદવાદે રહયા, અને નવમે દીવસે મહારાજ કહયાથી તેઓ મુંબઇ જવા ઉપડયા. ઉકરજીને દર મહીને એકવાર પુના ખાતેના પોતાના એક ચાના વેપારીને મલવા જવું પડતું હતું તેમ આ વખતે તે દીવસ નજદીક આવી ચુકેલો હોવાથી વેપારના કામમાં ધીલ નહીં નાંખવા માટે સલ્લાહ આપીને મેં તેવણને જવા કહયું. મહને એખલી મુકીને જવા માટે તેવણ જતા જતા વટ-વટ કરતા હતા જેથી મેં કહયું "ઉકાં, દર મહીને એમ તો બે ચાર દાહારાની જુદઇ આપુને થાયછ કેની? તહમે જાઓ, તહમારા વેપારમાં મહારે ખાતર એમ ખલલ પરવા ના દેઓ, પુને જઇને વહેલા કે પાછા અહીંજ આવજોની, માયજીનો માસીસો કરીને પછી મુંબઇ જઇશું."

"મહારેથી આએ વખતે વેહેલું અવાવાનું નથી તેથીજ તો મહને દીલમાં 'લાગ-લાગ' થયા કરેછ, વહાલી ગુલ" ઉકરજી બોલ્યા

"આજેજ મુંબઇ થઇને અહીં કાગલ આવ્યું, તેંજ તો તે કાગલ ટપાલીના હાથમાંથી લઇને મહને આપ્યું કેની?"

"હા." મેં કહયું.

"તે કાગલમાં પુનાનો વેપારી લખેછ કે 'ઉકરજી શેઠ તહમને આ ફેરી નીલગીરી જાતે જવું પડશે, કેમજે ત્યાંના પ્લાનટેશનવાલાએ કાંઇ ઘોંટાલો કર્યો છે?'—એમ લખેલું છે ગુલ, જોની આએ રહી તે લાઇન, વાંચ."

મેં તે લાઇન મહારા ધણીના કાગલમાંની વાંચી અને બીના જાણી. હું કદીબી મહારા ધણીના કાગલો ઉખેડીને વાંચવાની આદત નહીં રાખતી હતી, અને તેથી મેં તે વાત જાણી નહીં હતી, તોબી જ્યારે મહને ઉકરજીએ તે વંચાવ્યું ત્યારે મેં કહયું "ડીયર ઉકાં, કંઇ નહીં—નીલગીરી સીધારજો, ને તહમે ગમે તો તાંહાંથી મુંબઇજ જજો, હું માસીસો કરીને આવસ."

"અરે તું માસીસો કરીને આવસે તેટલાં તો હું પુના ને નીલગીરી થઇને મુંબઇબી આવેલો." જરા હસ્તે ચેહેરે ઉકરજી બોલ્યા.

"તો ઉકાં મહારીપર બબે દાહાડે કાગલ અહીં લખતાં રેહેજો, મહારો જીવ ટીંગઇ રેહેસે." મેં કહયું.

"મહારા કલેજાં, દરરોજ એક પોસ્ટકાર્ડ નાંખસ, હવે તો બસની." ઉકરજીએ કહયું.

અને પછી ઉકરજી તથા દાદી ચા નાસ્તો કરીને મુંબઇ જવા નીકલ્યા.

* * * *

માયજીનો માસીસોબી વીટી ગયો.

હું મુંબઇ આવવાની તઇયારી કરતી હતી તેટલાં મહારા બાવાજી મહારી આગલ આવ્યા "દીકરી ગુલરૂખ, તું મુંબઈ સીધારે તે વખતે તહારા આએ બંગલાને તારૂં મારી જજે."

"હેંએં!" મેં અજાયબીથી કહયું "હું બંગલાને તારૂં મારી જાઉં ને તહમે ને રૂસ્તમ કાંહાં રેહો?"

"અમે રાવલપીંડી જઇએછ." મહારા બાવાએ કહયું.

"રાવલપીંડી?" મેં વલતી અજાયબી સાથે સવાલ પુછ્યો "રાવલપીંડી કોણુને તાંહાં?"

"રૂસ્તમે તાંહાં પોતાની નોકરી સોધીછ, કોઇ પારસી વેપારીને તાંહાં કલાર્કની જગા છે તાંહાં એ રેહેવાનો છે."

"કલાર્કની જગા!" મેં જરા ગુસ્સાથીજ અજાયબી બતાવી "મરે મહારા ઉકરજીની ગામેગામની પેઢીઓપર લોક રેહે, ને મેનેજર ને કેશીયરો થાય, ને ઘેરના છોકરાને બહાર બીજાની નોકરીએ જવાનું! મહારા ઉકરજીને કેહું તો એવણ પુના કે નીલગીરી જાંહાં એવણની પેઢીઓ છે તાંહાં ઓય દેતા કે રૂસ્તમને સારા ઓધ્ધાપર રાખે, ને મોટો પગારબી આપે."

"પણ રૂસ્તમ તો ઉકરજીને ધીકકારેછ કેની?" મહારા બાવા બોલ્યા "એ તો તહારી માયના બોલ–બોલને ખાતર અહીં ઉદવાદેબી રેહેલો, ને મુંબઇબી તહારી માયનેજ વાસ્તે એ જેમ તેમ આવવા કબુલ થએલો ઉતો, તોબી એ મુંબઇ કંઇ સારી નોકરી મલતે તો થોરાજ વખતમાં જુદો રેહેવાનો વીચાર કરતો'તો. હવે તો માય ગુલ, તહારી બીચારી માયબી બેહેસ્તણુ ગુજરી ગેઇ ને હવે અમુને એવા

ઓસીઆરા અવતારપર રેહેવા ગમતું નહીં."

"ઓસીઆરો અવતાર સાનો?" મેં કહયું "બાવાજી, હું સું તહમારી દીકરી નહીં?"

"એક વખત મુકીને એક લાખ વખત, મહારા બચ્ચા," બાવાજીએ નરમાસથી કહયું "પણ મહને તો એ મહારા દીકરાની સાથેજ રેહેવું જોઇએ, તું તો ખોદાય રાખે ઘેરબારની સુખી સુખા-યારી ને અકકલ શાનવાલી, તે તુંને હવે સંભાલની કસી જરૂરજ નથી રહી, તું તો ઉલટી અમુને સમાલે તેવી—પણ આએ આકલા, ઉતા-વલા ને માથાફરેલ છોકરાની સાથે તો મહને રેહેવુંજ જોઇએ."

"રેહો, એની સાથે તહમે રેહો" મેં સમજાવ્યું, "રૂસ્તમને ઉકરજી તરફ ધીક્કાર હોએ તો જુદા જખારા તહમે બેઉ જણા રેહો, પણ મુંબઇમાં મહારી પાસેના પાસેજ કેઠે રેહેવોની કે હું તહમુ લોકને જોઇને મહારો જીવ તો ખુસી ને સુખી રાખું. હું ઉકરજીને કેહીને રૂસ્તમને મુંબઇનીજ એવણની પેઢીપર રખાવસ. ઘેરમાંના છોક-રાઓ ઘેલા ચકરમ જેવા છે નો મુંબઇની પેઢી એ જો સારી રીતે સાચવસે તો ઉકરજી ઘણુજ એનીપર ખુસ થસે."

"પણ એ ઉકરજીની સાથે કામ પારવાજ નથી માંગતો તેનું કેમ!" મહારા બાવા બોલ્યા "એને હવે રાવલપીંડીમાં બધું લખીઆ વારીયુંછ ને તાંહાંજ એ તો જસે, એની બહોંસ તું નથી જાણતી?"

તેટલાં રૂસ્તમજ કેઠો અમારી વાત થતી સાંભલીને આવ્યો; "જો ગુલાં, હું તો મરતાં એ તહારા ઉકર કુકરની સીરીએમી—"

પણ મેં મહારા ધણીને થતા તે અંપમાન સામે પોકાર ઉઠાવ્યો

"રૂસી, હૅવ સૅન્સ–તું મ્હારા મોનાપર ને મોનાપર મ્હારા ધણીને એ રીતે અપમાન કરીને ઉકર—ફુકર કરે તે જરા થઇને મ્હને ગમતું નથી, ડોન્ટ બી સચ એ ફુલ નેકસ્ટ તાઇમ."

"ઓહોઓ." રૂસ્તમ બોલ્યો "ડોસાપર તો બધા ફુલ-ફુટેછ! હાબા, એ તો પેલા કેહે તેમ "રાજાને ગમી રાણી ને છાણા થાપતી આણી!" તેમ આએ વરી "રાણીને ગમ્યો બુધ્ધો મનારો પછી હોયને ગમે બુનારો!" તેવી વાત છે."

"આએ તહ્મારા બોલ? હું તુને અગાવરી ખેંચી લેવા કેહુંછ, રૂસ્તમ." મેં ગુસ્સાથી કહ્યું.

"ધીરે, ધીરે, બાઇ સાહેબ, ધીરે, ધીરે." રૂસ્તમે ટકોરની ઢબે કહ્યું. "તહ્મે એ બુધ્ધા સાથે પણુણીને મુંબઇમાં વકીલાતપણું કીએ દાહારથી સીખ્યા? વકીલોની કાણી મોટા મોટા બોલ કેહેવા બોલાયછ! 'બોલ પાછા ખેંચી લેઓ'" અને અહીં તેણે મ્હારી ખીજ પાડી.

"બાવાજી, રૂસીને તહ્મે અટકાવો, નહીં તો——"

"નહીં તો" રૂસ્તમ લાલચોલ થતો જતો બોલ્યો "નહીં તો તું સું કરી લેવાની ઉતી?"

"શરમ છે તુને" મેં જુસ્સાથી કહ્યું "બ્હેન ભઇ ભઇ કરે, ને ભઇ બહેનના નાતરામાં ફરે! તેમ તું મ્હારા બુરામાં છે! તું મ્હને આજે તાણા ને ચોબા મારેછ કે હું એક મતારાને પણુણી, પણ ઓ બેશરમ સું તહ્મારા હઇયાંસુના મગજમાં જરાબી યાદ નથી કે તુને ને બાવાને બચાવવા ને ઘેરની આબરૂ સાચવવા મેં મ્હારો સ્વભોગ આપીઓ!"

"ને મેં સું કીધું ?" રૂસ્તમે પુછ્યું "મેંબી બાવાને મદદ લાગવાજ તે પાકીટ ઉંચકી લીધેલી કેની ?"

"શરમ છે." મેં પાછું ભારથી કહ્યું "ગરીબઇને મદદ લાગવા ચોરી કરવી એ તો શરમની વાત છે. મેં કંઇ તહારી કાણી ચોરી કરીને માબાપને મદદ નહીં આપી, પણ મહારો જાતી સ્વભોગ આપ્યો, મહારી જુવાની મેં ખાકમાં મેલીને તમુને બચાવ્યા."

"મોટો વાઘ માર્યો !" રૂસ્તમ બોલ્યો "જઇને પઇસાના ઢગલા ઉપર બેઠી !"

"તુંને મહારી હાલતની અદેખઇ આવેછ ?" મેં કહ્યું "તો ખુદા કરે ને રૂસ્તમ તું બીજે ભવ મહારીજ માફક છોકરી થઇને આવે, ને તુંબી તહારી જુવાનીમાં એવાજ કોઇ પઇસાવાલા બુઢ્ઢાને પણણે." અહીં હું ડુસકે ડુસકે રડી પડી અને મહારા બાવાએ કહ્યું "દીકરી, રર ના."

"બાવાજી" મેં ભરાઇ આવેલી છાતીએ ધસાધસ રડી પડીને કહ્યું "જોવ, આએ માય જણ્યો ભઇ ! આજે એ મહારી બાજુ થઇને રેહેવો જોઇએ ને મહને મહારા જરાકબી દુખમાં મદદગાર થવું જોઇએ, તેને બદલે એ મહને કેહેવા તાણા મારેછ ? બાવા, મહારો જીવ જાણેછ" મેં તેટલાંજ જોશથી રડતાં કહ્યું "કે હું કેટલી સુખી છેઉં ! મેં એ તો મહારા જીવપર કરીનેજ કામ કીધુંછ, મહારા પઇસા ટકા ને વારી બંગલાને હું તો એખલી વીચારમાં બેસુંછ તાહારે કદુવા દેઉંછ—મહને મહારી જુવાન જીંદગીનો જાહારે વીચાર થાયછ તાહારે મહારો દીબો ભરઇ આવેછ, બો બરી ગીઆ એ

પઇસા ટકા."

"વધારે ટક ટક ના કર" રૂસ્તમનો અવાઝ નીકલ્યો "હવે જાણી તાંહારી લાહેરી, બીચારા બાવાને ના રરાવ. લે આએ તારૂ" તે ઝમીનપર બંગલાનું તાલું અફાલતા બોલ્યો, "લે આએ ચાવી, ને તહારા બંગલાનું સરસામાન જોઇ તપાસીને બધો ચાર્જ લઇ લે—અમે બેઉ જણા આજેજ જઇએછ. બાવા ચાલો, ત્રંક હજુર તો ભરવાની છે—એની પાસે ઉભા રહીને એમ રરો ના."

"જાઓ." મેં કહયું "બાવાબી તહારીજ સાથે આવેછ તો તહમે બેઉ સીધારો, ખુદા પાક તહમારી સાથે—મહારા નસીબમાં જુદાઇજ લખેલી હોસે તો પછી કેમ તહમે માહરી પાસે રહી સકસો? લેઓ બાવાજી" મેં પાસેજ પડેલી માહરી ત્રંકમાંથી મહારી પાકીટ ખેંચી કહાડીને મહારા બાવા તરફ ધરતાં કહયું "હમણાં જે મહારી પાસે છે તે તહમે લેઓ, એમાં વીસેક ગીની રેહેલી છે—મુંબઇ જઇને હું તહમુને તહમે જાંહાંબી હોસો તહાં પઇસા મોકલી આપસ."

"મોટી પઇસાવાલી આવી!" રૂસ્તમ મીઝાજથીજ બોલ્યો "બાવાજી, મુકી દેઓ એની પાકીટ—આજથી હું મહારી મુએલી માયના કસમ ખાઉંછ કે તહારા પઇસા મને હરામ છે. હું પોતે કદીબી તહારા પઇસા લેવસ નહીં, ને મહારા બાવાનેબી હું લેવા દેવસ નહીં! બાવાજી, છોરો એ પાકીટ, જો લેસો તો હું તહમારી સાથે પંચાતી કરસ."

"રૂસ્તમ, જુલમ ના કર." મેં દુખી દીલે પોકાર માર્યો "એટલો બધો જુલમ સારો નહીં. તું નથી લેવાનો તો ચુકયું, મારા બાવા-

જીને તો મહને મદદ લાગવા દે."

"હું મહારી પ્યારી મરહુમ માદરના કસમ ખાઉં છ કે આજના દીવસે અને પછીથીબી ત્હારી તરફથી આવનારા એક દોહરીઆનેબી હાથ નહીં લગારૂં ને બાવાનેબી તહારા પઇસા નહીંજ લેવા દઉં.—રાવલ-પીંડીમાંબી જો કંઈ બાવાપર મોકલ્યું છ તો મહને ને બાવાજીને પંચાતી થઇ જસે, ને અમારા મરઇ છુંદઇ પરવાના પાપની તું જવાબદાર રેહેસે. તારો એક પઇસોબી મહને ને બાવાને હવે જોઇએ નહીં—ને એક હરફબી કદી અમુને લખતી ના. તું આજથી અમારે મન મરી ગેઇ, ને અમે આજથી તહારે મન મરી ગીયા. જા, હવે અહીંથી ખસી જા. અમારી એક બે ત્રંક છે તે લેવા દે, ને જવા દે."

હું ઘણીજ ઉશકેરઇ ગઇ, અને ત્યાંથી એકદમ ચાલી ગઇ. બે કલાક પછી મુંબઇ તરફ જતી એક ત્રેન હતી એટલે તાંગો જોડાવીને હું સ્ટેશનપર ચાલી ગઇ, અને ત્રેનમાં બેસીને મુંબઇ ગઇ.

મુંબઇ પહોંચતાં મહને જણાયું કે ઉકરજી હજુણ સુધી મુંબઇમાં આવ્યા હતા નહીં. દાદીની બાંહેધરી હેઠલ ઘેર ચાલેલું તેમજ ચાલતું તું, ને બધાં ઠીક હતાં. દાદીએ મહને લખ્યા મુકયા વગર મુંબઇ ચાલી આવવા માટે પુછ્યું, જેને મેં બધું વીગતવારે સમજાવ્યું. દાદી બીચારો દીલગીર થયો, મહારા તરફ એ મહારા વડા છોકરાની ઘણીજ લાગણી હતી, અને મહને જરાકબી દુખ થાય તો તે "માય માય" કરીને બીચારો મહારી ખરા પેટના બચ્ચા તરીકે મેહેનત કરતો ને બરદાસ્ત પણ લેતો. ઉદવાદેથી ખીજવાયલી આવ્યા પછી મહને તાવ થઇ આવી, તે દાદી દીકરાએ દોડી ધામાંને પાસે રેહેતા બમે

ડાકટરોને બંગલે બોલાવ્યા, કારણ અમારે ત્યાંનો વરસાનીઓ ડાકટર છેક સ્હાંજના આવતો હતો.

બીજે દીવસે ઉદવાદેના બંગલાના મેનેજરે કાગળ લખીને જણાવ્યું કે મહારા બાવાજીને ભાઇ બેઉ ગયા હતા.—તેજ દહાડે મહારીપર નીલગીરીથી લખાએલું એક કાગલ આવ્યું, જે ઉકરજીનું હતું. તેમાં ઉકરજી લખતા હતા કે તેવણ બીજા બે ચાર ગામો તરફ ફરીને બીજા પંદર દીવસ પછી આવનાર હતા.

પ્રકરણ ૯ મું.

એક પરમારથી કામ—એક અજબ સંજોગ.

બીજે દીવસે સહવારના ચાપાણી કરી લઇ હું-દાદી, અદી, બાનુ, શેહેરૂં કે હીલ્લું, કોઇનેબી લીધા વગર એખલીજ ગાડી જોડાવીને ફરવા ગઈ. મહને ફરવા માટે શાંતી ભરેલું મન જોઇતું હોવાથી મહારા બચ્ચાંઓમાના કોઇનેબી સાથે લેઉં તો વાતચીત ને ટકટક થાય તે મહને નહીં ગમે તેથીજ હું એખલી ગઈ. ખરૂં પુછો તો તે સહવારે હું વાત કરવાના કે કંટાલો ખમવાના મુદદલ "મુડ"માં નહીં હતી. મેં ધાર્યું કે જરા ફરી હરી લેતાં જો ઠીક લાગ્યું તો મારકેટ તરફ ફેરો મારીને કંઇ ખરીદીબી કરતી આઉં, તેથી મેં મહારી હંમેશની આદત મુજબ મહારી પાકીટબી સાથેજ લઇ લીધી.

ગાડી ગીરગામ તરફ આવી લાગી ત્યારે મેં જોયું તો એક દુકાન આગલ ગીરદી થયલી હતી અને કોઇ એક પારસી કોઈ મારવાડીને પગે ને હાથે લાગતો હતો અને બધો રડમસ થઇ ગયલો. કેટલા માણસો તે દુકાનમાનો સામાન બાહાર કાહાડતા હતા અને ગોઆનીસ જેવો કોઇ ફીરંગી ઇંગલીશ દરેસમાં પેલા પારસીને દમ ભરાવતો હતો. ગમે તેટલોબી તે પારસી બીચારો કાલાવાલા કરતો તોબી પેલો મારવાડી પોતાનું પાનછેરયું હીલવીને નાનુંજ ડોકું કરતો. આ વખતે મહારી ગાડી જે ધીમી ચાલતી હતી, તેને મેં એકદમ ઉભી રાખવા ઘોડાવાલાને કહયું. સઇસ હેઠે ઉતર્યો, અને કોચમેને ગાડી થોભાવી.

ટોલામાં જમા થએલા માણસોમાના એક વાણીઆને મેં ગાડીમાંથીજ પુછયું "એ અહીં સું છે બા? પેલો પારસી કોણ છે?"

"એ બાઇશાબ, એ તો બશારા પેલાં પારશીપર ઓલો મૅારવાડી ટાંચ લાવ્યો શે–તેની બધી આ રીકઝીક શે. બશારો ગમે તેમ કાલાવાલા કરે શે પયણ મૅારવાડી મોનતો નથી, ને ગરીબ દુકાનદારનો બશારાનો શોમન ઘશડી જાએ છે." પેલા વાણીયાએ કહયું.

વીજલીનો એક ઝટકો લાગ્યો હોય તેમ મહને અમારી ગરીબાઈ વખતે લાવવામાં આવેલી ટાંચ તથા તે વખતની અમારી કફોડી થઇ પડેલી હાલતનો ખ્યાલ આવ્યો, અને હું ગાડીમાંથી નીચે ઉતરી, અને આગલ વધી.

મહને ટોલામાંના માણસોએ જગ્યા કરી આપી અને હું આંસાનીથી પેલા કાલાવાલા કરતા પારસી, તેના માંગનાર મારવાડી, અને

પેલા ફીરંગી પાસે જઇ શકી. મેં આગલ જઇ પહોંચતાજ પેલા ફીરંગીને, જે હું હવે સમજી ગઇ હતી કે એલીફ હતો તેને, મેં ઇંગલીશમાંજ પુછ્યું "આએ મારવાડી કેટલા રૂપ્યાને વાસ્તે ટાંચ લાયોછ?"

તે એલીફે ઘણીજ અદબથી કહયું "બાનુ, બસો રૂપીઆને વાસ્તે."

"ઠીક છે, તહમે ટાંચ ઉંચકી લેઓ" મેં કહયું "હેલકરીઓને માલ પાછો મુકી આવવા કેહો—ને લેઓ આએ રૂપીઆ" એમ બોલતાંજ મેં મહારી પાકીટમાંથી બે નોટ કહાડી આપી.

પેલો પારસી તો બીચારો થોડો થોડો થઇ ગયો, તે મહારા પગો આગલ પડીને બોલ્યો "બહેનજી, તહમે મહારા ગરીબની મદદે ફરેસ્તાજ આયા, હું તહમો બહેનજીનો મહારી આખી જીંદગી સુધીનો આભારી થયોછ."

"ઉઠો ભઇ." મેં કહયું, "મેં કંઇ એવું મોટું કામ નથી કીધું જેથી એમ મહને પગે લાગવાની તહમુને જરૂર હોય, મેં એક જરથોસ્તી તરીકે મહારી ફરજ બજાવીને બીજા જરથોસ્તીને મહારી નાચીઝ મદદ આપીછ."

"ખુદા પાક તહમારા જેવા જરથોસ્તીઓને જરથોસ્તીઓના સરપર સલામત રાખે." તે બોલ્યો "આજના કફોડા વખતમાં હવે હમજાતને જોવાની ને તેને મદદનો હાથ આપવાની એટલી બધી તો કોમમાં ઓવઇ નવઇ થઇ ગયલી છે કે તહમારા જેવા હમજાતની દાઝ રાખનારા જરથોસ્તીઓને તો લાખો લાખ શાબાસી ઘટે છે. તહમે જરા મહારા ગરીબની દુકાનમાં પાંચ મીનીટ આવીને બેસસો તો બાનુ તહમારો બહુજ ઉપકાર થશે."

તે દુકાનનો સામાન અંદર મુકી દેવામાં આવ્યો, બેલીફ ને મારવાડી પહોંચ આપીને ચાલી ગયા, લોકોનું ટોળું વીખરાઇ ગયું અને હું તે ગરીબ પારસીના આગ્રહથી તેની દુકાનમાં ગઇ.

"તહમે સાનો ધંધો કરોછ ભઇ, દરજીનો?" મેં પુછ્યું.

"હાજી, વેપાર કરવાને વાસ્તે પાંનસોક રૂપીઆ એ મારવાડી પાસેથી લીધેલા જેનાથી બે સાંચા ને બે ચાર કબટ ખુરસી ગોઠવીને હજુર તો હમણુંજ થરીથામ થયલો, અને થોરાક મોટે ઘેરના તહમારા જેવા મોટા ખાનદાનના બાનુઓનું સીવવાનુ સારૂં કામ થોડુંક પરજ મળેલું, તેટલાં તો એની મુદત પાકી ગેઇ ને એને પઇસાની માંગણી કીધી. બીજે ઠેકાણેથી ઉછીના લાવીને તનસો તો હજુર બે મહીનાપરજ આપેલા પણ સામભેના હીંદુ દુકાનવાલાએ કારસ્તાન ચલાવીને માર-વાડીને ઉશકેર્યો તે બાકીના બસેની ડીક્રી કરાવીને આજે સહવારના પોહોરમાં ટાંચ લઇ આયો. સારૂં થયું કે તમે આવી લાગા બાનુ. નહીં તો આજે મારો સામાન બધો ઘસરી ગીઆ હોતે ને મહારી રોટલી વીખરાઇ ગેઇ હોતે—ખુદા પાક તહમુને સુખી કરે. તહમારૂં મુબારક નામ મહને કેહો બાનુ કે હું રોજ ભણતી વખતે તહમારૂં નામ તંદોરસ્તીમાં લેઉં. હું એ તહમારી મદદ કદી બી ભુલસ નહીં, ને પેહેલી ટકે મહને પાક ખુદા હાથમાં પઇસા આપસે તો તહમુને પગે પડીને એટલા રૂપીઆ આપી જવસ બાનુ."

"નહીંજી." મેં કહયું "એ રૂપીઆ મહને જોઇતા નથી, પણ હું તો તહમારા જેવા સારી નીયતના જરથોસ્તીને તેના ધંધામાં મદદ કરવા ઉલટા વધારે રૂપીઆ આપવા માંગુછ. એક હજાર રૂપીઆ

ચાલસે ની?"

"ઓ બીશીયાર થયા, બાનુ" તે હરખના પાણી આંખમાં લાવીને બોલ્યો, અને પાછો મહારા પગોપર પડીને તેણે કહયું "ઓ હું કાહારે તહમારો પાર વાલી રેવસ, તહમે મહારા કમનસીબના ખરા ફરેસ્તા જેવા મદદગારજ નીકળ્યા."

પણ મેં પાછું પુછ્યું "તહમો ભાઇને એટલા રૂપીઆ તહમારા ધંધામાં ચાલસે કે?"

"મેં કહયુંની બાનુ મેહેરબાન, કે એ બીશીયાર થઇ ગીઆ. ખુદા પાક જો આપવાનો હોસે તો તહમારા સબકતા હાથના એટલા એક હજાર રૂપીઆમાંથી મહને નીહાલ કરી નાંખસે." તે હાથ જોડીને થોડો થોડો થતો બોલ્યો, "મહને પુછવાની રજા છે બાનુ કે આપનું મુબારક નામ?"

"જી, મીસીસ ઉકરજી હીરામાણેક." મેં કહયું. "મહારૂં નામ ગુલબાઇ."

"બહેન ગુલબાનુ" તે બોલ્યો "હું તમારો ને તમારા ધણીના નોકર જેવો થાઉં—"

"અરે એ તહમે સું બોલોછ?" મેં તેને અટકાવીને કહયું.

"નહીં બાનુ" તે પાછું બોલ્યો "હું તો તહમારા નોકર જેવો છેઉં, પણ તમારૂં જેબી કામ જેવે વખતે કેહેશો તેવે વખતે હું કરી આપવા તઇયાર થવસ."

"તમારૂં નામ?" મેં નહીં પુછવા માંગતી એબી એકાએક ને એકદમ પુછી લીધું.

"જી મહારૂં નામ શીઆવક્ષશાહ રૂસ્તમજી ખેરગામવાલા." તે બોલ્યો, અને મહને તે નામ સાંભળવાથી વીજળીનો એક ઝટકો લાગ્યો હોય તેમ દીલમાં લાગ્યું. માયજી પોતાના પઇસાવાળા બંધેવીનું નામ રૂસ્તમજી ખેરગામવાળા કેહેતા'તા! તોબી મેં મનને કહ્યું કે એવા તો બીજા રૂસ્તમજી ખેરગામવાલા બીજા ઘણાબી હશે. પણ, મેં જાણવા સારૂં પુછ્યું "તહમે હંમેશ મુંબઇના રહેનારા?"

"નહીંજી" તે બોલ્યો "મહારા માય બાવા સાથે દખણ હૈદ્રાબાદમાં હું તો રેહેતો'તો."

"દખણ હૈદ્રાબાદ?" મેં મનમાં મહારી અજાયબી દાબી રાખીને ચેહેરો શાંત રાખતાં પુછ્યું.

"હાજી" તે બોલ્યો "મહારા માયબાવા ઘણાજ તવંગર છે. પણ હું આજે આએ હાલતમાં મુંબઇમાં સબરૂંછ!"

"તે કેમ?" મેં આતુરતાથી હવે પુછ્યું.

"જી" તે ગમગીન થઇને બોલ્યો "મેં હૈદ્રાબાદમાં એક છોકરીને પણવાનું વચન આપ્યું, તે છોકરી ગરીબ હોવાથી મહારા માબાપ મહારીપર ગુસ્સે થયાં અને જાહારે મેં મહારૂં વચન પાલીને તે છોકરી સાથે છુપાછુપ લગન કીધાં તાહારે મહને ને મહારી ગરીબ ધણીઆણીને મહારા માબાપે પોતાના ઘેરમાં નહીં લીધા—ને મહને એક અરધી વગરનો કરીને ઘેરમાંથી હાંકી કાહાડયો."

તે જરા દમ લેતો ગમગીન આંખ્યોએ થોભ્યો, તેટલાં મેં મનમાં કુદરતની બદલો આપવાની તારીફ લાયક રીતને વખાણી. અરે, આએ તેજ છોકરો હતો જે મહારા માસીનો છોકરો હતો. મહારા

મમાવાએ મહારી માયને મહારા બાપ જેવા ગરીબ સાથે પરણવા સારૂ ઘરમાંથી પાઇબી આપવા વગર હાંકી કાહાડી મુકી હતી અને મહારી હૈદ્રાબાદવાલી માસીને બધી દોલત મરતી વખતે આપી હતી—અને તેજ હૈદ્રાબાદવાલી માસીએ મહારી માયને તે પછીથી એક ગરીબ સાથે પરણવાના બાપીકા અભાવને પોતાના દીલમાંબી સમાવીને મહારી માતાને પોતાની દઉલતથી ઓવારનીવાર કરીને રખડાવી હતી—અને આજે! હું મહારી આંખ સામે શું ખેલ જોઉં છું? અરે, કુદરત તહારી ગતી ન્યારીજ છે! તહારો ખેલ અજબ અચુક છે.—તેજ, તેજ, ઇતીહાસ પાછો પેટના બચ્ચાએજ રજુ કર્યો હતો! આએ મહારા માસીના છોકરા શીઆવક્ષે એક ગરીબ છોકરી સાથે શાદી કીધી હતી, અને મહારી માદરને ગયરઇન્સાફ કરનાર તેજ માસીને પોતાના જણેતા પેટના બચ્ચાનેબી કોડી વગરનો કરીને ઘરની બાહાર હાંકી કાહડવો પડયો હતો!

અને આ કેવો અજબ સંજોગ?

મહારી ગરીબ માદરને જે માસી એક પઇનીબી મદદ કદી થઇ નહીં હતી, તેજ માસીના છોકરાને બચાવવા મેં આજે મદદ આપી હતી! એ કુદરતનો કેવો અજબ સંજોગ!—ખુદા પાક જાણે કે એ સંજોગના પેટમાં વલી શું ભરમ છુપાયલો હશે?

ઓ માણુસ જાત! તું કદીબી અહેંકરાઈ ના કર, તું આજે કોઇના બનતા બનાવને જોઇને હસ ના, ને તેની મશકરીબી ના કર. કોણ જાણે તેવો બનાવ કદાચ કાલે તહારા બાબમાંબી બનશે, તો પછી આજનું તહારૂં હસવું કેવું તુંને દીલમાં દંખ મારશે? માટે

કોઇના બાબમાં બનતા ગમે તેવા બનાવો તરફ જોઇને તું કદીબી હસ નહીં, તેવા બનાવો કંઇ અમથા બનતા નથી, તેનો બનાવનાર પાક ખુદા છે,—તો પાક ખુદાના બનાવેલા બનાવ સામે તું હસસે તો કાલે કદાચ તુંબી તેવીજ જંજાલમાં ફસસે.

મહારી માસીએ પોતાની માજણી બહેનને તેની ગરીબઇમાં મદદ નહીં આપી, આજે છતે પઇસે તેનો પોતાનો પેટનો છોકરો કરજદારી ને ટાંચની બુરાઇમાં આવી પડયો!

તોબી કોણ જાણે કે તે શું અજબ સંજોગ હતો કે અમુને ગરીબને હીણતી તેજ માસીના છોકરાનેજ આજે હું ચુપચાપ મદદની થઇ પડી હતી!—એમાંબી કાંઇ કુદરતની મતલબ હશે, કાંઇબી મતલબ વગર તો કદીબી કુદરત કોઇ સંજોગ બનવા દે નહીં, અને હું થોડો વાર વીચારજ કરતી રહી કે ભવીષ્ય કાલે કોણ જાણે શું ખેલ કરશે?

"તહમારા કોઇ ભાઇ બહેન હોસેની!" મેં અંજાણી થઇને પુછ્યું.

"હાજી" તે બોલ્યો "એક બહેન છે, ને તે શીલ્લું બહેનનેજ બધું માયબાપ આપી જવાના છે એમ મહને ધમકીબી તે લોકે આપેલી. મહારી બહેન જરા દયાળુ છે, પણ હાલમાં તેની પાસે થોરા પાકીટ ખરચના એકઠા કીધેલા સીવાએ કંઇ નથી, તોબી તે બીચારી બહેને મહારા મુંબઇ આવતી વખતે છુપેથી પોતાની પાસેના બસો રૂપીઆ આપેલા. અમુને પાકીટ ખરચ ઘણો નામનોજ મલે એટલે બીચારી વધારે સું કરીબી શકે! અમો ઘણીઆણી બેઉ કોટમાં એક ઓરડો ને રાંધણી લઇને બાર રૂપીઆના ભારામાં રહેલાં છઇએ, ને

આએ દુકાન છે—ખુદા પાક તહમુને સલામત રાખે તે તહમે મહારી આજે આબરૂ સાચવી !"

"આબરૂનો સાચવનાર પરવરદેગાર છે, ભઇ" મેં કહયું "હવે હું જાઉંછ, હું સ્હાજના તહમારે સારૂ રૂપીઆ મોકલસ."

"ખુદા તહમુને સુખી રાખે બહેન" તે નમીને બોલ્યો, અને પછી મહારી ગાડી સુધી તે પહોંચાડવા આવ્યો.

હું તે મહારા માસીના છોકરાને સલામ કરીને ગાડીમાં બેસીને ગઈ, તેબી બીચારો થોડો થોડો થતો મહારી ગાડી દુર વેર ગઇ ત્યાં સુધી ધારી ધારીને મહને જોઇને પછી પોતાની દુકાનમાં ગયો. તે બીચારાને સું ખબર કે હું તેની ગરીબ માસીનીજ છોકરી થાઉં જે આજે તેને મદદ લાગી હતી!

મહારૂં મન હવે સહવારની માફક નહીં હતું, પણ શાંત થયલું હતું. મહને હવે જાણે મહારા દીલમાં કંઇ આરામ થયો હતો. મેં આજે એક પરમારથી કામ કીધું હતું અને એક જરથોસ્તી હમજાતને મદદ લાગવાનાજ સાફ હેતુથી હું મહારા પોતાના મસીઅઇ ભાઇને મદદ લાગી હતી, એ કામ જાણે મહને બેવડી રાહત આપતું હતું.

મારકેટ તરફ ગાડી લેવાને બદલે હવે બહુજ મોડું થવાથી મેં મહારા બંગલા તરફજ ગાડી લેવડાવી. દાદી પેઢીપર જઇ ચુકયો હતો, અને ઘરમાં બધાં બીજાં છોકરાંઓ નાસ્તો કરવાના મહારીજ વાટ જોતા બેઠાં હતાં. જેવી હું બંગલામાં દાખલ થઇ કે મેં શેહેરૂનો સાદ સમજ્યો "ચાલો મમમાજી આયા, નાસ્તો કહરાવો."

પ્રકરણ ૧૦ મું.

તે નાતરસ કાગલ !

તે સ્હાંજના મેં હાથે જાતે જઇને મહારા માસીના શીઆવક્ષને (અલબત તેને સગાઇનો કાંઇબી સણસારો જાણવા દીધા વગરજ) એક હજાર રૂપીઆ આપી આવી, તે બીચારો "આનુ, તહમારો ઘણો ઘણો ઉપકાર થયો" વીગેરે પાછુ પગે હાથે લાગીને બોલ્યો, પણ મેં તેને અટકાવ્યો અને હવે તે હજાર રૂપીઆની વાત કોઇનેબી જાણવા નહીંજ દેવા તથા તે માટે ચકચાર નહીં કરવા મેં તેને જણાવ્યું. તેણે હું જ્યારે તેની દુકાનેથી પાછી ફરતી હતી ત્યારે પોતાને ગરીબને ઘરે આવવા વાસ્તે કહયું અને વલી તે હજાર રૂપીઆ બનતી ઉતાવલે પાછા અપાય તો સારૂ તેની વટ-વટ કીધી. મેં તેને હવે તે વાત ભુલીજ જવા તથા તે હજારમાંથી પાક ખુદા તેને ઘણું આપે તેવી દુવા ઇચ્છી, અને તે પછી હું ગઇ.

બંગલે જતાજ દાદીએ મહને ઉકરજીનું આવેલું કાગલ આપ્યું, તે કાગલના પરબીડાંપર રાવલપીંડીની પોસ્ટ ઓફીસનો છાપ હતો અને અંદર ઉકરજીએ જણાવેલું કે તેવણપર હવે નીલગીરીના પોસ્ટ ઓફીસની કેરમાં કાગલ નહીં મોકલવા, પણ રાવલપીંડીની પોસ્ટ ઓફીસની કેરમાં મોકલવા, તથા તેવણ બીજા દશેક દીવસ સુધીમાં મુંબઇ આવી શકનાર નહીં હતા એમ જણાવવા સાથે રાવલપીંડીના વેપારીને ત્યાં પોતાને અગત્યનું કામ નીકલી આવેલું હોવાનો ઇશારો

કીધો હતો. હું તે કાગલ વાંચીને વીચારમાં જરા પડી ગઇ, કુદરતે આ વલી બીજો નવો સંજોગ શું ઉભો કીધો હતો? જ્યાં ઉકરજી ગયા હતા ત્યાંજ રૂસ્તમબી નોકરીએ ગયો હતો! જો કે મેં ઉકરજીપર કાગલ લખ્યો તેમાં રૂસ્તમ સાથની પંચાતીનો એક હરફબી નહીંજ લખ્યો હતો અને મહારી મતલબ ઉકરજી ઘર તરફ આવે તે પછી ધીરે સાસ્તે રહીને બધી વીગતવારે વાત કેહેવાની હતી. —હું તે આખો દીવસ કોઇ અજબ ખ્યાલમાં લીન થઇ રહી, રખે એઉ સાલા–બંધેવી રાવલપીંડીમાં એક થઇ જાય ને ઉતાવલો–ઉછાળેલો રૂસ્તમ કાંઇ બોલા-ચાલી ઉપર આવી જઇને ઉકરજીને કાંઇ બોલે યા ગુસ્સાના આવેશમાં કોઇ જાતની મારફાડની વાત થઇ જાય! હું ધ્રુજ્યા કરતી હતી, કોણ જાણે રખે એ બેઉને કંઇ પંચાતી થવા વાસ્તેનો આ નવો સંજોગ થઇ ગયો હોય!—રૂસ્તમનું ત્યાં નોકરીએ જવાનું થાય, અને ઉકરજીનું તેવણના વેપારીને ત્યાં જવાનું થાય, એ કાંઇ સંજોગ હતો વારૂ?

બીજા ચાર દીવસ વચમાં ગબડી ગયા.

તે પછીની સહવારે એક કાગલ લાવીને મહારા હાથમાં દાદીએ મુક્યું. અમારાં ઘરમાં કોઇએબી એક બીજાના કાગલ ફોડવા નહીં એવો ચાલ રાખ્યો હતો. દાદાએ તે કાગલ મહારા હાથમાં મુક્યું કે હું તે ઉપરના અક્ષર જોઇને ઘણીજ અજબ થઇ ગઇ. અરે, આ શું? તે કાગલના કવરપર રાવલપીંડીનો છાપ હતો, તોબી તે ઉપરના અક્ષર ઉકરજીના નહીં હતા, પણ તે ઉપર મહારા ભાઇએ સરનામું કીધું હતું! હું બેહદ અજબ થઇ ગઇ, તે ભાઇ જે મહારી સાથે સખતમાં સખત તરછોડ કરીને ગયો હતો અને એક હરફબી મહારીપર

લખવા ના પાડી ગયો હતો તેણે ટુંક વખતમાંજ પોતાની બ્હેનને યાદ કરી એ અજબ કરનારૂંજ હતું. હું તેનો નાનપણથીજ ખારીલો સ્વભાવ ને તેનું સખત દીલ જાણતી હતી, તો એટલા વારમાં તેણે મહારીપર કાગળબી લખ્યું એ એક મોટામાં મોટી અજાયબીજ મહારે મનથી હતી.

મેં તે કાગળ વહેલું કે ઉખેડયું, અને તેની નીચેની સહીપર ઝડપથી નઝર નાંખી–તો બરોબર રૂસ્તમનીજ સહી નીચે કીધેલી હતી. મેં આગલું પડ પાછું ફેરવીને તેની શુરૂઆત જોઇ લીધી તો તે શુરૂઆતના કઠોર શબ્દોજ મહને તે બેકદર ભાઇના કપટી દીલની ગવાહી આપના હતા. તેણે કાગલનું સરનામું કાંઇજ કીધું નહીં હતું, પણ અવલ-માંજ તેણે 'વ્હાલી બ્હેન' યા અમથી 'બહેન' ને બદલે 'કંગાલ ગુલી' લખ્યું હતું !

મહને ઘણીજ રીશ ચઢી, હું તે કાગલને મહારા હાથોમાં ચુંઠી પીખીને તેના કટકે કટકા ઉડારી મુકવા માંગતી હતી, પણ મહારૂં દીલ માન્યું નહીં. તે કાગલમાં શું હશે તેની અતી આતુરતા મહને થવા લાગી. મહારી આતુરતાને લીધે મેં પાછું તે કાગલ તરફ જોયું, અને વાંચવા માંડયું. વાંચતા વાંચતા મહારા દીલમાં ધ્રુજરીપર ધ્રુજરી થતી હતી, મહારા કપાલપર પરસેવાના મોટાં ટીપાં ફુટી નીકલ્યાં અને હું જાણે મુઆ મુદડાંની માફક ધીલી, દમ જીવ વગરની થતી હોઉં, તેમ નસોસ પડતી ગઇ. મેં અધુરૂં વાંચેલું તે કાગળ પાછું પેહેલેથી વાંચવા માંડયું, કેમજે હું તે કાગલને કપટથી લખાયલું માનતી હતી અને તેના શુરૂઆતના વાકયેના બનાવને ખરા તરીકે

સ્વીકારવાજ જાણે ના પાડતી હતી. મેં તે પાછું વાંચવા માંડયું, તે નીચે મુજબ હતું.

" કંગાલ ગુલી,

તહારૂં કીસમત બલી ગયું, તું અભાગણીએ મોટા મોટા સહરૂકા તો ઘણા ભર્યાં પણ આજે તુંને તે સહરૂકાઓ ગરમ પડી ગયલા છે, તું તો જઇને પઇસાના ઢગલાપર ગોઠવઇ ને તહારા તેં પઇસાની ધુંઇ તહારા નરમ થયલા ભેજાપર પુરતી તુંદઇની અસર કરી ચુકી હતી, તોબી તું જાણશે ત્યારે ખરા દીલથી કમકમશે, અને તું પોતાને બુલંદીપરથી હેઠે પડેલી સ્હેજમાં જોઇ શકશે. તું બેવકુફ તો ઘણા બી મોટા મોટા કીલ્લાઓ અધ્ધર હવામાં ઉભાબી કરી ચુકી હશે, અને પઇસાપર એમ ને તેમ અચ્છાટ પચ્છાટ મારવાના મીજાસમાંજ મરી ચુકી હશે, પણ યાદ રાખ કે તું તેમાં જખ મારેછ. તહારા તે હવાઇ કીલ્લાઓ પાનાના કાડંની માફક કરરભુસ થઇ ગયાછ, પઇસાની તહારી મોટાઇ ધુળમાં ને ખાકમાં મલી ગઇછ, ને તું જે છે તે નથી રેહી. તું ગરીબઇમાંથી એકદમ લખપતી થવા ગઇ, પણ તહારા નસીબમાં કાટલાં તે કેમ થાય. તું તે બુબખ ઘરડા મતારાની સુજમાં પોતાની અક્કલ વેચીને બેઠી, પણ તેજ બુઘાએ તુને છાપરાપર ચઢાવી ચઢાવીને એવી તો નીચે પટકેલી છે કે તહારી હોશબી નહીં રેહે, ને તહારો જીવબી નહીં બચે. અરે બેવકુફ, તું જે ઉકરને વાસ્તે ઉદવારામાં મહારી સાથે લડેલી ને તેને જરાક ઇનસલ્ટ થતાં તેં તહારો જીવ બધો પીખાટી ને પટકી ઝટકી નાંખેલો, તેજ તહારો ઉકર, મુજી કુકર, તહારી સત્યાનાશીનું બી અહીં રાવલપીંડીમાં વાવી ચુકો છે. તેને

એક નવી બઇરી કાઘેલી છે.”

મેં મહારૂં માથું અહીં જોશથી પકડી લીધું, કારણ કે તે છેલ્લા શબ્દોએ મહારૂં મગઝબી ફેરવી નાંખ્યું.

માજણ્યા ભાઇ તરફનું કઠોરમાં કઠોર શબ્દોથી લખાએલું અને દીલ ઝખમી કરનારા બનાવની વીગત દરશાવનારૂં તે નાતરસ કાગલ, મેં જીગરબી સઉથી ઉદાસમાં ઉદાસ લાગણી સાથે દીલને ગમથી રોકી તોફીને આગલ વાંચવા માંડયું:———

“કેવી મઝેની રમકડાં જેવી છોકરી છે. પણ કંગાલ ગુલ, તહારા કરતાં તો ઉમરમાં તે મોટી હોય તેવી લાગેછ. ફીકર ના કર, એ તો હોય, ઉકરજીને વલી પાછું તહારા જેવું કોઈ મુરખ શીકાર હાથ આવી ગયલું લાગેછ—તેબી જ્યારે જાણશે કે ઉકરજીની બઇરી તો બત્રીસ દાંત ને બે હાથની મુંબઇમાં જીવતી જાગતી છે, ત્યારે તેબી હરણફાર થઇને ફાટી જશે. જેમ હમણાં તું હરણફાર ફાટી ગઈ હશે, તેમજ તેનોબી બીચારીનો અવતાર તહારે સમજવો! મેં તો પેહેલાં મહારી આંખે જોયલો તે દેખાવબી માનવા જરા દીલને આણાકાણીથી રોકયુંબી, પણ મેં ને બાવાએ બારીની ફાટમાંથી ચીમાઇને જોયું તો તેજ તહારો બુધ્ધો ઉકર ડુકર કોઇ જુવાન જમાન બાનુ સાથે! હું પોતેબી અજબજ રહયો, આવો બુધ્ધો ઘરડો ખોખો વલી બબે બઇરીઓ કરે! એ પેહલી નજરે ને પેહેલે ખ્યાલે તો ઘણુંજ અજાયબ કરનારૂંજ લાગેછ કંગાલ ગુલ, પણ અમે બેઉ બાપ દીકરાએ પુરી નજરથી જોયું તો તેજ બુધ્ધો ઉકર ડુકર!—તરત, અમો તો બેઉએ તહારા બલી ગયલા નસીબપર બહુ અફસોસ કીધો

અને બારી આગલ ઘુસઘુસ કરતા'તા, તેટલામાં અમુને તેમ ચીમઇને જોતો અમારા રૂમનો પેટાભાડુત પારસી ત્યાં બારી આગલ આવી લાગ્યો. તેણે બુઢ્ઢા ઉકરને જોઇને કહયું કે 'એ પારસીને હું જાણુંછ, એ મુંબઇનો છે ને પુનેથી આએ કોઇ વીઘવાને દાણા પારીને અહીં લાવેલો છે.'—અમે તો તે પારસી પેટાભાડુત આગલ બેઉ બાપ દીકરા કંઇજ બોલ્યા નહીં, પણ મનમાં મેખ મારી મુકી કે 'ચાલો ગુલરૂખબઇ તહમારા દાહાડા બલી ગયા.' તું ગમ કરતી ના, સાથે હાથ દઇનેજ ફકત રડજે, ને હવે એ બુઢ્ઢા ઉકર ડુકરના નામપર પુરો મુકજે—તુને જો અહીં આવવું હોય તો આવીને અમારી પાસે પડીને કટકો રોટલી ખાઇને તહારા ઉતાવલા પગલાંને માટે રોજ સંતાપ કરીને જીવજે, તું મહારી બહેન ને મહારા બાવાની પેટની દીકરીજ થાય એટલે તુને બુકબાચક નાંખ્યા વગર કાંઇ છુટકો?—

લી૦ **રૂસતમ.**"

એ તે નાતરસ જીગર ચીરી નાંખનારૂં કઠોર કાગલ!

તેની લંબાણ વીગત વાંચી રહીને હું માથાથી પગ સુધી કમકમી અને દુન્યાની સઉથી મોટામાં મોટી અન્તયબીનો આંચકોબી જો હોય તો તે મહને લાગેલો મેં માન્યો, શું ઉકરજી ઘડડે ઘડપણ આવું એક નીચ કામ કરેબી! શું મહારી સાથે લગન કરીને બીજી સાથે તેવણ દાણા પાડેબી! અને તેમ કરીને મહને તેવણ ઝીંદગીથી ફસાવીને પોતેબી કાયદાની ચુંગાલમાં ફસે! હું માનીજ નહીં શકી. કાંય નહીં રૂસ્તમ કપટથી મહને બાલવા ને જાલવા ખોટું કાગલ લખતો હોય? તે મહારી તરફ કેવો બેકદર અને દયાહીણ બની ગયો

હતો તે તેના કાગલમાંનાં મહારીપર લખેલા કઠોર વચનોથી પુરવાર થતું હતું, તો જ્યારે તે એમ મહારી તરફ બેકદર થયોજ હતો તો કાંય નહીં ને ખોટું જુઠું લખીને મહને અંદેશામાં ને ફીકરમાં જલતી બલતી કરી નાંખે?

મેં પોતે તે બાબદમાં ખરૂં નરૂં કરવાનો વીચાર કીધો અને ઘરમાં કોઇનેબી તે વાતનો જરાકબી સંસારો આપ્યો નહીં.

તે આખો દીવસ હું થોડોવાર ગમગીન તો થોડોવાર ગુસ્સાભરેલી અને થોડોવાર દુખી ફર્યા કીધી, મહારા બચ્ચાઓએ મહને પુછ્યાબી કીધું કે એવો ગમગીન દેખાવ મહારા ચેહેરાનો કેમ થયો હતો, તો મેં તેમને ઉડાવનારા જવાબ આપ્યા અને તબીઅત બરોબર નહીં હોવાનું બહાણું બતાવ્યું.

બપોર પછી મહારીપર એક બીજો કાગલ આવ્યો, તે કાગલ ઉપર મહારા બાવાજીના અક્ષર હતા. તે ધડકતી છાતીએ મેં ઉખેડીને વાંચ્યો. તે નીચે મુજબ હતો:———

"વહાલી દીકરી ગુલરૂખ,

આએ કાગળ મેં જેમ તેમ જલદીથી રૂસ્તમની અરૂસે લખેલું છે. વહાલા બચ્ચા, આખરે ઉકરજી તુંને દગાખોર પુરવાર થયલો છે. મેં અમારા એક પડોસીથી ખોલ કાહાડી તો જણાયલું છે કે પુનામાંથીજ એ પરણેલો, ને તેને પોતાની બઇરીને અહીં ઘેર અપાવેલું છે. એ બઇરીને તો બે બચ્ચાંબી છે વહાલી બેટી ગુલરૂખ, અને તે ઉપરથી જણાયછ કે એ તુને પરણ્યા આગમજનો એ બઇરી સાથે નાતરૂં કરી ગેયલો. એ કેહેવાયછ તેમ કોઈ વીધવા છે, અને ઉકરજીએ પુનામાંજ

એની સાથે દાણા પાડેલા. ઘણો વખત થયો એ અહીં રેહેલી હતી, પણ પેલો પારસી મહને ખબર આપેછ તેમ બે ચાર દીવસમાં ઉક-રજી ને તેની એ બઇરી પાછા પુને પોતાના બચ્ચાંઓ સાથે રેહેવા જવાના છે. એ પારસી જેને મેં એ બધી વીગત પુછી તેને મેં કાંઇબી આપણી વાત કહીજ નથી, અને તેને ગરમાં લઇને પુછતાં જણાયુંછ કે તે પોતેબી પુનાનોજ રેહેવાસી હોવાથી અને સંજોગથી તે પછી અહીંની પેઢીપર નોકરી આવવાથી બધું જાણતો હતો. એ પારસીને મેં ગોલ ગોલ ફેરવીને પુછતાં તેણે ઉકરજીની એ બઇરીનું નામ બચાઇ જણાવેલું છે, અને ગુરૂવાર પેંઠમાંની "બચાઇ બંગલી" નામની બેઠી એક બંગલીમાં તેનું મુકામ છે.

તું દીકરી જાતે જઇને બધો પુનામાં કોઇ સીફતથી ભેદ મેલવી લેજે, ને જો ખરેખર બધુંજ ખરૂબી હોય તોબી તું ઉકરજી સાથે તરછોર કરતી ના. જાણે કાંઇ જાણતીજ નહીં હોય તેમ કરી નાંખજે, ને તહારો સંસાર ચલાવવા ને સાચવવા તું અખાડા કરી જજે. લી० તહારો દુખી પીતા."

મેં તે કાગલ પાછું ને પાછું વાંચ્યું, અને રડમસ આંખોએ મેં તેને આંખમાં દાબ્યું. મેં મહારા બાવાપર પાછો કાગલ લખવાનો વીચાર કીધો, પણ રૂસ્તમનાં હાથમાં મહારૂં કાગલ આવી જાય ને કદાચ બાપ-દીકરા વચ્ચે કાંઇ ટંટો ફીસાદ થઇ જાય તેથી મેં બાવાજીપર કાંઇજ લખ્યું નહીં.

મહારા બાવાના કાગલપરથી જણાતું હતું કે ઉકરજી તે પોતાની કોઇ બઇરી-મહારી સૉખ-ને લઇને બે ચાર દહાડામાં પુને આવવાના

હતા. મેં મનમાં વીચાર કરીજ રાખ્યો કે પુનામાં તે લોક આવે તે પછી ખરૂંનરૂં કરવા હું જાતે પુને જાઉં.

મહારા બાવાના કાગલ પછી અને મહારા ભાઇના પેલા દીલ ઝખ્મી કરનારા, અને મહારૂં દીલ—પેહલવેહલુંજ આઝોરદા કરનારા, તે નાતરસ કાગલના આવ્યા પછી છઠ્ઠે દીવસે મહારીપર ઉકરનું કાગલ આવ્યું જે નીચે મુજબ હતું:—

"વહાલા કલેજા,

હું મહારા વેપારીને નીલગીરીથી મલીને રાવલપીંડીમાં તેને સાથે લઇને એક ઘરાકને ત્યાંની ઉઘરાણીએ ગયો હતો, જ્યાંથી આજેજ હું પુનામાં પાછો ફરેલો છેઉં. હું હમણા અતી અગત્યના કામસર કોટરૂદના મહારા વેપારીની પેઢીના કામ માટે પુના સીટીમાંજ રોકાયલો છેઉં. તું કાગલ લખે તો કોટરૂદની પોસ્ટ ઓફીસમાં ના મોકલતી પણ પુનાની કોનાટ રોડ પોસ્ટ ઓફીસની કેરમાં લખજે.

આશા છે કે તું મહારી વહાલી કલેજી ખુશી ખુશાલ હશે અને બધાં બચ્ચાંઓ સાથે સારી રીતે મજાહમાં વખત કહાડતાં હશે. તહમો બધાં વહાલાંઓને હું મલવા વગર જાણે સુકઇ સુકઇ ગયોછ! થોડું લખવે ઘણું જાણજે, ને મહારો ઘણો લવ દીલમાં રાખજે. લી○ તહારો વહાલો ઉકાં."

ઓ એકદર ઠગારા! તહારો લવ તો મેં મહારા જીવપર ખેડીને દીલમાં જબરદસ્તીએબી વસાવેલો, પણ હવે તે કાંહાંથી દીલમાં મહારા સાબુત રેહેશે? તું સુકઇ સુકઇ ગયોછ! ઓ કાલા મેંહાં, તું તો બચ્ચાંની સાથમાં હસતો ને રમતો છે તો સુકઇ શાનો જતો'તો! તહારા

બધા મોટા મોટા વેપારીઓ તો કેહડાં આએ બચ્ચઇમાંજ સમાયલા છે! વેપારીને નામે મહારી સૉખ! ઓ સંગદીલ બુઢ્ઢા, તેં દુન્યાની અજાયબીઓમાંની સઉથી એક મોટી અજાયબીવાલો નાટક આ દુન્યા ઉપર ભજવી બતાવેલો છે! તુને બુઢ્ઢાને બબે બાયડી! અને તેબી જીવતી બાયડીપર બીજી બાયડી! વાહરે, હવસી દગલબાઝ!

પ્રકરણ ૧૧ મું.

"દોન્યા બેમેસાલે કુઝએ ઝરરીન અસ્ત,
દર દીન આબ ગાહી તલ્ખ, ગાહી શુર, ગાહી શીરીન અસ્ત."

હવે કેમ કરવું તેનો કાંઇબી પ્લાન હું રચું, તેટલાં તો ચોથેજ દીવસે ઉકરજી આવ્યા. હંમેશ મુજબનો ઘણો મોટો પ્યાર ને વહાલ બતાવતાં ને રાખતાંજ તેઓ આવ્યા, અને જાણે વેપાર વણજના કામમાં શું એક મોટી ઉઠલપાઠલ કરી આવ્યા હોય તેમ જંજાલ પામેલા જીવની વાત બધી કંટાલા ને સાથે લાગા થોડાક બટાકા સાથે રજુ કીધી. તેવણનો દેખાવ મહને તો એક ગુનેહગાર માણસ જેવો લાગતોજ નહીં હતો, હું મનને મારતી હતી કે મહારા બાવા ને ભાઇએ જરૂર કોઇ મોટી ભુલ કીધેલી હોવી જોઇએ અને પેલા પારસીએ કાંઇ મોટું ગોટુંજ ખાધેલું હોવું જોઇએ—કારણ, હું માનીજ નહીં શકતી હતી કે જેને મેં ઓલ્યો દોલ્યો ગણેલો તે બુઢ્ઢો

થઇ ગયલો આદમી આમ પોતાના બુઢ્ઢાપાના વખતમાં બએ ઘણી-આણીઓ કરે, અને વલી તેમી જીવતી બાયડીપર બીજી બાયડી કરે! વલી ઉકરજી હંમેશ જે પ્રમાણે મહીનામાં એક વખત ચાર પાંચ દાહાડા બહારગામ જઇને આવતા અને તે વખને જેવો સ્વભાવ ને પ્યાર મહારી તરફ બતાવતા તેવોજ બધો દેખાવ હાલમાંમી હતો, અને તેથી જરાકમી શક લઇ જવાને હું પેહેલાં તો અચકાઇ ગઇ.

બપોરે જમવા પછી હું ને ઉકરજી વાતે બેહા, ત્યારે મેં વાત છેડી "ઉકાં" મેં કહ્યું "મેં ગેઇ કાલે રાતના કંઇ અજબ જેવો સપનો જોયો, કોણ જાણે સું હોસે!" સ્વપ્નાની બનાવની વાત મેં ઉભી કીધી, અને ઉકરજીએ કાન તીક્ષણ કીધાં.

"એટલું તે અજબ જેવું સું ઉતું?" ઉકરજીએ પુછ્યું.

"મેં જાણે તહમુને કોઇ બગીચામાં ને મોહલ્લામાં કોઇ બાઇ આજમીની સાથે ફરતા જોયા." હું એટલું કહીને થોભી, અને ઉક-રજીના ચેહેરાપરનો ફેરફાર બારીકીથી જોવા લાગી. કોઇ બાઇ આજ-મીની સાથે ફરવાની વાતથી તેવણ કાંઇ ઘણાજ ચોંકયા ચમકયા તો નહીંજ, પણ ચેહેરામાં કાંઇ થોડો ફેરફાર થયો ખરો, જેથી મેં આગલ ચલાવ્યું "જાણે મેં તહમુને પુનામાં કોઇ બાઇ સાથે એક બંગલામાં જોયા"

"પુનામાં?" ગમે તેટલી સમયસુચકતા વાપરેલી છતે ઉકરજી. જરા વધારે ચોંકીનેજ બોલ્યા, અને મેં જોયું કે ખચ્ચીતજ 'દાલમાં કાંઇ કાલું હતું.'

"જા-જા, ગાંડી" તોમી તેવણે બેદરકાર થઇને કહ્યું "તહારો

એ ઘખારો કંઈ હોસે! પુનામા મહને ખાવાની ફુરસદ નહીં, ચાહેનો વેપારી બધો આખો આખો દાહારો મહારો જીવ ખાઇ જાય ને બઇરાં ને માટીડા કોણુના, ને વાત કેવી!"

"અરે પણ હું તો ઉકાં સપનાની વાત કરૂંછ, તે તહમે ખરીજ વાત હોય તેમ કેમ માની લેઓછઓ?" હું હજીણુઓ પક્કી ખાત્રી થાય નહીં ત્યાં સુધી મહારા ધણી તરફ વ્હાલ બતાવતીજ બોલી "ઉકાં, ખરૂં કેહો, સું સપનાઓ ખરા કદી પરતા હોસે?"

"તહારામાં મહારા કરતાં અક્કલ ઓછી હોય તો પછી સપનાને માન" ઉકરજી બોલ્યા "ચાલ જરા ઉંઘાવા દે ગુલ કલીઆં, આજે વરી એ સું વાત?"

"નહીરે એ તો મહને કંઇ સપનો આયો તો રે." મેં બેદરકાર ઢબે કહયું. "પણુ તોબી ઉકાં, વારૂ ખરૂં કેહો કે પુનામાં કોઈ લેડી સાથે નવી ફ્રેન્ડશીપ——"

"ગુલ, ગુલ, તું મહને મૅટ બનાવી મુકસે." ઉકરજી હવે જરા ગુસ્સાથી બોલ્યા.

"મૅડ તે વરી સાવરે થવઇ જવાનું ઉતું ઉકાં! પણુ નહીં મહને જાણે કંઇ ખરાબી થવાની હોય તેવી નીસાની માલમ પરેછ" મેં કહયું, અને તેવણુના ચેહેરા તરફ જોયું.

"તું હંમેસ મહને અકકલ સાનની આપવાવારી" ઉકરજી બોલ્યા "ને આજે તું એવી ઘેલીગાંડી વાત સું કરેછ ગુલ? વહાલા કલેજાં, સપનાને માનવું એ તો ગાંડાંઓનું કામ છે."

"નહીં–નહીં, ઉકાં" મેં કહયું "ઘેલાગાંડાં સપનાજ નહીં મનાય,

બાકી કોઇ આગાહી આપનારા સપના તો ઘણાખરા માનવાજ જોઇએ."

"કાંય મુરખ થાયછ ગુલ?" ઉકરજી કંટલઇને બોલ્યા.

"તહમે એમ મહારી વાતપર કંટરઇ ના જાઓ" મેં કહયું "તહમે આએ વખતે ઘણી ભેદ ભરેલી ચાલ ચલાીછ, વહાલા ઉકાં, આએ વખતે રોજનો પ્રોમીસ કીધેલો એક પોસ્ટ કાર્ડબી નથી મોકલ્યો, ને છેક મહીના ઉપર સુધી રહયા, તે સું કોઇ સગીને લઇને નીલગીરી રાવલપીંડી હવા ખાવા ગેયલા વારૂ?"

"એ સું ઘેલુંગાંડું બકેછ, ડીયર કલેજાં," તે મહારા ગાલપર આંગલાં મારતો બોલ્યો "જા–જા, જરા અક્કલ પકર, એ સું આજે વાત લઇને બેઠીછ! કંઇ જરા હસવા બોલવાની વાત કર કે જીવ ખુસ થાય. મહારો તહારીપર આટલો બધો જીવ ને તું એક સપનાની વાતને વાસ્તે મહારી સાથે આજે એક મુરખ માણુસ વાત કરે તેવી વાત તું કરેછ, વહાલી ગુલ!"

મેં જોયું કે ઉકરજી નામુકકરજ જશે, અને હવે વધુવાર એ જીકકર લંબાવીને ખાલી મીનાકેસો વધારીને કોઇ રીતે બાજી બગાડવામાં માલ નહી હતો. એ તો ઉકરજી સાબુત પાપ સાથે પકડાય તો તો પછી કંઇ બોલાય, એવો મેં મનમાં વીચાર કરીને તથા પુનામાં જો લાગ ફાવે તો જઇને શોધ કરવાને વીચારે મેં ત્યાં ને ત્યાં તેને તેજ વખતે તો નાંખતીજ કીધી. "હા–હા–હા" મેં હવે શીતુરથી વાત ફેરવતાં તેવણની ગરદનપર હાથ વીટાલીને કહયું "તહમે આજે કેવા બની ગીઆ હં ઉકરજી, મેં અમથી જુડીજુડી વાત કહી તો તહમે છેક મહને મુરખ ને ફુરખની ચોપંરવાડીબી કરી નાંખી! અરે

વાખરે ઉકાં" અને હું અમથું અમથું ખુબ હસી, અને ઉકરજીના મનમાં જો કાંઇ, મેં સણસારો જણ્યાનો, શકબી ગયો હોય તો તે કાહાડી નાંખવાના ચરત ચલાવ્યાં "મરૂં–મરૂં, મહારા ભોલા ધણી!"

તે વાતની તો તે વખતે મેં નાંખતીજ કીધી, પણ તેની કાંઇ જાદુઇ અસર થયલી હોય તેમ મેં જોયું, કારણ કે બીજેજ દીવસે ઉકરજીએ શોલાપુર જવાની વાત કાહાડી અને મેં કાંઇબી શક બતાવ્યા વગર તેવણને મુસાફરી સફલ ઇચ્છી.—ગમે તે કરો પણ ઉકરજીમાં જરા અક્કલ તો ઓછી! મેં જોયું કે ગભરાતમાં તેવણે શાંતી કરવાને બદલે ઉલટું બોઇલ કરી નાંખ્યું હતું! કુદરત શું ખેલ ખેલેછ તે મેં જોયા કીધું, અને ઉકરજીને એવો એકબી સવાલ નહીં કીધો કે જેથી કામ બગડી જાય! મેં ઘણા વ્હાલ પ્યારથી તેવણને રવાના કીધા, અને વલી બોરીબંદરના સ્ટેશનવેર સાથેબી ગઇ.

ઘરમાં તો કોઇબી આ નવા ગોલા પીંડાલાની વાત જાણતુંજ નહીં હતું અને બાવાજીને હવે એકાએક શોલાપુર જવાનું થયું તે વાતનીબી કનવાર કોઇબી છોકરાંએ કીધી નહીં.—ઉકરજી ગયા, ને મેં તે બપોરેજ તાલ કરીને ઉદવાડે જવાનું દાદીને કહયું. મેં દાદીને સમજાવ્યું "બાવા શોલાપુરથી આવે તેટલાં હું ઉદવાડે જરા જાઉં દીકરા. તાંહાંનો નવો બાગ કેમ બનાવ્યોછ તે જોવાનીબી મહને હોંસ થાયછ તો હું જરા ચાર દાહારા જઈ આઉંછ, તહમે બધાં હલીમલીને રેહેજો. કાગલ પતર મહારાં નહીંબી આવે તો કંઇ ફીકર ના કરતાં, બે તન દાહારામાં તો હું અહીં પાછીબી આવસ."

ભોલા દાદીને જરાકબી નવું મહારી વાતમાં લાગ્યુંજ નહીં,

અને બધું જેમ મેં ચાહયું તેમ પાર ઉતરવા લાગ્યું. ઉકરજીના પાપને તેવણુની સામે ને સામેજ ખુલ્લું પાડવા હું મકકમ વીચાર કરી બેઠી હતી, અને તે દગાબાઝ ચકરમે જે બુરૂં કામ કર્યું હતું તે તેને દેખાડી આપવાજ મહારા દીલમાં ભગભગ થયા કરતું હતું.

દાદી સ્ટેશનપર મહને પહોંચાડવા આવવા માંગતો હતો પણ મેં તેને અસતમ પસતમ સમજાવીને આવતો રોકયો, અને ચર્ચગેટ જવાને મસે બોરીબંદર જઇને મેં બપોરની પુના મેલ પકડી.

છેક સ્હાંજના અસુરેથી હું પુના પુગી. હું કદીબી પુના ગઇ હતી નહીં, તેથી ત્યાંનાં ટાંગાવાલાને પુછીને ત્યાંના એક મોટા હોટલમાં રાતોવઇ જઇને તે રાત મેં ત્યાંજ તોડી પાડી. હોટલવાલો પારસી હતો, અને તે ઘણી લાયકીથી વાત કરતો હતો, તેને મેં સમજાવ્યું "કદાચ તહમુને નવઇ જેવું લાગસે ભઇ કે હું એખલી બાઇ માણસ એમ હોટલમાં ઉતરીછ, પણ હું પુનાથી બીલકુલ અંજાણ છેઉં તેથીજ એમ હોટલમાં આવીછ, હું તો અહીં એક અગતના કામસર આવીછ, મહને અહીંના મોટા દસ્તુરજી સાહેબને મલવુંછ, બપોરની ગારીમાં મુંબઇથી આવીછ તે રાતપરી દસ્તુરજીને તાંહાં કાંહાં જાઉં કરીને અહીં મેં ઉતારો લીધોછ."

"એમાં સું મોટી વાત છે, બાઇજી" તે બીચારો બોલ્યો "હોય, કામે કાજે અંજાણ્યા શેહેરમાં આવીએ તો પછી હોટલનો આસરો લેવાનો કંઇ ખોટો નથીજી."

તે બીચારા હોટલવાલાએ મહને રૂમની ઘણી સારી સઘવડ કરી આપી, અને તેની દશ વરસની એક છોકરીને મહારી સાથે

રૂમમાં સુવા મોકલી. છોકરી ઘણી દેખાવલી ને બોલકણી હતી, અમે બેઉ જણાં સાથેજ જમ્યાંબી અને પછી થોડીક વાત કરીને ઉંઘાઇ ગયાં. સહવારે હોટલવાલાએ તાંગો તેડાવ્યો, પણ મેં તેને જો બંધ બરૂમ જેવી ગાડી મલે તો તે મંગાવવા કહ્યું. તેણે હા કહીને તેવી બંધ ગાડી બોલાવી, ને પછી મોટા દસ્તુરજીને ત્યાં લઇ જવા ગાડીવાલાને કહ્યું. મેં તે હોટેલવાલાનું બીલ ચુકવ્યું, અને મ્હારી એક રાતની સાથી બનેલી તેની ખુબસુરત છોકરીના હાથમાં ગાડી ઉપડતી વખતે પાંચની એક નોટ મેં સેરવી દીધી.

મોટા દસ્તુરજીના બંગલા આગલ ગાડી ઉભી, અને હું તેવણને મલી. દસ્તુરજી સાહેબને મેં લગનની સરટીફીકેટ, પત્રકો વીગેરે માટે સવાલ કીધો, જેના જવાબમાં તેવણે એક મોબેદનું નામ અને ઠેકાણું આપ્યું જ્યાં બધી સરટીફીકેટની ફાઇલ રહેતી હતી. હું નામદાર દસ્તુરજી સાહેબનો ઉપકાર માનીને તે મોબેદને ઘરે ગઇ. મોબેદ ચેહેરાપરથીજ ઘણા અશરાફ, બોઝોર્ગ અને ભલા હતા અને તેવણની બોલવાની ઢબછબ બધી નોશાકરી હતી.

"કેમ બાઇઝી, કંઇ તસ્દી લીધી? તહમારૂં મુબારક નામ?" તેવણે ઘણી લાયકીથી પુછ્યું. "બેશોઝી, બેશોઝી, ઓંહ આએ કોશપર બેશોઝી."

હું બેઠી, અને મેં વાત ચલાવી "જી, મહને લગનના રેજીસ્તર જોવાના છેજી. મહને મોટા દસ્તુરજીએ અહીં તહમારે તાંહાં મોકલીછજી."

"ભલે બાઇ" તેવંણુ પોતેબી બેસ્તાં બોલ્યા "ઝી, કાણુના

લગનની વાત શે ?"

"મકુજે તહમુને તો પુનામાં ઘણાં વરસ થયાં હોસે." મેં કહયું.

"હાઝી, હાઝી, બેહેસ્તી મહારા બાવાના વખતથી હું તો શેઉં" તેવણે કહયું.

"તે તહમારા એટલા લાંબાં વખતના અનુભવમાં કોઇ ઉકરજી હીરામાણેકના ગગરનાની રેજીસ્તર ફાઇલ થયલી છે કેજી ?" મેં પુછ્યું.

"તે તો મકુઝે કંઇ વરશ શાલ કંઇ કેહો તો ઝોઉં." તેવણ બોલ્યા.

"વરસ ને સાલ જોવા, ને શોધવા તો હુંજ આવીછજી" મેં કહયું.

"તો ઝરાક કંઇ યેદદાશ આવે તો બને, પેહેલાં પેહેલાં હું ઘણાં ખરાં બધાં નામબી યેદ રાખું એવો ભેઝાંનો શાબુત ઉતો, પણ વરસ બેએકપર નીમોનીઆ થયો તે ઝરા માથું ને શાથે લાગું મેઝુંબી પોશશું થાઇ ગીયુંશ."

તે ભોલા ને ભરભરબોલા મોબેદની વાત મહને ઘણી ઘણી ગમી, તે જેમ ચેહેરાપરથી નેક લાગતો'તો તેમ વાતચીતમાંબી તે ઘણો ભોલો-ભાલો હતો. મેં જરા હસીને કહયું "કંઇ નહીં બાવા, તહમુને કાંહાંથી યાદ દેહે ! પણ મકુજે કોઇ બુધ્ધા ઉકરજી નામના પારસીએ કોઇ જુવાન બાઇ સાથે દાણા પારેલા તે લોકના——"

"હં, હં, હં, હં," તે એકદમ બોલી પડયો "કંઇ યેદ આવેશ ખરી. મકુઝે આઝે પાંશેક વરશ સુધી તો કોઇ તેવા બુધ્ધાએ દોણા નથી પારીઆ, પણ તે અગાઉ કંઇ તેવું થાયલું તેની યેદ શે."

"તાહારે પાંચેક વરસપરની ફાઇલ જોવજી." મેં કહયું.

"વારૂજી" તેવણુ બોલ્યા "મકુઝે હું ફાઇલ ઝોઉં તેટલાં તહમે ઝરા નાસ્તો પાણી કરી લેઓ" અને તેમ બોલતાંજ તેવણે સામી બાજુના ઓરડા તરફ ઉડીને નઝર કરીને બુમ પાડી "હોરી આવ તો આલી, મકુઝે આએ બાઇઝીને વસ્તે કંઇ શારવેલું ઇંડું ને રોટલી કરીને લાવ તો. ઝોઉંશ તો વેહેલી થા."

"નહીંજી" મેં ઝડપથી કહયું "હું નાસ્તો કરીને આવેલી છેઉં, તહમે બીલકુલજ તસ્દી ના લેતા."

"તહમે નાસ્તો કરીનેઝ આવેલા હોઓ તો પશી મકુઝે હું બાંહાંશ નહીં કરતો—પણ ફાઇલ ઝોતાં ને મુકતાં ઝરા વખત લાગશે તે ગરીબને ઘેરના બે બુકા ઝમીને જાશો તો શારૂં. તહમારૂં ઘેર કાંહ, કેમ્પમોઝ કે?"

"નહીંજી, હું તો મુંબઇથી આવીછ, પુનાથી તો બીલકુલ અંજાણી છેઉં ને હોટલમાં ઉતરીછ." મેં કહયું.

"અરે હોટલમાં શું કરવા ઉતરવાનું, મોટી પોરપરાક ઘરમશારા શે—ને ચાલો, ઝેરે તહમે અહીં મહારે ગરીબને ઘેરેઝ આયાશ તો પુના શેહેર ઝોઈ ઝાઇને મઝાહ કરવા રેહો તેટલાં આલી તહમારી ખીજમત કરશે."

"નહીંજી, હું તો સ્હાંજની ગારીમાં પાછી મુંબઇ જવાની છેઉ." મેં ટુકું કરતાં કહયું "બપોરે તહમુને તસ્દી આપસ, મહારે વસ્તે કંઇ વેઠ કરતા ના, જેબી તહમારે તાંહાં હોસે તે મહને ચાલસેજી."

"હોરી આવ આલી" તેવણુની આલી જે હજુણ આવી નહીં

હતી તેને પાછી બોલાવતા તેવણ બોલ્યા, અને આ વખતે આલી હાથમાં એક ખુમચીમાં નાસ્તો તઈયાર કાઘેલો લઇને આવી. "એ તું નાશતો લાવી કે? ચાલો બાઈ શતું તઇયાર કીધું શ ને બે ઘુકા ચાલશે, કસ્તી બસ્તી કરી લેએ."

હું મોંઢું ધોવા ને કસ્તી કરવા તેવણની આલી સાથે ગઇ, અને મોબેદ સાહેબ ફાઇલ શોધવા પડયા. હું જ્યારે નાસ્તાપર તેવણની આલી સાથે બેઠી ત્યારે સફાઇદાર ફાઇલો જાણે નવી ને કોરીજ હોય તેમ બધી કબાટમાંથી ખેંચી કહાડીને તેવણ તપાસવા લાગ્યા. અમે જમતાં'તાં તેટલાં તેવણને કાંઇ પુછવાનું થયું, પણ ખાતી વખતે બોલવાની કે બોલાવવાની ચાલ નહીં હોવાથી તેવણ બીજી ત્રીજી ચીજો ઉથલાવવા લાગ્યા. અમે ખાઇ રહયા પછી તેવણે મહને પુછયું "મકુઝે બરોબર પાંશ વરશપર તો નહીંજ હોય કેમ?"

"કોણ જાણે જી" મેં કહયું.

"હાઝી, ખરા તહમે શું ઝાણો! હું ધકમો ને ધકમો તહમુંને પુશુશ. વારૂ, આલી" અને અહીં તેવણે એક ઓટકાર ખાધો.

"ઝી" તેવણની આલીએ જવાબ આપ્યો.

"મકુઝે બેહેસ્તણ માયને ગુઝરવાને શાત વરશ થાયા કેમ?"

"હાઝી" આલીએ કહયું "મકુઝે બેહેસ્તનને કંઇ યેદ કરવા પરીઆ આઝે નશવાનઝી!"

"હવે તું મુંગી મુંગી બેશેશ કે?" હવે તે મોબેદનો મોટો સાદ નીકળ્યો "એક અનાડીઓ ઉતો તેને બાર ગામની પંચાતી ઉતી, તેમ તુને ઝરા બેહેસ્તણના વરસની વાત પુશી તો તું વધારે શાબાશી-

બી કરવા પરી! મકુઝે તુને તો આલી શમઝાવતાં શમઝાવતાં હું હવે ડોશોબી થાઇ ગીઓ, પણ તું ઝેવી ને તેવીઝ!"

મહને તે નરમ ઠપકાથી હસ્વું આવ્યું, અને આલીબી તે ઠપકાને હસી કાહાડતા મહને સંભળાય તેમ ધીમેથી બોલી "એવણ તો ઝીભરૂં શદાના મહારી શાથે ઝરા એવાઝ."

"મકુઝે આલી" પાછો તે વૃધ્ધ બોલો મોબેદ આલીનેજ નરમાસથી કેહેતો સંભલાયો "મલ્યું ઝો—"

અને તે વધારે કાંઇબી બોલે તે અગાઉ મેં જીજ્ઞાસાથી કહયું "સું મલ્યું ?"

"નારે બાઇ" તે બોલ્યો "એ તો મકુઝે બેહેસ્તનની પેહેલી બાઝનું વરશ મલ્યું. હવે એ વરશમાંજ પેલા કોઇ હીરાલાહેરે દાણા પારેલા."

"હીરાલાહેર નહીં" મેં સમજાવ્યું "હીરામાણેક. ઉકરજી હીરામાણેક."

"વારૂઝી" કરીને તે પાછો શોધવા પડયો.

અરધોક કલાક શોધવામાં ગયો, અને આખરે "મલ્યું" કરીને મોબેદે કહયું, કે મહારા દીલમાં સ્વભાવીક ધસકો પડયો.

"કોણ, એજ નામ છે કે ?" મેં તેવણુની આગલ જઇને લગનની સરટીફીકેટ તરફ જોતાં જોતાં કહયું.

"હાઝી, આએ ઝોઓ" તેવણે બતાવીને કહયું "ઉકરઝી મેહેરવાનઝી રૂસ્તમઝી હીરામાણેક (ઉ. વ. ૫૫) તે બશુઆઇ પેશતનઝી આદરઝી આઇબારા શાથે (ઉ. વ. ૨૭)—બેઉ રંડાયલાઝ શી તે મકુઝે

એજ તહમે માંગોઝ તેઝ ગગરનું શે."

મ્હારૂં ભાણ હવે તેના બોલવાપર હતું નહીં, હું તો મ્હારી આંખ સામે જાણે ચીતરી આવતી હોય તેમ બધું જોવા લાગી. મ્હારૂં મગઝ જાણે હોશ ખોઇ દેતું હોય તેમ મ્હને લાગ્યું, અને હું એક અફસોસની હાય મારીને બીછાનાપર પટકાઈ પડવા માંગતી હતી. તોબી મેં ખ્યાલ કીધો કે પરાયું ઘર હતું અને કોઇ રીતનો મહારો ફસ નહીં થઇ જાય તેની મહને સંભાલ લેવાની હતી. તેથી મેં ઘણા ગમ સાથેબી દીલને દાબ્યું, અને જેમ તેમ મેં મહને ટકાવી રાખતા કહયું "બસ, હવે મહને જવા દેઓ."

"પણ બપોરે ખાઇ પીને જાજોની" આલી બોલી.

"નહીંજી, મહને એક બીજા કામસર જવાનું છે–ને તે અગત્નું કામ હોવાથી હમણાંજ જવું જોઇએ. મહને માફ કરો."

હું તે ભલા ધણી–ધણીઆણીની રજા લઇને. મહારી સંપુર્ણ ખાત્રી કરીને, ત્યાંથી ઉતરી. નીચે ઉતરતી વખતે મેં આલીબાઇના હાથમાં એક ગીની સેરવી, તે તે ગીની લેવા ના પાડતી હતી, પણ મેં ઘણી ઝબરદસ્તીએ તેને તે આપી ને ત્યાંથી ઉતરી ગાડીમાં બેઠી, અને ગુરૂવાર પેંઠ તરફ ગાડી હાંકવા કહયું.

મ્હારૂં મગઝ ભમતું હતું. ત્યારે ખરેખર તે ખરોજ બનાવ હતો, અને ઉકરજીએ આગ્રે કોઇ વીધવા સાથે દાણા પાડયા પછી મ્હારી સાથે લગન કીધાં હતાં. ઓ નાકદર બુઢ્ઢા, હું નહીં જાણતી કે તેના જેવા ઘેલા ઘાંચીમાંબી એવાં એવાં પ્રાક્રમ હતાં અને તેના સરખો આદમીબી આવા ઉંડા પાણીમાં ફરતો હતો!

હવે હું ખાત્રી કરવા તે કોઇ બચઇજ જીવતી છે કે કેમ તે જોવા જતી હતી, અને આખે રસ્તે મહને તો દુન્યા બધી કડવી ઝહેર લાગતી હતી. ખરેખર, સાચ્ચુંજ કેહેવાયલું છે કે 'દુન્યા એક સુનહેરી કુજાં જેવી છે, જેમાંનું પાણી કોઇ વખતે કડવું, કોઇ વખતે ખારૂં, તો કોઇ વખતે મીઠું હોય છે' હાલમાં સુનહેરી કુંજાનું પાણી મહારે મન તો ખરેખર કડવુંજ હતું!

પ્રકરણ ૧૨ મું.

મહારી સૉખ.

ગુરૂવાર પેંઠમાં ગાડી જઇને ઉભી, કે મેં "બચઇ બંગલી" વીશે પુછપરછ ચલાવી. મેં એવોજ મનસુબો કીધો હતો કે જઇને ઉકરજીને એકદમ ચાટ પાડવા, પેલી કોઇ બચઇને બધી વાત કહી દેવી અને પછી જે થાય તે ખરૂં. મહને તે બંગલીની નીશાની મલી, અને તે તરફ હું પગે ચાલીને આગલ વધી. બીજા બંગલાઓથી થોડે દુર એકાંતમાં તે બંગલી આવેલી હતી, તે બેઠી ને નહાની હતી પણ આગલથી બનાવેલા એક નહાના શોભઇતા બગીચામાં તે ઉભેલી ઘણી રૈનકદાર લાગતી હતી.

હું આગલ ગઇ તો એક આયાના હાથમાં મેં ૭ મહીનાની ઉમર જેટલું એક બાલક જોયું ને આયાનીજ પાસે ઉભેલા એક ત્રણેક

વરસની ઉમરના છોકરાને રમતો જોયો. તે છોકરાનો ચેહેરો જોઇનેજ હું ચોંકી, કારણ કે આબાદ દાદીને મલતો આવતો તે ચેહેરો હતો અને ઉકરજીની આંખનો તે નહાની નહાની બે આંખ આબેહુબ મુકાબલોજ હતી.

મેં આયાને પુછ્યું "આયા, અહીં કોઇ બચુબાઇ રેહેછ?"

"કેવા બચુબાઇ?" આયા જે સારી ગુજરાતી બોલી બોલતી હતી તેણે મહને પુછ્યું "બચુબાઇ હીરામાણેક?"

"હા તેવણજ." મેં કહયું.

"તેવણ અંદર છેજી" અને એમ બોલતાંજ તેણે દરવાજો ખોલીને અંદર ડોકયું કરીને અવાઝ કીધો "બાઇ, બાઇ, કોઇ તહમુને પુછેછ."

આયાનો અવાઝ સાંભલતાજ ત્રીસેક વરસની ઉમરની જેટલી દેખાતી એક ખુબસુરત બાઇ રોટલી કરવાના ખરડાયલા તવાથાએજ અંદરથી દોડી આવી, અને મહને જોઇને બોલી "કોણને પુછોછજી?"

તેનો અવાઝ ખુલ્લો સ્પસ્ટ હતો. તે જો કે દેખાવલી ને ગોરી હતી તોબી જરા નખાયલી જેવી લાગી. મેં તેના સવાલના જવાબમાં કહયું "જી, તહમારૂંજ નામ બચુબાઇ હીરામાણેક?"

"હાજી, અંદર આવોજી. માફ કરજોજી, રોટલી બરી જસે તે જોઇ ઉતારીને ઓય આઉંછજી. બેસોજી" તે બોલી.

તેટલાં મેંજ જલદીથી કહયું "ચાલોજી, હુંબી રાંધણીમાંજ આઉંછ." અને હું તેની પાછલ પાછલ ગઇ.

રાંધણીમાં જઇને હું જાણે મહારૂંજ ઘર હોય તેમ ત્યાંની એક

ખુરસીપર બેસી ગઇ, અને તે રોટલી ચેરવતા ચેરવતા મહારી તરફ જોઇને બોલી "જી, તહમારૂં નામ? કંઇ મહારૂં કામ પરીયું?"

"હાજી, તહમારૂં કામ તો મહને ઘણું છે. મહારૂં નામ ગુલબાઇ" મેં કહ્યું "તમે હાથેજ રાંધોચ કે બ્હેન?"

"હાજી. મહને બીજાને હાથનું ખાવાનું નહીં ગમે, મહારા અખઇ રહયા ધણીબી બહુજ બહોંસ કરે કે તું હાથે ના રાંધ—પણ મહને બીજા કોઇને હાથનું ગમેજ નહીં, પોતે રાંધું તોજ કરારથી ખાવા ગમે."

"હું સું કામે આવીછ ને મેં સાને વાસ્તે તહમુને તસ્દી આપીછ તેની વાત તહમે રોટલી કરી રેહો તે પછી કેહુ" મેં ચલાવ્યું "હાલમાં તો જરા એ ચાર એલાર પેલારનીજ વાત કરીએ–હું અહીં પુનામાં તહમારા મોહલ્લામાં નવીજ રેહેવા આવેલી છેઉં, ને બરી ગીયું ચટપટયું મન તે બધાને બંગલે ફરીને ઓરખાણ પીછાણ પારૂંછ."

"આવોની બહેન, આયા તો ભલે" તે બોલી. અને મેં જોયું તો તે ભોલી હતી "મહનેબી કોઈ વાતવગત કરનારૂંજ જોઇતું'તું આજે પાંચ પાંચ વરસ થયાં હું અહીં રેહુંછ, પણ સામભેના મીસ્ત્રી વાલાના કુટુંબ સીવાએ કોઇબી ઘણાંખરાં અહીં આવતાં જતાં નથી, તે લોકબી કદી મદીજ આવે તેવાં, બાકી બીજાં જોઓ તો બધાં લુખરાયલા છાણાં. હું તો જાણતીબી નથી કે પાસેના બંગલાઓમાં રેહેછબી કોણ?"

"છેબી અહીં કેટલા બંગલા જે તેની વાત?" મેં કહ્યું, અને મનમાં ને મનમાં ઉકરજી નહીં દેખાતા હતા તેનો ખ્યાલ કર્યા કીધો. મહારો ઘણો જીવ થતો'તો કે પુછું, પણ એકદમ કેમ ભડકો

કરી દેવાએ ? એ તો સારૂંજ હતું કે તે બીચારી ભોલી હતી જે આટલી છુટથી વાતબી કરતી હતી, અને નહીં તો પહેલીજ દોસ્તીએ એમ અંજાણા સાથે હું તો એટલી બધી છુટથી બોલતાં કોઇવાર સ્હેજ આંચકીબી ખાઉં. "ઇન મીન ને સારે તીન બંગલા છે, ને તેમાં વરી માલેતુજાર રેહેનારાંઓ થોરાં ઘુપ્પરાયલાં છાણાં હોય તો કાંહાંથી કોઇ આવે ને જાય ! મહને લાગેછ કે તહમુને પોતાનેબી બીજાંઓમાં ઘણું હેરાવા ભેરાવાની આદતજ નહીં હોસે, નહીં તો વરી એકાંતમાં એમ રેહોબી ?"

"મહને તો વાતચીત કરવાની ને કોઇ આવે જાએ તો બોલાવીને બેસારીને વાત કરવાની ઘણી ગમે, પણ કોઇ તમારા જેવાં આવે તાહારે કેની ?" તે બોલી "સામભેના મીસ્ત્રીવાલાબી આવેછ પણ તેબી જાણે ચાંદરાત ચાંદરાતે, મુઇ મહને એવી આદતજ નહીં કે હું લોકને તાંહાં સાલ્લા બોરીને જયા કરૂં—મહારા ઉકરજીનેબી તેવું નહીંજ ગમે"

"હા હું ધારૂંછ કે જરા તહમારા ધણીની મરજીબી તેવીજ હોસે કે તહમે લોકમાં ઘણાં હેરાઓ ભેરાઓ નહીં–તેથીજ આવા એકાંતમાં ઘેર લીધેલુંબી લાગેછ." મેં વાતપર ગોલ ગોલ ફરીને ઉતરવાની મકસદપર આવતાં કહયું.

"જરા એવુંબી ખરૂં. એવણુ પોતેબા અહીંના લોકમાં ઘણાં હેરાય ભેરાય નહીં–ને એવણુ જાહજા અહ્રાં રેહેછબી કાંહાં જે તેની વાત !" તે ભોલી આગલ ને આગલજ બોલી.

"તાહારે સું તેવણુ અહીંઆ જાહજા રેહેતા નથી ! તે કેમ

વારૂ ?" મેં અજાયબી દરશાવી, પણ કોઇ જાતની આતુરતા તો નહીં જ બતાવી.

"મુંબઇમાં વેપાર ધંધો પરીઓ ને તાંહાંના તાંહાંજ રોકઇ જવાનું થાય એટલે અહીં જાહજું રૈહેવાનું નહીં બને, મહનેબી એવી આદત પરી ગેયલી છે. મહારા પેહેલા ધણી ઉતા તેબી બીચારા એમજ, ડ્રાઇપર ઉતા, તે મેલપર જાય ને જાહારે મેલ પાછો આવે તાહારે આવીને જરા મલે ભેટે, ને પાછા જાય."

"તાહારે તહમારૂં આએ ઘેર બીજવર કે ?" મેં પુછ્યું.

"હાજી." તે બોલી "મહારી તો એવી જાણે સરજતજ લખાયલી હુંએ તેમ, જીભરાયા ઉકરજીબી મુંબઇમાં વેપારમાં રોકાયલા એટલે મહીનામાં થોરા દાહારા આવે મલે ને પાછા વેપારપર સીધારે."

"પણ હું સમજીજ નહીં સકતી કે એ કેમ બને? વરી મુંબઇમાં વેપાર હોય તો ઘેર અહીં પુને સાનું રાખે! મુંબઇમાંજ કાંય તહમુનેબી નહીં રાખતા, બચુબાઇ!"

પણ મેં જોયું કે તેણે એ સવાલનો જવાબ કીધો નહીં

"માફ કરજો બહેન" મેં કહયું "આએ આપરી પેહલ્લીજ મુલાકાત છે, ને મહને એટલું બધું બોલવું તો નહીં જોઇએ, પણ મહને તહમારી તરફ કંઇ અજબ વહાલ દોડેછ તેથી એટલી બધી છુટથી વાત કરૂંછ, ઉકરજી તહમુને મુંબઇ નહીં કાંય રાખતાં."

"માટીડા છે! જેવો માથાનો પવન. મહને તો જાણે પેહેલે ઘેરથીજ આદત પરી ચુકીછ, ને આએ બીજે ઘેરે બોદાય રાખે બચ્ચાં છે એટલે બચ્ચાંઓમાં ને રાંધવા સીધવામાંજ વખત કાંહાંનો

ક્યાંહાં ચાલી જાયછ તેની! મહને જાણે ખબરબી નહીં પરતી. ચાલો હું રોટલી કરી રેહી, હૉલમાં આવો તો બેસીને એ વાત કરીએ. તહમે મોહલ્લામાં ફીઆ બંગલામાં આવીને રહયાછ વારૂ? તહમારૂં આખું નામ સું કેહયુંજી?" અને જાણે તે ઉડાવવા માંગતી હોય તેમ તેને વાત ફેરવી તોલી.

મેં જોયું કે તે બીચારી મહારી સૅાખ ઘણી કનવાર રાખતી હોયૂ તેવી બઇરી નહીંજ હતી, અને બીચારી એકમારગી હોવાથી તેણે ઉકરજીની અજબ પ્રકારની વરતણુક માટે કોઈ અવાઝબી ઉઠાવ્યો નહીં હતો. એટલી બધી ભોલી ઓરત તો મેં આજેજ જોઇ હતી!

પ્રકરણ ૧૩ મું.

ખુલેલો ભરમ.

"મહારૂં નામ ગુલબઇ નાણાવટી ને હું અહી ગલીને બરોબર નાકેના બંગલામાં બેજ દાહારા થયા રેહેવા આવેલી છેઉ" નેં તેના સવાલનો જવાબ ખોટો આપ્યો, મહને તેવું ખોટું બોલવા તો ગમ્યુંજ નહીં, તેબી ખરી બાતમી મેલવવા સારૂં મહને જરા તેમ કરવાનું મન થતાંજ મેં કહયું, અને વલી સાથે વધાર્યું "તાહમે મને ઉડાવોછ તે હું સમજાુંછ, તોબી મહને કહયા વગર ચાલતુંજ નથી કે તહમારા ધણીની આએ રીત મહને તો અજાયબી ઉપજાવેછ!"

મહારી આ જાતની બ્હોસ સામે જાણે તે અજબજ થઇ રહી, અને હવે મહને અજાયબી સાથેજ જરા જોવા પડી, જેથી મેં કહયું "તહમે મહારે વાસ્તે કાંઇ વહેમ ના રાખો, હું તો તહમારાં ભલામાંજ છેઉં—મહારી જરા સલાહ લેઓ તો કોઇ દાહારે કામનીજ છે."

"એ જરા મહારો ભરમ છે." તે ભોલી બીચારી હવે બોલી.

"તહમે મહારેથી કંઇજ ભરમ ના રાખો, હું તહમારી વાત બધી જાણુંછ" મેં કહયું, અને મેં જોયું તો તે જરા અકડવકડ કરતી હતી "જોઓ, જો કે હું તો હમણાં પેહલીજ તહમુને મલુંછ. પણ તહમારી વાત જો કેહેવસ તો તહમે અજબજ થઇ જસો, પેહેલાં તો મહને કેહેવા દેઓ કે ઉકરજી અહીં કાલેજ મુંબઇથી આયાછ!"

"ઓ ગુલબઇ" તે હસતાં હસતાં બોલી "તહમેબી જાણે સું ડોરા બોરા ચરાવીને મોટી એક વાત કરતા હોએ તેમ બોલોછ! વરી તહમે તહમારા બંગલામાંથી ઉકરજીને અહીં આવતા જોયા હોય તેથી બોલોછ."

"નહીં, મહારે બીજું કંઇ તહમુને વધારે કેહેવાનું છે." મેં કહયું "જોવ, તહમે થોરા દહારાપર ઉકરજી સાથે બચ્ચાંઓને લઇને નીલગીરી ને રાવલપીંડી તરફ ગીયાં'તાં વારૂ?"

"ઓ માય, તહમે એ કેમ જાણ્યું?" તે હવે ખરે દીલે અજબ થઇને જાણે ચીસ પાડતી બોલી "મેં તો સામબેવાલા મીસ્ત્રીનાઓને બી ઉકરજીના કેહેવાથીજ ઉડાવેલાં કે દેવલાલી જાઉંછ, ને તહમે કેમ જાણ્યું? તહમે સું રાવલપીંડીથી પુને રેહેવા આયાછ? કે નીલગીરીથી?"

"નીલગીરીથીબી નહીં, ને રાવલપીંડીથીબી નહીં." મેં કહયું

"તાહારે કયાંથી?" તેણે આતુરતાથી પુછ્યું, અને તેનો ચેહેરો હવે જરા જરા ફીકકો થતો હતો.

"મુંબઇથી" મેં કહયું.

"તાહારે તહમે એ વાત જાણી તે ઉકરજીથીજ જાણી હોસે, બાકી મહારી આયા એવી વીસવાસુ છે કે કદી મરતાંબી એ ઘેરની વાત બાહાર નહીં કરે" તે બોલી, અને તેણે વધાર્યું "ને જાંહાં છે તાંહાં તહમે મહારા ઉકરજીના કોઇ સગામાંજ છેઓ!"

"હું ઉકરજીનીબી સગી થાઉં, ને તેથી તહમારીબી સગી થાઉં." મેં કહયું "હું તહમારા લોકનો બધો ભરમ જાણુંછ—તહમે મહારી આગલ ફકટ એ મુંબઇનીજ વાતનો ભરમ કેહો તો બસ છે."

મેં જોયું કે તે બોલતાં અચકતી ને અટકતી હતી, તેથી મેં વધારે કહયું "જોવ બચુબઇ, હું તહમારી વધારે ખાત્રી કરૂં? તહમારા ઉકરજીને મુંબઇમાં પાંચ છોકરાં છે—"

પણ હજી તો હું તે વાકય પુરો કરૂં તેટલાં તેણે મહારા મોંઢાપર હાથ દાબી દીધો, અને ગભરાયલી ગભરાયલી બોલી "ચુપ રેહો, ગુલબઇ, આયા સાંભરસે!"

"તાહારે મહને મુંબઇમાં નહી રેહેવાની તહમે વાત કેહો, ને પછી તહમારે વાસ્તે હું સારૂંજ કરસ." મેં કહયું.

"તહમે ઉકરજીને આવે તો વાત કેહેતા ના" તે બીચારી સમજ્યા વગર બોલી "ઓય કદાચ તેવણ આવી લાગસે, સ્ટેશનપર ગીઆછ ને જી ભરાયા અગીઆર વાગામાં જમી લેછ તે ઓય આવતાજ હોસે."

"તહમે ફીકર ના કરો." મેં કહયું.

"જોવની ગુન્નબન્ન" તે બોલી "હું તો ગરીબની છોકરી, મહારા માય બીચારાં એવણને તાંહાં રોટલી કરવા જાય ને રાંધે, બે વખતનું બોણું આવે તે અમે બેઉ માય દીકરી ખાઇએ."

"તહમે જરાબી અચકાવો ના" મેં જણાવ્યું "તહમે એમજ મહને તહમારી વાત કેહો, જોજો હું તહમુને કામનીજ છેઉં." મેં તે ભોલી ભરભરબોલીને વધારે ઉત્તેજન આપતાં કહયું.

"હુંબી મહારા માયજી સાથે રાંધવા ને હાથ લાગવા ઉકરજીને બંગલે જાઉં" તેણે આગલ ચલાવ્યું.

"હંઅ" મેં હુંકારો મુકયો, ને પુછ્યું. "વારૂ, તહમે રેહો કાંહાં?"

"ઉકરજીના બંગલાની થોડેજ દુર એક ચેલીપર—હા, પણ, મહને બીહીક લાગેછ. તહમારી આગલ મહને એવી વાત કરવી નહીં જોઇએ." અને અહીં તે અચકી.

મેં જોયું કે ખરેજ તે બીચારી ભોલી હોવા ઉપરાંત કાચીબી હતી. કાચી નહીં હોય તો એમ ભાંગરો વાટી કેમ દે?

"હું તહમારો ઘણો ઉપકાર માનુંછ" મેં કહયું "તહમો નહીં બોલતાં તો હું અટકલ કરીને બધું કહી દેઉંછ તે સાંભરો—તહમે તહમારા પેલો કોઇ દરાઇવર વરના ગુજરવા પછી, મુંબઇ આવીને રહયાં, તહમારાં માયજી સાથે ઉકરજીને બંગલે કામ કરવા ગયા, અને તે પછી ઉકરજીએ તહમારી સાથે આજથી લગભગ પાંચ વરસપર અહીં પુનામાં દાણા પારીઆ, ને તહમે ઉકરજીના કેહેવાથી અહીંજ રહયા. પણ તહમારા માયજીનું શું થયું?"

"તેવણ બીચારાં ગુજરી ગીઆ" તે મહને ટગર ટગર જોતી

રહીને બોલી.

"ઉકરજી સાથે દાણા પારીઆ પછી, કે અગઉ ?" મેં પુછ્યું.

"પછી. તેવણ બીચારા અહીં પુનામાંજ ગુજરી ગીઆં."

"તહમે મહને કંઇ અજબ જેવાં માણુસ લાગોછ ? તહમે ઉકરજીના કોણ થાઓ ?" તેણે સવાલ કીધો.

મેં હવે તેને કહી આપ્યું "હુંબી ત્હમારી માફક ઉકરજીની ધણીઆણી થાઉં."

"કોણ ?" તેણે કોચ પકડીને લગભગ અરધી ઉભી થતાં એક ચીસ પાડીને પુછ્યું.

"ઉકરજીની ધણીઆણી."

તે મહારો આ છેલ્લો વાકય સાંભલીને "ઓ માય !" કરીને આંખે બેઉ હાથ દઇને ઢબ દઇને કોચપર ટુટી પડતાં બોલી "મહારો વેહેમ ખરો પરીઓ !"

પ્રકરણ ૧૪ મું.

પાછી પડતી !

બચુબાઇ બેસુધ્ધ તો નહીં થઇ, પણ મહારા બોલવાનાએ તેના પર એવી અસર કીધી કે તે બે મીનીટ મહને ઘણીજ અજાયબી સાથે પત્થરનું પુતલું થયું હોય તેમ લાકડું બનીને ટગરે ટગર

ડીકવા લાગી.

"બચાં" મેં હવે તેને પ્યારભર્યા નામથી બોલાવી "તું બેસ, તું બીહ ના. તું મહને તહારી સૅાખ ના સમજ, પણ મહને તહારી પોતાની બહેનજ સમજ. હું જોઇ સકીછ કે ઉકરજીએ તુને ને મહને બેઉને ઘણીજ કઢંગી હાલતમાં મુકી દીધીછ. મેં બધું એક તડાકે સોધી કારયુંછ. મહને પાછું બોલવાની જરૂર રહી નથી, પણ હું જોઇ સકીછ કે તહારા ડ્રાઇવર ધણીના ગુજરવા પછી તું ગરીબ હાલતુને સબબે ઉકરજીને ઘેર કામ કરવા જતી'તી ને તે વખતે તહારીપર ઉકરજી પ્યારમાં પડયા."

"હા" તે ડઘાયલી ડઘાયલી બેસતા હવે જરા શાંત થતી હોય તેમ બોલી "ને પછી માયજીને ને મહને અહીંઆ છુપાછુપ લાવીને પાંચ વરસની વાતપર રાખ્યા ને મહારી સાથે તેવણે દાણા પારીઆ, તે પછી બીચારા મહારા માયજી ગુજરી ગીઆ—ને તે પછી ઉકરજીથી મહને મહારાં એ ગાય ગોલાબ બચ્ચાં થયાં.ઑ ગુલબઇ" અને અહીં તે ગુંગલાયલી ગુંગલાયલી બોલી "તહમેબી જો ખરેખરજ ઉકરજી સાથે પણેલા હોસો તો મહારૂં સું થસે? મહારાં બે નાલ્લા બચ્ચાંઓનું સું થસે!"

અને તે એવી દીલઆકરશી લેતી રડવાની ઢબે બોલી કે મહારી આંખમાંબી પાણી આવી ગયાં. "રર ના" મેં સમજાવ્યું "બચાં, રર ના. મેં એક વખત મહારા માબાપ ને ભઇને ખાતર મહારો પોતાનો સ્વભોગ આપ્યોછ તો હવે આજે આએ બીજી વખત હું તહારે ને તહારા બચ્ચાંઓને ખાતર પાછો મહારો સ્વભોગ આપસ. હું નહીં

ખાવસ ને તુને ખાવા દેવસ, મહારો પાક ખુદા મહારી સાથે, જા, તુંજ ઉકરની ધણીઆણી થઈને રેહેજે ને હું તે હકપરથી હાથ ઉથાવીને ચાલી જવસ, તહારે ને તહારા બચ્ચાંઓને ખાતર ઉકરજીનું ઘેર છોડી જવસ ને દુન્યામાં પાછી એકવાર ગરીબઇના ગજબ સાથ માથું પીટસ."

"ઓ ખુદા! ગુલબઇ, તહમે કેવાં ભલાં છેઓ" તે બોલી "પણ મહને તહમારી કેફીયત પુરી કેહોની!"

"પુરી વાત કરૂંછ, બહેન." મેં ગમગીન દીલે કહયું. "આજથી પાંચ વરસપર તુને પણ્યા પછી, આજથી એક વરસપર ઉકરજી મહને પણ્યો. તે ગુનેહગારે જીવતી બઇરીપર બઇરી કીધી ને મહને ગરીબ કુંવારી છોકરીને હું આજે ખુલ્લી આંખોથી જોઉંછ કે ફસાવી, મહારી સત્યાનાસી કરી નાંખી." મેં લગભગ ગલગલા સાદે રડતાં રડતાં કહયું "પણ, બચાં, તું મહને કેહે, તું મહને કેહે કે તહારી સાથે તુને પુનામાં લાવીને દાણા પારીઆ પછી એણે તુંને મુંબઇ નહી આવવા ને અહીંજ પરી રેહેવાનું સું બહાણું બતાવ્યું?"

"એજ કે છોકરાંઓ પોતાને ઘેરની નોકરાનીનેજ પોતાની મત્રઇ થઇ આવેલી જોઇને ખભરસે ને ઉકરજીપર રોખરૂં જગારસે." તે બોલી.

"બીચારાં ભોલાં દોલાં છોકરાં" મેં કહયું "તે લોક બોલ પછીનો બોલ બોલે નહીં, તો રોખરૂં સું જગારે! વારૂ પછી?"

"મેં તો એવણુની વાત ખરીજ માની" તે બોલી "તે પછી મહને અહીં એકાંતમાં રાખીને એવણુ પુને દર મહીને બેચાર દહારા આવે ને જાય, મહારી પાસે મહારી જુન્ની એક આયા છે તે રેહે,

મહને બહાર જાહજું ફરવા જવાનેબી એવણુની મનઇ ને કોઇ સાથે વાત કરવાનીબી બંધી—એ તો તહમે આજે જેવાં આયાં તેવાં હું તહમારી આગલ થોરૂંક કંઇ બોલી તેબી કોણ જાણે કીઆ દીલથી મેં કહીબી દીધું ! હું પોતે અજબ છેઉં, પણ હવેજ જાણી સકું છ કે કુદરતે મહને કેમ બોલાવી !"

"વારૂ જ્યારે ઉકરજી પુના આવે તાહારે મહારીપર કાગલ લખે તે કેમ ?" મેં પુછ્યું.

"કાગલની વાત હું કંઇજ જાણુતી નથી." તે બોલી

"તાહારે તો એ પોસ્ટ ઓફીસની કેરમાં કાગલ મંગાવે તેમજ પોસ્ટ આફીસમાંથીજ કાગલ લખેબી—ને ચાહેના વેપારીને મલવાને મસે અહીંઆ ચાહેનો વેપારી કેઠો વસાવેલો !"

"તહમે મહારીપર ગુસ્સે ના થાઓ ગુલબઇ" તે કાલાવાલા કરતી બોલી.

"નહીં બહેન બચાં, હું તહારીપર સ્હેજબી ગુસ્સે નથી" મેં નરમાસથી સમજાવ્યું "જેટલી તું બેગુનાહ છે તેટલીજ હું બેગુનાહ છેઉં, આપરે બેઉ નીરદોસ છઇએ, પાપી તો ઉકરજીજ છે. પણ વારૂ, રાવલપીંડીની વાતનું કંઇ મહને સમજાવસે ?"

"જી, મહાંરી તબીઅત બરોબર નહીં આલતી'તી ને મહારા મોટા બુઆ રૂસીની તબીઅંતબી ઠીક નહીંજ ઉતી તેથી એવણ અમુને નીલગીરી ને રાવલપીંડી હવા ખાવા લઇ ગયલા" તે બોલી. "નીલગીરીમાં એવણુનો કોઇ પારસી દોસ્ત છે તેની સાથે કંઇ ગુસગુસ બહુ ચલાવતા'તા."

"તેજ તાહારે ગુસગુસીઓ પારસીજ કેઠા એનો નીલગીરીનો મોટો ચાહેનો વેપારી!" મેં બખાલ્યું "વાહરે દગો! વાહરે પ્રપંચ! એ બુઘ્ઘામાંથી એવાં એવાં પ્રાક્રમ? વારૂ, એ કાહારે આવસે?"

"ઓય આવતાજ હોસે" તે બોલી "હવે આપરે સું કરીએ? હું એવણને કંઇ કેહું કે તહમે કેહેસો? બરેલી મહને તો કંઇજ સમજ પરતી નથી."

હું પોતે તે વખતે જો ઉકરજી આવી જાય તો કેમ કામ લેવું તેના ગુંચવાડામાં પડી, તો એ બીચારી ભોલી—ભાલી બચાંને તે કયાંથીજ સમજ પડે! પણ તુરત મેં વીચાર કરીને તેનો નીવેડો કરી નાંખ્યો, અને બચાંને સમજાવ્યું કે આયાને બોલાવીને મહારી હાજરીની ખબર ઉકરજીને તે નહીં આપે તેમ કરવું.

આયાને તેડવામાં આવી, અને કમપાઉંદના દરવાજા સુધી બેપરવાઇથી બચ્ચાંઓ સાથે રમતી તે બચ્ચાંઓને છોડીને વહેલી કે દોડી આવી. બચાં તુરતજ તેની આગલ જઇને બોલી "આયા, જો શેઠ આવી લાગે તો તેવણને કોઇ બઇરાં આયાછ એમ કેહતીજ ના યાદ રાખજે હં—જા, હવે બાબા પાસે જા."

ઇતેફાકન ઉકરજીજ આવી લાગ્યો, અને બાહારથી બચ્ચાંઓ સાથે બોલવાનો તેનો સાદ આવતાંજ મેં આગલથી મનમાં ઉભા કીધેલાં પ્લાન મુજબ બચાંના કાનમાં કાંઇ કહયું અને તુરત દોલીઆની કુરતનીની પાછલ ભરાઇ ગઇ, અને બચાંએ તુરતજ બચ્ચાંને ઓઢારવાની સારી લઇને આગલથી નાંખી—જેથી હું બાહારથી દેખાતી બંધ પડી ગઇ.

બચાંને સમજાવતાં અને તે પછી છુપાતાં મહને બે ત્રણ મીનીટ થઇ હશે તેટલાં ઉકરજી બચ્ચાંઓ સાથેજ વાત કરતો રહયો હતો. હું છુપાયા પછીબી એક મીનીટ ગઇ હશે, અને પછીજ તે અંદર આવ્યો.

"બોલ્લો, કેમ બચાં, બચ્ચાંઓને આયા પાસે છોરીને અહીં એખલી સું કરેછ?" ઉકરજીએ અંદર આવતાંજ પુછયું "કંઇ રાંધ્યું કે? ચાલની, તાંસાં સેકાયછ જરા જમી લેતે. ને મેં કહયું તેનો તેં વીચાર કરી રાખ્યોછ કે?"

"હું પેહેલે વાત કરૂં કે, પેહેલે ભોણું કરૂં, ઉકરજી?" બચાં બોલતી સંભલાઇ.

"કપરાં બપરાં કાહારવા દેસે, કસતી બસતી કરવા દેસે કે એમજ ભોણું કાહારસે!" તે બોલતો સંભલાયો "આજે એમ ધુખચયલા છાણાં જેવી સું છે? હું કેહુંછ તે તહારા ધ્યાનમાં ઉતર્યું કે? હું કાલથી અહીં એજ કારણસર પાછો આયોછ કે તુને હવે મહારે અહીં રાખવાનીજ નથી– નવસારી તરફબી હવા ઘણીજ સારી, આપરૂં અમસું પોતીકું ગામ, તહારી માયબી તો પેહેલી તાંહાંનીજ વસનારી એટલે તુનેબી નવસારી તો સદેલી, મકુંજે હવે પુનાની આએ બંગલી આસ્તે સ્તે ભારે આપસું, તું આજકાલમાં બચ્ચાંઓને ને આયાને લઇને નવસારીમાં રેહે, ચાલ હું તહમુ લોકને લઇ જાઉં ને તાંહાં ઠર પારૂં. પુનાની હવાબી હવે સદતી નથી તો નવસારી ચાલ, તે અજમાવીએ."

"તહમે કાલના આવીને એ સું નવું રોખરૂં લેતા આયાછ, ઉકરજી!" બચાં બોલી "પુના આટલા વરસ રહયા, તો અહીંજ ઠરીઠામ

પરી રેહેવા દેઓની.'

"નહીં—નહીં—તું તો ઘેલી છે ઘેલી—નવસારીમાં રેહેસે તો સારૂ, બચ્ચાંઓબી જરા લોહી પાણી લેસે."

"તહમે નવસારી અમુને લઇ જવા માંગોછ તો પછી મુંબઇજ કાંય નહીં લઇ જતાં?" તે બોલી "હવે તો પાંચ વરસોબી થયાં—-હવે તો તે લોક કદીબી મહારી સામબે રોખરૂં નહીંજ જમારસે ઉકરજી. જો તહમે મહને મુંબઇ લઇ જાઓ."

"તું તદન આજે માથેથી ખસી ગેયલી લાગેછ. કાલે જહારે હું અહીં આયો તાહારે નવસારીની વાત કાહારી તે વખતે હા—હા બોલતી'તી, ને આજે તુને મુંબઇ કાંહાંથી જવા ગમ્યું?" ઉકરજી બોલ્યા "અરે મૅટ જે છે તે ઠીકજ છે, તું છુપી રેહેસે તેમાંજ મહારી ને તહારી સોભા છે. પેહેલે તુને ઘેરમાં લઇ નહીં ગીઓ ને આજે પાંચ વરસે બચ્ચાં છોકરાં સાથે લઇ જાઉં તો તે વધારે ખરાબ. છોકરાં ઘેરમાં મહને ઉભો નહીં રેહેવા દેસે ને લોકમાં મોનુ દેખારતા મહને ભોંય ભારી પરસે—તુને એમ રેહેવામાં વાંધો સું છે? ખુદા રાખે ખાયછ પીએછ મજાહ કરેછ, બચ્ચાં છોકરાંમાં દીવસ બધો નીકેછ, બેદમાં પણણેલાં ને બધું બેદમાંજ ગબરીબી જાએછ તો વરી સુતેલા સાંપોને કાંહાં જગારેછ!"

"ઓ તાહારે તો મહારો સપનો ખરો પરીઓ!" બચાં, મેં સમજાવ્યું હતું તેમ બોલતી સંભલાઇ.

"સપનો?" ઉકરજી બોલ્યો "વરી અહીંબી સપનોજ!" અનું મેં સાંભલ્યું તો તેનાથી "વરી અહીંબી સપનોજ" કરીને ઓચીંતું

બોલઇજ જવાયું.

"ઉકરજી" બચાં બોલી "તાહારે સું મુંબઇમાંબી કંઇ સપનાનીજ વાત ઉતી!"

"અરે નહીરે" તેણે ફેરવી તોલતાં કહયું "દીકરી શેહેરં કંઇ પરમ દહારે સાંપ ને વીછુના સપનાથી જાગી ઉઠી હોસે તે મહને કંઇ સપનાની વાત કેહેતી'તી, અને તું અહીં આજે સપનું સપનું કરેછ તેથી હું બોલી ઉઠયો કે "અહીંબી સપનું!" તહમે બઇરાંઓ બસ સપનામાંજ મરી રેહેવાના."

"મેં તો કંઇ ઘણોજ ખરાબ સપનો જોયોછ" બચાં બોલી.

"વરી ઘણો ખરાબ તે સું હોય! આએ તેંબી સાંપ વીછુ ને ઉંદર બીલારાં જોયાં હોસે, એજ કેની?"

"નહીં—નહીં, ઉકરજી" તે બોલી "મેં તો જોયું કે મુંબઇમાં તહમે કોઇ છોકરી સાથે પણ્યાછ——"

"પણ્યાછ?" અરધો ફુટ ઝમીનથી કુદીને ઉકરજી પોકારી ઉઠયો. "એ બધા તહમે લોક સપના જોવછબી કાંહાંથી!" અને તે ખરા દીલથી અજબ થયલો હોય તેવોજ અવાઝ કાહાડી બોલ્યો.

"ઉકરજી, મહને ઠગો ના, મહને તો મહારો સપનો ખરેખર ખરોજ લાગેછ" તે દરદમંદ દીલથી ઉકરજીની વધારે નઝદીકમાં ખશીને બેસતાં બોલી "તહમારી સું પેહેલેથીજ મતલબ એવી ઉતી કે મહને કુટુંબથી દુર રાખીને કોઇ સાથે પણુસી જાઓ!"

"અરે પણ કોણે કહયું કે હું પણુસી ગીઓ!" તે ઠગારો ખોટું બોલતો સંભલાયો "આએ તહારા વાહીયાત સપનાથી તું મહારે

ગરે ઠોકી હાંકીને કેહેવા માંગેછ કે હું પણ્યોછ?"

"મહને સપનોબી આયોછ ને મહારીપર આજે સહવારના એક કાગલબી આયુંછ." બચાં મેં સીખવેલું જુઠું બોલી.

"કાગલ? કોણનું? કાંહાંથી?" ઉકરજીએ ગભરાત અકરાતમાં પુછ્યું.

"મુંબઇથી" બચાં બોલી "કોઇની નીચે સહી નથી, પણ તે કસુમ ખાઇને લખેછ કે બધી બીના ખરી છે."

"એવાં નનામાં કાગલની વાત કદીબી માનીએજ નહીં." તે બોલ્યો.

"હું નનામાં કાગલોની વીગતને માનતી તો કદીબી નથી" તે બોલી "પણ જાહારે મુંબઇ દુરબી નથી ને કંઇ દગો મહારી સામભે રચાય તેમબી નથીજ, તો પછી આગલ ઘેરમાં કામ કરી ગેયલી એક નોકરાની તરીકેજ હું ઘેરે છોકરાંઓને એક વખત મલવા જાઉં—ને મહારો વેહેમ દુર કરૂં."

"અરે ઘેર બેર કંઇ જતી ના" ઉકરજી વેહેલો કે બોલી પડયો "છોકરાંઓ કંઇ તુને જોયાં વગર બેસી રેહેલાંબી નથી, ને એવા કાગલને ભરૂસે તેહેકીક કરવાની કંઇ જરૂરબી નથી—તદન ખોટી વાત છે."

"કાગલમાં મહને કોઇ બીજે ઠેકાણે બોલાવેલી હોતે ને કોઇ બીજે અંજાણે જગે જવા લખેલું હોતે તો હું કદીબી તેમ જતે નહીં ને કરતે નહીં." બચાંએ કહયું "પણ આએ તો તહમારાજ બંગલાપર જવાની વાત છે, એટલે મહને તેહેકીક કરી આવવામાં

વાંધો સુ છે?"

"મસ મોટો વાંધો છે!" ઉકરજી બોલ્યા "જા, ભોણું કર, ને આયાને બચ્ચાં સાથે અંદર બોલાવ. રૂસીને મહારે રમારવોજ."

"રૂસીને ખાતર" બચાં બોલતી સંભલાઇ "રૂસીને ખાતર, આપરી વહાલી નાંજાને ખાતર, ઉકરજી, તહમે મહને બરબાદ ના કરો ને ના કરતાં, હું સું છેઉં? મેં તહમારી પરણેતર દાખલ રેહીને સું ફાયદો મેલવ્યોજ? એજ, એજ કે ફકટ એક નજર કેદ! તો લેવી એક નજર કેદ થયલી મુંગી બેઠેલી તહમારી પરણેતરને ઠગો ના ઉકરજી, બોલો—સું તહમે જીવતી બઇરીપર બઇરી કીધીજ!"

થોડીક સેંકડ ત્યાં ચુપકીદી ફેલાઇ, અને તે પછી બચાંનો સાદ નીકલ્યો "ઉકરજી, ઉકરજી, તહમારી મુંગી રીતભાતજ બતાવી આપવાને પુરતી છે કે તહમે ખરેખરજ પણ્યાજ. બોલો, બોલો, તહમે પણ્યા? તહમે એક કુમારી ગરીબ છોકરીને એક વરસપર પણીને ઘેર લઇ ગયા—"

"કોણને?" તે એકાએક વચમાં બોલી પડયો.

"ગુલાંને! ગુલબઇ—ગુલરૂખને." તે અચકતી અટકતી બોલી.

"તુને એ બધું કોણે કહયું!" તે હવે નરમ પડી જતો બોલ્યો.

"મહને મહારા સપનાએ ને પેલા કાગલે" બચાં બોલતી સંભલાઇ "ઉકરજી, તે બીચારી ગરીબ છોકરી તરફ તહમે દગો રમ્યા! મહારી તરફબી તહમે દગો—"

"હાઆ, એમ થયું તો ખરૂં." હવે તે એક નીસાસો નાંખતો સાચારીએ કબુલ કરી દેતો જણાયો "બચાં, તે છોકરીપર મહારો જીવ

જીવ છે તહારી સાથે મેં પેહેલે દાણા પારીઆ ને તે પછી એની સાથે હું પણયો જેથી એના લગન તો ખોટાંજ છે બચાં, તહારી સાથેજ હું ધણી ખરો કેહેવાઉં, તોબી મહારે ખાતર, બચાં, મહારે ખાતર તું તેને બચાવ. ગુપચુપ નવસારી ચાલ, તહારીજ કાણી તેને બી કંઇ સપનોજ આવી ગીઓછ એ જો કે અગ્નયબી આપનારી બીના છે, તોબી હું જોઇ સકુંછ કે તહારા ને તેના બેઉના સપનામાં વજુદ છે. તેને પુનાનો સંસારો ગેયલો છે, ને હવે તે જો પુને આવીને કંઇ તેહેકીક કરે તો બધી વાત બગરી જાએ તેમ છે—તેથીજ હું તુને પુનેથી ખીસારવા વેહેલો કે પાછો બે દાહારામાં તો દોડીબી આયો. ચાલ નવસારી, બચાં, ને તાંહાં તું એમજ ગુપચુપ પરી રેહેજે ને મુંબઇમાં મહને તેની સાથે દીવસ કાહારવા દેજે. તું કંઇ રોખરૂં કરતી ના" ને હવે કાલાવાલાની ઢબે બોલતો સંભલાયો "તું જરાબી ફીત્નો કે ફીસાદ ચલાવતી ના, યાદ રાખ કે મેં તહારા જેવી ગરીબ નોકરાનીને શેઠાણીનો દરજ્જો આપ્યોછ, તો તું હવે મહારૂં કહયું માનજે ને તેને ફસાવતી ના."

"અફસોસ, ઉકરજી" બચાં ખરા દીલના ગમથી બોલી "અરે, જાહારે હું હજુર ગરીબઇમાં ઉતી તાહારે સારી રીતે દહારા કાહારતી'તી, મહને જાંહાં ગમે તાંહાં ફરવા હરવાની ને મહારી મરજીમાં આવે તેમ છુટાપણું ભોગવવાની મહને રજા ઉતી,—પણ આએ તો સેહેતા જીવપર સંતાપ! સેઠાણી બનીને નજરકેદ થવું, ચોરી છુપઇથી રેહેવું, ધણીનો ચેહેરો મહીને મહીને ફકટ જોવો અને તેબી છાતીપર સોખ રાખીને જીવવું! અરે, મહારા એવા સેઠાણીના આએ અવતાર

કરતાં તો આગલી મહારી ગરીબાઇને લાખ્ખો લાખ ભલઇ. ઉકરજી, કદીબી એ તલવારી મ્યાન દુન્યાપર હોઇ સકે?"

"બચાં, દુન્યાપર જેબી બનસે તેમાં અજાયબી જેવું તો કદી બી નહીંજ જાણવું" મેં પેહલવેહલી વખતે તેને જરા મગઝ કસીને બોલતાં સાંભલ્યો "મહારેથી એક ગંભીરમાં ગંભીર ભુલ થઇ ગઇછ, તું મહને માફ કર, તેનેબી માફ કર, ને આપરો સંસાર જેમ ચાલેછ તેમજ ચાલવા દે. હું તો તે છોકરીને મહારા જાનોજીગરથી ચાહુંછ. તું જાણતી નહી હોય બચાં, કે હું તેને કેટલો બધો ચાહુંછ! અરે, તેને ખાતર તો મેં જીવતી બઇરી ઉપર બીજી બઇરી કરવાનો ગુનોહબી કીધોછ! હું તેના પ્યારમાં એટલો જકરઈ ગેયલો બચાં, કે હું મહારે ઘરડે ઘડપણ કેવો જુમ્મો મહારે માથે ઉઠાવતો હતો તેનીબી મહને સાન કે ભાન રહી નહીં—ઓ, તે વખતે એ ગોલાબ જેવી ગુલને સેહતાનના કબજામાંથીબી ઉઠાવી જવાનું હોતે, તોબી હું જરૂરજ તેમ કરતે-પણ, હું જોઉંછ, કે તેની તારીફ સાંભરીને તુને દીલમાં બુરૂં લાગેછ. તહારો ચેહેરો ફીકકો પરતો જાયછ, ને તું દલગીર થાયછ."

"તહમે ખુલ્લા દીલથી વાત કરો" બચાં બોલી "હું તો તે છોકરીને વસ્તે દીલમાં લાગણી ધરાઉંછ, બોલો, તહમારા મનમાં જેબી આવતું હોય તે બધાનો ખુલાસો કરી દેઓ."

"તે બીચારીને મેં સરીયામ ઠગીછ" ઉકરજી બોલતો સંભલાયો "હું તેને ચાહતો'તો, ખરા દીલથી ચાહતો'તો, ને તેથીજ હું તું જીવતી છતાં તેની સાથે પણ્યો ને તેનો ભવ એમ સમજ કે ધુરમાં

મેલવીઓ."

"ના મેલવો." બચાં બોલી "ઉકરજી, તેનો ભવ ધુરમાં ના મેલવો. જાઓ, મહને છોરી જાઓ, ને તેની સાથેજ હવેથી જીંદગી ભોગવો. મહને જાહારે તહમે એવા ચાહથી ચાહીજ નહીં સકતા'તા તો મહને તહમારી ધણીઆણી બનાવીજ સું કામ? મહારી ગરીબઇ મહને ભલી ઉતી, હું વહીતરૂં કરીને ખાતે પણ એવા કઢંગા અવતારે નહીંજ જીવતે. હવે પછીબી હું જીવી સકવાની નથી, મહારે વસ્તે જેને પ્યારજ નથી તો તેની સાથે જીવેલુંબી ફોકટજ છે, મહારા બચ્ચાંઓનું ગમે તે થસે, પાક ખુદા તે લોકને રાખસે—તહમે, જાઓ. ઉકરજી, ને ગુલરૂખ સાથેજ રેહો."

"નહીં, એમ કદીબી નહીંજ બનસે." મેં હવે બહાર નીકલી આવીને પોકાર કીધો, અને મહારો અવાઝ સાંભલતા તથા મહને જોતાજ ઉકરજી એક ફુટ ઉછલ્યો.

"કોણ? ગુલરૂખ? અહીં?" અને તે એટલાજ બોલ બોલીને થરથર ધ્રુજતો કબાટને અઢેલીને મહને ફાટ ફાટ થતા ડોલાએ જોવા પડયો.

"શરમ છે, દગલબાઝ! આએજ તહારો ચાહનો વેપારી કે?" મેં ઉકરજી તરફ અતીખ્ય ધીક્કારની નઝર નાંખતાં તથા બચાં તરફ આંગલી બતાવીને ઉકરજીને સવાલ કરતાં પુછ્યું "નીલગીરી ને રાવલપીંડીવાલો વેપારી એજ કે? ઘેલાં ચેરાં કાહારીને દુન્યાને લુટતાં કવું આવરેછ, હં! 'ઘેલાં થઇને ઘુટે ને ગામ બધું લુટે' તેવો હીસાબ રાખેલો કે ઉકરજી! આએ બીચારી સાથે દાણા પારીને એને નજર

કેદ રાખતાં કેમ આવરીયું, ને બબ્બે બચ્ચાં છતાં એની છાતીપર મહને લાવતાંબી કંઇ શરમ નહીં આવી? એક પગ જીંદગીની બહાર, ને બીજો પગ જીંદગીની અંદર એવા અણુધણુ થઇ રેહેલા તહારા પોતાના જમાનાનીબી તેં દરકાર નહીં કીધી, ને નીયત ફેરવી નાંખી! તું મહને ચાહેછ? દગલબાઝ! એમ તો દુન્યામાં મહારા જેવી સેંહ-કડો ખુબસુરત ઓરતો જોશે તો તે બધીઓનેબી તું પણવા તઇયાર થસે કે? બેવકુફ જરા ખ્યાલ તો કર, તેં એક જબુનમાં જબુન પાપ કીધુંછ ને તેનો ભોગ હું થવસ. તું કદીબી મહારી દરકાર હવે કરતોજ ના, હું તુને મહારા રૂવેરૂવાંથી ધીક્કારૂંછ, તહારૂં ઘેર સદાનું છોરી જાઉંછ. જા, તહારૂં કીધું તુંજ ભોગવજે."

"ગુલરૂખ" તે મહારી નઝદીકમાં ચાલી આવીને મહારો હાથ પકડીને ગુઠન્યે પડતાં બોલ્યો "ગુલરૂખ, મહને માફ કર. હું તુને ખરા દીલથી ચાહુંછ, ને તેથીજ મેં એ કામ કીધુંછ."

"આજ સુધી મેંબી જીવપર ખેડીનેજ તુને ચાહેલો, ઉકર" મેં તીરસ્કારથી કહયું "પણ હવે તુને જોઇનેજ હું કમકમુંછ, હું મહારા ખરા દીલથી તુને ધીક્કારૂંછ. ને તુંબી જો ખરેખર તું કેહેછ તેમ મહારે વાસ્તે દીલમાં સાચો પ્યાર રાખતોજ હોય તો તે બધો પ્યાર તું આએ ભોલી બચાંમાં ને તેના બચ્ચાંમાં હવે રાખજે, મહારો વીચાર, મહારો ખ્યાલજ હવે તું ભુલી જજે. હું જાઉંછ, મહને મલવાની કે શોધવાની તું દરકાર કરતો ના, કદાચ દરકાર કરસે તોબી તુંને હું ફાવવા દેવસજ નહીં, કારણ કે હું એમજ, એમજ દીલમાં સમજુંછ કે એવો કોઇ જમાનો મહારે વાસ્તેનો

ઉતોબી નહીંજ."

અને હું હાથ છોડવીને એવા ધસારામાં ત્યાંથી ચાલી ગઇ કે તે મહને બીલકુલજ અટકાવી શકયો નહીં—દરવાજાપર જતાં મેં હજુણ સુધી બચાંના રમતાં તે બેઉ બચ્ચાંઓને એકેકી કાસ કીધો અને હું ત્યાંથી ધસારાબંધ ચાલીને ગલીની બહાર ગઇ, મહને નાકાપરજ એક ખાલી તાંગો મલ્યો ને હું તેમાં બેસી ગઇ. સ્ટેશનપર જઇ. લાગતાં નસીબ સંજોગે ટ્રેનબી પાંચેક મીનીટમાંજ જનારી હતી તે મેં પકડી, અને મુંબઇ તરફ આવી.

મુંબઇમાં આવતાને વાર હું બચ્ચાંઓને મલવા તો નહીંજ ગઇ, કારણ કે હવે તે બંગલોજ મહને જાણે કડવો ઝહર જેવો લાગતો હતો. મહારી પાકીટમાં બસોક રૂપીઆ હતા તે મહને કામના હોવાથી મેં રાખ્યા તે મહને માફ, બાકી હું કંઇ દાગીનાબી પેહેરી નહીં ગયલી જે હું બંગલે કહાડી નાંખવાબી જાઉં.

દુન્યામાં હવે હું વાએજાન એખલીજ પડી!

હું મહારા બાવા પાસે જવા માંગતી 'તી પણ કફોડા ને મહારી તરફ દયાહીણ થયલા રૂસ્તમનું મોંઢુંજ જોવા હું નારાજ થઇ હતી. હું કદાચ જીવપર જરી ફેરવીનેબી તાંહાં જાઉં તોબી રૂસ્તમના તાણા ટપલાથી હું જીવતી કદાચ મરી જાઉં, મહારૂં માથું ચકભમ થઈ જાય ને કદાચ હું એક જબુનમાં જબુન પાપ—આપઘાત—કરૂં. તેથી હું ત્યાં નહીં ગઇ.—મેં હવે મહારી માસીના છોકરાનો ખ્યાલ કીધો, પણ નહીં. શું કરવું ને કયાં જવું તે મહને સુજયુંજ નહીં, તેટલાં કુદરતે મહને મદદ કીધી. "જામે જમશેદ"*

બોરીબંદરની બહાર વેચવા બેસનારા માણસ તરફ મહારી નજર ગઇ, તેની પાસે હવે એકુ બેજ પેપર જણાતા હતા. તેને બોલાવ્યો, ને તે સહવારનું 'જામે' એક આનો આપીને મેં ખરીદી લીધું. તેની નોકરી ચાકરીની કોલમમાં મેં ખુદા પાકનું નામ લઇને નજર નાંખી અને મહારેજ લાયકનું કામ–અજબ સંજોગે–તે દીવસે છપાયલું મહને જણાયું. અમદાવાદની કોઇ વીધવા પારસી બાઇ પોતાના છોકરાઓ માટે આખો દીવસ સુધી તેને ઘેરેજ રેહે તેવી લેડી ટીચર ને કમપેનીઅન માંગતી હતી–પગાર ખાવા પીવા તથા રેહેવા સાથે રૂ. ૫૦) લખેલા હતા.

મેં જોયું કે જેવું હું માંગતી હતી તેવુંજ પાક ખુદાએ મોકલાવ્યું હતું. તાબરતોબ મેં એક વીકટોરીઆ બોલાવી. ચર્ચગેટના સ્ટેશનપર ગઇ અને ગાડીને વખત હોવાથી ત્યાં થોડીક ફ્રુટ ખાતી હું વેટીંગ રૂમમાં બેઠી. ગુજરાત મેલનો વખત થયો અને હું તેના સેકંડ કલાસમાં અમદાવાદ જવા માટે બેઠી. હું બેઠી ત્યારે મહારા ગલામાંથી એક ડચકું નીકલ્યું, અરે આજે પાછી મહારી પડતી થઈ હતી, ને હું નોકરીએ જતી હતી!

પ્રકરણ ૧૫ મું.

મીસ પેરૂચી જાલગામવાલા!

અમદાવાદના સ્ટેશનપર ઉતરીને પેપરમાં જણાવ્યા પ્રમાણેના સરનામાએ હું ગઇ. તે કોઇ પારસી અઘોર બાઇ હતી, તેને એક

છોકરો ને છોકરી હતી અને તે છોકરાંને મહને શીખવવાનાં હતાં, અને આખો દીવસ તથા રાત તેજ ઘરમાં તે વીધવા બાઇ સાથે મહને રેહેવાનું હતું. મહને લાગ્યું કે કીસમતે જે સંજોગ મહારા રસ્તામાં મુકી દીધો હતો તેજ ઠીક હતું, એટલે તે બાઇને ત્યાં રેહેવાની ખુશી બતાવી—અને તે બાઇએ પોતાની જાહેર ખબરને લીધે મુંબઇ વેરથી હું ત્યાં જાતે ગઇ હતી તેથી ખુશી થઇને પેહેલાં મહનેજ રાખી લીધી અને હવે પછી કોઇ અરજી આવે તોબી તેનો સ્વીકાર નહીં કરવાને મરજી બતાવી હતી. મેં મહારૂં ખરૂં નામ ત્યાં નહીં આપ્યું, પણ બાવાજી, રૂસ્તમ, બચઇ, ઉકરજી, ઉકરજીના છોકરાંઓ કે મહારો માસીનો શીઆવક્ષ કદીબી મહારો પત્તો મેલવી સકે નહીં એવા વીચારથી અને તેઓથી સદાની દુર રેહેવાના ખ્યાલથી, મેં મહારૂં નામ અમદાવાદમાં મીસ પોરૂચી અરદેશર જાલગામવાલા બતાવ્યું. મહારી બાઇ મહને પેહેલેથીજ ઘણી ભલી લાગી, તેણે મહારૂં નામ મીસ જાલગામવાલા યા મીસ પોરૂચી બોલાવવાને બદલે, ઘેરનીજ છોકરી હોઉ તેમ ફકટ "પોરૂચી" બોલાવવા લાગી–ને મહને પોતાના બચ્ચાંઓની માસતરણ યા પોતાની નોકર સમજતીજ તે નહીં હોય તેવી નેક રીતભાત સાથે તે મહારી સાથે વરતવા લાગી.—મેં જોયું કે મહારી ભલી મનશની પ્રમાણે મહને નોકરી ઝટ ને પટ મલીબી ગઇ હતી, અને મહારી ઇજઝત સચવાય તેવું તે ઘર હોવા સાથે મહારી સાથે ઘણી માયાકુલ વરતણુંક ચલાવવામાં આવતી. મેં પાક ખુદાના શુકરાના કીધાં.

બોલ બોલતાં એક વરસ પસાર થઇ ગયું.

એ એક વરસમાં સુખવાસી નોકરી તલે અને કોઇનીબી પંચાતી જંજાલ વગર કયાંનું કયાં ગબડીબી ગયું તે જાણે માલમબી નહીં પડયું. આસાનીથી તે વરસ વીતી ગયું અને તે દરમ્યાંન કાંઇબી નવો બનાવ બન્યો નહીં. એ એક વરસમાં શીરીનબાઇ ઉનવાલાના બન્ને છોકરાંને સારી કેલવણી મેં આપી હતી. ઘરસંસારી ઉપરાંત શીખવા ભણવાની અને મ્યુઝીકનીબી કેલવણી થોડી થોડી મેં તેમને આપી. દરરોઝ સ્હાંઝ સ્હાંઝના ઘરની વીકટોરીઆમાં બચ્ચાં ફરવા જતાં હતાં, જેમની સાથે ઘણીખરી હું નહીં જતી, કોઇ કદાચ ગઇ તો ગઇ, બાકી ઘણીખરી આયાજ જતી હતી. મહને મહારી ભલી બાઇ શીરીન-બાઇ બ્હેંસ નહીં કરતી, કારણ કે તે જાણતી હતી કે મહારા મા બાપના ગુઝર પામવા પછી હું તુરતનીજ દુન્યામાં વાએજાન એકલી પડી ગઇ હતી અને હું માબાપના મરણ પામવાનો શોક પાલતી હતી! તે બીચારી બાઇ સું જાણે કે મહારો પીદર જીવતો હતો અને મહને એક ભાઇબી હતો! મેં કદીબી મહારો ભેદ આપ્યો હતોજ નહીં.

મેં કહેલું એક વરસ વીતી જવા પછી એક સહવારે મહારા હાથમાં આયાએ લાવીને એક કાગલ મુકયું જે ટપાલમાં મહારે નામે આવ્યું હતું. તે કાગલ ઉપરના અક્ષર મહારેથી તદનજ અંજાણા હતા. મેં તે કાગળ ધડકતી છાતીએ ખોલ્યું, અને તેની નીચેની સહી જોઇ. તે કાગલ નનામું હતું કારણ કે નીચે નામ નહીં હતું. હું તે નનામાં કાગલને ફાડી નાખવા માંગતી હતી, કારણ કે હું નનામાં કાગલને માનતી નહીં હતી—છતાંબી તેમાં શું લખેલું છે તે જાણ-વાંની મહને આતુરતા થઇ, અને મેં તે વાંચ્યું:—

"બહેન **ગુલરૂખ,**

તું તહારૂં ખરૂં નામ અમદાવાદમાં જાણીને જરા ચોંકશે, પણ એ નામ મહને તહારા ભાઇએ આપેલું છે. તહારા ભાઇ ને બાવા રાવલપીંડીથી અહીંજ સંજોગે આવી રહયા હતા અને તું જાણીને ઘણીજ દલગીર થશે કે તહારા ગરીબ બુઢ્ઢા બાવા બીચારા મરવા પડેલા છે"

મહારા બાવા મરવા પડેલા છે! ખરેખર, તે વૃદ્ધ પીદરની રૂસ્તમે બરદાસ્ત લીધી હોય કે નહીં હોય તોબી તે આજ ને કાલ તો મરવા પડ્યો હતો. મેં તે કાગલ, શાહાદતો તેમાં રજુ થયલી જોતાંજ, માન્યું, અને તે વૃદ્ધ પીદરને છેલ્લી ઘડીએ મલવાને મહને જીજ્ઞાસા થઈ. અરે, તે મહને જોશે નહીં તો મરતી વખતે કદાચ રંજીદા થશે. મેં તે અધુરૂં કાગલ હવે પુરૂં કીધું:———

"તહારા બીચારા બાવાને મલવા તું જરૂર આવજે, તેવણ તહારી ટગર કરેછ. તું જો રૂસ્તમને મલવા નાખુશ હોય તો જાણજે કે તે તુને નહીં મલશે, તહારેથી દુર બીજા રૂમમાં બેસસે, પણ તું તે મરતાં બાપને મલવા જરૂર આવીને તહારી ફરજ અદા કરજે. તું આજે કાલુપુર પોસ્ટ ઓફીસની સામેની ગલીને નાકે ઘર નાં૦ ૪૦ માં આવશે તો તહારા બાવા તુને મલશે. લી. તહારા ભાઇના હુકમથી લખનાર તહારી એક સઇ."

તે મહારી કોણ સઇ હશે તેનો ખ્યાલબી નહીં કરતાં હું મહારા મરતા બાવાને મલવા તઇયાર થઇ ગઇ. મેં એક જરૂરી કામસર જવાનું બાઇથી બહાણું કાહાડયું અને બુકબાચક નાસ્તો કરી લઇને ગઈ.

કાલુપુર પોસ્ટ ઓફીસની સામેની એક નાહની ગલીને નાકેથી એક માલનું એકઠું ઘર હતું તે મેં જોયું. તે ઘરની પેલી બાજુએથી તો કોઇ ઘરજ નહીં હતું, કારણ કે ત્યાંથી બીજી કોઇ ગલી શુરૂ થતી હતી, પણ હું જતી હતી તે બાજુથી એ ભાંગા તુટા ઘરનો કાટ પડેલો હતો. હું તે ઘરમાં મોત અને જીવન વચ્ચે પડેલા મહારા બાવાને જોવા ધડકતી છાતીએ યાહોમ દાખલ થઇ, તેજ ઘરનું નંબર ૮૦ હતું—હું દાખલ થયાં પછીજ સ્વભાવીક ડઘમઘી ને નીચે ભોંયતલીએજ ઉભી રહીને મેં દરવાજો ઠોકયો. મેં જોયું કે જો વેહેમ પડે તો ત્યાંથી ચાલી જવું, ને નહીં તો અંદર દાખલ થવું—પણ હું બહારજ ઉભી રહીને અવાઝ કરૂં તેટલાં તેટલાં તો કોઇએ મહારી પાછલથી ધસી આવીને દરવાજાને આંચકો માર્યો અને સાથેજ મહને બી અંદર હડસેલી દીધી! મેં નકકી માન્યું કે કોઇ દગોજ થયો હતો, અને વીજલી વેગે મહારા મગઝમાંથી વીચારો પસાર થઇ ગયા. અરે, મેં પેહેલે તો નનામાં કાગલને માનીનેજ ખોટું કીધું હતું અને વલી એવી એકાંત ગલીમાં મહારા જેવી બાનુને એખલી આવવાનુંજ મોટું ભુલભર્યું હતું. એક બાઇ આદમી, કોઇબી સાથી વગર, આવા એક અંજાણ્યા ઘર તરફ, એજ સરીયામ એક મૅડનૅસ હતું, પણ જે બની તે બની. મેં જોયું કે મેં ઘણી સાવચેતબી દુન્યાપર આ બીજી મરતબે ફટકા ખાધો હતો, મેં મનમાં ને મનમાં વીચાર્યું કે હું તે કાગલ માનીજ કેમ શકી? પણ તેજ વખતે મહારા કીસમતમાં બનનારા બનાવની મેં યાદ કીધી, જ્યારે નસીબમાં બનવાનુંજ લખેલું હોય તો પછી અક્કલમંદોની અક્કલબી તે ઘડીએ

ગુમ ને નાબુદ થાયછ! મેં મ્હારી પાછલ ગભરાતમાં જોયું, તો એ! ઉકરજી દરવાજાને અધેલીને બેઉ હાથમાં અકેકી પીસતોલ લઇને ઉભેલો!

"કોણ ઉકર?" મેં એક ચીસ પાડી.

"હા, તહારો વહાલો ઉકો" તે બુધ્ધો દાંત્યાં કાહાડીને હસ્તો હસ્તો બોલ્યો.

"ઉકરજી, તહમે આ બીજીવારનો દગો કીધોછ." મેં લગભગ ઘાંટો પાડીને કહયું "એક વખત મહને કુમારીને દગાથી પણુણી તહમે મ્હારી જુવાની ધુરમાં મેલવીછ, ને આજે તહમે મહને-મ્હેતા જીવને-જોખમમાં નાંખીને નનામાં કાગલથી અહીં બોલાવીને ફસાવીછ. તહમુને મહારૂં નામજ કોણે આપ્યું?"

"મીસ પોરૂચી જાલગામવાલા" તે બોલ્યો "તહમે નોકર માણસોપર વીસવાસ રાખોછ કે સું? જાણો કે બધાજ નોકરો કંઇ વીસવાસુ નથી હોતા ને થતા, આએ તહમારી કોઇ બાઇની આયા એક અરધી ગીનીપર પીગલી ગેઇછ. જો, હું તુને બધી વાત કેહું. આંઠ દાહારાની વાતપર મેં તુને બે છોકરાં ને એક આયા સાથે ગાડીમાં જોઇ, તહારી નજર સારૂં થયું કે મહારી ઉપર નહીં પરી, પણ મેં તુને બરોબર જોઇ. હું તો અજબજ થયો, તું અમદાવાદમાં હોસેગી તે વાતની મહને મુદ્દલજ ખબર નહીં, હું તો મહારા કામસર આયો ને તેટલાં તુને ગાડીમાં બેઠેલી જોઇ. હું એક ભાડેની ગાડી કરીને બેઠો ને તહમારી ગાડીની પાછલ તે ગાડી દોરાવી ને તહારી બાઇનું ઘેર દુરથી જોઇ લીધું. બીજેજ દાહારે તે ઘેર આગલ મેં ફેરા માર્યાં કીધાં, તહારી આયા કંઇ સોદો લેવા નીચેં આવી ને મેં તેને બોલા-

ચીને અરધી ગીની હાથમાં સેરવતાંજ શીશામાં ઉતારી દીધી! કેમ, તહારો એક વખતનો ઘેલો ઘાંચી કેવો હુસ્યાર!"

હું તો તેની વાત કચવાયલાં મન સાથે સાંભલતી હતી, પણ તોબી 'ગલે ગાંઠ ને મોંઢે ડુચો.' તે કંગાલની વાત સાંભલ્યા વગર છુટકોજ નહીં હતો, જેથી હું ચુપચુપ તેમની તેમ ઉભીજ રહી.

"તું બીહ ના, હું કંઇ તુને આએ પીસતોલોથી મારી નહીં નાંખસ" તે બોલ્યો "તહારીપર મહારો ઘણોજ ઘણોજ જીવ છે, હું તો તુને પાછો લઇ જવા આયોછ. કેમ શીરીનબાઇ ઉનવાલાને ત્યાં રેહેલાં ઓ તહમે મીસ પોરૂચી જાલગામવાલા, ઉરફે મીસ ગુલરૂખ લખપતી લકએ મીસીસ ગુલબાનું ઉકરજી હીરામાણેક કેમ છેઓ? હવે તો તહમે આજે મહારા સપાટામાં આયા કેની? તહમે તો એમજ સમજતા'તા કે છુપાં નામ તરે રેહેસો તો કદી કોઇ તહમુને મલસેજ નહીં, પણ આએ તહારા ઉકરના જીવમાં જીવ છે તાંહાં સુધી તો તેમાં તહારોજ પ્યાર સદા જીવતો ને જાગતો રેહેસે. હા, પણ ખરા હું તુને જાલમાં સપરાવવાની વાત કાંહાં પુરી કેહી રહયો જે તેની વાત? તહારી આયાએ તહારૂં નામ નીસાન આપ્યું કે પછી મહારા દાદાએ તહારી ને રૂસ્તમની વાત કહેલી મહને યાદ આવી. રૂસ્તમ ને તહારા બાવા રાવલપીંડી ગીયાછ તેં એમ દાદીને તો કેહેલું. મેં હુશયારી વાપરીને બધી ટકનો લાભ લઇ લીધો ને આજે તુને અહીં કેદ કીધીછ. મહારી સાથે ચાલસે નહીં તો હું આએ પીસતોલથી આજે તુને મારીજ નાંખસ–યાદ રાખજે, મીસ પોરૂચી જાલગામવાલા, કે તું જીવતી મહારા પંજામાંથી નહીંજ જશે."

પ્રકરણ ૧૬ મું.

જાલમાંથી છુટકો.

હું એકદમ ઉછળી અને તેના આંગપર ધસી, પણ તે મહને એક આંચકો મારતા બોલ્યો "ગુલ, દૂર રેહે! ને મહને સાંભરી લે."

"તહારો એકબી બોલ, એકબી શબ્દ, મહારે હવે સાંભરવો નથી—મહને જવા દે, અહીંથી, મહને જવા દે ઓ બુધ્ધા નાકદર હયવાન." હું ગુસ્સાથી બોલી, મહારૂં લોહી તદન ઉકલી આવ્યું હતું "હું જાણુંછ કે તું મહારીપર એ પીસતોલ વાપરી સકનારજ નથી! મહને અહીંથી હમણાં ને હમણાંજ જવા દે, નહીં તો હું તહારીપર વાઘણની માફક ઉલટસ ને તહારૂં લોહી પીવસ."

"તું જાહારે મહારૂં લોહીજ પીવા કેહેછ તો પછી હુંબી આએ પીસતોલથી તહારૂં માથું ઉડારી નાંખવાની હીમત કરૂંછ" અને એમ બોલતાંજ તેણે તે પીસતોલ મહારા માથા તરફ ટાંકી "ચુપચાપ ઉભી રહીને મહારૂં સાંભર, નહીં તો ખચ્ચીતજ આએ પીસતોલના ચાંપ હું દાબી દેવસ."

"નમાવ, હેંડ નમાવ, એ ખુનખ્વાર હથીયારને." મેં લગભગ ચીસ પાડતાં કહયું "તું સું કેહેવા માંગેછ? બોલ, કમબખત બુધ્ધા, બોલ."

"તું જાંહાં છે તાંહાંજ ઉભી રેહેજે" તેણે કહયું "મહારી આગલ

એક ઇંચબી આવતી ના. ગુલ, ગુલ, હું તુને ચાહુંછ, મહારા ખરા દીલથી ચાહુંછ ને તુને પાછો મહારા હાથોમાં લેવા માંગુછ. જો, હું તુને ચાહતો'તો, ખરા દીલથી ચાહતો'તો, તેથીજ હું બચાંનો ધણી છતાંબી તહારી સાથે પણ્યો."

"ઓ ઘેલા ઘાંચા" મેં હવે ચીરડાઇને બાંગ મારી "બચાંનો ધણી છતાં તું મહને પણ્યો તે તહારૂં કામ ખોટું ઉતું કે વાજબી? તેં એક સરીયામ ઠગઇ કીધીછ, તેં તેને ફસાવી ને સાથે મહનેબી ફસાવી. તહારો જો ખરો પ્યાર મહારીપર હોય તો મહને તહારા હાથમાં લેવાનું હવે ના કર, પણ મહને મહારે રસ્તે જવા દે સું તુને ખબર નથી કે એક મ્યાનમાં બે તલવાર નહીં રહી સકે, બે તલવારી મ્યાન કદીબી દુન્યાપર નહીં હોઇ સકે!"

"જો બે તલવારી મ્યાન નહીંજ હોઇ સકે તો પછી લાવ, હું તે મ્યાનમાં એકજ તલવાર સમાવી દેઉં" તે બોલ્યો "લાવ, હું તુનેજ તે મ્યાનમાં એખલી રાખી લેઉં———"

"ને બચાં?" મેં ગભરાત અને અજાયબી સાથે પુછ્યું.

"બચાંનો સાફ સાફ નીકાલ કરાવી દેઉં." તે બોલ્યો.

"ઓ શયતાન" મેં હવે જીવ તુટી જાય તેવી બરાડ મારી "હું નહીં જાણુતી'તી કે તહારા જેવા ઘેલા ઘાંચીમાં એટલું બધું જનુન છે! ઓ એકદર ઇબલીસ, ઓ હઇયાં ફુટાં હયવાન, તું મહારે ખાતર બચાંને મારી નાંખવા તઇયાર થયોછ! તું મહારે ખાતર તેના બચ્ચાંઓને માય વગરના બનાવવા તઇયાર થયોછ! થુ છે તહારીપર, આજ સુધી તો હું, તું મહારો ઠગારો ધણીબી ઉતો તેથી, તહારી

ઇજ્જત રાખતી'તી, પણ હવે તો તુજ જેવા કસઇ માટે મહારા મોંનામાંથી જેબી સબ્દો નીકલસે તે બોલતી અચકસ નહીં. થુ છે તહારીપર, લાનત, દુન્યાની હજારો હજાર લાખો લાનત છે તુજ જેવા બેઅકકલી બુધ્ધા બેવકુફપર, કે ઘરડે ઘડપણ તહારા વરસ વેચીને તું તહારા પાપી નીચ હવસને ખાતર જીવતીપર જીવતી બઇરી કરેછ, ને હવે તેમાંની એકને મારી નાંખવાબી તું તઇયાર થયોછ! ઓ કસઇ! તે બીચારી ગાય છે જે તહારા હાથપર ફસીછ ને ટકીછ—જા, અહીંથી નાબુદ થા, તહારૂં કાલું કર, ચલાવ આએ તહારી પીસતોલ, મહને મારી નાંખ, મહને અબઘરી મારી નાંખ કે તહારી હવસી આંખો મહને જીવતી જોયજ નહીં, ને તું મહારે ખાતર એક ખુન કરવા તઇયાર નહીં થાય. ઓ, તે ગરીબ બાલ બચ્ચાંવાલી ઓરત જો મહારા ખુનના બદલામાં બચી સકતી હોય તો ચલાવ પીસતોલ, મહને મારી નાંખ, ઓ બેકદર કસઇ, મહને મારી નાંખ, પણ તું તે બીચારીને ના મારતો, ના મારતો."

"તાહારે તું સું કેહેવા માંગેછ?" તે બોલ્યો "એજ કે તું કોઇ બી રીતે મહારી તો પાછી થવાજ નથી માંગતી કેમ?"

"નહીં–નહીં, કદી નહીં, મરતાંબી નહીં–જો તે બીચારી કુદરતી મોતેબી હવે કદીબી મરી જાય તોબી હું તહારી સાથે તો હવે કદીબી રેહું નહીં–જીવું નહીં–જીંદગી ભોગવું નહીં." મેં કહયું.

"તો જાહારે તુંજ નહીં આવતી હોય તો પછી તેને મારી નાંખવાની ફોકટજ છે" તે બોલ્યો "તાહારે હવે તું આએ પીસતોલની ગોલી મહને તહારીપર ઉડારવા દેછ? હું તુને યાતો જીવતી મહારી

સાથે લઇ જાઉં, નહીં તો આએ પીસતોલથી તહારૂં માથું ઉડારીને દુન્યાથી તુને નાબુદ કરી દેઉં—પાંચ મીનીટ, ફકટ પાંચ મીનીટ તુને વીચાર કરવાનો આપુછ, તે વીચાર કરી લે, "હા" બોલ ને જીવ, ને "ના" બોલ ને મરી જા."

હું તે કાંઇબી વધારે બોલે તે અગાઉ તેના દીલપર કુદી, અને ઘણા જોરથી મેં તેના હાથમાંથી પેહેલીજ તડાપે એક પીસતોલ જુટવી લીધી, ને તેને બીહીધરાવવા મેં દરવાજા તરફ પીસતોલ ટાંકી, અને પીસતોલની ચાંપ એકદમ દાબી!

હું તો સમજતી'તી કે એક મોટો ધડાકો થશે, પણ નહીં. કાંઇજ નહીં! હું બીજીજ પલે સમજી ગઇ કે તે પીસતોલ ખાલી હતી, જેવી તે પીસતોલ નહીં ફુટી કે ઉકરજી મોટેથી હસીને બોલ્યો "હા–હા–હા–હા, ભોલી–ભોલી, અરે અમદાવાદમાં હું પીસતોલ કાંહાંથી લાઉં? ભોલી છોકરી, જરા બરોબર જો તો ખરી—એ તો મેલામાં મલેછ ને છોકરાંઓ રમેછ તે બનાવતી પીસતોલ છે, ખરી કાંહાં બરીછ કે તું મહને મારે!"

હવે તો મહને વધારે જીવ આવ્યો "બનાવતી છે તાહારે તો વધારે સારૂં, હવે જો તું મહને અહીંથી જવા નહીં દેસે તો હું જીવ-પર આવીને તહારી સાથે બાથેબાથ લરસ, તું મહને અહીંથી જવા દે ઓ બુધ્ધા બેવકુફ, નહીં તો હું તહારૂં ગરૂં ભચરી નાંખસ, હુંબી છેલ્લે પાટલે બેઠીછ, તુને મારસબી ને હું મરસબી—નહીં તો, સીધે સલુકે મહને જવા દે, ને હવે મહને ભુલી જા, તદનજ મહને ભુલી જા."

"જા" તે દરવાજા આગલથી ખસ્યા વગરજ બોલ્યો "તું જા,

પણ તહારી બાઇને તાંહાંબી તું હવે સુખેથી રેહેવાની નથી. તું હજુરબી માન, ને મહારી થઇને રેહે, નહીં તો જતી હોય તો જા, પણ કાલે સહવારના તહારી બાઇપર એક નનામું કાગલ જસે કે આજે તું એક ઘણાજ બુરા ઘેરમાં આવી હતી, ને તું પોતે એક ઘણી નીતી વગરની——"

મેં તેના મોંઢાપર દોડી જઇને હાથ દાબી દીધો "ચુપ કર, બેશરમ, એક સઉથી વફાદાર ઓરતને બદલામ કરવાથી દુર રેહે."

"તું મહારી નહીં થસે તો હું તુને બદલામ કરસ." તે બોલ્યો.

"ખબરદાર" મેં કહયું "કમબખત, તું એમ મહને તહારા પંજામાં આવેલી ના સમજતો. મહારે વાસ્તે જો તું ખોટું ગુલબાનબી ઉડારસે તો યાદ રાખ કે તે ગુલબાનની ખબર પરતાજ હું પોલીસમાં જવસ, ને જીવતી બઇરીપર બઇરી કરવાના વાંકને સારૂ તુને પકરાવી દેવસ"

મેં જોયું કે મહારા બોલવાની તીલેસમાતીક અસર તે બુધ્ધા-પર થઇ, કેમજે તે દરવાજા આગલથી એકદમ ખશી ગયો, અને તેણે મહને જવાની જગ્યા આપી

હું ત્યાંથી એકદમ ધસારાબંધ નીકલીને ચાલી ગઇ, ત્યાંથી ગાડીમાં બેસીને મહારી બાઇને ત્યાં ગઇ—અને મેં કોઇ રીતે આયાને કાઢી મુકાવવાનો વીચાર કીધો, તેટલાં મહને ખ્યાલ આવી ગયો કે ઉકર-જીએ હવે મહારૂં સરનામું ને નામ જાણેલું હોવાથી તે હવે પછી પાછો લાગ જોઇને કોઇબી દાહારો મહને પોતે યા બીજા માણસો મારફતે ફસાવસે, તેથી મહારેજ શીરીનબાઇ ઉનવાલાની નોકરી છોડીને બીજે ઠેકાણે બીજે કોઇ શેહેરે નામ બદલીને ત્યાં રેહેવા જવું.

મેં હવે વધારે વાર નોકરીએ નહીં રેહેવાનો તથા મહારી કોઇ કુઇનો મહને પત્તો લાગેલો હોવાથી હું તેને ત્યાં જનાર છેઉં એવું બાહાણું બાઇ આગલ કાહાડ્યું. શીરીનબાઇ પોતે મહારી સાથ જુદાઇ પડવાના સબબે ઘણા દલગીર થવા લાગ્યા, પણ મેંજ જવાની બ્હોંસ કીધી અને જાહેરખબર આપવાનો વીચાર જણાવ્યો. જાહેર ખબરથી મહારી જગ્યાએ કોઈ બાઇ આવીને રહે ત્યાં સુધી હું શીરીનબાઇને ત્યાં રેહેનાર હતી, પણ તે દરમ્યાન જો કોઇ મહને બોલાવે કે કાંઇબી કાગલ આવે તો તેપર ધ્યાન નહીંજ આપવાનો મેં મજબુત ઠેડાવ કીધો. વલી તે દાહાડા પછી હું ઘરની બહાર પણ નીકલવા માંગતી નહીં હોવાથી કદીબી બહાર ગઇ નહીં, ને ગાડીમાં પેલીજ આયા છોકરાંને લઇને ફરવા જતી. તે આયાને શીરીનબાઇના ઘરમાં નહીંજ રખાવવાનો મહારો વીચાર નકકી થયો, પણ જ્યારે હું ત્યાંથી જવાની હોઉં ત્યારેજ–જતી વખતે–આયાને રજા મલે તો ઠીક કે તે મહારી સાથે દુશમનાઇ રાખી શકે નહીં એવું મેં ધાર્યું, જેથી તેને તેજ વખતે હું ચુપ રહી.

મહારી જગ્યાપર પારસી બાનુને નોકરીએ રાખવાની જાહેર ખબર આપવામાં આવી, ને થોડા દીવસ પછી કોઇ શીરીન રૂસ્તમજી પટેલની તે નોકરીપર રેહેવાની અરજી સીકંદ્રાબાદથી આવી.

પ્રકરણ ૧૭ સું.

શીરીન પટેલની કાહાણી.

સીકુંદ્રાબાદથી આવેલી તે કોઇ શીરીન રૂસતમજી પટેલની અરજી મહનેજ મહારા બાઇએ વાંચવા આપી, મેં તે વાંચી અને તે અક્ષર મેં અગાઉ કેઠે જોયા હોય તેવું મહને લાગ્યું, પણ તેની યાદ કાંઇજ થઇ નહીં. તે અરજીનો જવાબ મોકલવામાં આવ્યો, અને તુરતજ આવીને પોતાની નોકરીનો ચાર્જ લેવા તે બાઇને જણાવવામાં આવ્યું.

આંઠ દીવસ ગબડી ગયા, અને તે પછીને દીવસે તે કોઇ બાઇ આવી લાગી. ઘણી મજેની મહને તે લાગી, અને બાઇએબી તેને રાખી લેતાં મેં તેને ઘરના કામકાજની સમજ આપી. એક દીવસ સાથે વાત કરતાં બીજા આંઠ દીવસ પછી હું ચાલી જનાર હોવાનું તેને મેં જણાવ્યું, જે વખતે તે દુખી થતી બોલી "પોરૂચી, તહમે તહમારી નોકરીપર મહને આવીને લાત મુકનારી તો જોતા નથીની!"

"અરે નહીંરે, શીરીનબઇ" મેં કહયું. "એ નોકરી છોરીને તો હું પોતેજ ચાલી જાઉંછ."

"મહને નોકરી તો નહીંજ કરવી પરે, પણ સું કરૂં કે મહારૂં તકદીર ફુટેલું હોસે તેથી એમ લોકની નોકરી કરવા આવવું પરયુંછ." તે બોલી, અને મેં જોયું કે તે ખરેખર ઘણા અસહય દુખ સાથેજ બોલી, અને બોલી રહીને રડી પડી.

"શાંત થા, બહેન" મેં ઘણી દયા સાથે તું તાં સાથેજ તેની

સાથે પ્યારથી વાત કરવા માંડી "તહારીપર ઘણું દુખ પડેલું તહારા ફીકકા ચેહેરા ઉપરથીજ જણઇ આવેછ."

"ઓ પોરૂચી" તે નીસાસો નાખીને બોલી "મહારીપર દુખ ઘણું છે, મેં જેને કદીબી દુખ જેવી ચીજ જોયલી નહીં ને ગરીબઈ વેઠેલી નહીં તેને જહારે ગરીબઇ સોસવી પરેછ તાહારે જાણે જીગરના બે ટુકડા થઇ જાયછ. દર પલે જાણે યાદ થતાં મહને રંરવું રરવું આવેછ, ને પેટ કોઇની આગળ ખાલી કરીને મહારૂં દુખ રરવા જાણે બધું બોલવાનું આવીને ગરામાંથી ઉભઇ ઉભઇ જાયછ." અને પાછા તેણે પોતાના બરફ જેવા સફેદ બેઉ હાથો આંખોપર દાબી દીધા, અને પાછી રડી.

"એમ રર ના" મેં તેના માથાપર હાથ મુકીને સમજાવ્યું "શીરીન, તું એમ રર ના, પણ તહારૂં દુખ મહારી આગળ કહી દે, તહારૂં પેટ ભરાયલું હોય તે ગમે તો મહારી આગળ ખાલી કર કે તહારા માથાપરથી બોજો ઓછો થઇ જાય, ને મન મોકળું થાય."

"હું મહારા માબાપની એકજ છોકરી થાઉં–મહારા માબાપને બીજું ફરઝંદ તે એક બીજો મહારો ભઇ. મહારા ભઇની બીચારાની વાત પછી કરસ, તહમે અમણાં મહારીજ વાત સાંભરી લેઓ. મહારા માબાપ ઘણાં તવંગર છે, પણ જેટલાં તે લોક તવંગર છે, તેટલાંજ તે લોક કંજુસ હોવા સાથે ઘણાજ કરક મીજાસના છે. હું તો ઘેરમાં ઘણી સુખી ઉતી, પણ આજથી ચાર મહીનાની વાતપર એક છોકરાએ આવીને અમારા ઘેરમાં પગદંડો મુકયો તે દાહારથીં જાણે મહારો પરતી આવતી ગેઇ. મહારા બાપ બે ચાર જાતનો વેપાર કરે તેમાં

દારૂ બનાવવાના મોવરાંનો વેપારબી ચલાવે, અને તેના સંબંધમાં કેશમીર, રાવલપીંડી વીગેરેના વેપારીઓ સાથે કામ પરે."

"તહારી વાત બહેન શીરાં, જાણે રાજા પાદસાહની વાત હોય તેવી મહને લાગેછ." હું બોલી.

"ઘણીજ બુરી કેફીયત છે બહેન પોરૂચી" તે બોલી "પાક ખુદા મહારા દુસમનનેબી એવો દાહારો નહીં દેખારે. એવા એક વેપારીની પેઢી તરફથી રૂસ્તમ પટેલ નામનો છોકરો મહારા બાપની પેઢીપર પોતાના સેઠનું કંઇ મોટું કામ જાતે કરવા હઇદરાબાદમાં આયો."

"કાંહાં આયો?" મેં પુછ્યું

"હઇદરાબાદમાં, મહારા બાવાની પેઢીપર." તે બોલી.

"તાહારે તું તો સીકંદ્રાબાદથી અહીં નોકરીએ આવીછ, ને બાવાની પેઢી હઇદરાબાદમાં કેહેછ!"

"હા, મહારા માબાપ હઇદરાબાદમાં છે, ને હું તે લોકથી છુટી થઇને સીકંદ્રાબાદ રહેલી, જાહાંથી હું અહીં આવીછ." તે બોલી "મહારા જુદાં પરવાની વાતપર હું હવે આઉંછ, ને તે કમનસીબ બનાવનો ચીતાર દોરૂંછ." તે બોલી.

"તાહારે પેલો છોકરો કાંહાંની પેઢીપરથી આવેલો તેં કહયું?" મેં પુછ્યું.

"રાવલપીંડીની" તે બોલી, અને હું જરા ચોંકી. મનમાં ને મનમાં મેં કાંઇના કાંઇ વીચાર ઉઠલાવી નાંખ્યા.

"તેં તે છોકરાનું નામ રૂસ્તમ પટેલ કહયું કેમ?" મેં સવાલ કીધો.

"હાજી" તે બોલી, અને તેણે મહને ઝડપથી પુછ્યું "સું, પોરૂચી, તહમે તેને ઓરખોછ?"

"નહીં, તું તહારી વાત ચલાવ. હું તો ઘેલી જેવી કોઇ બીજોજ ખ્યાલ લઇ ગેઇ!"

"તે તો રાવલપીંડીમાં કેશીયરની નોકરીપર ઉતો, પણ કંઇ કામ કરવા પોતાના સેઠને સમજાવીને જાતે મહારા બાવાજીની પેઢી-પર તે કામ બજાવવા આયો. રૂસતમ પટેલ અમારે તાંહાં આયો ને તેની પેઢીનું કામ કરવાને વસ્તે વીલંબ હોવાથી મહારા બાવાએ આંઠેક દાહારા તેને પોતાને તાંહાં મેહેમાન રાખ્યો. આંઠ દાહારા સીવાએ કોઇ વેપારી સાથનું સાટું નકકી થાય તેમ નહીં હોવાને સબબે તે અમારા ઘેરમાંજ રહયો—ને ટુંકમાં કેહું બહેન પોરૂચી કે હું તે જુવાન છોકરાપર પ્યારમાં પરી. તેની જુવાની, તેની રોબવંતી અદા ને તેનું ભરાવદાર દીલ મેં જોયું ને જોયુંજ કે હું તેનાપર પ્યારમાં પરી. વધારે અજાયબી કરનારૂં તો એ ઉતું કે રૂસતમબી મહારીપર પ્યારમાં પરીઓ! અમારો પ્યાર "લવ એટ ફરસ્ટ સાઇટ" જે ઇંગ-લીશમાં કેહેવાયછ તે ઉતો, ને બરી ગીઓ તે લવ. તે લવે મહને આજે ખાનેખરાબ કરી નાંખી."

અને તે ગમગીન થઇને જરા દમ લેતી થોભી.

"મહારા માબાપની હેરૂસે હું તેની સાથે વાત કરતી રહી, અને તે મહને પોતાનો અથાક પ્યાર એટલી તો પુરી ખાત્રી સાથે હોવાનું કેહતો રહયો કે હું તેની વાતપર ભોલઇ ને લોભઇ પરી. મહારા નસી-બમાંજ ખોટું થવાનું તે રૂસ્તમ પોતાની પેઢીના કામસર અમારે

તાંહાં ઉતો તેટલાંજ મહારા બાવાએ મહને એક તાંહાંના છોકરા સાથે પરણવાની વાત કીધી. તે છોકરાને વીસે ઘણો લાંબો વખતથી મહારા બાવા મહારૂં માથું ખાતા'તા, પણ મહને પસંદ નહીં હોવાથી હું બરોબર જવાબ આપતી'તી નહીં. રૂસતમ તાંહાં ઉતો ને મહારા બાવાએ નસીબ સંજોગે તેજ વાત છેરી, ને મહને કમનસીબે વાહરૂં આવી ગીયું. મહારો પ્યાર, મહારો તે ટુંક મુદતમાં ઉભરેલો લવ એટ ફરસ્ટ સાઈટ, એટલું તો ગંભીર રૂપ લેતો ગીયો કે બાવાની મતલબ મેં રૂસતમને એક શ્હાંઝના તેના આપેલા જુદા ઓરડામાં ચાલી ચલાવીને જઇને કહી દીધી. તેજ દીવસે અમુને સાથે સાથે બેસીને લંબાણથી બે વાત કરવાની ટક મલી હતી, અને મેં તેની આગળ મહારૂં દીલ ખાલી કીધું. રૂસ્તમે મહને સમજાવી કે 'મહારા માબાપ જો રૂસ્તમ સાથે હું છુપાછુપ પરણી જાઉં તો કંઇ મહને કારી મુકે તેમ નહીંજ બને.' પણ મેં રૂસતમને સમજાવ્યું કે 'મહારા માબાપે પોતાના એકના એક છોકરાને એવીજ વાતને વસ્તે ઘેરમાંથી હાંકી મુકયો તો મહંને કેમ નહીં હાંકી કારે!' પણ રૂસતમે માન્યું નહીં."

હજુણ તો તે વધારે બોલે તેટલાં મહને વીજળીનો એક ઝટકો લાગ્યો હોય તેમ હું ઉછલીને બોલી "તાહારે સું તહારા માબાપે તહારા ભઇને કોઇ ગરીબ સાથે પરણી જવાને સબબે ઘેરમાંથી કાહારી મુકેલો?"

"હા પોરૂચી" તે બોલી.

અને મેં તુરત પુછ્યું "શીરાં, તહારા ભઇનું નામ?"

"શીઆવક્ષ." તે બોલી.

અને મેં અચરતીના એક "ઓ" સાથે પાછું તેટલીજ ઝડપથી તેનો હાથ પકડીને પુછ્યું "શીરાં, તહારી બાપીકી ઓખર સું બેર-ગામવાલા?"

"હા" તે મહને અજાયબીથી ટીકતી ટીકતી બોલી પડી.

તે હા બોલી કે મેં તેને મહારા પાસાંમાં દાબી દીધી, ને હું બોલી પડી "માસીની શીલ્લા!"

"પોરૂચી? તું–તું–તું-કોણ?" તે મહારેથી છુટી થતાં અજા-યબી, ગભરાત, જીજ્ઞાસા સાથે અચકી અચકીને પુછવા પડી.

"હું તહારી માસીની છોકરી ગુલરૂખ."

અને તે સાંભળતાં હવે તે મહને વલગી પડી. અમો બેઉ મસી-આઇ બહેનો હરખ અને દીલગીરીના આંસું સાથે ભેટયા. હરખ એટલાં માટે કે આખી ઝીંદગીમાં સઉથી પેહેલો તે દીવસે અમારો મેલાપ થયો હતો, અને દીલગીરી એટલા માટે કે અમો બેઉ ઘણીજ કઢંગી હાલતમાં આવી પડયાં હતાં.

ઓ કેવો અજબ સંજોગ! કુદરતનો કેવો ખેલ! મહારા માસીના છોકરા શીઆવક્ષની મુલાકાત કેવી રીતે! ને મહારી માસીની છોકરી શીલ્લાની મુલાકાત કેવી રીતે! મહારી તવંગર તુમાખથી ભરેલી માસીના બેઉ બચ્ચાંઓની આ શી હાલત? પોતાના પેટના આ બેઉ બાલકો સાથેબી તે માબાપ આવા કરૂર ને ઘાટકી કેમ થયા ને બન્યા હોસે, તે વાત જાણે મહારી અકકલમાંજ ઉતરી નહીં શકી! પણ કુદરતનો ખેલ કાંઇ ઔર છે. કાંય નહીં મહારી ગરીબ માદરને થયલા ગયર-ઇનસાફનો આએ બદલો હોય?

પ્રકરણ ૧૮ મું.

એક વીચીત્ર વૅર!

"શીલ્લા, તહારાં માબાપ અસલથીજ કરડા છે—તોબી તે લોક પોતાના બચ્ચાં સાથેબી એટલાં બધાં ઘાટકી થઇ શકયાંછ એજ જાણે મોટી અજાયબી છે, સું એવાબી સંગદીલ માબાપ દુન્યામાં હોસે."

"છે. વ્હાલી બહેન ગુલરૂખ, છે." શીલ્લા બોલી "મહારાં માબાપ ઘણાંજ સખત છે—અરે, જાહારે બેહેસ્તી માસા ગુજરી ગીઆ તાહારે તહારા માતાજી–મહારા માસીજી–નું કેટલું દીલ પીગલાવી નાંખનારૂં કાગલ આવેલું, પણ સખત દીલના મહારા માયજીએ કે સંગદીલ મહારા પીદરે એક અરધીબી માસીમાયપર મોકલી નહીં, ને મેંજ તે વખતે મહારી પાસે ઉના તેટલા મોકલેલા. બહેન ગુલ, મૌસીમાય કેમ છે?"

"શીલ્લા" મેં દીલગીર દીલથી કહયું "માસીમાય જેને તું જીવતી ધારેછ તેજ બીચારી ગુજરી ગેઇછ ને તહારા માસાને તું મરણ પામેલા ધારેછ તે ભઇ રૂસતમ સાથે રાવલપીંડીમાં છે."

"રાવલપીંડીમાં!" તે અજાયબી સાથે બોલી પડી "રૂસતમ? એ તું સું બોલેછ બહેન ગુલ!—ને માસાજી જીવતા? મહને તહારી વાતની સમજ પરતી નથી. તું જરા ખુલાસાથી બોલ કે હું સમજું."

"આબી મહારી વાત માંડીને હું પછીજ કેહેવસ, હાલમાં તો

તું મહને તહારી વાત પુરી કહી રેહે. મહને લાગેછ કે તહારા રૂસતમ પટેલને આપરો રૂસતમ ઓરખતોજ હોસે, કારણ કે એઉ રાવલપીંડીમાંજ છે."

"મહારી વાત સાંભલીને રૂસ્તમે કહયું કે ગમે તેવા મહારા માબાપ કરડાબી હોસે તોબી તે લોક પોતાની છોકરીને તો નહીંજ રખરાવસે—અને તેથી મહારે તેની સાથે નહાસીને સીકંદ્રાબાદ જવું ને તાંહાં લગન કરવાં, ને પછી લગન થઇ ગયાં બાદ મહારે મહારા માબાપપર કાગલ લખીને મારી ચાહવી." શીલ્લા બોલી "રૂસ્તમનું કામ અધુરૂં છોરીનેબી મેં ને રૂસ્તમે તેજ સ્હાંઝના છુપાછુપ નહાસીને સીકંદ્રાબાદ જવાનો વીચાર કીધો, પણ તેટલાં રાવલપીંડીથી એક તાર રૂસ્તમના સેઠની પેઢીપરથી આવ્યો કે રૂસ્તમના બાવા તાંહાં થયલા કોઇ અકસમાતથી મરણ પામ્યા હતા! અમારી સીકંદ્રાબાદ જવાની વાત તેજ વખતે બંધ પડી, કારણ કે રૂસતમ તુરતજ રાવલપીંડી જવા સારૂ કામ અધુરૂં મુકીને ચાલી ગયો. રૂસતમના સેઠની પેઢીનું કામ તે પછી મહારા બાવાએ પોતેજ પાકકું કરીને મોકલ્યું, ને હવે રૂસતમ કેમ હઇદરાબાદ આવસે તેની ફીકરમાં હું રહી. રૂસતમ રાવલપીંડી ગયો, તે પછીને ચોથે કે પાંચમે દીવસે સહવારનાં મેં મહારા માબાપ આગલ મહારા પ્યારની વાત કહી ને રૂસતમ સાથે પણવાની રજા માંગી. પણ મહને મહારા માબાપે એકદમજ અવારી બાધી ને એવા સો સવાસો રૂપરડીના પગારદાર મુફલીસ કેશીયર સાથે પણણાવવા સાફ ના પાડી. મેં તે વાત રૂસતમપર ખાનગી લખી. રૂસતમે પોતાના બાવાંની બમસી સુધી મહને થોભો જવા

લખ્યું. બમસી વીતી જવા પછી મેં તેનીપર બીજું એક કાગલ લખ્યું કે જો તે હવે આવીને કંઈ કરસે નહીં તો મહારા બાવા જબરદસ્તીએબી જાંહાં મહને નહીં ગમતું તાંહાં પણણાવી દેસે. તે કાગલના જવાબમાં રૂસતમે મહને ચોકસ દીવસે સીકંદ્રાબાદ ચાલી જવા તથા તાંહાંની ધરમસાલામાં ઉતરવા કહયું ને તેજ દીવસે તેબી તાંહાં આંવનાર હતો તેમ લખ્યું. તેને વસ્તેનો મહારો પ્યાર એટલો બધો તો મજબુત ઉતો કે હું આંધરી બની ગેઈ, મેં ઘેલીએ મહારા માબાપનું ઘેર છોરયું, ને તેના લખવા મુજબ સીકંદ્રાબાદ ગેઈ. પંદર દીવસની સેઠ પાસેથી રજા લઈને નીકલી ચુકેલો રૂસતમ તેજ દીવસે લખવા મુજબ તાંહાં આવી લાગો, ને અમે બેઉએ છુપાંછુપ લગન કીધાં. લગન પછી મેં તેના કેહેવા મુજબ મહારાં માબાપપર લખ્યું, પણ મહારા માબાપે પોતાનો ધીકકાર એ લગન તરફ બતાવ્યો ને મહને એક અરધીનીબી મદદ આપવા ના કહયું. રૂસતમે પછી ચોથેજ દીવસથી પોતે મહારા ઉપર ઉપકાર કરવા માંડયો, તેણે મહને કહયું કે તે ફકત મહારેજ લીધે પોતાના બાપની બમસી પછી તુરતજ મરહુમની પવીત્ર યાદનેબી ઠોકરે મારીને જોરાવરીએ પણ્યો હતો અને તે પોતે રજા પુરી થયા પછી રાવલપીંડી જાય તાહારે મહારે એકવાર ફરીથી મહારા માબાપપર, જો તે લોક અમને સાથે નહીંબી રાખે તોબી, પઈસાની મદદ જરૂરજ આપવા માટે કાલાવાલાનું એક કાગલ લખવું એમ જણાવ્યું. રજાના દીવસો પુરા થતા પાછો રૂસતમ રાવલપીંડી ગયો ને મેં પેહેલવેહેલી વાર જોયું કે હું એક લોભી માણસ સાથે પણણી'તી. રૂસતમ લગન પછી જેટલી મહારી દરકાર નહીં કરતો જણાયો

તેટલી તેને મહારા માબાપના પઇસાની દરકાર હોય તેમ મહને માલમ પડયું—અને હું એક દીવસ તે ખ્યાલથીજ ઝાર બેઝાર રડી."

"તાહારે એ રૂસતમ કોઈ મતલબી, સ્વાર્થી ને પઇસાનો પુંજારીજ નીકલ્યો કે ?"

"હા." તે ગમથી બોલી "મહારી કમનસીબ કાહાણી આગળ તો સાંભર બહેન ગુલ, રૂસ્તમના જવા પછી મેં તેના કેહેવા મુજબ બીજુંબી કાગલ મહારાં માબાપપર લખ્યું જેના જવાબમાં તે લોક હવે વધારે કાગલ આવે તો તેનો જવાબજ નહીં આપવા માટે જણાવ્યું, ને હવે તે લોકનું નામબી નહીંજ લેવા માટે મહને તે કાગલમાં સખતમાં સખત તાકીદ લખી.—મેં મહારા માબાપનો કરડો તે કાગલ રૂસતમપર બીરીને મોકલ્યો, જેના જવાબમાં તે નાકદર ધણીએ મહને દગો કરતા સખત થઇને લખ્યું કે તે તો કોઇ જાલ પાંદરવાજ ખાસ રાવલપીંડીથી હૈદરાબાદ મહારા માબાપને તાંહાંબી આવ્યો હતો, તે પોતાનું છુપું વૅર લેવા માંગતો'તો, ને મહારા માબાપના પઇસા કોઇ રીતે ફરેબથી તે મેલવે તે અગાઉ જાહારે હું (શીલ્લા) પોતે તેના પંજામાં શીકાર થઇ હતી તો હવે તેનું (રૂસતમનું) વૅર વલી રહયું હતું"

"પોતાના કોઇ છુપા વૅરને ખાતર તે તહારા બાપના પઇસાપર તરાપ મારવા રાવલપીંડીથી જે કામ તેને કરવાનું નહીં ઉતું તે લઇનેબી તે આયો ને જાહારે તેણે તહારા બાપના પઇસા નહીં મેલવ્યા તો તે તુને ફસાવીને રખરતી કરી ગીઓ!—એ, બહેન શીલ્લા, એ તો વૅર લેવાની ઘણી વીચીત્ર જાતની રીત છે! પણ તેણે બીજું-

બી કંઇ લખ્યું કે નહીં?"

"તે કાગલ ઘણું લંબાણુ નહીં ઉતું બહેન" શીલ્લાએ મહને સમજાવ્યું "તેમાં પોતાના વૅરનો બદલો મલેલો માનીને, તેણે વધારે એટલુંજ જણાવ્યું હતું કે જો મહારા માબાપના પઇસા મહારા હાથમાં આવે તોજ તે મહને પોતાની ધણીઆણી દાખલ પોતાના ઘરમાંબી લેવાનો હતો, નહીં તો નહીંજ" અને તે ગમગીન એક આંસુ પાડીને બોલી "ને તેણે તે કાગલમાં તે મહારો ધણી ઉતો તેની નીસાની રાખવા—જાણે મહારા કપાયલા જીગરપર નીમક છાંટવા-કાજે પોતાનો એક નાલ્લો જેવો ફોટોગ્રાફ મહારીપર મોકલ્યો."

"તે ફોટોગ્રાફ કાંહાં છે?"

"મહારી પાસે, મહારી બૅગમાં" તે ગમગીન અવાજે બોલી "બહેન ગુલરૂખ, તે દગાબોર ભરથારની સબી હું હંમેસ મહારી સાથેની સાથેજ રાખુંછ. ગમે તેવો દગલબાઝ તે હોસે, ગમે તેવો તે બુરો હોસે, તોબી આખર કરે ને તે મહારો પણણેલો ખાવીંદ કેહેવાય. તેણે તો મહારો અવતાર બે અવતાર કરી નાંખ્યો, તેણે તો મહને 'ધોબીનો કુતરો–નહીં ઘેરનો નહીં ઘાટનો' તેવો અવતાર આપ્યો, તોબી, મહારો અથાક પ્યાર તો તેને માટે સાબુતજ રેહેસે ને જો કે હું તેનેજ લીધે હવે આએ નોકરીપર લોકની ચાકરી કરવા સારૂ આવીછ, છતાં તે પ્યારી સબીપર તો હું રોજની સેંહેંકડો ફાસી લેતી હોવસ. હું બૅગમાંથી લાવીને તે સબી તુને બતાઉં, ગુલ."

અને તે જ્યારે તે દગલબાઝ ભરથારની સબી બૅગમાંથી કાહાડીને લાવતી હતી ત્યારે મેં તે ભલી મહારી મસીઅઇ બહેનના મનમાં

લાખો વખાણ કીધાં. અરેરે, તે પોતે ઘેરબારથી ઉખડી જવા છતાંબી દગલબાઝ ભરથારના પ્યારને કેવી વફાદાર હતી!

તે તે સબીને ચુમી લેતી મહારી તરફ આવી, ને ડચકાં ખાતી છાતી સાથે તેણે મહારા હાથમાં તે સબી મુકી દીધી. મેં તે ઉપર એક નજર નાંખી, ને ઓ ખુદા! મહારા માથામાં કોઇએ લાકડી મારી હોય તેમ મહારૂં માથું ભમી આવ્યું, મેં તે સબી મહારા ધ્રુજતા હાથમાંથી નાંખી દીધી, ને એક ચીસ સમેટ મહારેથી બોલઇ દેવાયું "કોણ? મહારો ભઇ રૂસતમ!"

પ્રકરણ ૧૯ મું.

મોતનો સપારો.

અફસોસ, ખરેખર તે મહારા ભાઇ રૂસતમનીજ સબી હતી. અને મેં ધ્રુજતા હાથોએ અને ફાટેલા ડોળાએ જે ચીસ પાડી તે સાંભલીને તથા મહારાજ ભાઇની તે સબી હતી એમ જાણીને શીલ્લાએ ફાટે ફાટે ડોળે પત્થરનું પુતલું બનીને મહને તગર તગર જોયા કીધી.

"સું મહારોજ માસીનો છોકરો મહારો ભરથાર!" તે હવે બોલવાની જીભ ઉપાડી શકી "મહારો રૂસ્તમ તહારો ભઈ થાય!"

"હા, એજ મહારો ભઇ થાય" હું દુખી થઇને બોલી

"ને એજ તહારો માસીનો છોકરોબી થાય, ને ધણીબી થાય. હું હવેજ જોઇ સકીછ કે એ સ્વાર્થી, આપમતલબી, બેકદર ભઇએ પોતાની માયનું વૅર માસી–માસાની છોકરીપર લીધુંછ. અરે, રૂસતમ, રૂસતમ, તું એટલો બધો કપટી ને ઘાટકી મહારા માબાપને પેટે કેમ જનમીઓ હતો!" તેટલાં મહને યાદ આવી ગયું, જેથી મેં શીલ્લાને પુછ્યું "શીલ્લું, એનીપર તેં રાવલપીંડીમાં કાગલો લખેલા તે કીએ નામે લખેલા?"

"રૂસતમજી એચ. પટેલ." શીલ્લુ દુખથી કલવાઇને બોલી. "એને પોતેજ મહને એમ એડરેસ કરવા કહેલું."

"જો, એને બાવાજીનું નામ ટુકુંજ આપીઉં, ને ઓખરબી બદલી નાંખી, તહમે લોકે એને કદી જોયલોજ નહીં એટલે ઠીક એને લાગ ફાવી ગીઓ."

"પણ એચ. તે તો હોરમસજીને વસ્તે–તો પછી—"

"તું ગુંચવઇ ના જા" મેં તેને સમજાવ્યું "બાવાજીનું ખરૂં નામ તો હીરાજી, પણ એને તહમારી આગલ હોરમસજી અરાવેલું એટલે ટુંકમાંજ તાંહાં લખવા કહેલું. ને ઓખર તો એને 'લખપતી' બોલ ખરાબ લાગે તેથી પેહેલાંથીજ પેઢીપર પટેલની લખાવી હોસે તે તેમજ પાસ થયું. પણ વારૂં, તારમાં સું બાવાજીના ગુજરવાની વાત લખેલી તે ખરીજ હોસે?"

"હા, તે તારમાં "તહમારા બાવા અકસ્માતથી ગુજરી ગયાછ" એમ ઉતું" શીલ્લુ બોલી.

"અફ્સોસ, તાહારે આખરે મહારા બાવા બીચારા મહને જોયા

ને મલ્યા વગરજ ગુજરી ગીઆ, ને છેલ્લે રૂસતમ્ભી બાવાનું મોનુ જોવા પામ્યોજ નહીં હોસે " હું દુખી થઇને બોલી " બીચારા મહારા બાવા તાહારે હારમારજ થઇને ગુજરી ગીઆ! તેવણનું મોનું તેવણના બેઉ બચ્ચાંએ જોયું નહીં ને મરતી વખતે બેઉથી તેવણ દુર રહયા! મેં તો બીચારાનો દાહારો વારબી જાણેલો નહીં તે ગોસબી ખાવામાં આયું હોસે, ને એક પતેતબી મહારેથી ભણઇ નહીં! ઓ, હું કેવી કમનસીબ!"

અમે બેઉ મસીઅઇ બહેનો ગમગીનીમાં ગરકાવજ હતી. તે પોતાના સગા માસીના છોકરા સાથે પણવા અને તેનાથી દગો પામવાના ખ્યાલમાં હતી, તો હું મહારા તેજ ભાઈના દગલબાઝ કામને વખોડતી મહારા બેહેસ્તી બાવાના મોતનો વીચાર કરતી હતી.

"ચાલ બહેન શીલ્લુ" મેં થોડેવારે શીલ્લાને કહયું "આપરે એને સુધારી નાંખીએ. બાઇ આગલથી બેઉ જણા રજા લઇએ, હૈદરાબાદમાં તુને કોઇ ઓરખીતાનું ઘેર ખબર હોય તાંદાં ઉતરીએ, રૂસતમપર કાગલ રાવલપીંડી તું લખ કે તુને બાવાએ પઇસા આપવા કહયાછ, તેમ કરીને રૂસતમને તેરાવીએ, ને જો કે એ મહારી સાથે રૂસાએલો છે તોબી એને સમજાવસ ને આપરે જેમ તેમ કરીનેબી એને ઘેરેજ રાખીએ ને પછી આપરા શીઆવક્ષને તથા તેની બઇરીનેબી બોલાવી મંગાવીને બધાં આરેસી પારેસીઓની મદદ સાથે જઇને તહારા માય બાવાને સમજાવીએ- ને પછી બધાંજ સામટાં ખુશી ખુશાલ સુખસંપમાં રહીએ."

"અફ્સોસ, તું બીચારી કેવી ભલી! ને તહારેજ માયજણ્યો

ભઇ કેટલો સખત!" શીલ્લુ બોલી "તું ગુલરૂખ, જેમ કેહેછ તેમજ જો થાય તો કેવાં આપરે સુખી થઇએ. પણ નસીબમાં તેમ હોય તો થાય કેની! તું શીઆવક્ષને અને તેની બઇરીને વાસ્તે બોલેછ, બહેન ગુલરૂખ, પણ તું જાણુતી નથી કે શીઆવક્ષની બીચારી બઇરી તો હમેલનો છુટકારો આપતાંજ બચ્ચાં સાથેજ મોતને સરણ થઇછ."

"હસું શીઆવક્ષની બઇરી ગુજરી ગેઇ? કાહારે?" મેં અજાયબીથી પુછ્યું.

"આજે ચાર મહીના થયા." શીલ્લું બોલી.

"ને શીઆવક્ષની હાલત હમણાં કેવી છે!" મેં આતુરતાથી પુછ્યું.

"છે. અગઉ કરતાં જરાક ઠીક છે. તે મહારી આફત સાંભરીને થોરૂક પરજ મહારી તરફ એક વખત આવેલો ને મહને મુંબઈ પોતાને તાંહાં લઇ જવા માંગતો'તો પણ મેંજ ના કહયું" શીલ્લુ બોલી "ને તે તો વરી મહારા ભરથારની ફેંટ પકરવા ને તેને સુધારી નાંખવા રાવલપીંડીબી જવા માંગતો'તો, પણ તેમ કરતાંબી મેંજ તેને ઘણા કાલાવાલા કરીને રોકયો, ને સમજાવી લીધો કે તરછોર કરતાં વાત બગરી જાય, તેના કરતાં હુંજ કોઇ રીતે તેને સમજાવીને પાછો સીકંદ્રાબાદ બોલાવી લેવસ. શીઆવક્ષ હાલમાં જરા રતી ધધામાં તતાર થએલો છે તો પછી હું એવી પંચાતીમાં એને કેમ પરવા દેઉં? મેં તેને ઘણોજ સમજાવી લીધો, ને જાહારે તે મુંબઇ રવાના થયો તાહારેજ મહને જરા જીવબી આયો જે પછી—ને જાહેર ખબર વાંચીને હું લાચારીએ અહીં નીકલી આવીછ. એ બીચારા મહારા ભઇએ જતી

વખતે મહને સો રૂપીઆ આપ્યા, ને ગીએજ મહીને બીજા એક સો તેણે બીજાંબી મોકલાવ્યાછે. તેને મેં મહારૂં હાલનું સરનામું લખી મોકલેલું છે."

અમે તુરતજ બેઉ જણાં બાઇ પાસે ગયાં, ને થોરા દીવસ એઉના વગર ચલાવી લેવાનું કહયું. બાઇની પાસે શીલ્લુએ પોતાની આખી વાત કહી, ને પછી મેં મહારી કાંહાણી રજુ કીધી. મહારી વાત સાંભળીને શીલ્લુ ને બાઇ બેઉ ઘણાંજ અજબ થઇ ગયાં અને તાબરતોબ પેલી આયાને રજા આપી દીધી. બે દીવસ પછી નવી આયા આવી. ને નવી આયા સાથે કામ કેમ ચાલેછે તે જોવા અમે હૈદ્રાબાદ જવા અગાઉ બીજા ચાર દાહારા બાઇનેજ તાંહાં અમદાવાદમાં થોભી ગયાં.

બીજે દીવસે મુંબઇથી એક કાગલ મહારીપર આવ્યો, તે કાગલમાં નીચે બચાંની સહી હતી ને તે નીચે મુજબ લખાયલો હતોઃ—

"વ્હાલી બહેન ગુલરૂખ,

તુજ પ્યારી બહેનના જવા પછીથીબી મહને ઉકરજી સાથે ઘણીજ મોટી પંચાતી થઇ, અને તે પછી જ્યારે ઉકરજીએ મહને મુંબઇના બંગલામાં લઇ જઇતે રાખવાજ કહી ત્યારેજ હું નરમ પડી. તું દીલાવર મેહેરબાન બહેને મહારે ખાતર તહારો પોતાનો બેમીસાલ સ્વભોગ આપ્યો તે મહને મહારી જીંદગીના છેકના છેરા સુધી સદા યાદગાર રહી જસે. હું કદીબી એ તહારો ઉપકાર ભુલવાનીજ નથી, તેં ગોયા મહારીપર ને મહારા બચ્ચાંઓપર એક ફીરેસ્તાઇ મદદજ આપી હતી અને જ્યારે ઉકરજીએ પોતાની હાલત

કફોડીજ થઇ પડેલી જોઇ ત્યારે તે અમુને પુનેથી મુંબઇ લઇ ગયો અને ત્યાં બધો ભાંગરો વાટી દીધો. ભોપાલું ફુટયા પછી બાપની આવી વરતણુક માટે સઉ છોકરાંઓ વટવટ કરવા પડયાં, અને સઉ તું મલે તો પાછી બંગલે બોલાવી લેવાનો વીચાર અને ખ્યાલ બાંધવા પડયાં, અમે તો આજ સુધી કોઇબી તહારૂં સરનામું જાણતા'તા નહીંજ પણ ગેઈ કાલે જયારે ઉકરજીને ગાડીનો એક મોટો અકસમાત થયો અને તે પછીના ચાર છ કલાક તેવણ બેભાન જેવા પડી રેહેલા છેક રાતના સુધ્ધીમાં આવ્યા ત્યારે તેવણે તુને યાદ કરીને પોતાને થયલી ઇજા તહારીજ કદુવાને સબબે બનેલી માનીને તહારીપર એક ઘણું માયાકુલ કાગલ લખવાનો મહને હોકમ કીધો ને તેજ વખતે તહારૂં સરનામુંબી મહને આપ્યું. તું બહેન અમદાવાદજ ઉતી એમ જો હું જાણતે તો સત્તર વખતની મલવા આવીબી ગેઇ હોતે, કારણ કે તેં મહારે વાસ્તે કાંઇ ઓછું કીધું નથી. તહારૂં સરનામું મહનેજ એખલીને જાણવા માટે ઉકરજીએ કહેલું છે, ને છોકરાંઓમાં હો—હા હાલમાં એ બાબદની નહીંજ કરવા મહને તાકીદ કીધેલી છે. હું તહારૂં સરનામું જાણ્યા પછીથી બહેન તુરતજ આવતે, જાણે ઉડીનેબી તુને મલવા આવતે, પણ હાલમાં મહારેથી ઉકરજીના બીછાના આગલથી સ્હેજબી ખસાતું નથી. કલાક કલાકે એક ડાકટર આવેછ ને જાએછ, એક નર્સ બીછાના આગલ જાથુકની છે, હાડવઇદ અને જીમ આવી ગયાછ, ને મોટો ડાકટર દાહાડામાં બે ફેરા ખાયછ. ઉકરજી થોડો વખત એકદમ ચુપચાપ બેસુધ્ધ જેવા પરી રેહેછ, તો થોડે વખતે પવન થઇ આયો હોય તેમ બકબકારો કરેછ, ને થોડો વખત તો

બીછાનાપરથી ઉઠીને બેસવા ને ફરવા માંગેછ. પવનમાં જે વખતે એવણ બકેછ બડબડેછ તે વખતે તહારૂં નામ ઘડી ઘડી બોલ્યા કરેછ ને કંઇ માફી-માફી માંગ્યા કરેછ. એવણ સાજા થશે કે નહીં તેને વાસ્તે ડાકટરો કાંઇજ કહી શકતા નથી. આપરી ઘેરની ઝુમમાંજ એવણ ફરવા ગયલા ને ગાડી કોઇ મોટર સાથે અથડી પડવાથી ઝુરૂમ ઉઠલાઈ જવાના સબબથી એવણને એ ગંભીર અકસમાત થયલો છે. આએ કાગલ જ્યારે લખુંછ ત્યારેબી એવણ તહારૂંજ નામ લઇને પવનમાં ખુબ બકબકારો કરેછ. હું ધારૂંછ કે તુને ગયર ઇનસાફ કરવાને વાસ્તેજ એવણ એમ ઝુમમાં ને ઝુમમાં બકી બોલીને તહારી જાણે માફી માંગેછ. નર્સ ને ડાકટર બેઉ મહને "ગુલરૂખ કોણ છે?" તેને માટે પુછેછ, મેં તે લોકને ઉડાવનારા જવાબ આપેલા છે.—અકસમાત ઘણોજ ગંભીર જણાવવામાં આવેછ, છતાંબી કોઇ વાર જ્યારે ઉકરજી સુધીમાં આવેછ ત્યારે તો ઘણીજ સારી રીતે વાત કરેછ. બહેન ગુલરૂખ, સમજ નથી પડતી કે શું થશે! મહારી ઘણી ઘણી દુવા કબુલ કરજે. લખતન તહારી સદાની હેતવંતી આભારમાં દબાયલી બહેન **બચઇ.**"

મેં બચઇનું તે કાગલ શીલ્લુને ને શીરીનબાઇને બતાવ્યું-તેઓએ ઉકરજીનું અંતકરણ દુખતું હતું તેની મહને ખાત્રી આપી, ને તેને વાજબીજ સજા થઇ હતી એમ જણાવ્યું.

બે દાહાડા પછી ઉકરજીના મરણનો તાર તથા તે પછી બચઇનું એક બીજું કાગલ આવ્યું, જે નીચે મુજબ હતું:——

"વ્હાલી બહેન ગુલરૂખ,

આખરે ઉકરજી કાલે ગુજરી ગયા. બીચારાએ બે રાત ઘણીજ અફારજીક ને તાંસવીસમાં પસાર કીધી કલાક કલાકે આવતા ડાકટરનેબી પાસેના પાસેજ એક આખો દાહાડો તો રેહેવું પડયું, ને તેણે જયારે કેસ ખરાબ જોયો ત્યારે તેણે ઉકરજીને જરાક સુધ્ધી આવતાંજ વીલને વાસ્તે કહયું. ઉકરજીએ વીલ બનાવવા પોતાની ખુસી બતાવી ને પાસેના બે પાડોસી ગ્રહસ્થોને ડાકટર તેડી લાવ્યા. વીલ આપણા મેહેતાજીએ ઉકરજીની મરજી પ્રમાણેજ લખ્યું ને તેની નીચે ઉકરજીએ સહી કીધી. સાક્ષી તરીકે પેલા ડાકટરે ને પેલા બે બહારના પાડોસીઓએ સહી કીધી. વીલમાં તેવણે પોતાના સાત બચ્ચાંઓ વચે મીલકત વહેંચાય તેમ લખાવ્યુંછ, બચ્ચાંઓને રોકડ રકમમાંથી જુદી જુદી રકમ ફરમાવીછ ને તુને ને મહને બેઉને પચાસ પચાસ હજાર રૂપીઆ રોકડા આપવા ફરમાવ્યુંછ. વીલની કોપી હું, બહેન ગુલરૂખ, તહારીપર વીલ વંચાઇ રહીને મોકલાવસ. વીલ બનાવ્યા પછીથીબી છ કલાક ઉકરજી જીવતા હતા અને તે પછીજ તેવણ બેહેસ્ત મુકામ થયાછ.

વીલ વખતે જયારે તહારૂં નામ લેવાયું ત્યારે ડાકટર ને નર્સે પાછી અજાયબી બતાવી, અને જયારે તેવણે 'મહારી ધણીઆણી ગુલરૂખ જેને ગેરઇનસાફ થયલો છે તેનેબી કાંઇબી બંધન કરનારી શરત વગર રૂપીઆ પચાસ હજાર રોકડા મલે' એમ લખાવ્યું ત્યારે બહેન ગુલરૂખ, સાચુંજ માનજે કે ખરા દીલના ગમખ્વાર આંસુંઓ ઉકરજીએ ખેરવ્યાંછ. તેવણ એટલા બધા ખરાબ કેસમાં છતાંબી એવી તો દીલ દુખવી નાંખનારી રવેશે રડયાંછે કે અમુને પાસે ઉભેલાં-

ઓનેબી બધાંને રડવું રડવું આવ્યુંછ. મરનાની વખનેબી તેવણ તહારીજ માફી માંગીને મોતને સરણ થયાછ. તો તું બહેન ઉકરજીને જરૂરજ માફી આપસે, ને તેવણને વાસ્તે જરૂર થોડી પતેત કરજે કે મેરહુમનું રૂહ શાંતી પામે.

તું ચીતલ વતતાં કરજે બહેન ગુલરૂખ, આખર કરેને એ તહારોબી ખાવીંદજ થાય ને હું ધારૂંછ કે તેં ગોસબી નહીંજ ખાધેલું હોસે, મેં તહારીપર તાર તેજ કારણથી કીધેલો હતો. હું આએ કાગલ ઘણાજ દુખથી લખુંછ, પણ મહને લખ્યા વગર કેમ ચાલે બહેન? તું તો મહારી મોટામાં મોટી ખયરખ્વાહજ પુરવાર થયલી છે તો તહારે માટે મહને તો ઝીંદગીભરની આભારી થવાનું છે લી૦ દુખી બહેન **બચઇ.**

હું તે બુઆના મોતપર થોડુંક રડી. મેં ચીતલ વનતાં કીધાં, ને ગોસબી નહીંજ ખાધું. ને તેના ચાહરમની બામદાદમાં ઉઠીને મેં તેને નામની પતેતબી કીધા. પતેત ભણતાં મેં તેને માફી બક્ષી. ને પાક ખુદા પાસે માંગ્યું કે તેને શાંતીમાં રાખે.

હું શીલ્લુ સાથે હૈદ્રાબાદમાં જવાની થાઉં તેટલાં તો મેં ત્રણ નઝદીકના ખેશાઓના મોતની ખબર સાંભળી હતી. એક તો મહારા બાવાજી બીચારા ગુજરી ગયા હતા, બીજી તો મહારા માસીના છોકરા શીઆવક્ષની ધણીઆણીની ખબર સાંભળી હતી, અને ત્રીજી ખબર તો ઉકરજીના મોતની હતી.

મોતે દુન્યાની શુરૂઆતથી આજ સુધીમાં અબજોના અબજો બલ્કે નહીં જણાયલી અસંખ્ય સંખ્યાના માણસોને પોતાના પંજામાં

સપડાવ્યાં હતાં—તો એ ત્રણ મરણ શું બીસાદમાં? ગયા તેઓ, જ્યાં બધાં ગયાં હતાં, જતાં હતાં અને જવાનાં હતાં ત્યાં.

પ્રકરણ ૨૦ મું.

રૂસતમનો ફેજ.

બીજા ચાર દીવસ પછી બાઇની રજા લઇને હું ને શીલ્લા હૈદરાબાદ જવા સારૂ ઉપડયા.

હૈદરાબાદ જઇ પુગ્યા પછી એક ઓળખીતાની મેહેરબાનીથી શીલ્લુને તે લોકનું એક નહાનું ઘર રેહેવા માટે મલ્યું. ત્યાં રહીને થરીથામ થવા પછી શીલ્લુએ મહારા કેહેવા મુજબ રાવલપીંડીમાં રૂસ્તમપર એક કાગલ લખ્યું. તે કાગલમાં રૂસતમને જણાવવામાં આવ્યું હતું કે શીલ્લાના માબાપે શીલ્લુને પાછી બોલાવી હતી, તેને માફ કીધી હતી, અને સારી જેવી એક રકમ આપીને તેને જુદું જબારૂં ઘર આપ્યું હતું. તે ઘરમાં શીલ્લુ હવે રેહેતી હતી, અને તેની સાથે રેહેવા રૂસતમે આવવું તથા પઇસાનો કબજો લેવો.

એવું કાગલ લખીને અમોએ પોસ્ટ કીધું, ને રૂસતમના આવવાની અમો વાટ જોતા રહયા.

હૈદરાબાદના તે મકાનમાં અમે જ્યાં રેહેવા ગયા ત્યાં ફર ફરનીચર થોડું હતું, નીચે રાંધણી હતી અને રાંધણીને લાયકનો સામાન

મુકેલો હતો અને ઉપર બે નાહના ઓરડા ને એક હૉલ હતો. નાહના ઓરડામાંનો એક સુવાનો ઓરડો હતો જેમાં એક નહાનો પલંગ હતો, એક ટેબલ ને બે ચાર ખુરસીઓ હતી

શીલ્લુ ને હું. અમો બેઉ આખો દહાડો સાથેના સાથેજ કંઇ સીવવા ભરવાનું લઇને તે રૂમમાંજ ઘણાખરા બેસતા, વાતો કરતાં અને રૂસતમના આવ્યાની વાટ જોતાં વખત કાહાડતાં હતાં."

એક બપોરે અમો બેઉ એમજ વાત કરતાં બેઠેલાં તેટલાં મહારી નજર તે ઓરડામાંની ટેબલના ખુણામાં મુકેલી એક બંદુકપર પડી. મહને તે બંદુક જોતાં ઉકરજીએ મહને અમદાવાદમાં બનાવતી પીસતોલ હાથમાં રાખીને ધમકાવેલી ને વાત યાદ આવી, ને મેં શીલ્લુને હસતાં હસતાં પુછ્યું "શીલ્લુ, અહીંબી કોઇ ઉકરજી છે કે? બેહેસ્તી ઉકરજીજ પાછો નહીં જીવતો થઇને આયો હોય!"

શીલ્લુ અજાયબીથી બોલી "એ સું બકેછ ગુલ! વરી એ સું યાદ આયું? મુએલા વરી કંઇ જીવતાબી થતા હોસે!"

"મુએલા તો જીવતા નહીંજ થાય" મેં કહયું "પણ મહને મુએલા ઉકરજીના જીવતા પરાકરમની યાદ આવેછ. આએ સામબે બંદુક મુકેલી છે તે જોઇને મહને યાદ આવી, એમજ ઉકરજી બનાવતી, બચ્ચાને રમવાની, પીસતોલ લઇને આવેલો ને મહને બીધરાવેલી."

"તે તું સું આએ સામબે મુકેલી બંદુકને બનાવતી સમજેછ કે?" શીલ્લુએ પુછ્યું.

"તેરે વરી સું!" મેં કહયું.

"ખાન ખાજે" શીલ્લું બોલી "અહીંઆ કંઇ તહારૂં અમદા-

વાદ નથી, અહીં હઇદરાબાદમા તો પીસતોલ ને બંદુકની નવાઇ નહીં, આપુને જે લોકે ઘેર વાપરવા આપ્યુંછ તે લોકને બંગલે જઇસું તાહારે જોજેની, એવી તો પાંચ સાત બંદુકો હવા ખાતી એ જાગીરદારને તાંહાં પરેલી હોસે."

"તેરે એ ખરીજ છે કે બહેન?" મેં પાછું પુછ્યું.

"હા." જવાબ મલ્યો.

"તો એની ગોલીબી અહીંજ હોસે કે?"

"તે ગોલી કેઠે દુર હોયબી!" શીલ્લુ મશકરીની ઢબે બોલી "પાસેજ કબટમાં હોસે"

"ચાલની જરા મહને તો દેખાર—મરે મુઉં, ખાધાં કરતાં કેહે જે જોયલું ભલું" મેં હસીને કહ્યું "બાપ જનમમાં ખરી ને ખોટી બંદુક જોયલીબી નહીં તે જરા જોઉં તો ખરી."

"અરે એમાં સું જોવાનું બયુંછ જો ગુલ." શીલ્લુ બોલી.

"પણ હું કાંહાં ફેરવા માંગુછ જે તેની વાત!" મેં કહ્યું "જરા જોઉં, ગોલી તે કેવીક રેહેતી હોસે જે માણુસને મારી નાંખે? ચોપરીઓમાં વાંચેલું તો ઘણુંબી, પણ વાંચ્યાં કરતાં વરી જોયલુંબી હોય તો સારૂ કેની. મહારી ડાહી બોંજઇ છે." અને મેં એમ બોલીને શીલ્લાના ગાલપર હાથ માર્યો.

શીલ્લુ આખરે ઉઠી, ને તેણે કબાટનું ખાનું ખોલીને તેમાંથી એક ડબ્બી ખેંચી કાહારી, અને તેમાંની ગોલીઓ મહને બતાવી. મેં તે હાથમાં લઇને પુછ્યું "શીલ્લુ, એવી એવી ચીજ અહીં એમ ખુલ્લી મુકેલી!"

"તો તેને ધાંકવા ધમોરવા કાંહાં બેસે!" શીલ્લુ બોલી "ગુલાં તું જાણુતી નથી તે તુને સું ખબર? અહીં કંઇ બંદુકની ને પીસ-તોલની ઓવઇ વવઇજ નહીં. ઘણા ઘેરોમાં એવી બંદુક હોય, ચોર લુટારૂઓને બીહીધરાવવા નહસારવા, શીકાર કરવા, ખેતીમાં કોહલા મારવાને વસતે જાગીરદારોને તાંહાં તો એવી પાંચ દસ પરી રેહેલીજ હોય. નહાની બંદુક જેને પીસતોલ કહીએછ તેને અહીં તબંચા નહીં તો તમનચા કેહેછ, ને બંદુક જે તું તો સીખી હોસે જેને મસકેટ કેહેછ તેને અહીં તુફંગના નામથી લોકો બોરખેછ. આએ પાસે પરેલી તુફંગ છે, ને આએ દબ્બીમાં એની બુલેટ ગોલી છે. એવી બંદુકો જાગીર-દારોને તાંહાં એમ ખુલ્લી પરેલી હોય, કોઇ કધી મધી કામ પરે ને શીકારપર જાય તો લઇ જાએ, નહીં તો પાસે એવી કોઇ કબાટમાં કે પેટીમાં ગોલી પરેલી હોય ને નઝદીકમાંજ બંદુક–હવા ખાયા કરે, જાહારે જોઇએ તાહારે માટીડા ખભે મારીને જાય, ને પેલાં તબંચા દીલપરની વેસ્ટ આગલના પટામાં મુકી રાખે."

"ને આએ બંદુક એવીજ હોએ કે?" મેં ગોલીની તે ડબ્બી શીલ્લુના હાથમાં મુકીને પેલી બંદુક ઉંચકતા કહયું "માયરે, કેટલી ભારી!"

"બંદુક બધી એવીજ હોએ–બીજી બંદુકો જરા ચલકતી હોએ" શીલ્લુઓને મહને સમજ આપી "ને આએ થોરા વખતની વપરઇ નહીં હોસે તે કાટ ખાઇ ગેયલી છે, કોણને ઘેરના સામનનીબી દરકાર છે? બધો સામન કાટબી ખાયછ ને ધુરેબી ભરાયછ."

પણ અમારી વાત ચાલતી'તી ને મહારા હાથમાં પેલી બંદુક

ને શીલ્લુના હાથમાં ગોલીની ડબ્બી હતી તેટલાંજ કોઇ આવીને દર-વાજાના ઉંબરપર ઉભું રહ્યું. તે કોઇજ નહીં, પણ લખેલે સરનામે કાગલનો પાછો જવાબ આપ્યા વગરજ નીચે માણસને પુછીને મહારો ભાઇ રૂસતમજ સરભોગ ત્યાંજ આવીને ઉભેલો હતો. મેં વેહેલી કે મહારા હાથમાંની બંદુક મુકી દીધી, ને શીલ્લુ, ખુશી થઇને તુરતજ પેલી ગોલીની ડબ્બી ટેબલપરજ મુકી દેતાં "ઓ રૂસતમ" કરીને આગલ દોડી ગઇ.

દોડી ગયલી શીલ્લુના ખભાંપર હાથ મુકીને રૂસતમે તેના તરફ નજર નહીં રાખતાં મહારી તરફજ ગુસ્સાભરેલા ડોલા રાખી મુકયા. ને થોડે વારે તે બોલ્યો "હું જો જાણતે કે તું અહીં છે તો આએ ઘેરમાં કદીબી હું પગ મુકતેજ નહીં."

મેં જોયું કે હાલમાં તરછોડ કરવાનો વખતજ નહીં હતો, હમણાં તો શીલ્લુને ખાતર મહારે લોહીનો ગોટબો ગલવાનો હોય તો ગલવોજ પડવાનો હતો, અને મહારી તરફ ધીક્કાર ને કપટ રાખનારા તે ભાઇને મહારે સમજાવી લેવાનો હતો "ભઇ રૂસતમ, જે બની તે બની, મહને માફ કર. હવે તો હું ઉકરજીને તાંહાં તો નથીની, હવે તો તું મહને તેનાથી છુટીજ થયલી જોયછની? તો પછી ઉકરજી—"

"ઉકરજી ગીઓ ચુલામાં." તે ચીરડાઇને બોલ્યો.

"રૂસી, રૂસી, મુએલાંની પછવાડે ના બોલ" શીલ્લુએ તેના ચેહેરાપર હાથ ફેરવીને કાલાવાલા કીધા. "તે તો કેટલાક દાહારાનો ગુજરીબી ગેયલો છે."

"ગુજરી ગીઓછ તો જાહનમસરે—પણ આએ મેં બોલાવી

તેરે રાવલપીંડી નહીં આવી ને અહીં સું ફાંફાં મારેછ ?" તે તેટલોજ ગુસ્સામાં ત્યાંનો ત્યાંજ ઉભો રહીને બોલ્યો.

"બુકબાચક ટુકરો ખાવાની વાતપર હું કેમ તહારે બાણુણે આઉં ?" મેં કહયું, અને પછી સમજાવ્યું "ભાઇ, તું ફીકર ના કર. મેં નોકરી કરીને બુકબાચક ખાધોછ, હવે તાહારા જેવા ભઇને આસરે રહીને ખાવસ."

"હવે ? જાહારે બીચારા બાવા ગુજરી ગીઆ તાહારે ?" તે જરા નરમ પડી જતો બોલ્યો "બાવાનું મોનુંબી નહીં તેં જોયું કે નહીં મેં, મહનેબી ત્રેનમાં જવાનું એટલે કાંહાંથી જોવાય !"

"મહારા નસીબ" મેં કપાલ ઉપર હાથ થોકીને કહયું "તું હવે બની ગેયલી વાતની ચુનોચેરા એમ ઉંબરપર ને ઉંબરપરજ ઉભો રહીને ચલાવે તે કેમ બને ? અંદર આવ."

"અંદર તો આઉંછ" તે અંદર ચાલી આવતો બીછાનાપરજ બેસી જઇને બોલ્યો "પણ તેં આએ પોરીને કાંહાંથી સોધી ? તું એને કાંહાં મલી ? ને તેં મહારા છુપાં નામનો ને બીજો તીજો બધો ભાંગરોબી વાટી દીધો કે ?"

"ભાંગરો વટાયો તો કંઇ નહીં." શીલ્લુ બોલી "ભાંગરાના વટાવાથી ઉલટી હું તો ખુસી થઇ કે મહારા માસીનાજ છોકરાને પણુણી."

"એ માસીનો કાકાનો કંઇ નહીં." તે ઠસ્સાથીજ શીલ્લુ તરફ જોઇને બોલ્યો "મહને એવા સીપલાસ ગમતા નથી, મહને છેક રાવલપીંડીથી અહીંઆ બોલાવ્યોછ, તે જલદીથી કહી દે કે તહારા પેલા ધાંખરાંએ કેટલુંક જાંહાંસ્યુંછ !"

"બસ જાંહાંસવામાં ને જાંહાંસેલું લેવામાંજ તું ચરી ગીઓછ કે ?" મેં વલી મહારા કોઇવારના જરા ગરમ સ્વભાવમાં આવી જતાં કહયું "કોઇની છોકરીને તેના ઘેરબારથી ઉખેરી મુકાને તેને ફસાવી -"

"ચુપ કર" તે ગુસ્સાથી બોલ્યો "મેં આપરાં માયનું વૅર લીધુંછ."

"અરે તું વૅરનો લેતો ઘડડો ડોસો થાય.' મેં કહયું "તું માયજીનું વૅર માસીપર લે કે માસીની છોકરીપર ?"

"માસી કે માસીની છોકરી" તે ગુરૂરમાંજ બોલ્યો "એ બધું સરખું."

"વાહ ! ઘોરો, ગધેરો, ઉંટ, ખચ્ચર બધું સરખું !" મેં ટકોરની ઢબે કહયું. "બસ બધાંને એકજ લાકરીએ હાંકવાનું, કેમ ?"

"તું મહારૂં માથું ના ખાઈ જતી હું !" તે મહારી તરફ ગુસ્સાના નેણ કરીને બોલ્યો "તું તો બધા દાહારાની ડાહીજ છે. 'સાતસો ચુવ્વા ખાકે બીલ્લી હજકો ચલી !' તેં પોતે પઇસાને ખાતર સું સું કીધું તે તો પેહેલે જો, ને પછી મહને સીખામણ આપ."

મેં જોયું કે તે જેવો હઇયાંસુનો હતો તેવોજ હતો અને એવા સાથે માથું ફેરવવામાં ડહાપણ નહીં હતું તેથી નાંખતી'તી બોલી "પણ તાહારે હવે સું ?"

"ઉલટો એ સવાલ તો મહારે તમુને પુછવો જોઇએ" રૂસતમ બોલ્યો "તહમે બે નરન ભોજંઈ સાથે થઇ ગીઆછ, તો તહમે લોકે સું વાઘ માર્યોછ તેનો ખુલાસો તહમુને મહારે પુછવાનો છે."

"અમે કંઇ વાઘ માર્યો નથી, ભંઇ" મેં ખુલાસો કરી દેતાં

કહયું "તું મહારે ખાતર શીલ્લુ તરફ જો."

"સું?" તે એક છલાંગ મારીને ઉઠીને ઉભો થતાં બોલ્યો "તહમે લોક કેહેવાબી તે સું માંગોછ? શીલ્લાના બાવા પાસેથી પઇસા લીધાછ કેની?"

"પઇસા નથી મલ્યા" મેં ગુઠન્યે પડીને તેનો હાથ પકડી લેતાં કહયું "તું ભઇ પઇસાપર ના લોભા, તું બીચારી શીલ્લુને જો, સ્વાર્થી ના થા, પાક ખુદાપર ભરોસો રાખીને દુન્યામાં ભલઇ કરતો જા કે તુને પોતાની મેલે પઇસા ચુપચાપ મલ્યા જસે."

"સું ચુપચાપ મલસે!" તે ચેષ્ટા કરતો બોલ્યો, "ચલ છોર" અને તેને મહારો હાથ એક અછાટ મહારીને દુર કરતાં કહયું "ચુપચાપ મલવાના ઉતા તો પછી મહને અહીંવેર જખ મારવા સારૂં બોલાવ્યો?"

"રૂસ, રૂસ, તું ચીડડા ના" શીલ્લુ બોલી "તું મહારે ખાતર માન, આપરે પણુવાના ઉતા તાહારે તું કેવાં કેવાં પ્યારના બોલો બોલીને મહને ખુસ કરતો'તો! તું નો મહારે ખાતરજ મહને પણ્યો કેની? કે મહારા પઇસાને ખાતર?"

"બસ, બંધ કર" તે તેટલાંજ દમામ ને ગુસ્સા સાથે બોલ્યો "હું કેહુંછની કે તહારા પઇસાને ખાતર! હવે તું સું કહેછ? તુને પઇસા મલ્યાતા નહીં, તો તેં આએ વાંદરીની સુજે મહને અહીંવેર બોલાવીઓ ને ધકકો આપીઓ કે?"

"હા, ભઇ" મેં કહયું "મહારાજ કેહેવાથી, મહારી સમજાવતથી એને એમ તહારીપર લખ્યું."

"એવો તો ચીર ચહરેછ કે તહારૂં માથુંજ ફારી નાંખું" તે દાંત્યા કચકચાવતો મહારી તરફ ડોળા ફાડી ફાડીને બોલ્યો "તુને અમારાં કામની વચ્ચે માથું મારવાની જરૂરજ સું?"

"માફ કર, ભઇ, માફ કર–ને મહારૂં માન" મેં તેનો હાથ પકડીને કાલાવાલા કીધા "આએ બીચારી છોકરીના અવતારનો તો તું કંઈ ખ્યાલબી કર, ધોબીના કુતરાથીબી બદતર એનો અવતાર થયોછ—નથી એ મહીરેની રહી કે નથી સાસરેની રહી."

"નથી રહી, તો તું ને એ બેઉ ધોબીના કુતરાનો અવતાર ધરાવોછ—તેથીજ હું કહુંછ કે બેઉ જણાં એક લાકડી હાથમાં લઇને દે દાદા કરો—જાઓ, જઇને ભીખ માંગો. હું તો પાછો રાવલ-પીંડી જાઉંછ."

તે એમ બોલીને દરવાજા તરફ ફર્યો કે મેં એક છલાંગ મારીને કુદીને જઇને દરવાજો બંધ કીધો, ને તેને કડી લગાવીને તેની આડે ઉભી રેહેતાં મેં મહારા કામની ઝડપેજ બાંગ મારીને કહયું "હું તુને કદીબી અહીંથી એમ જવા નહીંજ દેવસ."

"ગુલાં, તું મહને જવા દે. ખસી જા અહીંથી, મહારી સાથે એમ પંચાતીપર ના ઉતરી પરતી" રૂસતમે ગુસ્સાથી એક બરાડ પાડી.

"હું કદી અહીંથી ખસવાની નથી" મેંબી પોકાર માર્યો "રૂસ-તમ, હું તહારી બહેન થાઉંછ તોબી તું હજુર મહારા મક્કમ વીચા-રને પીછાણવાની બરોબર માહીતી ધરાવતો નથી—તું જાંહાં સુધી આએ ગરીબ છોકરીને ઇનસાફ નહીં આપસે, તાંહાં સુધી અહીંથી એક ડગલુંબી હું તુને હટવા દેવસ નહીં–હું તહારા કાલાવાલા કરૂંછ,

હું તહારી માફી માંગુછ, હું તહારે પગે પરૂંછ ને કેહુંછ કે તું શીલ્લુને એમ દગલબાઝ ના થા, તું તહારા સ્વાર્થને ખાતર આએ હીરા જેવી છોકરીના ભવનું સત્યાનાસ ના કર—માન, માન મહારૂં."

"હું કદી નહીં માનસ" તે હવે વધના જોસ્સાથી પોકારી પડયો "તું મહને જવા દે, નહીં તો હું તુને આએ મહારી મુક્કીથી મારસ ને મહારો રસ્તો કરીને જવસ—અહીંથી ખસી જા એકદમ."

"મુક્કી માર—લાત માર—મહને પકરીને પીખી નાંખ–તોબી, તોબી જાંહાં સુધી મહારા જીવમાં જીવ છે તાંહાં સુધી હું અહીંથી તુંને કદીબી જવા નહીંજ દેવસ."

હજુણુ તો હું એમ બોલી રહું, તેટલાં મેં જોયું તો વીજળી વેગે જાણે રૂસતમે એક છલાંગ મારીને પેલી બંદુક હાથમાં ઉંચકી લીધી, અને ગોલીની દબ્બી જે ટેબલપરજ મુકેલી તે અતીબ્ય ઝડપથી ખોલીને તેમાંની એક ગોલી મુકીને મહારી તરફ નેમ લઇને બંદુકની ચાંપ દાબી—શીલ્લુ તેની ધારણા સમજી જઇને એક કુદકા સમેત તેના તરફ કુદીને તેના હાથ પકડવા ને અટકાવવા ગઇ, મગર નહીં તે જુનુની ભાઇએ પોતાની માજણી બહેન તરફ નેમ ટાંકીને ચાંપ દાબીબી દીધી હતી!

એક મોટો ધડાકો થયો.

અને અફસોસ! મેં જેણે મહારૂં મોત પલવારમાં મનમાં માની લીધું હતું તેણે જીવતી જાગતી ચશમોએ શું જોયું?—મહારો ભાઇ રૂસતમ લોહીથી ગરકાવ થઇને ઝમીનપર એક બરાડ સાથે તુટી પડયો, અને મોતના તરફડીઆં મારવા લાગ્યો!

એ શું બનાવ બન્યો હતો?

નેમ તો તેણે મ્હારી તરફ ટાંકી હતી અને તે પોતે કેમ ઝખ્મી થઇને ભોંયપર પડયો હતો? અજાયબી અને ગભરાત સાથે હું રૂસ-તમના દીલપર વાંકી વલી, અને શીલ્લુ બીચારી ગમની એક હાય મારીને તેના શરીર તરફ ઢગલો થઇને પડી!

મેં રૂસતમની છાતીમાંથી લોહી ને લોહીજ પસાર થતું જોયું, અને તેના હાથમાંથી પડી ગયલો તે બંદુક તરફ મહારી નજર જતાંજ મહને તે બંદુકના ટુકડા થયલા જણાયા! મેં ગમગીન અવાઝે બુમ પાડી "શીલ્લુ, શીલ્લુ, એ સું થઇ ગયું!"

શીલ્લુ દુખથી કલવઇને મહારી તરફ પોતાની ગમગીન આંખો ફેરવતા બોલી "ગુલ બંદુક કોટાયલી ને જુન્ની હોવાથી તેની બટ ફાટી જઇને રૂસતમને લાગીછ" અને તે એમ બોલી રહીને તાંસવીસ ને તરફડીઆં મારી ચુકેલા કમનસીબ રૂસતમના શબપર તુટી પડી— મેં બંદુકના ટુકડા તરફ પાછી નજર નાંખી, તો ખરેખર તેના પાછલા ભાગનો ચુરેચુરો થઇ ગયો હતો.

પ્રકરણ ૨૧ સું.

છેવટ.

અફસોસ, આખરે શું કરતા શું થઇ ગયું હતું!

જે ગોલી તે જુનુની અને સદાના ગુસ્સાબાઝ ભાઇએ મહારી તરફ ટાંકી હતી, તેજ ગોલીએ બંદુકના કુંડાનો ચુરો કરીને રૂસ્તમને

પોતાનેજ જાનથી મારી નાંખ્યો હતો!—ગભરાત પછીનો તે છાતી ફાડી નાંખનારો દેખાવ! હું મહારી આખી ઝીંદગીમાંબી ભુલી જઇ શકીશ નહીં, શીલ્લુની જીગરતોડ માહેતમ અને મહારી દીલ ચુંકી નાંખનારી આઝોહારી, પાક ખુદા કોઇ અમારાં દુશમનને નહીં બતાવે!

ગયો તે! જેણે પોતાની ઝીંદગીપર ભરૂસો મુકીને દુન્યાની લાલચપર મોહ રાખ્યો હતો તે એક પલમાં ઉડીને જતો રહયો!—અફસોસ, માણુસ જાત! તું જાણેછ કે આએ જેહાનમાં તહારી ઝીંદગી ચંદરોઝની છે, છતાંબી તું તે નાપાયદાર ચીરાગપર કાંય ભરૂસો મુકીને પાપનો બોજો તહારા સરપર ઉઠાવી લેછ? હા, તહારી ઝીંદગી એક નાપાયદાર ચીરાગ જેવી છે, કે જે કાંડી સલગાવતાજ શુરૂ થાયછ ને પંખાનો એક ઝપાટો લાગતાજ બેમાલુમ થાયછ!

* * * *

આખો મોહલ્લો થોડા વખતમાં તલે ઉપર થઇ ગયો! અમે જે ઘરમાં રહેલા તે ઘરનો ઘરવાલો તથા તેમની ફેમીલી આવી લાગી અને અમને બેઉને દીલાસો આપીને તે લોકોએ મુંબઇમાં શીઆવક્ષપર તાર કીધો.

લગભગ આખા હઇદરાબાદમાના જરથોસ્તીઓ આવ્યાં, પણ શીલ્લુના સંગદીલ માબાપ આવ્યાંજ નહીં! લોકો ઘગલાબંધ જઇને તેમને સમજાવી આવ્યાં તોબી તેઓ પીગલ્યા નહીં! માણુસ, માંસ, હાંડકાં ને લોહીનું બનેલું છે, પણ કદીબી તે માંસ, હાંડકાં ને લોહી વચ્ચે એક પત્થરનો ટુકડોબી "દીલ" તરીકે વસે છે તેની મહને આજ સુધી ખબર નહીં હતી, પણ હવે તેની પુરી ખબર પડી!

રૂસતમના ચાહરમ પછી હું પોતે ને મ્હારાં માસી–માસા પાસે ગઇ, પણ તેઓએ મ્હને પોતાની સીડી ફરીથી નહીં ચઢવા કહ્યું ને અપમાનથી ઝટકાવી નાંખી! તેઓએ પોતાના બચ્ચાંઓ તરીકે શીઆવક્ષને ને શીલ્લુને ગણવાજ સાફ ના પાડી, અને જણાવ્યું કે તેઓ એમજ સમજતાં હતાં કે તેઓને પેટે કદી બચ્ચાં થયાંજ નહીં હતાં અને તેઓ વાઝીઆં હતા! હવે એથી વધારે સંગદીલી ક્યાં હોય?

શીઆવક્ષના મુંબઇથી આવ્યા પછીથીબી લોકોએ શીઆવક્ષને લઇ જઇનેબી તેઓને સમજાવ્યાં, પણ નહીંનું નહીંજ! સઉએ પોતાની બનતી કોશીશ કીધી પણ ફોકટ!—દસમું જવા પછી શીઆવક્ષ મુંબઇ જતો રહ્યો અને માસીસો કરવા પછી હું ને શીલ્લુબી શીઆવક્ષને ત્યાંજ મુંબઇ ગયાં.

* * * * * * *

રૂસતમના મરણને એક વરસ પસાર થઇ ગયું.

તે પછી હું ને શીઆવક્ષ અદરાયાં. –શીઆવક્ષે મ્હારી વાત જ્યારે જાણી ત્યારે તે ઘણોજ અજબ થયો, ને મીસીસ ગુલબાનુ ઉકરજી હીરામાણેક તેની ગરીબાઇ વખતે જે મદદ આપી હતી તેના બદલામાં તેણે વીધવા મીસીસ હીરામાણેકને પોતાનો પ્યાર આપી દીધો!

તે પછી અમો બેઉ માસી–માસીનાઓના લગન થયાં. શોભતાં ચીતલ ફરી એકવાર મ્હારા હાથોને કેવાં શોભાવે છે! પાક ખુદા એને સલામત રાખે.

* * * * * * *

બીજું એક વરસ પસાર થઇ ગયું.

તે વરસ દરમ્યાન મરહુમ ઉકરજીના વીલ મુજબ જે રૂપીઆ મહને આપવામાં આવ્યા હતા તેનો ઉપયોગ શીઆવક્ષે પોતાના ધંધામાં કીધો અને આજે અમો એક નહાનો જેવો બંગલો ચોપાટી સાઇડે બંધાવીને તેમાં તેવોજ એક નહાનો બગીચો બનાવીને રહેલાં છઇએ.

શીલ્લુ અમારી સાથેજ છે, અને એ સદા અમારી સાથેજ રેહેવા માંગે છે. તે હમણાં હમણાંજ રૂસતમનો ગમ ભુલતી જાય છે, કારણ કે તે મહારા બે મહીનાના "બુચા રૂસી"ને પોતાના ખોલામાં લઇને રમાડે છે.

દાદી, અદી, બાનુ, શેહેરાં ને હીલ્લુને કોઇ કોઇ વખત હું મલુંછ ભેટુંછ, પણ હવે તે લોકની સાથે મહને શું નીસબત? તે લોક બચઇ તથા તેના બેઉ છોકરાંઓ સાથે સુખમાં દાહાડા કહાડે છે.

આ વરસને છેડે મહારા માસી—હવે મહારા સાસુ—હઇદરાબાદમાં ગુજરી ગયાં, અને અમે બધાં હઇદરાબાદ ગયાં. મહારા સસરાની તબીઅત લદડેલીજ ચાલતી હોવાથી અમો ત્યાંજ રહયાં, અને હવે પેલા કેહે તેમ "વાલેલાં નહીં વલે તે હારેલાં વલે" તેમ બઇરીના ગુજરી જવા પછી ને પોતાની દેહ નબલી પડવા પછી મહારા સસરાનો મીઝાજ ઠેકાણાપર આવ્યો છે. અને હવે અમુને બધાંને હદરાબાદમાંજ રેહેવા તેવણે કહયું છે.

* * * * * * *

પાંચ વરસ પસાર થઇ ગયા.

મહારા સસરા ગુજરી ગયા. અને તેવણે માલ—મીલકત સાથે

નવ લાખનું રોકડ નાંણું શીલ્લુને અને શીઆવક્ષને સરખે ભાગે વહેંચી આપેલું છે. શીલ્લુ હજુણ કેડે પરણી નથી, અને કદીબી પરણવા તે સાફ ના પાડે છે. તે પાંચે ગેહે ભણે છે, ને છુપી મોટી સખાવતો કરતી જાય છે. એહેસ્તી ભાઈ રૂસ્તમને નામે તેણે હઈદરાબાદમાં એક ધરમશાલા બંધાવી છે.

હું, ગુલી ગરીબ, ગરીબાઇની પડતીમાં પડેલી એકવાર ચહડતીમાં ઉંચકાઇ, પાછી ગરીબાઇમાં ગબડી પડી, અને પાછી ચહડતીમાં ઉંચકાયલી છેઉં.

હું મહારા સંસારમાં બધી વાતે સુખી ને સુખીજ છેઉં-પૈસા-ટકામાં ગોયા દટાયલી છેઉં, ને વ્હાલામાં વ્હાલા ધણી તથા એક છોકરો ને એક છોકરી, પાક ખુદાએ બક્ષેલા એ બે નઝરાના સાથે સુખી સુખીઆરી છેઉં.

સમાપ્ત.

પાક ખુદા આપણા બખતાવર નામદાર શાહેનશાહ જયોર્જને સદા કીરતીવંત અને જશવંતા રાખે.

દીબાચો. (પાછલો.)

"પરસ્તાને-ચકરમ" નસીબવંત! એક હઝાર નકલ ફકટ છ મહીનામાં ખલાસ થઇ છે, ચોપાન્યાંવાલાઓએ અને ન્યુસપેપરવાલાઓએબી વખાણી છે અને "જામે જમશેદ" જેવા બલવાન પારસી પાયોનીયરે એને માટે નીચે ઉતારેલો અભીપ્રાય દરશાવ્યો છેઃ—

"જાણીતા લેખક "મશરેક" તે મી. સોહરાબ શહેરીયાર ઇરાનીની કલમથી લખાયલી આ "પરસ્તાને ચકરમ" નામની નોવેલ ચાલીસ હાસ્યરસ સ્કેચીઝ ધરાવે છે. લેખકે એમાં ફતેહ મેળવી હોય તો તેમાં અજબ થવા જેવું નથી, કેમકે થોડી અકકલના ચકરમ માણસોના છબરડા ગબરડાઓ નોવેલમાં રજુ કીધેલા છે તે અચ્છી રીતે હસતી રમતી ભાશામાં લખાયલા રમુજી છે. 'પરસ્તાને ચકરમ' થી "મશરેક" પોતાની કલમ ત્રેજીકપરથી કોમીક બાબદપરબી ફતેહમંદ રીતે ફેરવી શકે છે એ પુરવાર થયું છે, અને ઇરાનીઓના આ એક પુરા લેખકને ધન્યવાદ દેતાં અમે એવણને આવી જાતની બીજી રમુજી નોવેલો કહાડવાની ભલામણ કરીયે છીયે "પરસ્તાને ચકરમ" ની મુખ્ય ખુબી એ છે કે એમાં તરેહવાર જાતના લોકોની રમુજ અને ચકરમપણું બતાવેલું છે. બસો પાનાની કપડાંનાં પુઠાંની એ ચોપડીની એક રૂપીઓ કીંમત વાજબી છે. આપણા લેખકો આવી રમુજી ચીજો લખવાપર ધ્યાન આપે તો ઘણુંજ પસંદ કરવા જેવું છે."—એ રમુજી નોવેલની ફકત પચાસ નકલોજ દુકાનોપરથી બચેલી મલી શકી છે, અને હાલમાં તે બે રૂપીઆની કીંમતે વેચવામાં આવે છે.

"બેચેન-દુન્યા" માટે મહારા વાંચનારાંઓ તરફથી તો

"પરસ્તાને ચકરમ" કરતાંબી વધારે સારો અભીપ્રાય મલ્યો છે! એ ઉપરથી સાબેતજ થાએ છે કે આજના લોકોનેબી ત્રેજીદીના સેનસેશનલ બનાવો વાંચવાં ગમે છે, અને તેવા નાટકો જોવા ગમે છે. આજથી ત્રણસો વરસની વાતપર મરહુમ લેખક શેકસપીઅરે જે ૩૭ નાટકો લખ્યા, તેમાના લગભગ ૨૫ નાટક પાવરફુલમાં પાવરફુલ ત્રેજીદીનાજ લખેલા છે, અને તે ત્રેજીક નાટકોજ આજે વીલાયતમાં વખણાય છે અને હીંદુસ્થાનમાંબી તેણે ઉત્તમ જગ્યા મેલવી છે. શેકસપીઅરના "હેનરી ધી સીકસ્થ"ના ત્રણ ભાગો, "રીચર્ડ ધી થર્ડ", "રીચર્ડ ધી સેકનડ", "કીંગ જૉન", "મરચન્ટ ઓવ વેનીસ", "હેનરી ધી ફોર્થ"ના બે ભાગો, "હેનરી ધી ફીફ્થ", "મેઝર ફોર મેઝર", "કીંગ લીઅર", "એનતની એન્ડ કલીઓપેત્રા", "તીમન", "સીમબાલીન", "ત્રોઇલસ એન્ડ ક્રેસીદા"માં મુખ્ય ભાગે ત્રેજીદી છે—અને એજ મરહુમ માહાગુરૂના "હેનરી એઇથ," "રોમીઓ જુલીએટ", "ઓથેલો", મૅકબૅથ", "જુલીઅસ સીઝર" અને "હૅમલૅટ" સખતમાં સખત ત્રેજીક બનાવો અને દીલ ધુજવી નાંખનારા જુનુની પાત્રોના નાટકો છે, જેણે ઇંગલાંડમાં સ્ટેજ ધુજાવી છે અને ચીકાર હાઉસ મેલવ્યું છે, અને અહીં હીંદુસ્થાનમાંબી આપણા ચુનંદામાં ચુનંદા અને પ્રખ્યાત પારસી એકટર મી૦ કાવસજી પાલનજી ખટાઉએ "ખુને નાહક"થી દશ વરસ સુધી બમપર હાઉસો મેલવ્યા છતાં એ પ્રખ્યાત ત્રેજીદીએ એક જુમબીશબી નથી ખાધી!—મહારી "બેચેન-દુન્યા"માંની બધીજ વાર્તાઓ ખાસ મેં ત્રેજીક લખી હતી, "પરસ્તાને ચકરમ" આખી રમુજી હતી તો "બેચેન દુન્યા" આખી ત્રેજીક હતી. જે લેખક સાહેબોને ત્રેજીદી તરફ અભાવ હોય તેઓને હું નમ્ર રીતે કહું છું કે ત્રેજીદી વગરની વાર્તા ને ત્રેજીદી વગરનો નાટક ફીકા પકવાન જેવો છે. જુઓ, સીનેમેટોગ્રાફમાંબી જ્યારે મારફાડ ને દોડાદોડી થાય છે ત્યારેજ તાલી પડે છે અને ત્યારેજ ટોલાબંધ લોકો

ધસ્યા ને ઘસ્યાજ જોવા જાય છે. એક લેખક ત્રેજીક બનાવો ચીતારે તેથી એમ કદીબી માનવુંજ નહીં કે તે પોતે જુનુની છે યા જુનુની કામ તરફ તેની પ્રીતી છે—બીલકુલ નહીં. તે તો બુરા માણસોનો કેવો બુરો ફેજ આવે છે તે બતાવીને તેવા બુરાઓને વધારે વખત કપટી ને નીચ બનતા અટકાવવા માંગે છે, અને નીરદોશોને દુન્યામાં કેવી કેવી જાલ પાંથરવામાં આવે છે તેનો ખ્યાલ આપીને તેવા દગા ફટકાથી દુર રેહેવાની સમજણ આપે છે.

અને હવે, મહારી આ ચોપડીમાં જાહેર ખબર આપનાર સાહેબોની મેહેરબાની માટે તેમનો ઉપકાર માનવાનો છે. એ સાહેબોએ મહારા એક કાર્ડને જે માન આપીને મહને પોતાની જાહેર ખબર આપી છે તે માટે એમનો આભારી છું. બધા સાહેબો લગભગ માલેતુજ્જાર વેપારીઓ છે, અને એઓ બધાના ધંધામાં પાક ખુદા બરકત આપે એવી મહારી દુઆ છે. ઝવેરી દોલતરાય નંદલાલની દુકાને ઝહવેરાતો ખરીદવા અને દાગીના બનાવવાને પાક ખુદા મહારા એકેએક ઘરાકોને શકતીવાન બનાવે. મેસરસ કાપડીયાની કંપનીવાલા જરથોસ્તી બજાર સપલાયર તહમને હમાચીઝ ખુરાકીની સસતા કમીશનથી ઘેરબેઠાં પહોંચાડશે. પારસી ગાંધી નાદીર ગઝદરને જરથોસ્તીઓના ટેકાથી સારી કમાણી છે અને જરથોસ્તી ભાઇઓ એક જરથોસ્તીને પેહેલે ખટાવે તેમાં શકજ નથી વોહરા શેઠ કમરૂદીન મીઠાઇવાલા પોતાની ઉત્તમ મીઠાઇથી ક્રાફર્ડ મારકેટનો તમામ લતતો ગજાવે છે, સેંહેંકડો ઘરાકો દુકાનપર પાક ખુદા રાખે ઉભાઇ જાય છે અને સંખ્યાબંધ બહારગામની વરદીઓ આવે છે. શેઠ ગોવીંદજી વસનજી મીઠાઇના હીંદુ વેપારી ચીરાબજારપર છે અને ગ્રાંટરોડપર નવી શાખા ખોલેલી છે, માલ ઉત્તમ બનાવે છે, અને ઇશ્વરની કૃપાથી ઘરાકી બોહલી ધરાવે છે. શેઠ બી. હોરમસજી બી. બારીઆ પારસી લગનોના ખાણાંની મેનેજમેન્ટ લેનારા પ્રખ્યાત કોનત્રાકટર છે અને એઓ સાહેબ વરસોના જુના અને ઘણા અનુભવી છે. શેઠ આમદ હાજી અલારખીઆ માછલીના મોટા વેપારી અને ફીશ બઝારના કોનત્રાકટર છે, લગન, નવજોત, યા ખુશાલીના હરકોઇ પ્રસંગે એવણને ત્યાંથીજ

મુંબઇ અને બાહારગામવાલાઓએ જરૂર માછલી મંગાવવી. રબર સ્ટેમ્પવાલા મેસર્સ રેલે કંપની પ્રખ્યાત છે, અને મોનોગ્રામ ડાઇ તથા એનગ્રેવીંગ વીગેરેનું ઉમદામાં ઉમદા કામ કરે છે. શેઠ બેહેરામ ખોદાદાદ ઇરાની અમારા ઇરાનીઓમાં જે મોટામાં મોટા વેપારીઓ થોડાક છે તેમાંના એક વેપારી શેઠીઆ છે. એવણ એટલા બધા તો મીલનસાર, ભલા, એકમાર્ગી અને નેક ખવાસના છે કે એમને એક ખરેખરા જેનટલમેન કહીએ તો તેમા બીલકુલજ અતીશયોકતી કીધેલી નહીં કેહેવાશે એ શેઠની છુપી સખાવતોબી ઘણી છે, અને એવણના જેવા લાયક આદમી હઝારોના વેપારની ઉઠલપાઠલ કરી નાંખે છે છતાં બધું "ચુપકે–ચુપકે," પાક ખુદા એવા નેક સખી વજુદ શાહ વેપારીને અમારા ઇરાની ટોલાને માથે ઘણા લાંબાં વરસો સુધી સલામત રાખે. અને હવે ફેંટા અને ટોપીઓના જુના પ્રખ્યાત અને મોટા વેપારી મેસર્સ ચીનાઇ બ્રધર્સના ઉંચા હુન્નર તરફ ધ્યાન આપવા તથા તે પછી લીંડે આઇસની ફેકટરીનું બરફ વાપરવાની હું ભલામણ કરૂં છું.

દીબાચાની છેવટે, હું મહારા ખયરખ્વાહ મી૦ દીનશાહ એદલજી કરકરીઆને ભુલી જવા માંગતો નથી. એવણે ઘણાજ ઓછા દામથી મહારી આ નોવેલ મહને છાપી આપી છે અને એમાં છેલ્લી ઘડીએ મેં કરેલા ફેરફાર છતાંબી પંદર દીવસની અંદર કામ કરી આપ્યું તે માટે બહુ ઉપકાર માનું છું. એ 'પારસી મેકમીલ'ને આજ સુધીમાં' પોતાના નહાના પ્રેસ છતાંબી કમાલ કીધી છે, અને પ્રખ્યાત લેખકોની ઉમદા વાર્તાઓ છાપીને નામ મેલવ્યું છે. મહારા ભણેલા લેખક મીત્રો પીજામ, તારાપોરવાલા, ગુલફામ, કાબરાજી, રફીક અને ભાગલ્યા બીરાદરોની વાર્તાઓ સાત ચોપડીઓના આકારમાં એવણે પ્રગટ કીધી છે, અને બીજી ઘણી એવી પ્રગટ કરવાનો વીચાર રાખે છે. પાક ખુદા એવા સાહીત્યના મદદગારને મદદ આપે!

અને હવે વ્હાલા વાંચક, આપણે મહારી' "અક્કલમંદ બેવકુફ" વખતે પાછા મલીએ તેટલાં ઘણી સલામ

"મશરેક."